।।હરિઃૐ।।



# જિજ્ઞાસા

- પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા

વિરચિત

# જિજ્ઞાસા

સંપાદક

**રમેશ મ. ભટ્ટ**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.



| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૦ | ૧૦૦૦ | ત્રીજી | ૧૯૯૪ | ૧૫૦૦ |
| બીજી | ૧૯૭૧ | ૧૨૫૦ | ચોથી | ૨૦૧૪ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૭૪ + ૨૧૦ = ૨૮૪

❑ કિંમત : **રૂ. ૨૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે અલ્પ સમયના સંપર્કમાં રહેનાર, પરંતુ પૂજ્ય શ્રી નંદુભાઈ તેમ જ પૂજ્ય શ્રી ઝીણાકાકાના અત્યંત નિકટના સહવાસ થકી જીવનમાં પૂજ્ય શ્રીમોટાના વિચારોને આચરણમાં ઉતારનાર, પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનું ભાવપૂર્વક વાંચન, મનન અને ચિંતન કરી જીવનવિકાસના પ્રયાસોમાં સતત જાગૃત રહેનાર તેમ જ પૂજ્ય શ્રીમોટાનો મર્મ સમજી સ્વજનોને સમજાવતાં જે પ્રવચનો શ્રી રમેશભાઈ ભટ્ટે કરેલાં તેમ જ પૂજ્ય શ્રી ઝીણાકાકાએ જે વાતો સંસારી જીવોના ઉત્કર્ષ માટે મિત્રભાવે કરેલ, તે વાતોની ટેપવાણીનું જીવની જેમ જતન કરી જાળવી રાખનાર અને સમયે સમયે તેની સીડીનું પ્રકાશન તથા પુસ્તક આકારે પ્રકાશન કાર્યમાં નિમિત્ત બનનાર

**ડૉ. મનસુખભાઈ પુરુષોત્તમભાઈ પટેલ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી શારદાબહેન મનસુખભાઈ પટેલ**

તથા તેમનાં આદરણીય માતુશ્રી

**શ્રીમતી રળિયાતબહેન પુરુષોત્તમભાઈ પટેલને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત જીવનવિકાસ અર્થે અત્યંત મહત્ત્વનું પદ્ય પ્રકાશન **'જિજ્ઞાસા'**ની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન આદરપૂર્વક સમર્પણ કરીએ છીએ.

તા. ૨૪-૧૦-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ**

નૂતન વર્ષ, સંવત ૨૦૭૧ હરિઃૐ આશ્રમ, સુરત

# ભાવાંજલિ

## શ્રી રમણભાઈ ભાઈલાલભાઈ અમીન
## તથા
## શ્રીમતી ધીરજબહેન રમણભાઈ અમીનનાં
## ચરણે

(અનુષ્ટુપ)

કુનેહ, બુદ્ધિચાતુર્ય, કૌશલ્ય દાખવી પથે-
કેવો વિકાસ સાધ્યો છે શા વ્યવહારદક્ષ થૌ ! ૧

મળેલી લક્ષ્મી પ્રેમેથી વિકાસે પરમાર્થમાં
-વપરાજો થવા લાભ સૌ જરૂરાર્થીને સદા, ૨

જીવને આંટીઘૂંટી શી ગૂંચ મુશ્કેલી આવી છે !
ગભરાયા વિના કિંતુ માર્ગ કાઢ્યા કર્યો પથે. ૩

સમજદારી કેવી છે સૌ ક્ષેત્ર-જ્ઞાનની પરે !
પ્રસંગ-પકડે કાબૂ શો કામયાબ યુક્ત છે ! ૪

સંબંધ-ભાવ જેને છે સર્વથી શ્રેષ્ઠ જીવને
ટકાવી રાખવા ભાવ જીવને મોખરે હૃદે ૫

જતું જ કરવાની છે જેનામાં શક્તિ જીવને,
સર્વસ્વ નિજ હોમાવા તે શો ઉમળકો ધરે ! ૬

પ્રાપ્ત-પ્રશ્ન-સમાધાન કરી જંપે હૃદે સુખે,
ત્યાગ ઉદારતા પ્રેમ એ કાજે ગુણ યોગ્ય તે-
જેમાં તેમાં રહી શાંત, સ્વસ્થતા દિલ ધારીને,
મથ્યા ઉકેલવા જે તે આવેલાં સર્વ કર્મને. ૭-૮

વ્યવસ્થા કેવી પ્રેરાવી જેમાં તેમાં બધાં વિશે-
ચોપાસ દૃષ્ટિ ફેલાવી શા સાવધાન કર્મપે ! ૯

પ્રભુકૃપાથી શો સાથ આકસ્મિક મળ્યો મને !
કૈંક ફળાવવા હેતુ ગૂઢ જીવનનો ખરે. ૧૦

એવાનો બદલો વાળી શું શકું હું ગરીબ તે !
જિજ્ઞાસા અર્પીને પ્રેમે શાંત હું વિરમું પદે. ૧૧

તમારી ઓથ બક્ષીને કેવી પ્રેરાવી હૂંફ છે !
તે પ્રત્યક્ષ પ્રભુની તે કેવી કૃપાપ્રસાદી છે ! ૧૨

મને બંનેય પોતાનો ગણીને અપનાવજો,
પનારે પડ્યું છે તેને જેમ તેમ નિભાવજો. ૧૩

જેને જીવનસંગાથી *ધીરજના સમો મળે,
છો કોયડા ભલે એને ધૈર્યથી તે ઉકેલશે. ૧૪

* ‘જિજ્ઞાસા’ની આ આવૃત્તિ છપાતી હતી એ દરમિયાન પૂજ્ય ધીરજબહેનનું તા. ૨૫-૬-૧૯૯૪ના રોજ અવસાન થયું છે.

# અનુક્રમણિકા


| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| ખંડ ૧ લો : પ્રાક્કથન : | | |
| અધ્યાય ૧ લો : ભૂમિકા | ૨૪ | ૧ |
| અધ્યાય ૨ જો : જીવનરસ | ૨૦ | ૩ |
| અધ્યાય ૩ જો : જીવનધ્યેય | ૫૭ | ૫ |
| અધ્યાય ૪ થો : ભાવ | ૪૬ | ૧૧ |
| અધ્યાય ૫ મો : જિજ્ઞાસુ શ્રેયાર્થી | ૪૬ | ૧૫ |
| ખંડ ૨ જો : જિજ્ઞાસાનાં લક્ષણ-પ્રમાણ : | | |
| અધ્યાય ૧ લો : જાગૃતિ | ૧૭ | ૨૦ |
| અધ્યાય ૨ જો : જીવન | ૧૦૧ | ૨૨ |
| અધ્યાય ૩ જો : ચિંતન | ૩૪ | ૩૧ |
| અધ્યાય ૪ થો : સ્વાવલંબન | ૪૦ | ૩૫ |
| અધ્યાય ૫ મો : શ્રદ્ધા | ૨૩ | ૩૯ |
| અધ્યાય ૬ ઠો : વિલક્ષણતા | ૨૪ | ૪૧ |
| અધ્યાય ૭ મો : ક્રિયાશીલ | ૫૪ | ૪૪ |
| અધ્યાય ૮ મો : ગતિરીતિ | ૪૫ | ૪૯ |
| અધ્યાય ૯ મો : સામર્થ્ય | ૩૯ | ૫૩ |
| અધ્યાય ૧૦ મો : એકાશ્રય | ૧૦ | ૫૭ |
| અધ્યાય ૧૧ મો : પરિણામ | ૨૩ | ૫૮ |
| ખંડ ૩ જો : જિજ્ઞાસાનું સ્વરૂપ : | | |
| અધ્યાય ૧ લો : પ્રકાર વિવરણ | ૩૮ | ૬૧ |

| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| અધ્યાય ૨ જો : અગ્નિ | ૯ | ૬૫ |
| અધ્યાય ૩ જો : ગુણપ્રેરક | ૩૯ | ૬૬ |
| અધ્યાય ૪ થો : સહાયક | ૧૭ | ૭૦ |
| અધ્યાય ૫ મો : સમર્પણ | ૧૬ | ૭૨ |
| અધ્યાય ૬ ઠ્ઠો : પ્રકાશક | ૨૪ | ૭૩ |
| અધ્યાય ૭ મો : બહુરૂપી | ૨૨ | ૭૬ |
| અધ્યાય ૮ મો : સર્વોપરી | ૧૭ | ૭૮ |
| ખંડ ૪ થો : જિજ્ઞાસાનું સાધનાપથે કાર્ય : | | |
| અધ્યાય ૧ લો : મંથન | ૫૦ | ૮૦ |
| અધ્યાય ૨ જો : વિવેક | ૨૩ | ૮૫ |
| અધ્યાય ૩ જો : સંગ્રામ | ૪૨ | ૮૭ |
| અધ્યાય ૪ થો : સ્ફુરણ | ૧૨ | ૯૧ |
| અધ્યાય ૫ મો : ક્રાંતિ | ૨૮ | ૯૩ |
| અધ્યાય ૬ ઠ્ઠો : સર્વગ્રાહી | ૨૬ | ૯૬ |
| અધ્યાય ૭ મો : નિર્ણય | ૧૫ | ૯૮ |
| અધ્યાય ૮ મો : પ્રવેશ | ૩૬ | ૧૦૦ |
| અધ્યાય ૯ મો : શ્રદ્ધા | ૧૮ | ૧૦૪ |
| અધ્યાય ૧૦ મો : બુદ્ધિ | ૨૯ | ૧૦૬ |
| અધ્યાય ૧૧ મો : સાહસ | ૫૫ | ૧૦૯ |
| અધ્યાય ૧૨ મો : રૂપાંતર | ૬૬ | ૧૧૪ |
| અધ્યાય ૧૩ મો : દર્શન | ૨૫ | ૧૨૦ |
| અધ્યાય ૧૪ મો : વિજય | ૪૮ | ૧૨૩ |

| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| ખંડ ૫ મો : જિજ્ઞાસાની કાર્યરીતિ : | | |
| અધ્યાય ૧ લો : માર્ગદર્શન | ૨૧ | ૧૨૮ |
| અધ્યાય ૨ જો : યુદ્ધ | ૨૧ | ૧૩૦ |
| અધ્યાય ૩ જો : સ્વીકાર | ૨૮ | ૧૩૨ |
| અધ્યાય ૪ થો : યોજના | ૧૩ | ૧૩૫ |
| અધ્યાય ૫ મો : વૈવિધ્ય | ૨૧ | ૧૩૬ |
| ખંડ છઠ્ઠો : સાધના સમન્વય : | | |
| અધ્યાય ૧ લો : શરત | ૨૩ | ૧૩૯ |
| અધ્યાય ૨ જો : ભક્તિ ભૂમિકા | ૧૫ | ૧૪૧ |
| અધ્યાય ૩ જો : ગુણભાવ | ૧૮ | ૧૪૩ |
| અધ્યાય ૪ થો : શ્રદ્ધા | ૭ | ૧૪૫ |
| અધ્યાય ૫ મો : વૈરાગ્ય | ૧૧ | ૧૪૬ |
| અધ્યાય ૬ ઠ્ઠો : ધ્યાન-ધારણા-સમાધિ | ૧૮ | ૧૪૭ |
| અધ્યાય ૭ મો : જ્ઞાન | ૬ | ૧૪૯ |
| અધ્યાય ૮ મો : અહમ્ | ૨૮ | ૧૫૦ |
| અધ્યાય ૯ મો : પ્રાર્થના | ૧૮ | ૧૫૩ |
| અધ્યાય ૧૦ મો : જીવનનું નવપ્રસ્થાન | ૨૨ | ૧૫૫ |
| ખંડ સાતમો : શક્તિ સ્વરૂપ જિજ્ઞાસા : | | |
| અધ્યાય ૧ લો : લડાયક | ૧૬ | ૧૫૮ |
| અધ્યાય ૨ જો : પ્રેરક | ૨૯ | ૧૬૦ |
| અધ્યાય ૩ જો : પરિવર્તનકારી | ૧૯ | ૧૬૩ |
| અધ્યાય ૪ થો : અભયવર્તી | ૨૪ | ૧૬૫ |
| અધ્યાય ૫ મો : અનુપમ | ૧૭ | ૧૬૭ |

| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| ખંડ ૮ મો : જિજ્ઞાસાનું રૂપવૈવિધ્ય | ૮૫ | ૧૬૯ |
| ખંડ ૯ મો : જિજ્ઞાસાની અકળ કળા | ૭૬ | ૧૭૭ |
| ખંડ ૧૦ મો : अनुभवानंद | | |
| અધ્યાય ૧ લો : વંદના | ૧૫ | ૧૮૫ |
| અધ્યાય ૨ જો : વિષાદયોગ | ૨૩ | ૧૮૭ |
| અધ્યાય ૩ જો : સ્પર્શ | ૩૧ | ૧૮૯ |
| અધ્યાય ૪ થો : આત્મશિક્ષણ | ૪૮ | ૧૯૨ |
| અધ્યાય ૫ મો : અનુભવ | ૨૦ | ૧૯૭ |
| અધ્યાય ૬ ઠ્ઠો : દર્શન | ૧૩ | ૧૯૯ |
| અધ્યાય ૭ મો : અવતરણ | ૨૪ | ૨૦૧ |
| અધ્યાય ૮ મો : આનંદ | ૧૦ | ૨૦૩ |


•

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

૧૯૭૦ના જુલાઈ માસમાં દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ આશ્રમમાં હતો, ત્યારે એક રાતે જિજ્ઞાસા ઉપર કડીઓ સ્ફુરવા લાગી ત્યારે જ વિચારાયું કે જિજ્ઞાસા ઉપર જે લખાઈને છપાઈ પ્રસિદ્ધ થયું છે તે તો હજી ઘણું જ અધૂરું છે. એટલે તા. ૨૫-૭-૧૯૭૦થી લખવાનું શરૂ થયું.

તા. ૨-૮-૧૯૭૦ તો અમે બધા તિરુચિરાપલ્લી ગયા અને તા. ૧૦-૮-૧૯૭૦ના સુરત આશ્રમે અને તા. ૧૩-૮-૧૯૭૦ના રોજ નડિયાદ આશ્રમે. તા. ૪, ૫, ૬-૯-૧૯૭૦ના રોજ અમે બધા ડુમસ મુકામે હતા. તા. ૧૪-૮-૧૯૭૦થી તે આખા મહિનામાં બહાર ફર્યા કરવાનું બન્યા કરતું, તથા આશ્રમમાં સવારે માણસો તો અવારનવાર આવ્યા જ કરે, પરંતુ શ્રીપ્રભુકૃપાથી જિજ્ઞાસા પરની ટૂંકો લખાયે જ ગઈ. તા. ૩-૯-૧૯૭૦ સુધીમાં તો લગભગ ૯૦૦ ટૂંકો લખાઈ ગઈ અને તા. ૭-૯-૧૯૭૦ પછીથી પણ લગભગ બીજી આશરે બસો એક ટૂંકો લખાઈ.

આ બધી ટૂંકોની ક્રમબદ્ધ ગોઠવણી શ્રી રમેશભાઈ ભટ્ટે કરી છે. એમણે જિજ્ઞાસાને આ રૂપ આપવામાં ભારે જહેમત ઉઠાવી છે. એના નાના નાના વિભાગો પાડી ટૂંકોના ભાવ પ્રમાણેની ગોઠવણી પણ તેમણે જ કરી છે.

જિજ્ઞાસાનાં કેટકેટલાં અંગઉપાંગોને અનેક પાસાંઓ છે. જેમ જેમ લખાતું ગયું તેમ તેમ બધું સૂઝતું ગયું અને લખાતું જ ગયું.

એકની એક હકીકત ભલે હોય, પરંતુ તે જુદા જુદા સંદર્ભમાં લખવાનું બન્યું છે.

જીવનની આધ્યાત્મિક સાધનામાં પુનરાવર્તન તે દોષ નથી, કિંતુ

ગુણવિકાસની વિકાસ પામતી જતી પ્રક્રિયાનું તે એક મુખ્ય લક્ષણ છે. આ હકીકત આધ્યાત્મિક માર્ગના પથિકને નવી ન હોવી ઘટે.

આધ્યાત્મિક માર્ગે વિચરનાર એવા કોઈક શ્રેયાર્થીની સાથે વાતચીતમાં 'તે માર્ગે જવામાં મૂળમાં જિજ્ઞાસા જીવતીજાગતી હોવી ઘટે.' ને જિજ્ઞાસા જાગી હોય, તો તે જણાયા વિના તો થોડી જ રહી શકે ? ને તે પરથી જિજ્ઞાસાનાં લક્ષણો વિશે જણાવવાનું થયું ને તેવી હકીકતોની વાત થઈ. ત્યારે તે ભાઈએ સૂચવ્યું કે 'મોટા, ત્યારે આવું બધું લખાણ તમે ક્રમબદ્ધ લખો, તો શ્રેયાર્થીને જિજ્ઞાસાના વિજ્ઞાનની ખબર તો પડેને ? જે બધા આ માર્ગે પળનાર છે, તેમને જિજ્ઞાસા પરત્વેની યોગ્ય સાચી હકીકતની કશી ખબર હોતી નથી, ને તમે (મોટા) જણાવો છો તેવી જિજ્ઞાસા જાગેલી હોય, તો એનો વિકાસ કેવો થાય, તે બધું સવિસ્તાર હકીકત લખો ને છપાવો તો ઘણું ઉત્તમ.'

'વળી, ગુજરાતી સાહિત્યમાં જિજ્ઞાસા પર કશું લખાણ ખાસ કરીને તો નથી. તો તમે લખશો તો જિજ્ઞાસા પરનું લખાણ સાહિત્યની દૃષ્ટિએ પણ મૌલિક સર્જન થશે ને એટલી ગુજરાતી સાહિત્યમાં તમારી આગવી ભેટ હશે.' તે ભાઈએ કહેતાં તો કહ્યું, પરંતુ મને પણ થયું કે જિજ્ઞાસા પર લંબાણથી તેની યોગ્ય હકીકતના વિવરણથી લખાય તો ઉત્તમ. શ્રીપ્રભુકૃપા થતાં લગભગ પંદરસોએક ટૂંકો લખાઈ છે.

શ્રીપ્રભુકૃપાથી આ જીવ શ્રીભગવાનને પંથે પળ્યો, ત્યારે જે જિજ્ઞાસાનું સ્વરૂપ હતું, તે બધું જેમ જેમ યાદમાં જીવંત પ્રગટતું ગયું તેમ તેમ લખ્યે ગયો છું ને જેમ લખાયું છે, તેમનું તેમ તે રાખ્યું છે. એને મઠારવાનું કર્યું નથી. માત્ર ક્રમવાર ગોઠવવાનું શ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે.

આ બધું જ લખાણ ડુમસમાં બેત્રાણ સ્નેહીઓએ (શ્રી રતિલાલ મહેતા, શ્રી દિલીપભાઈ મણિયાર, શ્રી રમેશભાઈ ભટ્ટ, શ્રી રામભાઈ

પટેલ) આટલી બધી ટૂંકો પ્રેમથી સાંભળી ને જરા પણ કંટાળો સેવ્યો નહિ. તેથી મને પણ પોરો ચઢ્યો ને હૃદયમાં ઉત્સાહ વધ્યો. તાપી નદીનાં પૂરના કારણે અમારે બધાને ડુમસમાં રોકાઈ જવું પડ્યું હતું, તેથી આ કામમાં અમે બધા ઠીક લાગી પડ્યા હતા. ડુમસમાં જ આ કડીઓને અમે બધાએ ક્રમબદ્ધ ગોઠવવાને ઠીક મહેનત લીધી. જોકે તે પછીથી તો ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે ક્રમબદ્ધ ગોઠવવામાં એની આખી જ કાયાપલટ કરી નાખી છે.

શ્રેયાર્થીને હવે આ જિજ્ઞાસા વાંચતાં પોતાને પોતાની સ્થિતિનું યથાવત્ ભાન જાગ્યા વિના નહિ રહે. જિજ્ઞાસાનું પણ વિજ્ઞાનપૂર્વકનું એક શાસ્ત્ર છે. તે શાસ્ત્રને હજી સંપૂર્ણ શાસ્ત્ર તરીકે પૂરેપૂરું એના યથાયોગ્યપણામાં સંપૂર્ણપણે લખી શક્યો નથી તેનું મને ભાન છે જ. આ છપાઈ ગયા પછીથી પણ જેમ જેમ સૂઝતું કે ઊગતું જશે, તેમ તેમ શ્રીપ્રભુકૃપાથી લખતા રહેવાનું થતાં, લખતો રહીશ ખરો.

આધ્યાત્મિક પંથે પળનારને, વળનારને અથવા તો જેઓ તેમાં વળી ચૂક્યા છે તેવા શ્રેયાર્થીને, આ જિજ્ઞાસાનાં લખાણમાંથી પોતાના જીવનની વાસ્તવિકતાનું સાચું દર્શન મળી શકશે, એવી મારી સમજણ છે.

આ જિજ્ઞાસા જે છે, તે કંઈ કોઈ એક પ્રકારનું સજ્જડ ચોકઠું છે, એમ તો નથી જ. કોઈ શ્રેયાર્થીનો વિકાસ અમુક રીતે જ, આમ ને આવી રીતે જ, થઈ શકે, તેવું શક્ય તો ન હોય, કોઈક પોતાનું ધ્યેય વહેલું પ્રાપ્ત કરી શકે ને કોઈક કેટલાક જન્મ પછીથી પણ.

તેમ છતાં શ્રેયાર્થીનું જીવન એટલે કે જે જીવે શ્રીપ્રભુનાં ચરણકમળમાં સર્વ ભાવે ને સર્વ રીતે યાહોમ કરીને ઝંપલાવ્યું છે, ને જે પોતાનું સર્વ કાંઈ પણ શ્રીપ્રભુને ચરણે જ્ઞાનભક્તિભાવે સમર્પણ કર્યા કરતો હોય છે, તેનાં લક્ષણ તો પરખાયા વિના રહી શકતાં

નથી. શ્રીપ્રભુકૃપાથી મને તે પરત્વેની ગતાગમ તો હતી જ, ને તેવી સમજણને કારણે જ આ જિજ્ઞાસાની કડીઓ લખી શક્યો છું.

જિજ્ઞાસા વિજ્ઞાન પણ છે ને શાસ્ત્ર પણ છે, પરંતુ તે જડબેસલાખ નથી. જિજ્ઞાસાના હાર્દનો ભાવ પ્રત્યેક વ્યક્તિની કેટલી, કેવી, તીવ્ર, ગાઢ, ઉત્કટ જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના છે, ને કેટલી ગાઢ ઉત્કટ તત્પરતા ને તાલાવેલી જાગી છે, એના પર પણ આધાર રહેલો છે. પ્રત્યેકને પોતપોતાનાં સ્વભાવ, પ્રકૃતિ પ્રમાણે તે પ્રવર્તતી ભલે લાગે, પરંતુ આખરે તો જો જ્વાળામુખી સમી ધગધગતી ઉત્કટમાં ઉત્કટ તમન્ના જાગેલી હોય, તો નદીનાં પ્રચંડ પૂર સમયે તેના બંને કિનારાને છોડીને-વટાવીને નદીનું પાણી ક્યાંનું ક્યાંય વહી જતું હોય છે, તેવું તેવી જિજ્ઞાસાનો પ્રભાવ ને પ્રતાપ, તેનો ભાવ તે પ્રમાણે પ્રવર્તતો અનુભવાય છે. જીવનાં પ્રકૃતિ ને સ્વભાવ તો મર્યાદાશીલ છે. તેમ છતાં ઉપરના પ્રકારની જિજ્ઞાસા તો જીવનું તેવું બધું પણ તોડીફોડીને ક્યાંયે ફગાવીને ક્યાંયે વહેતી જતી હોય છે. એવી પ્રચંડ ઝળહળતી તીવ્રતાથી જલતી જિજ્ઞાસાને નથી કોઈ મર્યાદા, નથી કોઈ રીતરસમ, કે નથી કોઈ પદ્ધતિ. તેનો માર્ગ નિરનિરાળો છે. પોતે પોતાના જ સ્વયં ધોરણે, સ્વતંત્ર રીતે વર્તનારી તે ચેતનાશક્તિ છે. એ પોતે સ્વયંભૂમાંથી પ્રગટેલી સ્વયંભૂમાં મળવા, હળવા, ભળવા ને ગળવાને તથા તેમાં જ એકરસ થઈ જિજ્ઞાસા પોતે પણ તેમ થવાતાં થવાતાં કેટકેટલાં સ્વરૂપના પલટા લેતી હોય છે, એ પણ એક મૌલિક અનુભવદર્શન છે.

જિજ્ઞાસા કદી સાંકડા બંધાયેલા માર્ગની હોતી નથી. શરૂશરૂમાં એનો માર્ગ ભલે અમુક ધોરણનો લાગે, કિંતુ ત્યાં પણ एना પ્રવાહનો વેગ પ્રચંડપણે વધતાં વધતાં જિજ્ઞાસાના કિનારાની ક્ષિતિજો ક્યાંની ક્યાંય ગગનગામિની પ્રવર્તતી હોય છે.

તેથી જ જેનામાં એવી જિજ્ઞાસા જાગી છે, તે જ જીવ પરમ

સદ્ભાગી ને પરમ કૃપાળુ શ્રીભગવાનની કૃપાનો બડભાગી છે. ધન્ય છે એવી જિજ્ઞાસાને. જિજ્ઞાસાને જગજ્જનની મા રૂપે જ અનુભવું છું. જિજ્ઞાસા પતિતપાવની ગંગામૈયા છે. એના જ પ્રવાહમાં એ તરાવીને લઈ ગઈ તો તરાયું છે. એવી જિજ્ઞાસાનાં કેવાં કેવાં-જેમ કાલિકા સ્વરૂપનાં અનુભવદર્શન થયાં છે, તો સુભગ કલ્યાણકારી જીવનને શ્રીભગવાનનાં ચરણકમળમાં પ્રસ્થાપિત કરાવનારી એવી જિજ્ઞાસાના વિકાસના જુદા જુદા તબક્કામાં એવાં કેટલાંક સ્વરૂપોનાં જે દર્શન થયાં છે, ને એવાં દર્શનની સૂઝ વડે કરીને આ બધું લખાયું છે, એમાં મહત્ત્વ ખરેખર હોય તો એવી તે જિજ્ઞાસામૈયાનું જ છે, એ જિજ્ઞાસા માને પ્રેમભક્તિભાવે નમું છું ને સ્તવું છું. જય હો એ જિજ્ઞાસાનો કે જેણે એના અંકમાં લઈ મને પામરને આવો ઘડ્યો. બાકી, મારા જેવા જીવનું ગજું કેટલું ?

ગદ્ય કરતાં પદ્ય મને શ્રીપ્રભુકૃપાથી વધારે ફાવે છે. જિજ્ઞાસા પરત્વેનું આ લખાણ જે છે, તે જો મારે ગદ્યમાં લખવાનું હોત, તો લખાણનાં ઘણાં બધાં પાનાં થઈ ગયાં હોત. જ્યારે પદ્યમાં તે સરળતાથી સહજપણે ને ટૂંકાણમાં તે બધું સ્પષ્ટતાથી લખાઈ ગયેલું છે. તે સાથે સાથે એનું સચોટપણું પણ એટલું જ જળવાઈ રહેલું છે, આ પદ્ય છે ખરું પણ તેને હું કાવ્ય ગણતો નથી. એ ગદ્ય જ છે. પરંતુ પદ્યરચનામાં હોવાથી તે વાંચવામાં જે તે લયબદ્ધ છંદબદ્ધ હોવાથી ગાવામાં ઘણું સરળ રહે છે. વળી, અનુષ્ટુપ છંદ તો શ્રીપ્રભુકૃપાથી એટલો બધો સરળ ને સહજ થઈ ગયો છે કે હરતાં ફરતાં પણ તેમાં જે લખવું હોય તે લખાઈ જાય છે, તે શ્રીપ્રભુકૃપાની પ્રસાદી છે.

જિજ્ઞાસાભાવના રસિક શ્રેયાર્થી આ જિજ્ઞાસાના સાહિત્યને આવકારશે ને તેમાં ક્યાંય પણ કશોય હકીકત દોષ હોય, ને તે મને 'હરિઃૐ આશ્રમ, નડિયાદ' જણાવશે તો નવી આવૃત્તિ થતાં સુધારી લેવામાં આવશે.

જીવનવિકાસના ભાથામાં આ જિજ્ઞાસાનું લખાણ કોઈ પણ શ્રેયાર્થીને થોડી ઘણી પણ પ્રેરણાત્મક મદદ અર્પી શકશે, તો તે શ્રીપ્રભુકૃપાની પ્રસાદી હશે.

જિજ્ઞાસાનું સાહિત્ય જે લખાયું છે, તેમાં જો કંઈક પણ મહત્ત્વ હોય, તો શ્રીપ્રભુકૃપાનું છે. આ જીવનું તો કશું નથી. જો હોય તો તમારાં બધાંના હૃદયની સક્રિય સહાનુભૂતિ-જે શ્રીપ્રભુકૃપાથી મળેલી છે, તે જ મારા જીવનનું પરમ બળ છે. શ્રીપ્રભુકૃપાથી સાધનાના જુદા જુદા તબક્કામાં જિજ્ઞાસાનાં અવનવાં રૂપ, લક્ષણ, કક્ષા એવું એવું પરખવાની (જે તટસ્થતાનું પ્રેમથી કૃપાદાન જિજ્ઞાસાએ દીધું હતું તેના વડે) જે દૃષ્ટિ અંતરતમ લાધી છે, તેને આજે હકીકતના સ્વરૂપમાં શ્રીપ્રભુનાં ચરણકમળમાં પ્રેમભક્તિભાવે નમી નમી લળી લળી મૂકું છું.

આમ તો મારે સાધનાનો ઈતિહાસ લખવો હતો, પરંતુ તેનો हुकम હજી મળ્યો નથી. બાકી, શ્રીપ્રભુકૃપાથી સાધનાના પ્રત્યેક તબક્કાનાં વલણને, તેના પ્રત્યેક સ્વરૂપને આ જીવે જે ભાવ મસ્તીથી અંતરમાં અંતરથી અનુભવ્યું છે, તેને યથાતથ શબ્દોમાં મૂકવાની શ્રીપ્રભુકૃપાથી શક્તિ છે જ, પરંતુ અમારે हुकम એ સર્વસ્વ છે. તેથી નિમિત્ત મળતાં આ જિજ્ઞાસા પર જે લખાયું છે, તેમાં અનુભવનાં અમૃતબિંદુ શ્રેયાર્થીના કંઠને આ આહ્લાદ, સંતોષ ને તૃપ્તિ પ્રેરશે જ એવી શ્રદ્ધા છે.

અભય કેળવવાથી કેવી નિર્ભીત બલિષ્ઠતા જીવનમાં પાંગરે છે. એ તો તે માર્ગના અનુભવી જ સમજી શકે. એવો અભય કેળવવાનો મહાવરો શ્રીપ્રભુકૃપાથી આ જીવને હતો તેના જાણકાર સ્નેહી મિત્રો આજે પણ જીવંત છે. અને એવા બીજા કેટલાય ગુણોનો વિકાસ આપમેળે શ્રીભગવાનનાં ચરણકમળમાં ભક્તિના અનુરાગનું માધુર્ય પ્રગટતાં પ્રગટતાં થયા કરતો હોય છે, એ તો ભક્તિનો રાગ હૃદયમાં

હૃદયથી જેને લાગ્યો છે, તે અનુભવ્યા વિના રહેશે નહિ. ભક્તિનો રંગ કોઈ ન્યારો છે. એના રંગથી જે નવા જન્મનો પલટો જીવનમાં જન્મીને પ્રસરે છે, તેના જેવું પરિણામ બીજા કશાથી પણ ઊગી શકતું નથી.

યોગ્ય કાળ, કૃપાથી શો ! પૂર્ણ સમજદારીને-
જીવને પાકવા દીધાં કેવી કૃપા પ્રસાદી તે !

યોગ્ય સમય ને પૂરેપૂરી સમજદારી શ્રીપ્રભુકૃપાના બળે પાકવા દેવા પડતાં હોય છે. ત્યાં સુધી હૃદયમાં ધીરજ, શાંતિ ધર્યા કરવાની રહે છે.

આ સાધનામાર્ગમાં ગણતરીનું મુદ્દલે કામ નથી. ભાવ કેળવાતો જાય ને ભાવનો ઉત્કર્ષ જેમ જેમ પ્રગટતો જાય છે, તેમ તેમ તેવા નવા નવા ઉન્મેષ ધોધની જેમ વહેતાં વહેતાં ફૂટી નીકળતાં, જે ભૂમિકા આપમેળે રચાતી જતી હોય છે, એવા જુદા જુદા તબક્કામાં જિજ્ઞાસાનાં શાં કક્ષા, દશા, લક્ષણો વગેરે બધું શ્રીપ્રભુકૃપાથી વર્ણવવાનું થયું છે, ને તે જ રીતે શ્રીપ્રભુપદે પ્રેમભક્તિભાવે ધર્યું છે.

અનુષ્ઠાન કરીએ છો, કિંતુ તે માનતા નથી,
માનીએ જે છીએ તેનું પાલન કરતા નથી.
એવા કૈંક મળ્યા લોક ચેતન પામવા હૃદે,
ભલીવાર કશો તેમાં આવે પછીથી શી રીતે ?

જે મેળવવું છે, તેના પરત્વે હૃદયમાં હૃદયથી હૃદયની ઉત્કટમાં ઉત્કટ જ્વાળામુખીના જેવી ધગધગતી લગની જ્યાં સુધી લાગતી નથી ત્યાં સુધી સાધનામાં જ્વલંત ચેતનાત્મક વિકાસ થવો શક્ય નથી. તેમ છતાં સાધન પકડીને તેને એકધારા સતત વળગી જ રહ્યા કરવાથી પણ એવી જિજ્ઞાસા જાગે છે ખરી.

સંસ્કૃત ભાષામાં જિજ્ઞાસા પરનું પૃથક્કરણાત્મક લખાણ હશે કે કેમ તે જાણતો નથી, પરંતુ ગુજરાતી સાહિત્યમાં તો નથી જ.

જિજ્ઞાસા પરત્વેનું જો જે કોઈ, આ લખાણ વાંચશે તો તેવાને શ્રીપ્રભુના માર્ગે, જેમને જેમને વિકાસ કરવાની કે થવાની ઝંખના છે, ને જેઓ પોતે કેટલુંક ને કેવુંક ચાલ્યા છે, તેઓને તેની ખરેખરી સમજણ પડ્યા વિના નહિ રહે.

જિજ્ઞાસાભાવનું અનુશીલન ને પરિશીલન થતાં, પહેલાં તો કેવી કેવી કારમી નિરાશા ને નિષ્ફળતાની વૃત્તિ જન્મ્યા કરતી અનુભવતો, ત્યારે ત્યારે પ્રાર્થના કરવાનું તો શ્રીપ્રભુકૃપાથી ચૂકવાનું થયું નથી ને એવા પ્રાર્થનાના ભાવના સહારે વળી પાછો દિલમાં સજીવન થતો, એ હકીકતને દિલમાં દિલથી ગદ્‌ગદભાવે શ્રીપ્રભુકૃપાથી અનુભવવાનું થયા કરતું. પ્રાર્થના તો એવો નક્કર-ચોક્કસ કિમિયાગર છે કે જે જીવનમાં કેવા મોટા મોટા ચમત્કારિક ફેરફારો સર્જી શકે છે ને તેવો પ્રાર્થનાભાવ પણ જિજ્ઞાસાથી દિલનો દિલમાં દિલથી જે સેવાતો જતો હોય છે, તેવા ભાવના હૃદયંગમપણાથી ને તેવા તેના ઉદ્રેકથી ને તેમાંથી રણકો દેતો ઉઠાવ ને તેવા તેના સભાનતાના જ્ઞાનથી જીવનમાં તેવી તેવી નિરાશા ને નિષ્ફળતા-ઉભયને-તો જીવંત ચેતનાત્મક શ્રદ્ધા ને સફળતામાં જ પરિણમતી જે અનુભવી છે, તે જ ખરેખરી તો શ્રીપ્રભુકૃપા છે.

જિજ્ઞાસા એ સાધનાના અનુભવનો વિષય હોવા છતાં પ્રસ્તુત વિષયની હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે, તેવી ઘણીખરી તો છે. કોઈક જ કડીઓ ગૂઢ હોય તો હોય, ને તે પણ ભાગ્યે જ.

આમાં 'સ્વાનુભવ કથન' ઉમેરવાનું મને ખાસ દિલ થયું ને તે એટલા માટે કે શ્રીપ્રભુકૃપાથી મને સાધનામાં ગુણ ને ભાવ તથા શક્તિ અનિવાર્ય, અગત્યનાં માલૂમ પડ્યાં હતાં, તે તેવી કંઈક હકીકત ને તેના થોડાક નમૂના 'સ્વાનુભવકથન'માં મૂકેલા છે.

'મનુષ્યત્વ તો અક્ષય છે ને પૌરુષ પણ અજેય છે' એવો જીવનમાં પ્રત્યક્ષ પ્રયોગાત્મક અનુભવ ન થયો હોય, ત્યાં સુધી ચેતનાના

સ્વાનુભવ પ્રદેશમાં કેવી રીતે પગલાં માંડી શકાય ? આવો ને આવા-એટલી પરમ કક્ષા-સાચી રીતે તો તે જીવદશાની અતીત કક્ષાનીયે બહારની કક્ષાના પ્રદેશના જીવનમાં ગુણ જીવતાજાગતા પ્રગટેલા હોવા જોઈશે. તો જ સાધનાના ઉચ્ચમાં ઉચ્ચ અપાર પ્રખર અનુભવ શિખરે પહોંચી શકાશે.

'જિજ્ઞાસા જાગી છે' તેનું પ્રત્યક્ષ લક્ષણ હોય જ છે. એવાં ઘણાં લક્ષણોમાંનું એક લક્ષણ પૃથક્કરણ તો છે જ છે. મને પોતાને તો જીવનમાં એ જ લક્ષણે ખરેખરો સહારો આપ્યો છે, ને એ તો મારી ખરેખર આંખ શ્રીપ્રભુકૃપાથી હતી. જિજ્ઞાસાએ પૃથક્કરણ તો એવી નિર્દયમાં નિર્દય રીતે કરાવ્યું છે કે તે જાણતાં જોતજોતામાં આપણા તો જાણે છક્કા જ ઊડી જતા અનુભવાય. ત્યારે તો નિરાશાના છેક તળિયે ડૂબી જવાતાં, જે નર્યા પ્રાણ હણાઈ ગયેલા ને સંપૂર્ણ મૃતપ્રાયઃ થઈ ગયેલા, આપણે આપણને પોતાને લાગતાં હોઈએ છતાં જેને જિજ્ઞાસાથી એવી પૃથક્કરણની થયા જવાની જીવંત પ્રથા જીવનમાં પાંગરેલી જીવંત થયેલી છે, તેનામાં તટસ્થતા તો જન્મેલી ઊગી ગયેલી તો હોય જ છે, ને તે જ કારણથી તે તેવા કળણમાંથી તેવા જીવનમાં તે તે કાળે પ્રવર્તતી રહેતી જીવંત તટસ્થતાને કારણે ફરી પાછો ઉપર તરી આવતો નજરે પડે છે ને એ જ કારણે ફરી જિજ્ઞાસાનાં અનેક પાસાંઓને નીરખવાનું, સમજવાનું ને અનુભવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે. વાચક આ જિજ્ઞાસા વાંચશે તો તેને ઉપરનું આ જીવનું કથન સાચું લાગ્યા વિના રહી શકવાનું નથી.

મારા ગુરુમહારાજનો હુકમ હતો કે 'મારે જીવનના પ્રત્યેક ક્ષેત્રે કશુંક ને કશુંક મૌલિક, એની કૃપાથી સર્જતા રહેવું જ. જીવનના આધ્યાત્મિક વિકાસના પંથે મૂળમાં એના પરત્વેની જિજ્ઞાસા એ જ એક સાચો મૂળ ગુરુ છે. ને તેના સ્વરૂપને જિજ્ઞાસાએ આ જીવને કૃપા કરી અનેકવિધ ને અનેક રીતે દર્શાવ્યાં છે, ને તેથી કરી જે શીખવાનું

મળ્યું છે ને તે તે બધાંથીયે નોખું થતું જવાનું જિજ્ઞાસાએ મને શિખવાડ્યું છે, તેની તેવી કૃપાબલિહારીથી આ જીવ ભાવના ઉદ્રેકથી ને તેવા તેના પ્રતાપ ને પ્રભાવથી આ જીવને જે વાણી વ્યક્ત થઈ, તેથી કરી આ જિજ્ઞાસાનું સર્જન થયું છે.

આટલું બધું લખાણ ને તે પણ જિજ્ઞાસાનું વિજ્ઞાનશાસ્ત્ર જે રીતે જે ભાવે આ બધું તટસ્થતાથી જે પૃથક્કરણ થયું છે, તે બધું આપોઆપ એની મેળે વિચાર્યા વિના લખાયે જ ગયું છે ને તે પણ થોડાક જ દિવસોમાં.

મળવું, ભળવું પૂર્ણ રહેવું નોખા છતાં ઠરી,
જિજ્ઞાસાએ ભણાવ્યા તે પાઠ મોંઘા ફરી કરી.

(ખંડ : ૧૦ : અધ્યાય : ૫ શ્લોક : ૩)

જિજ્ઞાસાએ શ્રીપ્રભુકૃપાથી સાધના વિકાસને પંથે આ एक મુખ્ય ગુરુ-કિલ્લી આપી દીધી હતી કે જે તે બધું જ ભલે થયા કરે, પરંતુ દિલમાં, દિલથી દિલની તટસ્થતા તો પૂરેપૂરી સ્વસ્થ, જીવંત ને ચેતનાત્મક ઠરેલી રહ્યા કરવી જ ઘટે. તો જ જેનો તેનો પત્તો મળ્યા કરે ને જીવનના અનેક જુદા જુદા તબક્કામાં જેમાં જેમાંથી પસાર થયા કરવાનું બને, તેમાં તેમાંનું સ્વરૂપ-લક્ષણ ને વળી પાછા પોતે જો જીવંત ઠરેલા રહ્યા કરેલા હોઈએ, તો જ તેમાં મળ્યા ભળ્યા હોવા છતાં તેનાથી સંપૂર્ણ અલગ રહી શકવાની વાસ્તવિકતાપૂર્ણ ભૂમિકામાં જીવી શકાય, ને જેમાં જેમાં મળીએ, ભળીએ તેનું હાર્દ પામવાની અનુભવવાની સ્થિતિમાં હોઈ શકાય, એવી શ્રીપ્રભુકૃપાથી દશા હોવાથી આ જિજ્ઞાસાનાં જુદાં જુદાં સ્વરૂપને અનુભવી, તેમાંથી માખણ તારવી તારવી, તેનું સત્ત્વ જીવનમાં વાળી વાળી, આગળ ધપવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, ને જિજ્ઞાસાનાં આવાં પૃથક્કરણ દર્શન-અનુભવ થયાં ને તેથી જ જિજ્ઞાસાના પ્રભાવથી તે લખવા-વર્ણવવા ભાગ્યશાળી થઈ શકાયું છે.

સર્વની જડ ઉખેડ્યા વિના ના પાંગરે નવું,
મથાવી તે રીતે એણે બનાવ્યો માલદાર શો !
(ખંડ : ૧૦ : અધ્યાય : ૫ શ્લોક : ૮)

કેટકેટલી જાતની એવી જડો જીવનમાં ઊગેલી હોય છે ને ફાલેલી હોય છે, જેનું આપણને ભાન પણ હોતું નથી. તેવું ભાન તો ખરેખરી ઉત્કટ જિજ્ઞાસા જેને દિલમાં દિલથી દિલની જાગેલી હોય છે, તેવાને એકમાત્ર તેથી તેવી ઊગેલી, ફાલેલી ને વિકસેલી જડોનાં દર્શન જિજ્ઞાસામૈયા કરાવે છે, ને તેવી તેવી જડોનાં મૂળનું નિકંદન કરાવવા આપણને તે મથાવ્યાં જ કરે છે ને તેનાં મૂળ કઢાવ્યા વિના જિજ્ઞાસા આપણને જંપવા પણ દેતી નથી ને કળ પણ વળવા દેતી નથી એવી જિજ્ઞાસા જેને પ્રેમભાવે વરેલી છે, તેવા જ જીવ સાધનાના વિકાસપંથે આગળ ધપી શકવાના છે.

જેમ ખેતરની જમીનમાં ઊગેલી નકામી જડોને ઉખેડી નંખાવ્યા વિના ધાન્ય પાકી શકતું નથી ને ધારો કે પાકે તોપણ તે નજીવું જ પાકી શકે ને તેમાં ઝાઝા કસ-પ્રાણ ન હોઈ શકે, તેવું જીવનવિકાસની બાબતમાં છે.

એવી અનંત પ્રકારની જડો જીવનમાં ઊગેલી હોય છે, તે બધી જ જડો મૂળથી ઉખેડાઈ ગયા વિના દિવ્ય જીવનનો ફાલ ફાલી શકવાનો નથી.

શ્રીપ્રભુકૃપાથી જે હુકમ મળ્યો હતો, તેનું તૃણવત્ પાલન એની કૃપાથી થઈ શક્યું છે.

સમાજના વિકાસક્ષેત્રે પણ એણે એવું જ કશુંક મૌલિક થાય એવું સુઝાડ્યું છે ને તેવું કરાવ્યું છે.

જે રીતે જીવનમાં આ આધ્યાત્મિક વિજ્ઞાનને પંથે જિજ્ઞાસાના બળે, ભાવે ધપાયું છે, તેનો પ્રત્યક્ષ ઇતિહાસ થોડો ઘણો પણ લખાયો, તેથી શ્રીપ્રભુએ તે રીતે મને જે જે જીવો મળેલાં છે તેમને તેમને એટલું

તો જરૂર થશે જ કે આ જીવે જે ઊંડાણથી જિજ્ઞાસાનાં જુદાં જુદાં થરો, પાસાં ને એનાં અનેક સ્વરૂપોને જે રીતે દર્શાવ્યાં છે. તે તેમના તેવા અનુભવના નિચોડનું જ દર્શન છે. તેમને તેવું થાઓ કે ન થાઓ, પરંતુ મને તો આ જિજ્ઞાસાનું લખાણ વ્યક્ત થતાં થતાં જે આત્મસંતોષ થયો છે, એ જ एनी પ્રસાદી છે.

પોતાનાં પ્રકૃતિ ને સ્વભાવ જેવાં છે, તેવાં ને તેવાં રાખીને કોઈ પણ જીવ અનુભવના પ્રદેશમાં કદી પણ પગલાં પાડી શકનાર નથી. તે હકીકત શ્રીપ્રભુકૃપાથી આ જીવને સંપૂર્ણપણે સ્પષ્ટ કરીને અનુભવે સમજાઈ હોવાથી આ સ્વાનુભવકથનની હકીકત જિજ્ઞાસાના પૂર્વભાગમાં હોય તો ઠીક. વળી,

અભય, નમ્રતા, મૌન, એકાંત સેવડાવીને,
રખાવી મુખ બીડેલું કરાવ્યો વ્યવહાર તેં.
હવે હુકમ આપીને પ્રેમે શો લખવા મને,
કૃપાનો આ પુરસ્કાર ધર્યો છે તે પ્રભુપદે.

અભય ને નમ્રતા અભિમુખતા પ્રગટાવે છે, ને મૌનએકાંત બહિર્મુખપણું ઘટાડે છે. તેથી સાધનાના વિકાસને માટે મને પોતાને ઉપરના ચારે ગુણોએ ઘણી જ મદદ પ્રેરી છે.

જીવનના એક પાસાના ગુણધર્મના વિકાસની કેળવણી અર્થે ઘણાં વર્ષો પહેલાં જે બાળકને (હરિને) પ્રભુકૃપાથી પ્રભુપ્રીત્યર્થે ઉછેરવાનું બન્યું હતું તેને જિજ્ઞાસાનું સ્વરૂપ, લક્ષણ, સ્વભાવ, ગુણધર્મ, વર્તનકળા, લીલા વગેરે સમજાવવાનું સૂઝતાં તેને જિજ્ઞાસા પરત્વે લખવા માંડ્યું. એમ એકધારું તેને ત્રણ ચાર પત્રોમાં કુંભકોણમ્ (દક્ષિણ ભારત) લખ્યું, પરંતુ જિજ્ઞાસા ત્રણેક તબક્કે લખાઈ.

જિજ્ઞાસાનાં અનેક લક્ષણોને જુદી જુદી રીતે જેમ જેમ તે અનુભવમાં આવ્યાં કર્યાં હતાં, તે તે હકીકતોને મેં તે તે રીતે રજૂ કરી છે. કેટલીક વાર એકની એક હકીકત અનેક રીતે દોહરાવી પણ છે.

જિજ્ઞાસાથી ઊંડો પૃથક્કરણભર્યો ચેતનાત્મક જાગૃત અભ્યાસ માનવીના હૈયામાં જાગૃત હોય છે, તેનાથી કરી તેની તટસ્થતાયુક્ત વિવેકશક્તિ પણ જાગી જઈ, વૃત્તિ, વિચાર, લાગણી, ભાવનાનાં ક્ષેત્રમાં તે કેવી કુશળ કારીગરની જેમ કામ આપે છે, તેનું પણ આમાં નિરૂપણ થયું છે.

જિજ્ઞાસા આટલી વિશદતાથી અને આટલા વિસ્તૃત સ્વરૂપમાં ભાગ્યે જ વ્યક્ત થયેલ હશે એમ માનું છું. જિજ્ઞાસાને કેળવાતી રહેવાને કાજે ને જિજ્ઞાસાને ચેતનવંતી પરિણામમાં ફળવતી થયા કરવા કાજે હેતુના જ્ઞાનની સભાનતાથી ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું જે થયું તેને હું શ્રીભગવાનની પરમ કૃપાપ્રસાદી લેખું છું. ભાવ વિનાનું બધું જ શુષ્ક છે. ભાવ એ જ જિજ્ઞાસાની પાંગરતી જતી પ્રાણશક્તિ છે.

જાગતાં જાગતાં ભાવ શક્તિ કેવી અનંત છે !
આપમેળે હૃદે ભાન જાગતું એનું એ પળે.

● ● ●

જિજ્ઞાસાગ્નિ હૃદે પૂરો ચેતેલો રાખવા સદા,
કેવું કેવું મથાયું છે, એ તો એની હતી કૃપા.

● ● ●

મથામણતણા એવા જીવંત ઈતિહાસને
-જેવો તેવો જ આલેખ્યો જિજ્ઞાસાને નમી હૃદે.

● ● ●

'જિજ્ઞાસાએ મને તાવ્યો, તપાવ્યો, તારવ્યો પથે.'

એમ મેં જે ગાયું છે, તે તદ્દન યથાર્થ ને વાસ્તવિક છે. ઉપરની તે એક જ લીટી કેટલુંયે કહી જતી હોય છે ! એમાં કેટકેટલા કેવા સંગ્રામનો ગૂઢ ઈતિહાસ છુપાયેલ છે !

આધ્યાત્મિક વિજ્ઞાનશાસ્ત્રમાં જિજ્ઞાસાનું મહત્ત્વ પ્રથમ સ્થાને છે. જિજ્ઞાસા પરત્વેનું ગુજરાતી ભાષામાં એના સર્વ પાસાંને લગતું એવું ખાસ કોઈ લખાણ જ નથી.

એ પથિકોનું એ પંથે પ્રથમ પગલું જ જિજ્ઞાસા વડે કરીને મંડાય છે.

પ્રત્યક્ષ પ્રવર્તતાં લક્ષણ વિના કંઈ જ કશું એની યોગ્ય રીતે સ્વીકારાય જ નહિ, ને તેવાં જિજ્ઞાસાનાં લક્ષણો પણ આમાં બતાવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, કારણ કે જીવનવિકાસના સાધનાપંથમાં ધપતાં ધપતાં અથડાતાં કુટાતાં જે અનુભવ શ્રીપ્રભુકૃપાથી થયો, ને તે કાળે તેમાં તેમાં જીવંત ચેતનાત્મક તટસ્થતાની સભાનતા શ્રીપ્રભુકૃપાથી જાગેલી રહ્યા કરેલી હોવાથી, તેવું અનુભવથી સમજણમાં આવેલું હોવાથી, આ બધું તેથી કરી લખવાનું બની શક્યું છે ને તે પણ તેવું શ્રીપ્રભુકૃપાનું તેવું નિમિત્ત પ્રગટ્યું ત્યારે જ.

એકવાર અમદાવાદમાં ત્રણેક ઠેકાણે જ્યાં જ્યાં જવાનું હતું, ત્યાં ત્યાં મારા એક સ્નેહી સ્વજન શ્રી રમેશભાઈ ભટ્ટને સાથે લીધા ને જ્યાં જવાનું થયું, ત્યાં બધાની સાથે ને વચ્ચે વાતચીત થતાં થતાં તે ભાઈને હું જિજ્ઞાસા અંગેની કડીઓ લખાવતો ગયો.

વળી, અમદાવાદમાં નવાવાડજનીયે પાર એક શિલ્પી સ્નેહીને ત્યાં જવાનું થયું. ત્યાં તે શાંત, રમ્ય, કળાત્મક વાતાવરણમાં જિજ્ઞાસા અંગે આપમેળે લખાઈ ગયું ને છેવટનો તબક્કો ને છેક અંતનો ભાગ માથેરાનમાં લખાયો.

માથેરાનમાં રાતે 'જિજ્ઞાસા' પરત્વેની કડીઓ વારંવાર સૂઝ્યા કરતી ને હું તો 'પુષ્પા' 'પુષ્પા' એમ બૂમો મારી પુષ્પાબહેનને બોલાવતો ને તેમને કડીઓ લખાવતો ગયો ને એમ વારંવાર થયું, છતાં તે બહેન મનથી કંટાળ્યાં નહિ, તેથી હૃદયથી રાજી થયો.

'અખંડ ચિંત્વને હૈયે જીવંત ભાવયજ્ઞાથી
-આભામંડળ ફૂટેલું રક્ષે બાહિર-અંતરે.'

જીવનવિકાસની ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશતાં પ્રવેશતાં કોઈ પણ પ્રકારના ચેતનાત્મક જીવંત ભાવનાત્મક સાધનના અખંડપણામાંથી જે

ભાવનો ઝરો ફૂટી નીકળે છે, ને તેવો ભાવ જ્યારે જીવતોજાગતો અખંડપણે સતત પ્રગટ્યા જ કરતો હોય છે, તેવી વેળા પોતાના આધારની આગળ પાછળ એક એવા સૂક્ષ્મ પ્રકારનું AURA-આભામંડળ ફૂટી નીકળે છે, કે જે એક એવા પ્રકારનું કવચ બની જાય છે, કે જે કવચને બહારના વાતવરણમાંથી આવતાં અનેક પ્રકારનાં વમળો, વૃત્તિઓ, વિચારો તથા એવાં તત્ત્વો પણ તે કવચને ભેદી શકતાં નથી, ને તેની સાથે સાથે અંદરનો જે ચેતનાત્મક ભાવ જાગેલો, જીવંતપણે પ્રગટેલો રહ્યા કરે છે, ને જે-તેવા ભાવને-પેલું કવચ બહાર પણ નીકળી જવા દેતું નથી, તેથી તેવો ભાવ સદાય વધારે ને વધારે તેજસ્વી ને જ્વલંત તથા વધારે ને વધારે ગાઢ થયા કરતો હોય છે. ઉપરની હકીકત સાધનાના વિકાસક્ષેત્રના વિજ્ઞાનમાં એક મોટી રહસ્યવાળી હકીકત છે, જે અનુભવવાળી હકીકતનું ભાન ભાગ્યે જ કોઈકને શ્રીપ્રભુકૃપાથી થતું હશે.

તેવું જ નીચેની કડી વિશે છે :-

'શરીરકેરી મર્યાદા ઉપરવટ તો જવા
-દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં !'

વાચકને આ કડીની સાર્થકતા એની યોગ્ય વાસ્તવિકતા સમજાય, એટલા ખાતર લખવું પડે છે કે આ જીવના શરીરને ઘણાં દર્દ છે, જેવાં કે માથાના ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા (Fluctuating), દમ, આંખનું દર્દ, મૂત્રપિંડ (Prostrate Gland), અનિદ્રા, ગળાનું દર્દ, કરોડરજ્જુના બે મણકા વચ્ચેની ગાદી ખસી ગયેલી છે, ને જેને કારણે શરીરને સૂઈ રહેવું પડે ને તેનું દર્દ તો સતત ચાલુ જ રહ્યા કરે, આવાં બધાં દર્દો હોવા છતાં શ્રીપ્રભુકૃપાથી શ્રીપ્રભુપ્રીત્યર્થના કર્મયજ્ઞમાં પ્રેમભક્તિભાવે સતત હોમાયા જવાનું થયા કરે છે એ एની કૃપાપ્રસાદી છે ને એટલાં દર્દો મળ્યાં છે, તેથી આવો અનુભવ મળી શક્યો છે.

જિજ્ઞાસાનો શ્રીપ્રભુકૃપાથી પ્રથમ આપમેળે આશ્રય મળી ગયો ને તે જેમ કેળવાતી ગઈ, તેમ તેમ વર્તાતી અનુભવાઈ ને કેવી કેવી રીતે ચાલતી, વર્તાતી ને કેવું કેવું રૂપલક્ષણ લેતી ગઈ, તે બધું તેવા તેવા અનુભવના પ્રમાણથી લખાયું છે. ચકાસી ચકાસીને વારંવાર તપાસી જવાની મુદ્દલે આદત નથી, તેથી સુજ્ઞ વાચકો કંઈક ભૂલચૂક હોય, તો તેને દરગુજર કરશે એવી વિનંતી.

અનંતાનંત વિકાસના પંથે પળનારાને 'જિજ્ઞાસા' વાંચતાં વાંચતાં જ એના સાચા તથ્ય ને પથ્યના સ્વરૂપમાં સ્વીકારવાનું થતાં, હૃદયમાં હૃદયથી કૃતકૃત્યતા અનુભવાશે જ.

જિજ્ઞાસા અંગે જે લખાયું છે, તે જ સાચું છે ને બીજું નથી એવો કોઈ જ દાવો નથી. આ જે લખાયું છે તે સંપૂર્ણ પણ નથી, તેમ છતાં અનંતાનંત વિકાસના માર્ગીને જિજ્ઞાસારૂપી ભોમિયાની જરૂર રહે છે જ. એ જેને શ્રીપ્રભુકૃપાથી સહજ ભાવે મળી ગયો, તેનો બેડો પાર થયો સમજવું.

ગુજરાત રાજ્યના ચીફ જસ્ટીસ શ્રી P. N. ભગવતી સાહેબે આ પુસ્તકના પ્રકાશન માટે ઉત્સાહ પ્રેર્યો અને રૂ. ૧૦૦૦/- તેના ખર્ચ પેટે તેઓશ્રીએ ઉદાર ભાવે આપ્યા છે, તે સારુ તેઓશ્રીનો ખરા હૃદયથી આભાર માનું છું.

શ્રી જયંતકૃષ્ણભાઈ હરિકૃષ્ણ દવે (M.A.LL.B.) ઍડ્વોકેટ, મુંબઈ) જેઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન છે, તેમણે આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી અમોને ઘણા આભારી કર્યા છે.

શ્રી રમેશ ભટ્ટે (H. K. આર્ટ્સ કૉલેજના અધ્યાપક, અમદાવાદ) અને શ્રી ચૂનીભાઈ મોતીરામ તમાકુવાળાએ આ ગુજરાતીના પુસ્તકના સંપાદન કાર્યમાં જે ધીરજ અને ચીવટ દાખવીને પુસ્તકને યથાયોગ્યપણે પ્રકાશન થવામાં સહાયરૂપ થયા છે, તે સહાય અમૂલી નીવડી છે.

જે જે સંસ્થાઓએ અને વ્યક્તિઓએ આ પુસ્તકમાં જાહેરખબરો

આપીને પ્રકાશનખર્ચને પહોંચી વળવામાં અને તેમાંથી જે કંઈ બચત થાય તે લોકકલ્યાણપ્રદ શુભ પ્રવૃત્તિઓના સહાયાર્થે સક્રિય સાથ અને સહકાર સંપડાવ્યો છે, તે માટે તેઓ સર્વનો સહર્ષ આભાર માનીએ છીએ.

શ્રી ડાહ્યાભાઈ મોદી (અરુણ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલક) એ હર વખતની જેમ ધીરજપૂર્વક તથા પોતાનું ઘરનું કામ સમજીને છાપકામમાં અંગત રસ દાખવીને અમોને જે સુવિધા કરી આપી છે, તે તેઓની અમોને અનોખી સહાય છે, જેનો કૃતજ્ઞતાપૂર્વક અમે સ્વીકાર કરીએ છીએ.

મેસર્સ R. R. Sheth & Co. (પ્રકાશક-બુકસેલર્સ, અમદાવાદ-મુંબઈ)ના શ્રી ભગતભાઈએ છપાઈ રહેલી 'જીવનગીતા' સિવાયનાં આ પુસ્તકના ને તે પછી છપાનારાં અમારાં બધાં પુસ્તકોના પ્રકાશનોના મુખ્ય વિક્રેતા બનવાનું સ્વીકારીને પુસ્તકોના વેચાણની રકમ વેળાસર અમોને પ્રાપ્ત થઈ શકે, તેવી જે સગવડ પ્રેમભાવે કરી આપી છે, તેવા તેમના ભાવનો બદલો અમે તો શું આપી શકવાના હતા ? પણ પ્રભુ તેનો તેમને બદલો આપો તેવી અમારી ભાવના છે. રૂ.૧૦૧/- ચિરંજીવી કુમારી શેફાલી કિરીટભાઈ ભટ્ટે આ પુસ્તકના ખર્ચમાં ભેટ આપીને અમોને ઉપકૃત કર્યા છે.

ગુજરાતી સાહિત્યના કવિઓ, વિદ્વાનો, પ્રાધ્યાપકો પણ આ 'जिज्ञासा' વાંચે ને વિચારે એવી પ્રાર્થના છે.

હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર, **-મોટા**
જહાંગીરપુરા, સુરત
તા. ૯-૩-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

(બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પૂર્વજીવનમાં કડી સાધના અને ઉગ્ર તપસ્યા કરી છે અને તેના ફલસ્વરૂપે તેમણે આનંદાનુભૂતિ પ્રાપ્ત કરી છે. એમણે અન્યત્ર આપેલી માહિતી પ્રમાણે તેમને પ્રત્યક્ષ સાધનામાં પ્રવેશ કરાવનાર શ્રી બાળયોગી હતા, પણ ખરા ગુરુ તરીકે તેમણે શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાજીને ગણાવ્યા છે અને સાંઈબાબા વગેરે એક જ ચેતનના આવિર્ભાવ હતા એમ કહ્યું છે. એમને સન ૧૯૨૮ની આસપાસ સર્પદંશ થયો હતો અને ત્યાર બાદ એમની સાધનાએ વધારે ઉત્કટ સ્વરૂપ પકડ્યું હતું અને ઉત્તરોત્તર વિવિધ આધ્યાત્મિક અનુભવો થયા હતા, જે **'જીવન દર્શન'** પુસ્તકમાં વિગતો સાથે આપવામાં આવ્યા છે.

સગુણ અને નિર્ગુણની અનુભૂતિ માટે તેઓ વર્ણવે છે કે સગુણ સ્વરૂપ ભ્રૂકુટિ ને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું અને હૃદયમાં બિરાજેલું અનુભવાય છે. સમગ્ર આધાર તપ્તવર્ણી ને પૂર્ણ પ્રકાશથી આલોકિત થયેલો જણાય છે. તેના કૃપાપાત્ર મંગળ દર્શન-અનુભવ પછીથી આધાર કેંદ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાય છે. દ્વૈતનો સાક્ષાત્કાર અને નિર્ગુણ યાને અદ્વૈતનો સાક્ષાત્કાર એ બેમાંથી એક, બીજાથી ચઢિયાતો છે એમ ન કહી શકાય, ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ થવો તે.

તમોગુણી અને રજોગુણી પ્રકૃતિને અનુલક્ષીને તેઓ કહે છે કે જે સ્વભાવે તામસી હોય, તેનાથી પરમ તત્ત્વની સાધનામાં ઝાઝો પુરુષાર્થ થઈ શકતો નથી, પણ જેમનામાં જ્વાળામુખી જેવી ધગધગતી ઊર્ધ્વગામી

જિજ્ઞાસા કે તમન્ના પ્રગટે છે, તેમનામાં તેવી તમન્ના જ તમોગુણને રજસમાં પ્રગટાવી શકે છે. એવી ઉત્કટ તીવ્રતમ જિજ્ઞાસાના ભાવમાં તમોગુણ ટકી શકતો નથી. ત્યારે આપમેળે રજોગુણ પ્રવર્તે છે, તે વેળાએ રજોગુણનો સ્વભાવ એટલે ધાંધલિયાપણું, ધમાલ વગેરે પણ તેમાં હોતાં નથી. એકધારાં ગતિશીલતા, ઉત્સાહ વગેરે તેનામાં પ્રગટેલાં રહે છે.

શ્રીમોટાએ આખા સાધનામાર્ગને આ 'જિજ્ઞાસા' પુસ્તકમાં આવરી લીધો છે. તા. ૧૧-૭-૧૯૭૦ ઉપર 'જિજ્ઞાસા' પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ, તેમાં લગભગ ૪૫૦ અનુષ્ટુપ શ્લોકો હતા. ત્યાર બાદ થોડા સમયના ગાળામાં બીજા લગભગ ૧૬૦૦ શ્લોકો ઉમેરી આ વધારેલી નવી આવૃત્તિ બહાર પડે છે. ૧૦ ખંડમાં અને ૬૮ અધ્યાયોમાં તે વિભક્ત છે. ત્યાર બાદ સ્વાનુભવ કથનના ૧૯૨ શ્લોકો છે અને સાથે 'લેખકના બે બોલ' પણ છે.

પરમ તત્ત્વનો અનુભવ, પરેશનો સાક્ષાત્કાર કે ઈશ્વરદર્શન માટે આર્તનાદ કે રુદન માટે વિવિધ આચાર્યોએ જુદાં જુદાં નામો આપ્યાં છે. કોઈ તેને અંતસ્તાપ કહે છે, કોઈ વ્યાકુળતા કહે છે, કોઈ નિઃસાધનતા કહે છે. શંકરાચાર્ય તેને મુમુક્ષા કહે છે. કોઈ તેને ઈષ્ટની પ્રાપ્તિ માટે લૌલ્ય કે લાલસા કહે છે. 'ભગવાનના ભક્તિરસથી પવિત્ર મતિ જ્યાંથી વેચાતી મળે ત્યાંથી ભલા મેળવી જ લેજો ! એનું મૂલ્ય બહુ સાદું છે-તે છે લૌલ્ય, લાલસા, વ્યાકુળતા, ઉત્સુકતા. આ લૌલ્ય કોટિ જન્મના પુણ્યથી પણ મળતું નથી !'

कृष्ण भक्तिरस-भाविता मतिः क्रीयतां यदि कुतोऽपिलभ्यते।
तत्र मूल्यमपि लोल्यकेवलं जन्मकाटिसुकृतैर्न लभ्यते ॥

શ્રીમોટાએ આ બધી જ વ્યાખ્યાઓ અને આખી પ્રક્રિયાને 'જિજ્ઞાસા'ના સર્વગ્રાહી નામમાં આવરી લીધી છે.

'પાછળે ડોકિયું વાળી મેં જેમ જેમ નીરખ્યું,
આવતું સૌ ગયું યાદ તેમ તેમ લખ્યા કર્યું.'
(ખંડ : ૧૦ : અધ્યાય : ૧ શ્લોક : ૮)

આવી રીતે પૂર્વજીવન તરફ દૃષ્ટિ કરી પોતાના સમગ્ર સાધના-માર્ગનું અવલોકન કરતાં તેઓ લખે છે :-

'જેમાં તેમાં મને એક યોગ્ય સાધન માત્ર તે,
જિજ્ઞાસા ખપ લાગી છે વિકાસ અર્થ જીવને.'
(ખંડ : ૧૦ : અધ્યાય : ૧ શ્લોક : ૭)

જેમ જેમ શ્લોકો સ્ફુરતા ગયા, તેમ તેમ લખાતા ગયા અને ત્યાર બાદ તેમને વિષયવાર ગોઠવવામાં આવ્યા છે.

**ક્રમિક વિકાસ**

જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે જ્ઞાન એટલે પ્રકાશ (illumination). એ કંઈ એક અમુક ચોક્કસ કે નિશ્ચિત કાળે થનારી ઘટના (event) તો નથી, પણ એ તો એક ક્રમવાર ધીમે ધીમે થતી વિકાસ-પ્રક્રિયા (process) છે.

આ વિધાનને શ્રીમદ્ ભાગવતમાંથી સુંદર રીતે ટેકો મળે છે. નીચે આપેલા ભાગવતના અવતરણમાં બે વસ્તુ નોંધવા જેવી છે. એક તો એ કે ભક્તિ અને જ્ઞાન બંને સાથે સાથે જ ચાલે છે. જ્ઞાનની નિષ્ઠામાં ભક્તિ હોય છે અને ભક્તિની નિષ્ઠામાં જ્ઞાનનું મહત્ત્વ છે. 'બધાં ભક્તોમાં જ્ઞાની ભક્ત જ મને શ્રેષ્ઠ અને પ્રિય લાગે છે' એમ ભગવદ્વચન છે. ભાગવતના અવતરણમાં બીજી વાત એ નોંધવા જેવી છે કે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ત્રણે ધીમે ધીમે ક્રમિક વિકાસથી થતા જાય છે, ત્રણે સાથે જ થાય છે.

भक्ति परेशानुभवो विरक्तिरन्यत्र चैष त्रिक एककालः ।
प्रपद्यमानस्य यथाश्नतः स्युस्तुष्टिः पुष्टिः क्षुदपायोऽनुघासम् ।

इत्यच्युत्ताङ्घ्रि भजतोऽनुवृत्त्या भक्तिविरक्तिभर्गवत्प्रबोध ।
भवन्ति वै भागवतस्य राजंस्ततः परां शान्तिमुपौति साक्षात् ॥
भागवतः ११-२-४२-४३

'જેમ ભોજન કરનારને પ્રત્યેક એક પછી એક ખાધેલા કોળિયાથી ગ્રાસે ગ્રાસે તૃપ્તિ મળતી જાય છે, શરીર પુષ્ટ થતું જાય છે અને ક્ષુધાનું શમન થતું જાય છે તેવી જ રીતે ભગવાનની ભક્તિ, પરેશનો અનુભવ કે જ્ઞાન, પ્રકાશ અને વૈરાગ્ય આ ત્રણે એકી વખતે ધીરે ધીરે પ્રાપ્ત થતા જાય છે. હે રાજા પરીક્ષિત ! ચિત્તમાં નિરંતર ભગવાનનાં ચરણકમળનું ચિંતન કર્યા કરવાથી ભક્તિ, ભગવત્તત્ત્વજ્ઞાન અને વૈરાગ્ય એની મેળે જ આવ્યે જાય છે અને પરમ શાંતિ અનુભવાય છે.'

શંકરાચાર્ય પણ વિવેકચૂડામણિમાં નોંધે છે કે मोक्षकारण सामग्रयां भक्तिरेव गरीयसी-મોક્ષ કારણની સામગ્રીમાં ભક્તિ એ જ મુખ્ય છે.

**સાધના સમન્વય**

આમ, જિજ્ઞાસાના ક્રમિક વિકાસ માટે સર્વ સાધનોનાં સ્વભાવ, રુચિ અને શક્તિ અનુસાર ઉપયોગિતા અને આવશ્યકતા છે. શ્રીમોટાએ 'જિજ્ઞાસા'ના ખંડ છઠ્ઠામાં સાધન સમન્વય કર્યો છે અને તેમાં ભક્તિ-ગુણભાવ, શ્રદ્ધા, વૈરાગ્ય, યોગ, ધ્યાન, સમાધિ, જ્ઞાન એ બધાંનું વિશ્લેષણ કરી, તે તે સાધનોની ઉપયોગિતા દર્શાવી છે.

**સાધનાભક્તિ અને પરાભક્તિ**

ભક્તિ માટે શ્રીમોટા કહે છે કે ભક્તિ પરિવર્તનકારિણી છે અને જિજ્ઞાસા જ ભક્તિની લત લગાડે છે. (પૃ. ૧૭૦-૨) જે મનુષ્ય સાંસારિક વિષયોમાંથી તદ્દન નિર્વિણ્ણ ન થયો હોય છતાં વિષયોમાંથી તદ્દન તે ખૂંપેલો પણ ન હોય, તેનો જ્યારે ભાગ્યોદય થાય છે, ત્યારે તેની હરિકથા શ્રવણ-કીર્તન વગેરેમાં શ્રદ્ધા જાગે છે અને ભાગવતોક્ત નવધા સાધનભક્તિ (શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન,

વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન) તે કરવા લાગે છે અને તેની છેવટે પરાભક્તિ થાય છે. भवत्या संनातया भक्त्या એટલે નવધા સાધનભક્તિથી છેવટે પરાભક્તિ ઉત્પન્ન થાય છે. આમ, સાધનભક્તિનું પરાભક્તિમાં પરિવર્તન થાય છે.

**ભાગવતોત્તમની ભક્તિ**

'બધાં સાથે પ્રેમે જીવી બધાંમાં પ્રભુભાવ ધરાવવો જોઈએ, કલ્યાણકારી ગુણોનો આશ્રય કરી, તે પ્રમાણે વર્તન કરવું જોઈએ. પ્રકૃતિમાં રહેલું પુરુષોત્તમ તત્ત્વ કેળવવાથી આપોઆપ પ્રકૃતિનો નિગ્રહ થાય છે. હૈયામાં બળતા અગ્નિ જેવો પશ્ચાત્તાપ જોઈએ. ઈષ્ટમાં નિષ્ઠા વગર ભક્તિ જાગતી નથી. હૃદયમાં આર્દ્રતા-આર્તતા જાગવી જોઈએ.' 'જીવન દર્શન'માં (પૃ. ૨) શ્રીમોટા કહે છે 'એકલી ઊર્મિગમ્ય પ્રાર્થનાઓથી કશું સાધનામાં વાસ્તવિકપણે વળતું હોતું નથી. વધારે સાધનામાં આપણું દિલ વળવા લાગ્યું હોય, ને તેમાં ગળવા માંડ્યું હોય, ત્યારે ત્યારે આપણામાં એક એવા પ્રકારનો ઉત્કટ આર્તભાવ અને આર્દ્રભાવ પ્રગટે છે અને ત્યારે આપણી ઊર્ધ્વગતિ થવામાં જે જે અડચણરૂપ લાગતું હોય, તે તે બધું એટલું બધું ખૂંચે છે ! ને તીવ્રતમ વેદના એટલી તો પ્રગટે છે કે તેનાથી મુક્ત થવાને કાજે મરણિયો જીવતોજાગતો પ્રયત્ન થાય છે, એવા પ્રયત્નમાં જ્યારે દિલની દાનત, પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠા સંપૂર્ણપણે પ્રગટે છે, ત્યારે તેવી દિલથી દિલની દિલમાં કરાયેલી પ્રાર્થનાનો પોકાર એવો તો જીવનવિકાસની ભાવનામાં ઉઠાવ પ્રગટાવે છે કે તે તો તેનો એક માત્ર અનુભવી જ જાણી શકે.'

આ સંદર્ભમાં પંડિત મદનમોહન માલવિયાજીએ ભાગવતના સૌથી ઉત્તમ શ્લોક તરીકે વર્ણવેલો અને કટ્ટર શાંકરવેદાંતી અને પરમ ભાગવત શ્રી મધુસૂદન સરસ્વતીએ 'ભક્તિ રસાયન'માં ભાગવતોત્તમનાં લક્ષણ તરીકે બિરદાવેલા શ્લોક યાદ આવે છે :-

ध्यायतश्चरणांभोजं भावनिर्जितचेतसा ।
औत्कण्ठयाश्रुकलाक्षस्य हृच्चासीन्मे शनैर्हरिः ॥
प्रेमातिभरनिर्भिन्न पुलकाडतनिर्वृतः
आनन्दम्प्लवे लीनो नापश्यमुभयं मुने ॥
भा. १-६, १७-१८

'ભગવાનનાં ચરણકમળનું ધ્યાન ધરતાં ચિત્ત પ્રેમભાવથી જિતાઈ ગયું. ઉત્કંઠા વધી પડવાથી નયનોમાં અશ્રુ છલકાઈ ગયાં. ત્યારે હૃદયમાં ધીમે ધીમે હરિનો ઉદય થવા લાગ્યો. પ્રેમના ઉદ્રેકથી આખા શરીરમાં રોમ રોમ ઊભાં થઈ ગયાં. પરમ આહ્‌લાદક-નિવૃત્તિ-સંતોષ પ્રાપ્ત થયાં. આનંદ સમુદ્રમાં ડૂબી જવાયું. ઉપાસ્ય-ઉપાસક ભાવનું ઉભયપણું-દ્વૈત પણ ત્યારે ચાલ્યું ગયું અને અદ્વૈતાનુભવ થયો.' આ સ્થળે ભગવત-ચરણારવિંદનું ધ્યાન કરતાં કરતાં છેવટે થતા અદ્વૈતાનુભવની વાત કરી છે.

**દુર્લભ**

'જિજ્ઞાસા' પણ જાગવી જોઈએ. પણ 'માનવદેહની પ્રાપ્તિ, મુક્તિ માટેની તમન્ના અને મહાત્મા પુરુષનો આશ્રય આ ત્રણે જીવનમાં દુર્લભ છે.' (પૃ. ૧૬૯-૨૦) આમ, શ્રીમોટા વિવેકચૂડામણિના કથન ઉપર ભાર મૂકે છે -

दुर्लभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रय ॥

**આત્મપ્રયત્ન અને મંથન**

આમ, મહાત્માનો સંગ, તેનો ઉપદેશ, ગુરુકૃપા એ બધું દુર્લભ અને અત્યંત ઈષ્ટ હોવા છતાં તે મળ્યા પછી પણ આત્મપ્રયત્ન તો અનિવાર્ય જ રહે છે. સાચી જાગેલી જિજ્ઞાસા વિશ્વાસ, ખંત, ઉદ્યમ,

મર્દાનગી અને પરાક્રમો પેદા કરે છે. (ખંડ : ૨, ૨-૩૧ થી ૬૫) એમાં સાતત્યયોગ જોઈએ-જે એકધારો, જીવંત અને પાકો ચેતનાનિષ્ઠ જોઈએ, તેથી જ ધ્યેયને હૃદયમાં મેળવી શકાય છે. (ખંડઃ૧-૩-૨૭).

જિજ્ઞાસા સમ કોઈ ના સમર્થ ગુરુ જીવને,
કથે નોધારું જિજ્ઞાસા, વિના આધાર ચાલશે.
પોતાનો ગુરુ તે પોતે, શીખે પોતે જ આપથી,
ને જિજ્ઞાસાગ્નિ જ્વાળાની પેઠે વેગે ધસે ઊંચે.

-ખંડ : ૯ : શ્લોક : ૧-૨

આત્માથી જ આત્માનો ઉદ્ધાર કરવાનો છે. આત્મા જ આત્માનો બંધુ વા રિપુ થઈ શકે છે. આત્મમંથન વિના તત્ત્વનું નવનીત ઊપસી આવતું નથી.

મથતાં મથતાં પોતે પોતાને જાણવાનું જે,
આપમેળે ઊગે એને એ જિજ્ઞાસાનું શાસ્ત્ર છે.

-(ખંડ : ૭-૨-૧)

યોગવસિષ્ઠ કહે છે કે ગાયના શરીરમાં સૂક્ષ્મરૂપે ઘી તો રહેલું જ છે, પણ તે તેવી સૂક્ષ્મ અવસ્થામાં અંગ-પોષણ કરતું નથી. જ્યારે કર્મ કરીને બરાબર કાઢવામાં આવે છે, ત્યારે જ તે ઔષધિરૂપ બને છે. એવી જ રીતે ઘીની માફક પરમેશ્વર પણ બધાના શરીરમાં વસેલા તો છે જ. પણ તે બરાબર ઉપાસના-સાધના કર્યા વગર કેવી રીતે હિત કરે ?

गवां सर्पिः शरीरस्थं न करोत्यङ्ग पोषणम्
तदेव कर्मरचितं पुनस्तस्यैव भेषजम् ॥
एवं सर्व शरीरस्यः सर्पिवत् परमेश्वरः
विना चोपासनां देवो न करोति हितं नुषु ॥

योगवासिष्ठम्

**હરિઃૐ આશ્રમો**

આમ, જિજ્ઞાસામાં સાધનાનું મંથન આવશ્યક છે. શ્રીમોટાએ તેમની પાસે આવતા સાધક વર્ગ માટે કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, સુરત તથા નડિયાદ આશ્રમોની વ્યવસ્થા કરી છે અને તેમાં એકાંતવાસ, ચિંતન, ભોંયરામાં નિવાસ, સાતત્યવાળી ભગવદ્‌વૃત્તિ રાખવાની અનુકૂળતા વગેરે ઉપર ખાસ ભાર મૂક્યો છે.

અભય, નમ્રતા, મૌન એકાંત સેવડાવીને,
રખાવી મુખ બીડેલું કરાવ્યો વ્યવહાર તેં.

શ્રીમોટાની છત્રછાયામાં અનેક સાધકોએ આ વ્યવસ્થાનો લાભ લઈ યથાશક્તિ ઉન્નતિ સાધી છે.

શ્રી શંકરાચાર્ય આ જ મતલબનું સાધન 'વિવેક ચૂડામણિ'માં દર્શાવે છે.

योगस्थ प्रथमं द्वारं वाङ्‌निरोद्योऽद्योपरिग्रहः ।
निरासा च निरीहा च नित्यमेकान्तशीलता ॥

યોગનું પ્રથમ દ્વાર મૌન, અપરિગ્રહ, આશા ન રાખવી, ઈચ્છા ન રાખવી અને એકાંતવાસ કરવો, તે છે.

**'જિજ્ઞાસા' શાસ્ત્રના અધિકારી વગેરે**

'જિજ્ઞાસા' એ શાસ્ત્ર છે, એમ ઉપરના શ્રીમોટાના અવતરણમાં કહ્યું જ છે. દરેક શાસ્ત્રને ચાર અનુબંધો હોય છે-અધિકારી, સંબંધ, વિષય અને પ્રયોજન. તેમાં અધિકારી માટે વિચાર કરીએ. વેદાંતમાં અધિકારીનાં ચાર લક્ષણો છે, શ્રીમોટાના કથનમાંથી પણ તે તારવી શકાય છે.

જિજ્ઞાસા માટે એકાગ્ર મન કરવા માટે લગની, અચળ મન, ગરજ, સ્વાર્થ, સભાનતા, જાગૃતિ અને ઉત્કટ તાલાવેલી જોઈએ. મન રસાયું હોવું જોઈએ. જેમાં મન એકાગ્ર કરવું છે, તેમાં પૂરેપૂરો

સ્વાર્થ લાગવો જોઈએ. ધ્યેયને પામવા માટે ઉત્કટ તાલાવેલી જોઈએ. ઝંખના જ્વલંત અને ઉગ્ર જોઈએ.

(૧) ચાલુ પરિસ્થિતિથી અસંતોષ થાય, તે સ્થિતિ બંધનરૂપ જણાય, ત્યારે જ તેમાંથી છૂટવાની તત્પરતા થાય. આ જ વસ્તુ વેદાંત અધિકારીનાં પ્રથમ લક્ષણમાં 'नित्यानित्यवस्तुविवेक' પ્રથમ થવો જોઈએ' કરીને કહે છે. પરમ તત્ત્વ બ્રહ્મ જ નિત્ય છે, ઇતર સઘળું અનિત્ય છે અને તે બંધનકારી છે, એ જાતનો વિવેક થવો પ્રથમ આવશ્યક છે. 'સૌથી પ્રથમ તો જ્ઞાન થવું-બંધનનું ઘટે' ખંડ : ૧-૧-૧૩.

(૨) મન અત્યંત ચંચળ છે, અભ્યાસ અને વૈરાગ્યથી જ તેનો નિગ્રહ થાય છે.

દૃઢ વૈરાગ્ય અભ્યાસ તીવ્રમાં તીવ્ર જીવને,
ઉત્કંઠા લાગતાં ઊંડી ધ્યેયનિષ્ઠાથી થાય છે.

ભગવાન વિના કૈંમાં મનાદિ ના કદી રમે,
સાચો વૈરાગ્ય જાગેલો તેને દિલ પ્રમાણજે.

•

જાગતાં ભાવ તે ગાઢ જાગે વૈરાગ્ય જીવને,
વાસના ભસ્મ શી થાય પ્રત્યક્ષ વરતાય એ.'

ખંડ : ૬-૫-૧-૩-૪.

ગીતા અને યોગસૂત્ર અભ્યાસ અને દૃઢ વૈરાગ્ય ઉપર ભાર મૂકે છે અને વેદાંતમાં અધિકારીનું દ્વિતીય લક્ષણ इहामुत्रफलभोगविरागः એમ બતાવવામાં આવ્યું છે.

(૩) રામ બુદ્ધિના મંદિરે વસતા નથી પણ ગુણભાવના મંદિરે જ વસે છે -

‘બુદ્ધિના મંદિરે રામ વસી શકે ન તે કદી,
ગુણભાવનું મંદિર રચાતાં, વસશે હરિ.

●

હૈયે ગુણો ઉતારેલા જો પ્રગટે જ વર્તને,
એવા ગુણો જ દે પાક પારમાર્થિક જીવને.

●

જીવને પ્રગટેલો હો ગુણ એક ખરેખરો,
તેના વિકાસથી બીજા ગુણો શા વિકસ્યા કરે !
ગુણો એકબીજા સાથે કેવા છે સંકળાયેલા !
અસર એકની થાય એકબીજા પરે સદા.’

ખંડ : ૩-૪, ૬, ૭, ૯.

વેદાંતમાં અધિકારીનાં ત્રીજા લક્ષણ તરીકે તેનામાં શમ-દમ-ઉપરતિ-તિતિક્ષા-સમાધાન અને શ્રદ્ધા એમ છ ગુણોની વા સાધનોની સંપત્તિ જોઈએ એમ બતાવ્યું છે. ભગવદ્‌ગીતામાં પાંચ જગ્યાએ કેવા ગુણો સાધકે કેળવવા જોઈએ તે બતાવ્યું છે. બીજા અધ્યાયમાં જ્ઞાનનાં લક્ષણો ગણાવ્યાં છે. અને સોળમામાં ૨૬ ગુણોની દૈવી સંપત્ કહી છે અને ત્યાર બાદ આસુરી સંપત્તિનું વર્ણન છે. ભગવાન કહે છે કે दैवी संपद् विमोक्षाय निबन्धायसुरी मता । અઢારમા અધ્યાયમાં બ્રાહ્મણના ગુણો ગણાવ્યા છે. પાંચ સ્થળે બતાવેલા આ ગુણો મોટે ભાગે સરખા જ છે. શ્રીમોટા લખે છે તેમ જો જીવનમાં એક ગુણ પણ ખરેખરો પ્રગટેલો હોય, તો તેના વિકાસથી બીજા ગુણો એની મેળે જ આવી રહે છે, કારણ એ ગુણો એક બીજા સાથે સંકળાયેલા છે.

(૪) અધિકારીનું ચોથું લક્ષણ વેદાંત પ્રમાણે મુમુક્ષુત્વ વા બંધનમાંથી છૂટવાની તીવ્ર ઇચ્છા જોઈએ.

‘હૈયે બળતરા જેના વિશે હોય ખરેખરી
તેમાં જ ચિત્ત તેનું રૂહે, તો વાત ધ્યેયની ખરી.’

ખંડ : ૧-૩-૩

જ્વાલામુખી સમી જ્યારે ઉગ્રમાં ઉગ્ર ઉત્કટ
જિજ્ઞાસા જલતી જો હો-ધ્યેય સાકાર તત્પર.'
ખંડ : ૧-૩-૫૫

આમ, પરમ તત્ત્વની જિજ્ઞાસા થવા માટે વેદાંતે ચાર લક્ષણો અધિકારી માટે જણાવ્યાં છે-નિત્યાનિત્યવસ્તુવિવેક, ઈહામુત્રફલભોગ વિરાગ, સમાદિસાધનસંપત્ અને મુમુક્ષુત્વ. ભગવાન શંકરાચાર્ય વિવેકચૂડામણિમાં કહે છે :-

विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ।

જેનામાં વિવેક, વૈરાગ્ય, શમાદિ ગુણો અને મુમુક્ષુપણું છે, તે જ બ્રહ્મની જિજ્ઞાસા કરવા માટે યોગ્ય છે, વા અધિકારી છે. શ્રુતિ પણ એ જ શમાદિ ગુણોની સંપત્તિ કહી રહી છે. तस्माच्छान्तो दान्त उपरतस्तितिक्षुः श्रद्धान्वितो भूत्वा आत्मन्येवातत्मानं पश्येत् सर्वमात्मनि पश्यति–'તેથી શાંત, દાંત, ઉપરતિવાળા, તિતિક્ષાવાળા, શ્રદ્ધાવાળા થઈને આત્મામાં આત્માને જોવો, સર્વને આત્મામાં જોવું.'

**સાક્ષાત્કાર પર્યંતનું જ્ઞાન**

ज्ञातुमिच्छा એ જિજ્ઞાસા. જ્ઞાન એ જિજ્ઞાસાનો વિષય છે અને ઈચ્છાવાચક સત્ પ્રત્યયથી બતાવાયેલી ઈચ્છાનું કર્મ જ્ઞાન છે. આ જ્ઞાન એટલે અવગતિથી સાક્ષાત્કાર પર્યંતનું જ્ઞાન, કારણ ઈચ્છા કોઈ ફલને માટે હોય અને સામાન્ય માહિતી ભેગી કરવા પૂરતું આ જ્ઞાન નહિ, પણ ઈચ્છાના ફલરૂપ સાક્ષાત્કાર પર્યંતનું જ્ઞાન તે જિજ્ઞાસાનો વિષય, વા તેનું એટલે જ્ઞાનેચ્છાની ક્રિયાનું કર્મ છે.

**तत्त्व**

જિજ્ઞાસા કોના સાક્ષાત્કારની ? પરમ તત્ત્વના. પણ તત્ત્વ એટલે શું ? तन् ધાતુને કર્તૃવાચ્ય ક્વિપ્ પ્રત્યય લાગવાથી तत् થાય છે. तन्

ધાતુનો અર્થ વિસ્તાર અથવા વ્યાપ્તિ કરવી એવો થાય છે. જે સર્વદેશમાં સર્વત્ર સર્વ વસ્તુમાં સર્વ રીતે વ્યાપીને રહ્યું છે, તે तत् શબ્દનો ખરો અર્થ છે. બ્રહ્મ જ સર્વદેશમાં સર્વકાળમાં વ્યાપક રહીને સર્વત્ર રહ્યું છે, તેથી બ્રહ્મ જ तत् પદ વાચ્ય છે. આ જ કારણથી ગીતા કહે છે કે બ્રહ્મનો ત્રણ રીતે નિર્દેશ થઈ શકે છે-ૐ, तत् અને सत्. આ तत् શબ્દનો ભાવ તે તત્ત્વ અને તેજ બ્રહ્મ એટલે પરમ તત્ત્વ, જે છાંદોગ્યના મહાવાક્ય तत त्वम् असिमां तत् પદવાચ્ય છે.

**જ્ઞાન-ચિતિ**

બૃહદારણ્યક શ્રુતિ કહે છે કે आत्मा वा अरे दृष्टव्यः આત્માનું દર્શન કરવું જોઈએ. આ દર્શન એટલે જ્ઞાન અવગત-સાક્ષાત્કાર-સ્વાનુભૂતિ, પરમ તત્ત્વનો વા પરેશનો અનુભવ એ વસ્તુચિતિ, આત્મા, ચૈતન્ય, સ્વરસોદિતા, સ્વાતંત્ર, પરમાત્મૌન્મુખ, સત્તા, સ્ફુરતા, સ્વસંવિદહ-સ્પન્દ વગેરે નામોથી વિવિધ રીતે ઓળખાય છે.

**જ્ઞાન અને ભક્તિ**

આત્માનું દર્શન કરવાના વિવિધ માર્ગો છે. જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ, યોગમાર્ગ, કર્મમાર્ગ વગેરે. આત્માનું દર્શન કરવું જોઈએ, એમ કહીને એ સાધ્ય માટે સાધન તરીકે જ્ઞાનમાર્ગનાં સાધન મહર્ષિ યાજ્ઞવલ્ક્ય ગણાવે છે. श्रवण, मनन અને निदिध्यासन. ભક્તિમાર્ગ પ્રમાણે એ આત્મદર્શન વા ભગવત સાક્ષાત્કાર માટે પ્રથમ નવધા સાધનભક્તિ જોઈએ અને ત્યાર બાદ ભગવત પ્રસાદ થાય, ત્યારે પરાભક્તિ પ્રાપ્ત થાય છે.

**પ્રસાદ-કૃપા-અનુગ્રહ**

આ ભગવત-પ્રસાદનું તત્ત્વ ગીતામાં સ્પષ્ટ રીતે કહેવાયું છે. 'મને પ્રેમપૂર્વક જેઓ ભજે છે અને મારામાં સતત યુક્ત છે તેમને હું

જ બુદ્ધિયોગ આપું છું કે જેથી તેઓ મને પામે. તેમના ઉપર **અનુકમ્પા વા કૃપા** કરવા માટે જ અંતઃકરણમાં રહેલો હું જ્ઞાનરૂપી પ્રકાશમય દીવાથી તેમના અજ્ઞાન અંધકારનો નાશ કરું છું.' (ગીતા, ૧૦,૧૦,૧૧)' હે ભારત ! તું સર્વ ભાવથી તેજ પરમાત્માને શરણે જા. તેના જ **પ્રસાદ**થી તને પરમ શાંતિ અને શાશ્વતપદ-મોક્ષ મળશે. (ગીતા ૧૮-૬૨).

'કૃપાભાવ ઊગે, તેને કૃપાના કરનારનો'

-ખંડ : ૧-૪-૨૫

'ભાવ' એ પ્રભુની કેવી કૃપાકેરી પ્રસાદી છે.'

-ખંડ : ૧-૪-૨૬

'પ્રભુથી થાય છે જ્ઞાન છતું'-તે સત્ય જાણજો.

-ખંડ : ૬-૭-૧

અવધૂત ગીતા કહે છે -

ईश्वरानुग्रहाद् एव पुसां अद्वैतभावना

**યોગ**

યોગમાર્ગનું તત્ત્વ કહેતાં શ્રીમોટા કહે છે :-

ચિત્તની ક્ષિપ્ત ને મૂઢ વિક્ષિપ્તાદિ જ વૃત્તિ છે,
દઢાવી સંયમે એને સમર્પવી પ્રભુપદે.

ખંડ : ૬-૧-૧૯

સંયમી આસને દેહ, જ્યાં સંકેલાય ઇંદ્રિયો,
મન અંતર્મુખી થાય, સ્નિગ્ધતા શાંતિ દિલ તો.
ગાઢ એકાગ્રતા વર્તે, શમે વિચાર માત્ર જ્યાં
સંકલ્પ ને વિકલ્પો જ્યાં શાંત, તે ધ્યાન યોગ્ય હા.
જિજ્ઞાસાથી હૃદે ઊંડી ધારણા કેળવાય છે.

•

ધ્યેયાકારની વૃત્તિનો સૌ અખંડ પ્રવાહ જે
-તદાકાર જ સંપૂર્ણ થતાં, સમાધિ થાય છે.

•

પ્રવર્તે ધ્યાનનો ભાવ જ્યારે જીવનવર્તને,
બધાંમાંય શું માધુર્ય ત્યારે અનુભવાય છે.

ખંડ : ૬-૬- ૬, ૭, ૮, ૧૪, ૧૬

કર્મ

ઈશ્વરાર્પણ બુદ્ધિથી, પ્રવાહપતિત બધાં કર્મો, ફળની આસક્તિ વિના, ફરજ સમજી કુશળતાથી કર્યાં જવાં એ કર્મમાર્ગનું રહસ્ય બતાવ્યું છે.

જે ખરાં ખોટાં બહાનાં ધર્યાં કરે, એને તત્પરતા લાગી નથી એમ સમજવું. દંભથી અધઃપતન નિશ્ચિત છે. જો જિજ્ઞાસા હશે તો આંધળી-ધૂંધળી યોજના પણ પૂર્ણ થશે. ઉપાસક જો જાગૃત રહેશે, તો તેનામાં અનુભવે ચેતનાનો અભિક્રમ થશે. જે પ્રવાહપતિત કર્મ પ્રાપ્ત થયું હોય, તેને તે જીવન ઘડવા માટેનો યજ્ઞ છે, એમ સમજીને કરવું. યજ્ઞ એટલે દેવતાને ઉદ્દેશીને દ્રવ્ય-ત્યાગ-એવી સામાન્ય વ્યાખ્યા છે. પણ દરેક કર્મ ઈશ્વરાર્થે સમપર્ણ-નિવેદન ભાવથી કરવામાં આવે તે યજ્ઞ જ છે.

**બળતરા**

હૈયાની બળતરાને મહાપ્રભુ વલ્લભાચાર્યે નિવેદનના ગદ્ય મંત્રમાં વર્ણવી છે. મહાપ્રભુ ચૈતન્ય કહે છે કે ગોવિંદના વિરહથી એક નિમેષ મને એક યુગ જેટલો લાગે છે, આંખમાં વર્ષાઋતુની વૃષ્ટિ-અશ્રુ આવે છે, અને જગત શૂન્ય થઈ ગયું છે.

युगायितं निमेषेण चक्षुषा प्रावृषायितम् ।
शून्यायितं जगत् सर्व गोविन्दविरहेण मे ॥

દેવાદિવિષયા રતિ વા પ્રેમને ભાવ કહે છે. તે ભાવ જ્યારે હૃદયમાં જાગે છે ત્યારે તર્ક, વિચાર કે વૃત્તિનું કશું સ્થાન નથી. અંતઃકરણ ભાવથી પીગળી જાય છે.

**પરા વા નિર્ગુણ ભક્તિનું લક્ષણ**

दुतस्थ भगवद्धर्माद् धारावाहिकतां गता ।
सर्वेशे मनसो वृतिर्भक्तिरित्यभिधीमते ॥
(भक्तिरसायन)

'અંતઃકરણ સંપૂર્ણ ભાવથી પીગળી જતાં' પૃ. ૧૭, ૩૮

મધુસૂદન સરસ્વતી 'ભક્તિરસાયન'માં ભક્તિનું લક્ષણ બાંધતાં કહે છે કે 'ભગવાનના ગુણ, તેનું માહાત્મ્ય, તેની કૃપાનું સ્મરણ કરતાં ચિત્ત દ્રવિત થઈ જાય છે અને ધારાપ્રવાહના રૂપમાં મનની બધી વૃત્તિઓ ભગવાનના સંબંધમાં જ ઊઠે છે, આને જ ભક્તિ કહે છે.' આ વસ્તુ ભાગવતને આધારે જ કહી છે. 'ભાગવત નિષ્કામ, અખંડ, નિર્ગુણ ભક્તિનું લક્ષણ આ પ્રમાણે છે. ભગવાનના ગુણોનું શ્રવણ કરતાં જ સર્વાન્તર્યામી ભગવાનમાં મનની એવી ધારાપ્રવાહની ગતિ થઈ જાય, જાણે ગંગાજીની ધારા અખંડ સ્વરૂપે સમુદ્રમાં વહી રહી છે.' (ભાગવત ૩-૨૯-૧૧,૧૨)

**'જિજ્ઞાસા'નો પ્રતાપ**

'જિજ્ઞાસા'નો પ્રતાપ કેવો છે, તે શ્રીમોટા નીચે પ્રમાણે ઓજસ્વી શબ્દોમાં કહે છે.

જેને જિજ્ઞાસા જાગી છે, તે સંયમે જ વર્તશે. જે આર્ત અને આર્દ્ર જિજ્ઞાસુ છે, તે જ દિવ્યજીવનમાં પ્રવેશી શકે છે. સરતચૂકથી કદાચ પાછા પડાય, તોપણ જિજ્ઞાસાના જોરે પાછા ઊભા થતાં વાર લાગતી નથી. તે નવું નવું જન્માવે છે, જ્ઞાનપ્રકાશ પાડે છે. ફેરફારો ભલે થાય, પણ મનને ક્ષુબ્ધ થવા દેતી નથી. મુશ્કેલી, વિઘ્ન, કોયડા ભલે આવે, પણ તે ઉત્સાહ, પ્રેરણા અને ઉમંગ વધારે છે. મોહનો

પડદો ખસેડી તે જ્ઞાનદર્શન બક્ષે છે, આપણે પ્રભુનું યંત્ર થવાનું છે એમ શીખવે છે. પ્રકૃતિના સંકજામાં પૂરેપૂરા ફસાયેલા આપણને જિવાડવા મથે છે. તે કીર્તન, પ્રેમ, શ્રદ્ધા, ધ્યાન અને યોગમાં દિલ પ્રેરે છે. હૈયામાં સત્સંગનો મહિમા જગાડે છે. મહાયજ્ઞની આહુતિ થઈ જવાની યોગ્યતા બક્ષે છે. જે અમૃતત્ત્વ અનુભવવાનું છે, તે પિવડાવ્યા વિના રહેતી નથી. જિજ્ઞાસાનું સંપૂર્ણ સાફલ્ય જ્યારે થાય છે, ત્યારે સામર્થ્ય, જ્ઞાન અને આનંદ સામટાં પ્રગટે છે. કથીરનું કાંચન જીવનમાં કરી નાખે છે. તપશ્ચર્યાના પંથમાં ઘણી વાર અંધારાં આવે છે, અંતરાત્મા ઊંડાણમાં ચાલ્યો જાય છે, જીવતાં મૃત્યુના જેવી અવસ્થા થાય છે, તે વેળા જિજ્ઞાસા પણ ટૂંકી પડે છે અને ઈશ્વરની કૃપા જ ત્યારે વહારે ચઢે છે. શ્રેયાર્થીનો હાથ ઝાલવા પ્રભુકૃપા આવી રહે છે, હૃદયમાં દીવો પ્રગટાવે છે, તે ઊર્ધ્વ અવસ્થામાં આ પ્રગટાવેલો દીવો કદી લુપ્ત થતો નથી. ઊંડો ચિરંતન ધ્વનિ પ્રગટે છે. **'તેજ પોતે થતો જાય ઊગે એવું અનુભવે'**. જીવનનો ભાવ શિખરે ચઢે છે.

ડંકા નિશાન સિદ્ધિના કેવાં તે શિખરે ચઢે,
-લ્હેરાયે ગૌરવે શા શા ! જિજ્ઞાસાની જ જીત છે.

ત્યારે સ્વસ્થતા, શાંતિ, ધૈર્ય, નિશ્ચિંતતા, પ્રસન્નતા, તટસ્થતા, અનાસક્તિ, નિરાગ્રહીપણું વગેરે ગુણો ટકે છે. ઐશ્વર્ય-વીર્યશ્રી-જ્ઞાન, વૈરાગ્ય, યશ જીવનમાં પ્રાપ્ત થાય છે. વૃત્તિ-વિક્ષેપને પૂર્ણ રીતે રોકતાં રોકતાં અંતર્લીન થવાય છે અને એકાકારતા થાય છે. ભાવ ઉત્તરોત્તર સ્ફુરતો જ રહે છે અને અણુએ અણુને સ્પર્શીને તેનો રંગ લાગે છે.

रोम रोम दीपक जले प्रगटे दीनदयाळ

જે જ્ઞાનનાં લક્ષણોનો જાણકાર છે, તે જ્ઞાનીનાં લક્ષણ પારખી શકે છે, જેનું પ્રેમ અને ભક્તિ ભરેલું હૈયું હોય, તે જ એવાં લક્ષણ ઓળખી શકે છે.

**સંસ્કૃતિ-સમાજ-લોકસંગ્રહ**

'સંસ્કૃતિ, સમાજ વગેરેને કાળ જુદી જુદી રીતે સ્પર્શે છે. દરેક કાળમાં એક જાતની સંસ્કૃતિના વેશ નથી હોતા. સંસ્કૃતિ એક છતાં વેશ અનેક હોઈ શકે છે. જેનાથી સમાજ ચેતનવંતો અને જીવતો રહે અને તેનામાં દિવ્ય ચેતના અવતરે તે જ સંસ્કૃતિ. માનવતાના ગુણો ઉત્કૃષ્ટતાથી પાંગરવા જોઈએ. ત્યારે જ સાચી સંસ્કૃતિ સમજવી. ભવ્ય માનવતાના ગુણો, મુમુક્ષુપણું અને મહાત્માનો આશ્રય આ ત્રણે સંસ્કૃતિથી જ મળે છે.' આ સ્થળે ઉમેરવું જોઈએ કે કેટલાક સમયથી શ્રીમોટાએ લોકમાં દૃઢતા, બળ, ઉત્સાહ, શરીરશક્તિ, અભય, સત્ત્વસંશુદ્ધિ, જ્ઞાન અને વિદ્યા વધે તે માટે સારી એવી રકમોનાં અનુદાનો ગોઠવી અનેક હરીફાઈઓ યોજી છે અને એ રીતે સમાજમાં સાચી સંસ્કૃતિનાં બીજ વાવવામાં મોટો ફાળો આપ્યો છે.

જ્ઞાનની અનાસક્તિ, પ્રભુભક્તિની નમ્રતા અને કર્મકૌશલ્ય આ ત્રણેની ત્રિવેણી જિજ્ઞાસાથી જ વહી શકે છે.

**અનુભવાનંદ**

'અનુભવાનંદ'માં શ્રીમોટા કહે છે-

'વર્ત્યો છું જે પ્રમાણે તે સાધના ઈતિહાસને-<br>
પ્રમાણિકપણે ભાવે કથું હું સ્તવીને હૃદે.'

ખંડ : ૧૦-૧-૧

જિજ્ઞાસાના પ્રતાપ, પ્રભાવ અને તેની કૃપા વર્ણવતાં કહે છે-

'કાલિકા માડી જિજ્ઞાસા, જિજ્ઞાસા મા સરસ્વતી,<br>
મહાલક્ષ્મી શી જિજ્ઞાસા ! મા! શક્તિસર્વધારિણી.'

ખંડ : ૧૦-૧-૧૦

જીવન, વર્તન, કર્મ, વ્યવહારમાં પ્રભુપ્રીત્યર્થ વર્તતાં જે હૈયાસૂઝ ઊગી, સ્વાનુભવે હૃદયમાં લાગ્યું, તે ફોડ પાડીને તેમણે વર્ણવ્યું છે. ભૂલો થશે તો પશ્ચાત્તાપે સ્વચ્છ થવાશે. જ્યારથી આ પંથમાં હેત

લાગવા માંડ્યું, ત્યારથી પ્રભુપાદ-પદ્મમાં અનેરો રંગ લાગ્યો. જિજ્ઞાસાએ બેજાર ચિત્તમાં આસ્થાનો દંડ રોપ્યો. મુશ્કેલીમાં ટકાવી રાખ્યા. તેણે વિરાટની આરાધના સુઝાડી. 'જીવનમાં અળવીતરું જ્યારે ચલાયું ત્યારે જિજ્ઞાસાએ લપડાક લગાવીને સુધાર્યો.' પ્રાર્થનાભાવ, કીર્તનભજન, આત્મનિવેદનથી પૂર્ણ યોગ્ય ભૂમિકા થઈ. ચિંતનની અભિરુચિ દૃઢ થઈ. એકનું એક જ ચિંતન ભાવથી અને ભક્તિપરાયણ થઈને રખાય તે જ સત્સંગ છે.

જ્યારે પળેપળે ભાવ જીવતો રહે, ત્યારે કામાદિ એની મેળે શુદ્ધ થઈ જાય છે.

ભાગવત કહે છે 'त्वं भवयोगपरिभवितहृत्सरोजे आस्से' હે પ્રભુ ! તું ભાવયોગથી શુદ્ધ થયેલા હૃદયકમળમાં વસે છે.' અને રવિ-રજની જેમ એક સ્થળે રહેતાં નથી, તેમ જ્યાં રામ હોય ત્યાં કામ વસતો નથી.

આ જિજ્ઞાસા બહુરંગી છે અને સમર્થ ગુરુ છે. જ્યારે જીવનપંથમાં અંધારાં આવે છે, ત્યારે તે જગદંબા જેવી શક્તિશાળી છે. જીવનની ગલીકૂંચીઓમાં જ્યારે ભરાઈ પડાય છે, ત્યારે આર્તનાદે પ્રાર્થના કરવાથી પ્રભુ સહાય કરી માર્ગે પાછા ચઢાવી દે છે. જીવનના કારમા દાવાનળને પણ ઠંડો પાડી દે છે. જિજ્ઞાસા શક્તિ માટીમાંથી મહાજન બનાવે છે.

તેનાથી પૂર્ણ થયેલો આત્મા જ્યાં જ્યાં સંચરે છે, ત્યાં ત્યાં કલ્યાણનો જ તેનો હેતુ હોય છે. ઊંચે ફરે કે નીચે ફરે પણ તેનો હેતુ બદલાતો નથી-જેમ ગવૈયો નીચી કે ઊંચી શ્રુતિઓ ગાય છતાં પણ રાગનું હાર્દ તે ચૂકતો નથી.

તે સમજે છે કે જીવન એ અંશ નથી પણ સમગ્ર છે. જિજ્ઞાસાથી તેનામાં વિભૂતિ તત્ત્વ છે અને સમગ્રતાનું સંગીત સંભળાયા કરે છે.

સદ્ગુરુના ઇશારે ચાલ્યા જવાથી જીવનમાં પાંગળા થવાતું નથી.

તેની આજ્ઞા પાળવાથી હૈયામાં ભાવ પ્રગટે છે, તે ભાવ શક્તિરૂપ છે. તેથી વિરોધો શમે છે, દ્વંદ્વો વિરામ પામે છે અને જીવનમાં અભિનવ સંવાદિતા ફૂલેફાલે છે.

મસ્ત આનંદની અનુભૂતિ થયા પછી તેને શારીરિક દર્દો વ્યથાકારક કે બાધાકારક થતાં નથી, ઊલટું અન્યનાં દુઃખ પણ તે હલકાં કરી શકે છે.

શ્રીમોટા 'સ્વાનુભવ કથન'માં લખે છે -

'શરીરકેરી મર્યાદા ઉપરવટ તો જવા,
દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં.
ભાવની ગાઢતા કેંદ્રે પાક્યા વિના ખરેખર,
-અનેક દર્દનું એવું ભારે તે સૂહેવું દુષ્કર.'
૧૪૫૮-૧૫૯

શ્રીમોટાએ શરીર ઉપર મોટો બોજો ઉઠાવી લીધો છે-માથામાં ઝામર, આંખમાં ખીલ, ચામડીનું દર્દ, લોહીના દબાણની અનિયમિતતા, દમ, આંખનું દર્દ, મૂત્રપિંડ, અનિદ્રા, ગળાનું દર્દ, કરોડરજ્જુના મણકાઓનું ખસી જવું વગેરે. પણ પ્રભુપ્રસાદીથી આ દર્દ જ કીમિયો બન્યું છે અને શરીરમર્યાદાની ઉપરવટ જવા તેણે શક્તિ આપી છે અને તેમાં તેઓ અનુભવે છે કે-

'અખંડ ચિંત્વન હૈયે જીવંત ભાવયજ્ઞથી
-આભામંડળ ફૂટેલું રક્ષે બહિર અંતરે.'
-૧૭૬

**ઉપસંહાર**

આમ, લગભગ ૨૧૦૦ શ્લોકમાં શ્રીમોટાએ જિજ્ઞાસાનું શાસ્ત્ર અને તેનું સવિસ્તર પૃથક્કરણ આપ્યું છે. પોતાના સાધના માર્ગમાં જે જે આવતું ગયું, તેનું અનુભવની વાણીમાં આમાં વર્ણન છે. શાસ્ત્રના અંતરતત્ત્વ અને સંતપરંપરાના અનુભવને તે અનુરૂપ છે. એમાં ભવ્યતા

છે-વિષયની, અનુભવની અને કથનીની. કાવ્યગ્રંથ તરીકે આ લખાયું નથી છતાં ઘણે સ્થળે કાવ્યત્વ પણ સારી રીતે આવ્યું છે. વાણીમાં અનુભવનો રણકો છે, સીધો હૃદયંગમ ઉપદેશ છે, સાધકવર્ગ તરફ સહૃદયતા છે. સ્વાનુભૂતિની પ્રેરણા અન્યને આપવાનો કલ્યાણકારી હેતુ છે. અધ્યાત્મતત્ત્વ મેળવવાના વિવિધ સાધનામાર્ગોનું કુશળ દિગ્દર્શન છે, તેમાં સ્વાનુભવથી પ્રાપ્ત થયેલી સ્વસ્થતા છે. આ શ્લોકો જેમ સ્ફુરતા ગયા તેમ તેમ લખાતા ગયા. લખાતી વખતે પ્રકરણવાર ગોઠવાયા ન જ હોય. આથી, આ શ્લોકોમાં પુનરુક્તિ વારંવાર આવે છે. પણ તે દોષ નથી. છાંદોગ્યમાં તત્ત્વમસિનું હાર્દ સમજાવવા અનેક વાર પુનરુક્તિ કરી છે. આ પુનરુક્તિ વિષયનું હાર્દ અને ગાંભીર્ય પૂરેપૂરું દૃઢતાથી ઠસે, એટલા માટે કરવામાં આવી છે. વળી, આ સ્થળે તો નૈસર્ગિક સ્ફુરણા જેમ આવતી ગઈ તેમ લખાણ થતું ગયું છે. જિજ્ઞાસાનું આ શાસ્ત્ર ખાસ કરીને ગુજરાતી ભાષામાં અપૂર્વ છે અને આધ્યાત્મિક માર્ગે જનારા સાધકોને જરૂર ભોમિયાની ગરજ સારે તેવું છે. શ્રેયાર્થી એનો લાભ ઉઠાવશે અને તેના વાંચનથી પણ શ્રીમોટાનું માર્ગદર્શન મેળવવા ભાગ્યશાળી થશે.

૨૫-બી, સોનાવાળા બિલ્ડિંગ નં.૮, **-જયંતકૃષ્ણ હરિકૃષ્ણ દવે**
સ્લેટર રોડ, તારદેવ,મુંબઈ-૭
ચૈત્ર કૃષ્ણ પંચમી, સંવત ૨૦૨૭
તા. ૧૬-૪-૧૯૭૧

॥ હરિ:ૐ ॥

# **આનંદનું આચમન** (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને જેનો 'શ્રીપ્રભુકૃપાથી પ્રથમ આપમેળે આશ્રય મળી ગયો' એ જિજ્ઞાસાનું સ્વરૂપ આ શ્લોકો દ્વારા અવતર્યું છે. આ 'જિજ્ઞાસા' અનોખા આત્મરક્ષણ સ્વરૂપે કાર્યસાધક બને છે. આ લાક્ષણિક અવતરણને પૂજ્ય શ્રીમોટાના જિજ્ઞાસાના 'કેળવાયાપણા'નું તેમ જ એના 'કાર્યરૂપલક્ષણ' અનુભવાયાનું પ્રમાણ પ્રાપ્ત થયું છે. સહજપણે-'આપમેળે' પ્રભુકૃપાની પ્રાપ્તિનું અક્ષર સ્વરૂપ એ આ 'જિજ્ઞાસા' છે. જિજ્ઞાસા તત્ત્વરૂપે અમૂર્ત અને નિગૂઢ છે તેમ છતાં 'લીલયા' સહજમેળે એનો જે આકાર અને એના પ્રભાવના જે વૈવિધ્યપૂર્ણ પરિમાણો પ્રગટ્યાં છે એની ચમત્કૃતિયુક્ત અનુભૂતિ વાચકને થયા વિના રહેતી નથી.

જિજ્ઞાસા અંગેની આત્મશિક્ષણની આ પ્રક્રિયા ક્યાંથી ઊતરી આવી છે ? શા માટે એનું અવતરણ થયું છે ? આનંદાનુભવના ઉચ્ચ શિખર પરથી એનું અવતરણ થયું છે. જિજ્ઞાસા અંગેના આ શ્લોકો એના રચયિતાના પ્રેમને લીધે અવતર્યા છે. આ દૃશ્યમાન જગત અને એના અધિષ્ઠાનરૂપે રહેલ અનન્ય શક્તિલોક માનવબુદ્ધિને સાનંદાશ્ચર્યનો અનુભવ કરાવે છે. આ અનુભવ માનવજીવનની ઊર્ધ્વ-દિવ્ય જીવન માટે અનેક શક્યતાઓ પ્રતિ જિજ્ઞાસા જન્માવે છે. આ જિજ્ઞાસા માનવ પાસેની એક મહામૂલી શક્તિ છે. અને જીવનના વિકાસની પ્રત્યેક કક્ષાએ જિજ્ઞાસા વિના પ્રગતિ થતી જ નથી. આ જિજ્ઞાસા માનવીને આનંદાશ્ચર્યના અધિષ્ઠાનરૂપ તત્ત્વની ખોજ કરવા પ્રેરે છે. આ ખોજ માટેનો પુરુષાર્થ કેવળ બૌદ્ધિક ઉપક્રમે કે અભિગમ જ રહેતો નથી અલૌકિક અનુભૂતિનો આલોક બની રહે છે. આનંદલોક પ્રતિની અનંતયાત્રામાં આ જિજ્ઞાસા પોતાનું રૂપવૈવિધ્ય અને વિલક્ષણતાઓ પ્રગટાવે છે. આવી અનંતશક્તિસ્વરૂપા જિજ્ઞાસાનું

પરંપરિત આવરણ ઊંચકીને એની રહસ્યલીલાનાં પૂજ્ય શ્રીમોટાએ દર્શન કરાવ્યાં છે. પૂજ્ય શ્રીમોટાએ અનુષ્ટુપ છંદ દ્વારા અને વિશદ શૈલીમાં જિજ્ઞાસા વિષયક રચના સાકાર કરી છે.

આનંદલોક પ્રતિની અનંતયાત્રામાં જિજ્ઞાસા અનિવાર્ય અને આવશ્યક છે. આ જિજ્ઞાસા 'ઊંડી ગરજ, રસ, લગની' જેવી આંતર-શક્તિસામગ્રીને પોતાના આવિર્ભાવના છડીદાર તરીકે મોકલે છે. આ 'જિજ્ઞાસા'માં આપણો પ્રવેશ થાય છે ત્યાં જ તદ્‌વિષયક આપણી કેટલીક ભ્રમણાઓનું લાક્ષણિક રીતે નિરસન થાય છે. વસ્તુ પરત્વેનું કૌતુક કે એ અંગેની ઉપલક અને બાહ્ય-લક્ષણ વિગત એકત્ર કરવાની હોંશ એ પરમાનંદ પ્રત્યે દોરી જવા સમર્થ એવી જિજ્ઞાસા નથી. વળી એકનું એક જ જોવું, જાણવું, ઓળખવું અને એ વિશે વાગોળ્યા કરવું અને એ પ્રવૃત્તિને પોતે ચિંતનપ્રવૃત્તિ માન્યા કરવી અને એથી પોતાને જિજ્ઞાસુ તરીકેની કક્ષામાં હોવાનું માન્યા કરવું-એ ઊર્ધ્વ જિજ્ઞાસાનું લક્ષણ નથી. પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિએ ચિંતનપ્રવૃત્તિ સ્થિતિસ્થાપક નથી, પણ ઉત્તરોત્તર ઉચ્ચ-ઊર્ધ્વ કક્ષાએ સક્રિય અને ગતિશીલ રખાવે છે. ચિંતનલક્ષણની આવી વિશદ સમજૂતી જિજ્ઞાસા વિષયક અન્ય લખાણોમાં ભાગ્યે જ દૃષ્ટિગોચર થાય એવી વિરલ છે.

આનંદલોક પ્રતિના માત્ર માનસિક વલણથી, કે એ વિશે જાણ્યા-સમજ્યાથી કશું જ વળે નહિ ! પૂજ્ય શ્રીમોટા એમ કહે છે કે આથી માત્ર 'સંસ્કાર કેળવાય છે.' સંસ્કાર કેળવણી જીવનનું રૂપાંતર કરતી નથી. આથી પૂજ્ય શ્રીમોટા અનંતપ્રકારની જિજ્ઞાસામાં ઊર્ધ્વ-ઉત્કૃષ્ટ જિજ્ઞાસાને પ્રાધાન્ય આપે છે. આ પ્રકારની જિજ્ઞાસા માનવીમાં મંથન, વિવેક, તાટસ્થ્ય અને અવિરત સંગ્રામ પ્રેરે છે. આ પ્રકારની ક્રિયા-પ્રક્રિયાના સાતત્ય દ્વારા જીવનું શિવ કક્ષામાં રૂપાંતર સધાય છે. આથી, પૂજ્ય શ્રીમોટાએ જિજ્ઞાસાને 'ભોમિયો', 'ગુરુ', 'મા' ઉપરાંત 'અનંતપથગામિની' તરીકે પણ ઓળખી-ઓળખાવી છે.

પુસ્તકમાં આગળ વધતાં, જિજ્ઞાસાનું રહસ્યમય અને વિસ્મયકારી સ્વરૂપ આપણી મનોમય ચેતનાને સ્પર્શે છે. આ સ્પર્શ અનેક પ્રકારનાં

જાળાંથી આવૃત્ત આપણાં મન-મતિને અજવાળે છે. જિજ્ઞાસા અમૂર્ત શક્તિતત્ત્વ છે. જિજ્ઞાસાના આ તત્ત્વભાવને પૂજ્ય શ્રીમોટાએ વૈચારિક તેમ જ બૌદ્ધિક ભૂમિકાએ જિજ્ઞાસુના આત્મશોધન કાજે મૂર્ત તો કર્યો જ છે તદુપરાંત કેટલેક સ્થળે તો એમના લાક્ષણિક સંસ્પર્શથી એ તત્ત્વભાવનું મૂર્તસ્વરૂપ ઇંદ્રિય ગ્રાહ્ય ગતિશીલ ચિત્રવત્ પણ બન્યું છે !

દીવાની કેવી જિજ્ઞાસા મસ્તીખોર પૂરેપૂરી,
આંધળી દોટ શી મૂકે છતાં પોતે ન આંધળી.
જિજ્ઞાસા નિત્ય યુવાન, મસ્તયૌવનમાં તરે,
નશે યૌવનના ડોલે છતાંયે ધાર્યું ના ચૂકે.

આનંદલોક પ્રતિની અનંતયાત્રામાં ભિન્નભિન્ન કક્ષાએ જિજ્ઞાસા કેવાં કેવાં રૂપલક્ષણો પ્રગટાવે છે, કેવા કેવા સંગ્રામો ખેલાવે છે અને એમાં જિતાડે છે એનો પરિચય પૂજ્ય શ્રીમોટાએ જે ભાવે ને જે રીતે કરાવ્યો છે, એ તો શ્રેયાર્થીને આત્મશોધન માટેની એક ગુરુચાવી બને છે.

આ 'અંનતપથગામિની' જિજ્ઞાસા અનંતરૂપો પ્રગટાવ્યા જ કરે ? જિજ્ઞાસાને એનું સાફલ્યટાણું ક્યારેક ન અનુભવાય ? જો અનુભવાય તો કેવી રીતે અનુભવાય ? જિજ્ઞાસાના સાફલ્યનું કયું લક્ષણ પ્રગટે ?

અનુશીલન ને તેવા પરિશીલનથી ખરે
-જિજ્ઞાસાના ઊંડા ભાવે વર્તતાં તત્ત્વ તો મળે.
જિજ્ઞાસાતણું સંપૂર્ણ સાફલ્ય જીવને થતાં
-સામર્થ્ય, જ્ઞાન, આનંદ, ઊગે ત્યાં ત્રણ સામટાં.

આ શ્લોકોમાં એના રચયિતાની વિશદતા, ગાંભીર્ય અને લાઘવપૂર્ણ ઉક્તિ જેવી ત્રિવિધ સહજકલા પ્રગટતી દૃષ્ટિગોચર થાય છે. જિજ્ઞાસાના સાફલ્યનું આ લક્ષણ અનુભવાતાં 'ઇતિસિદ્ધમ્' થતું નથી. આત્માનુભવના ઉચ્ચ પ્રદેશમાં જિજ્ઞાસાનું લક્ષણકાર્ય નિગૂઢ હોય છે, છતાં આત્માનુભવીને એ પ્રત્યક્ષ વર્તાતું હોય છે.

સ્રષ્ટા, દ્રષ્ટા અને ભોક્તા જિજ્ઞાસાના જ વર્તને,
આપ પોતે બને તેવો પ્રત્યક્ષ પલટાઈને.

સાનંદાશ્ચર્યથી આરંભાયેલી યાત્રાને ક્યાંય વિસામો નથી. આનંદાશ્ચર્યનું અધિષ્ઠાનસત તો જે કંઈ અનુભવાય છે એનાય અધિષ્ઠાનરૂપે નિગૂઢ જ રહ્યા કરે છે. એથી એય નિગૂઢની શોધ પ્રાપ્તિ માટે પણ પરમ શક્તિસ્વરૂપા જિજ્ઞાસાનો આશ્રય સહજમેળે જ રહ્યા કરે છે. એનાં રૂપ, કાર્યલીલા અને કાર્યરીતિ પણ એવાં જ નિગૂઢ રહે છે. જિજ્ઞાસાનું આવું રહસ્યગત રૂપ શબ્દના આશ્રયે કેટલું વ્યક્ત થઈ શકે ? સર્વત્ર પ્રવેશતી છતાં 'રૂપાતીત'ને જ વરતી, તેમ જ દ્વંદ્વાતીત, સ્થળાતીત અને કાળાતીતમાં પ્રવર્તતી આ મહાશક્તિનું રૂપ વાણી-શબ્દના શણગારથી કેટલું પ્રગટી શકે ? આમ છતાં આ પુસ્તકના ઘણા બધા શ્લોકોમાં એના સર્જકની વિશિષ્ટ રીતિથી જિજ્ઞાસાના રહસ્યગર્ભના તેજબિંદુનો અણસાર અનુભવાય છે. જિજ્ઞાસાના આવા સ્વરૂપની ગૂઢ લીલાને 'શું', 'શા', 'શી' જેવા અક્ષરોના આશ્રયે ગોપાવી છે. આ અક્ષરો માત્ર આશ્ચર્યનું ઇંગિત નથી, પરંતુ આનંદના અવ્યક્તપણાની મૌનવાણીને આકાર આપતી શબ્દસંકેતલીલા છે. આ શ્લોકોના રચયિતાનું આ પ્રયોગદાસ્ય નથી, પરંતુ અનુભવપ્રદેશની આનંદલીલાનું અવતરણ કરવાની પ્રક્રિયાને લીધે સહજ પ્રગટતી શૈલીની વિશિષ્ટતા-વિચિત્રતા છે !

આ સૃષ્ટિ ! આ સકલ દશ્યમાન જગત ! અને અગોચર ઈશ્વર ! આ બધા માત્ર બૌદ્ધિક વિસ્મયમાં રાચતાં તત્ત્વો નથી. આથી, જિજ્ઞાસા માત્ર બુદ્ધિના આશ્રયે વિલસતી શક્તિ નથી પરંતુ આનંદ પારાવારનાં તરંગો માણતાં, એમાં જ રમવા માટે દોટ મુકાવતી અને એમાં ઊંડી ઊતરતી એકમાત્ર મૂલગામી શક્તિ છે. આવી અમૂર્ત શક્તિનું પૂજ્ય શ્રીમોટાએ લક્ષણશાસ્ત્ર નિરમ્યું છે. શ્રેયાર્થીને આનંદયાત્રા માટે એક પ્રમાણ પ્રાપ્ત થયું છે. આનંદાનુભવનું આ રીતે અવતરણ થયું છે. શ્રેયાર્થી પ્રતિના અકારણ અને અનર્ગળ પ્રેમ-નિમિત્તે આનંદ-વિજ્ઞાનની આ પ્રવેશિકા મળી છે.

પ્રેમનિધિના આનંદાનુભવના ધોધમાંથી આ પુસ્તકના સંપાદકે જે આચમન કર્યું છે એનો પ્રતિભાવ વ્યક્ત કરવાની આટલી આ ચેષ્ટા કરી છે. સંપાદન કાર્ય કરતાં કરતાં શ્લોકોમાં રહેલા વિચારભાવનું સેવન કરવાની, અને આ નિમિત્તે આ રીતે સેવા કરવાની મને મળેલી આ તક માટે લેશ પણ અધિકાર નથી, પણ પૂજ્ય શ્રીમોટાની પ્રેમભરી કૃપાનો પ્રસાદ છે.

આ શ્લોકોમાં પ્રગટેલા વિચારભાવની અભિવ્યક્તિમાં જેટલી સરળતા અને વિશદતા છે એટલી જ ગહનતા અને ગંભીરતાય છે. એ બધું તો અધિકારીઓનાં ભાષ્ય-વિવરણ ખમે એવું છે !

જુલાઈ, ૧૯૭૦ **-રમેશ મ. ભટ્ટ**

॥ હરિઃૐ ॥

# ત્રીજી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે

પૂજ્ય શ્રીમોટાએ જિજ્ઞાસા વિશે ૧૯૬૯માં લખેલું તથા લખાવડાવેલું. એ ૧૯૭૦ના જુલાઈ માસમાં નાનકડા પુસ્તકરૂપે પ્રગટ થયું. એ પુસ્તિકાની પ્રસ્તાવના પ્રો. કુંજવિહારી મહેતા પાસે પૂજ્ય શ્રીમોટાએ લખાવી. અને મને પણ જિજ્ઞાસાની પ્રસ્તાવના લખવા કહ્યું. મને ઘણો સંકોચ હતો, પરંતુ પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે તારે લખવાનું જ છે. એટલે મેં પૂજ્ય શ્રીમોટાના એ નાનકડા પુસ્તકની પહેલી જ વાર પ્રસ્તાવના લખી.

પૂજ્ય શ્રીમોટાએ જિજ્ઞાસાનું વિસ્તૃત વિવરણ કર્યું અને એ પુસ્તક ૧૯૭૧માં પ્રગટ થયું. એમાં જિજ્ઞાસાને અંગે મેં પહેલી આવૃત્તિમાં છપાવેલું એનું પુનર્મુદ્રણ થયું. આ ત્રીજી આવૃત્તિમાં એ લખાણ એ જ પ્રમાણે રહેવા દીધું છે. કેમ કે પૂજ્ય શ્રીમોટાએ સૌ પ્રથમ રચેલા શાસ્ત્રગ્રંથના સ્વાધ્યાયથી મને અનુભવાયેલો આનંદ એમાં વ્યક્ત થયો છે.

તા. ૨૨-૭-૧૯૯૪ **-સંપાદક**

॥ હરિઃૐ ॥

# નિવેદન

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો જિજ્ઞાસા વિશેનો આ શાસ્ત્રગ્રંથ ચોવીસ વર્ષ પછી પુનર્મુદ્રણ પામે છે. પૂજ્ય શ્રીમોટાના પ્રિય સ્વજન શ્રી રમણભાઈ અમીને (ચૅરમૅન, એલેમ્બિક કેમિકલ લિમિટેડ વડોદરા) આ ગ્રંથ પ્રકાશિત કરીને હરિઃૐ આશ્રમને અર્પણ કર્યો છે. જિજ્ઞાસા એમનું અતિપ્રિય પુસ્તક છે. એ ગ્રંથનું આવું સુઘડ મુદ્રણકાર્ય કરાવી આપવા બદલ એમનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

'જિજ્ઞાસા'ના સંપાદક ડૉ. રમેશભાઈ ભટ્ટે આ ત્રીજી આવૃત્તિના પ્રકાશનમાં સહાય કરી છે. ૧૯૭૧માં કરેલાં સંપાદનમાં એમણે માત્ર 'પ્રસ્તાવના', 'લેખકના બે બોલ' તથા 'આનંદનું આચમન'ને યોગ્ય ક્રમે ગોઠવ્યા છે. વાચકોને એની નોંધ લેવા વિનંતી.

શ્રીમતી જ્યોતિબહેન એસ. પટેલ તથા શ્રી રેશ્માબહેન પટેલ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના નિર્માણ કાર્યમાં ઊંડો રસ લે છે, તે બદલ અમે એમના આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનું આ પુસ્તક સૌ કોઈ ખરીદીને વાંચે એવી વિનંતી છે.

**સી. ડી. શાહ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી

હરિઃૐ આશ્રમ,
પો.બો. ૭૪, નડિયાદ
૨૨ જુલાઈ, ૧૯૯૪, ગુરુપૂર્ણિમા

॥ હરિઃૐ ॥

# નિવેદન

(ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની કલમ દ્વારા ગુજરાતી સાહિત્યમાં ઉપલબ્ધ ન હોય તેવાં શાસ્ત્રની કક્ષાનાં અનેક સર્જન થયાં છે. શ્રદ્ધા, પ્રેમ, મોહ, રાગદ્વેષ, નિમિત્ત વગેરે. 'જિજ્ઞાસા'નું પ્રકાશન આ પ્રકારની શ્રેણીનું સર્જન છે.

સને ૧૯૭૦માં 'જિજ્ઞાસા'ના પ્રથમ પ્રકાશન બાદ સને ૧૯૭૧માં તેની બીજી આવૃત્તિ અને સને ૧૯૯૯માં તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન થયેલ છે. લગભગ બે દાયકાના સમય બાદ જિજ્ઞાસુ વર્ગને તેની ચોથી આવૃત્તિ ઉપલબ્ધ કરાવતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ. અમોને આશા અને શ્રદ્ધા છે કે અગાઉની આવૃત્તિઓની જેમ આ પ્રકાશન આવકાર પામશે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૨૪-૧૦-૨૦૧૪ — **ટ્રસ્ટીમંડળ**

નૂતન વર્ષ, સંવત ૨૦૭૧ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સ્વાનુભવકથન

(અનુષ્ટુપ)

જીવને, વર્તને, કર્મે, વ્યવહારે બધી રીતે-
પ્રભુપ્રીત્યર્થ વર્તાતાં શી હૈયાસૂઝ ઊગી છે ! ૧

સ્વાનુભવે હ્દે લાગ્યું જેમ જેમ પથે મને,
કૃપાથી વર્ણવ્યું છે તે સ્પષ્ટ થૈ, ફોડ પાડીને. ૨

શ્રેયમતલબી જે કો લેશે તે ગુણને ગ્રહી,
બાકીનું દે ભલે ફેંકી, જેવી જેની હશે મતિ. ૩

પોરો શો પાપનો આવ્યો, એને પિછાનીને હ્દે !
કૃપાથી, દક્ષતાથી શી ચલાયા કર્યું છે પથે ! ૪

છતાં ભૂલો થઈ ભારે, શા દાવાનળના સમા-
પશ્ચાત્તાપે મને સ્વચ્છ કેવો કર્યાં કર્યો તદા ! ૫

બીજાના દોષને જેઓ આપ્યા મહત્ત્વ શું કરે !
વધારે દોષ પોતાનો, એવા આગળ ના વધે. ૬

જેનામાં દોષ ઓછામાં ઓછો જીવન હોય છે,
બીજાના દોષ જોવાતાં, તેવાને ક્ષમ્ય તે ભલે- ૭

કિંતુ તેમાંય તો હેતુ તેને મઠારવાતણો,
તે વિના દોષ જોયાનો તેવાનો હેતુ ના કશો. ૮

પોતાના દોષ તે સર્વ નાખવા કાઢી જીવને
-પૂર્ણ ઉધત તેવા તો યોગ્ય, વિકાસ સાધવે. ૯

માન્યું, મનાવ્યું, શું પાછું કરી નાખ્યું જ ઊલટું,
પોતાની પ્રકૃતિએ તો ગોટાળો શો કર્યો ઊભો ! ૧૦

પાછું મંડાણ મંડાવ્યું મૂકી પાટા પરે સીધું,
પંથે ચલાવવા માંડ્યું જેમ તેમ કરી સીધું. ૧૧

જ્યારથી લાગવા માંડ્યું એને તો હેત પંથમાં,
ત્યારથી રંગ લાગ્યો શો અનેરો પાદપદ્મમાં ! ૧૨

જ્યારે જ્યારે પડ્યો હેઠો થયો કૃપાથી હું ઊભો,
પડવામાં મને લાગી નાનમ ના રીતેથી કો, ૧૩

'પડવાનું થવાનું છે' એમ નિશ્ચિત જાણીને-
વારંવાર થવા ઊભો કેવું કેવું મથાયું છે ! ૧૪

સ્વભાવની કુટેવાદિ શી પળોજણ પારકી-
ઠપકારી, મથાવીને જિજ્ઞાસાએ સુધારી શી ! ૧૫

અભ્યાસનિષ્ઠ કર્તવ્યે શો પરિશ્રમી જીવને !
વિનયશીલ, વિવેક નિર્ભય, નમ્રતા હૃદે, ૧૬

આત્મનિર્ભર, નિશ્ચિત ઝંઝાવતોની સામને,
પરમાર્થે પ્રીતિ કેવી, શું ઘડાવાયું એમ તે ! ૧૭

અંતરના અજંપાને સંકોરે એવી જે પળો-
પ્રાર્થનાભાવમાં ગાળી એકાંતમાં નશીલી શી ! ૧૮

કેવાયે કીમિયાથી તે કેવા બેજાર ચિત્તને
-જિજ્ઞાસાએ શું ઠેકાણું પાડી, લગાડ્યું છે પદે ! ૧૯

બેજાર ચિત્તમાં કેવા આસ્થાનો દંડ રોપિયો !
જિજ્ઞાસાનો ચમત્કાર પ્રત્યક્ષ શો અનુભવ્યો ! ૨૦

અંગારા શા વિપત્તિના મળ્યા છે પથ કારમા !
જિજ્ઞાસાએ રખાવ્યો શો સાવધાન પથે તદા ! ૨૧

શૌર્ય, વીર્ય, મહત્તાનો જિજ્ઞાસાથી સુમેળ ને !
જીવને શોભિતું મૂર્ત કંડારે છે સ્વરૂપ જે. ૨૨

આવડતું ગયું જેમ તેમ તેમ હૃદે મને-
લાગવા ભાવ માંડ્યો શો ! ખૂંપ્યું છે દિલ તો પથે. ૨૩

સંભાવના રહેલી છે અમર્યાદ વિકાસની,
શો અનુભવ પ્રત્યક્ષ ઊગી, પ્રેરી પ્રતીતિ શી ! ૨૪

આવડ્યાનો હૃદે ઊંડો આત્મવિશ્વાસ જ્યાં મને-
બેસતો તે ગયો સાચો, વધાયું તેમ તેમ છે. ૨૫

ગમે તેટલી આવી છે મુશ્કેલી ને મુસીબતો,
કિંતુ ટકાવી રાખ્યો શો જિજ્ઞાસાએ મને છતો ! ૨૬

પ્રતિકાર કરાવ્યો છે પ્રબળ શો પ્રચંડ તે !
જિજ્ઞાસાએ જ ચીંધેલાં ફળ, વર્તનનાં ખરે ! ૨૭

પરોવાયેલ જેમાં હો તેનું કર્મ ચલાવવા,
તત્પર કર્મમાં જો, તે વફાદાર ખરેખરા. ૨૮

જિજ્ઞાસા એવી પ્રેરે છે વફાદારી શી કર્મમાં !
બુદ્ધિને ચિંત્વને જોડી પ્રેરે કર્મ પરંપરા. ૨૯

પામવું શ્રેય જેનાથી તેનામાં સૌ મનાદિને
-વાળી એક કરે છે જે, તેને ઢૂંકડું ધ્યેય છે. ૩૦

જીવનનો રસિલો જે તેને રસ બધાં વિશે,
શરૂમાં પૂર્ણ એકાંગી આગળે શો પછી ચગે ! ૩૧

જિજ્ઞાસાએ મને કેવો રખાવ્યો સાવધાન છે !
નિઃશંક જાગૃતિથી તે થઈ શક્યો વિકાસ તે. ૩૨

ઉતરાવ્યો મને કેવો વિચાર હાર્દ ગર્ભમાં !
વિચાર બદલે ભાવ <u>ઉગાડ્યો</u> કર્મ મૂળમાં. ૩૩
પ્રેરવ્યો

અક્ષય શું મનુષ્યત્વ ને પૌરુષ અજેય તે !
જીવને પામવા પૂર્ણ જિજ્ઞાસાએ બતાવ્યું છે. ૩૪

'જિજ્ઞાસાભાવ જામે જ્યાં, કશી કોઈ પ્રકારની
-નિષ્ફળતા ઊગે છે ના,' જાણ્યું છે તે અનુભવી. ૩૫

જિજ્ઞાસાએ સુઝાડી છે, 'આરાધના વિરાટની',
કેટલી રાત્રીઓ, 'ભાવઆકાંક્ષામાં વિતાવી શી' ! ૩૬

આવ્યાં છે કારમાં કેવાં દારિદ્ર, પ્રતિકૂળતા,
કાઢવો માર્ગ તે વચ્ચે એ તો કેવી પ્રભુકૃપા ! ૩૭

કાઢતાં કાઢતાં માર્ગ હૈયાનાં બળ, બુદ્ધિથી,
કેવો ટટાર, સમૃદ્ધ, પ્રબલ કેવી ઉન્નતિ !
પ્રતિભા ગૌરવાન્વિત થવાયું જીવને મથી. ૩૮

આવ્યા છે ખેલવાના તે શા ભયંકર મોરચા !
દૃઢ વિશ્વાસ રાખ્યાથી પ્રભુ પર, ટકાયું ત્યાં. ૩૯

નિમ્ન પ્રકૃતિ આનંદ લેવાનું જ્યાં થતાં હૃદે,
પ્રભુના દિવ્ય આનંદે પ્રેર્યું છે રમવા હૃદે. ૪૦

પ્રભુને મોખરે જ્યારે રાખતા હોઈએ હૃદે,
પ્રભુનો ભાવ આધારે ર્‌હે છે જીવંત નિશ્ચયે. ૪૧

બધાં કરણમાં ભાવ જ્યારે મહત્ત્વ ભોગવે,
નિમ્ન વૃત્તિ પછી પોતે બળવાન નહિ થશે. ૪૨

જીવને તો ગમે તેવું ચલાયું અળવીતરું !
લપડાક લગાવીને જિજ્ઞાસાએ સુધારિયો. ૪૩

કુટેવ, નબળાઈઓ, દોષ, જે એવું જીવને-
થવા મુક્ત થયા કેવા જોરદાર પ્રયત્ન તે ! ૪૪

ને એમ ધ્યેયમાં ખૂંપ્યાં મનાદિકરણો જહાં
ખપ્યો મનાદિને પ્રેમે પથ જે પ્રભુનો તદા- ૪૫

કૃપાથી ચઢવા ભાવ જ્યાં લાગ્યો જીવને હ્રદે,
ત્યારથી ગૌણ તે સર્વ, મેળે રહ્યા કર્યાં પથે. ૪૬

શા ખૂણા એમ સૌ ગોળ થતા ગયા જ જીવને,
ભાવનો મેળ જીવંત જેમાં તેમાં ટક્યો હ્રદે. ૪૭

અખંડાકાર તો ભાવ એવી રીતેથી જીવને-
પ્રભુકૃપાથી ચાલ્યો શો ચેતનાત્મક વર્તને ! ૪૮

જ્વાળાસમી શી જિજ્ઞાસા જલતી, તેથી જીવને-
થયા ગયો પુરુષાર્થ જડ્યું ઊંડું ગયા કર્યે. ૪૯

થવા મરજીવા પ્રેર્યો જિજ્ઞાસાએ મને પથે,
તેથી પ્રયત્નમાં પ્રાણ શક્યા શા પ્રકટી હ્રદે ! ૫૦

બુદ્ધિ ને પ્રાણ જોડાતાં જીવનરસમાં ખરાં,
સ્વાદ તે પડવા લાગ્યો દિલયે ભળતું તદા. ૫૧

હૈયે જ્યાં પડવા લાગ્યો રસ ખરેખરો હ્રદે,
એકરસે થવા લાગ્યો એકાકારે નિરંતરે. ૫૨

દિલ જ્યારે ભળે પૂર્ણ ધ્યેયના હાર્દભાવમાં,
ઊંડી તન્મયતા પૂર્ણ જીવતી લાગતી તદા. ૫૩

દિલની વાત ન્યારી છે, મિથ્યા દિલ વિના બધું,
દિલ જો છે, મળે દિલ, સધાયે દિલથી બધું. ૫૪

દિલ જ્યાં ગયું ઓવારી, વારીવારી જવાયું છે,
એકાકાર રસે કેવું રસાયું પૂર્ણ જીવને ! ૫૫

અણધાર્યાં પરિણામોકેરી શી શી પરંપરા
-જીવને સાંપડે તેમાં ધરાવી સમતુલના- ૫૬

-તે તે પ્રત્યેકનો મર્મ ને હેતુ પામતાં દિલ,
ધાર્યું ફળાવી શો પામ્યો આનંદ અમર્યાદમાં ! ૫૭

'ત્રુટિઓ કેવી કેવી છે', જિજ્ઞાસાએ બતાવ્યું છે,
ભાવવૃદ્ધિ દઢાવાતાં, તે સાવ ગૌણ શી બને ! ૫૮

સ્મરણ, પ્રાર્થનાભાવ, કીર્તનભજનો વડે,
આત્મનિવેદને પ્રોતાં મનાદિને નિરંતરે,
લ્હે એવી લાગતાં પૂર્ણ ભૂમિકા યોગ્ય થાય તે. ૫૯

'કેવી રીતે હૃદે ભાવ જીવને વ્યવહારમાં-
ઓતપ્રોત પરોવાઈ રહે જીવંત કર્મમાં', ૬૦

કર્યાં કરી હૃદે તેનું ઊંડામાં ઊંડું ચિંત્વન,
કેળવાઈ શકાયો શો ભાવ તે થઈ સાધન ! ૬૧

સાધનાકર્મમાં ઊંડો ટકે ભાવ નિરંતર,
થવાય ધ્યેય હેતુમાં તો જ એકાગ્ર કેંદ્રિત. ૬૨

વૃત્તિઓ પાડવા મોળી તે કાજે શું મથાયું ત્યાં,
ભાવે મગ્ન રહેવાતાં મેળે મોળી થતી તદા. ૬૩

એમ અભ્યાસ જીવંતો અખંડ જ્યાં પ્રવર્તતાં-
જોશ કામાદિનું કેવું ફેરવાયે જ ધ્યેયમાં. ૬૪

જેમ જેમ વધ્યો ભાવ સમર્પણ થતું ગયું,
થવાતું ગયું નિષ્કામ જીવને તેમ જીવતું. ૬૫

લીધેલાં કર્મને કાજે જેની તત્પરતા ખરી,
કર્યે કર્મ પ્રમાણે તે તેવા પાર જતા તરી. ૬૬

ચિંત્વનની અભિરુચિ જિજ્ઞાસાએ દૃઢાવીને,
નવું નવું ઉગાડીને મુકાવ્યું કેવું વર્તને. ૬૭

પથે જે વળગેલાં હો તેમનો હેતુ જીવને,
સાચો ધગધગતો પૂર્ણ જો ના, ઝાઝું ન કૈં વળે. ૬૮

કામાદિ સૌ પડ્યા વિના મોળા સંપૂર્ણ જીવને,
પમાય ચેતનાને ના જણાયું તે અનુભવે. ૬૯

સિદ્ધિ મેળવવી જેની તેમાં જે ઓતપ્રોત છે,
ને તદાકાર સંપૂર્ણ, તેવા જ સિદ્ધિ મેળવે. ૭૦

કૈં નડે એવું આવ્યું છે જે અવરોધકારક-
હેતુ ફળાવવા કાજે ઊગેલી જે કળા દિલ, ૭૧

તે ઉપયોગમાં લેતાં શક્તિ ઓર ખીલી ઊઠી,
સર્વ પ્રકારનાં વ્હેણ હેત્વર્થ વાળી લેતી શી ! ૭૨

કલ્યાણ પામવા કાજે શોધ્યું શરણું જેનું છે,
એકરસ બધી રીતે તેવાનામાં થતાં હૃદે, ૭૩

ઓગળી જાય શો પોતે ! મનાદિકરણો ગળે,
શરણાગતિ પામી તે રહસ્ય મેળવે હૃદે. ૭૪

પમાયે ભાવથી ભાવ પામવા ભાવ અંતરે,
-મહત્ત્વ ભાવને અર્પી, કરે જે કર્મ, તે રળે. ૭૫

ભાવ વિના થતું કર્મ નિપજાવે નહિ ફળ,
ને પ્રગટાવવા ભાવ, પ્રાર્થના, ભજનો, જપ, ૭૬

પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ, સત્સંગ ને નિવેદન,
જીવંત સાધનાનાં શા યત્ન કર્યા કર્યાં પદ ! ૭૭

સત્સંગ એટલે હૈયે એકનું એક ચિંત્વન-
થતું જે ભાવથી રૃહે, તે રાખે ભક્તિપરાયણ. ૭૮

પાપ કે પુણ્ય ના જાણ્યું, જાણ્યું છે માત્ર એકલું-
જેમાં તેમાં બધાનામાં ભાવ તે ધ્યેય હેતુનું. ૭૯

મહત્ત્વ ભાવને દેતાં બુદ્ધિ ગૌણ બને તદા,
ભાવ વધારવા બુદ્ધિ શી વપરાય ત્યાં સદા. ૮૦

જેનાથી લાભ લેવાને ચાહો છો જીવને તમે,
કરે પ્રસન્ન જે પૂર્ણ તેને, તે લાભ મેળવે. ૮૧

જેનાથી પામવા ધાર્યું, તેની પરત્વે ભક્તિ તે-
-દિલ જાગ્યા વિના પૂર્ણ, પામી નહિ શકો તમે. ૮૨

ધ્યેયમાં સ્વાર્થ જ્યાં ખૂંપ્યો બુદ્ધિ ને પ્રાણ બેઉ શાં-
-જોડાઈ પ્રેમથી આપ્યો શો સહકાર દિલમાં ! ૮૩

પાળવાનું હતું જે જે પાળી એકમને બધું,
પામવાનું થયું ત્યારે, કૃપાનો તે પ્રસાદ શો ! ૮૪

પારખો વધતાં ભાવ, ભક્તિ તો જાગી જાણવી,
દૃઢતાં
ભાવ નીતરતાં કર્મે વૃત્તિ ગળતી તે પછી. ૮૫

શ્રદ્ધા જીવન જાગેલી કેવી તે કાર્યસાધક !
જિજ્ઞાસાના બળે શ્રદ્ધા થતી શી ચેતનાત્મક ! ૮૬

જુદી જુદી ભૂમિકાની શ્રદ્ધાયે શી જુદી રત,
શ્રદ્ધા પ્રત્યેકનું તે તે જ્ઞાન શક્તિનું લક્ષણ. ૮૭

થવું છે एक જેનામાં તેનું મનન ચિંત્વન-
-પળેપળ થતું જો હો, તો તો તે પામશો ધન. ૮૮

જાગેલો ભાવ જીવંતો રહેતો જો પળેપળ,
કામાદિ થાય સૌ મેળે શુદ્ધ, તે યજ્ઞનું ફળ. ૮૯

પૂરેપૂરું થવા શુદ્ધ ભક્તિ શી અનિવાર્ય છે !
ભક્તિનું ફળ તે ભાવ, શુદ્ધ સૌ ભાવથી બને. ૯૦

ભક્તિમાં ધ્યેય હેતુનું ભાન ખરું પ્રવર્તતું,
જ્ઞાનનો ભાગ તે જાણો, ભાવ શો કર્મ પ્રેરતું ! ૯૧

જીવને લાગવાથી તે જિજ્ઞાસાનો ખરો દવ,
ત્યારનું બાળવા માંડી કર્યો શો પ્રેરવ્યા પથ ! ૯૨

શીખતાં શીખતાં શીખ્યો, અજાણ્યો સાવ શો હતો !
વળગાવી રખાવ્યો' તો વળગેલ ર્‌હૈ શક્યો. ૯૩

ભીડમાં ખપમાં આવી જિજ્ઞાસા એવી ભેરુ છે,
પડછાયો ઘણીવાર एણે શો ઊંચકી લીધો ! ૮૪

માર્યો માર્યો પથે કેવો ફર્યાં હું કરતો હતો-
ફેરફુદરડી કેમે આવતો'તો ન તાગ તો, ૯૫

જિજ્ઞાસાએ મને ત્યારે છોડી દીધો હતો નહીં,
પ્રાર્થતાં પ્રાર્થતાં લાધ્યો કિનારો આખરે સહી. ૯૬

જિજ્ઞાસા બહુરંગી છે, જાણે કળા અનેક તે,
ભૂલતાં ભૂલતાં શીખે, ગુરુ પોતે સમર્થ છે. ૯૭

પ્રત્યેક ભૂમિકામાં તો રંગ શા બદલાય છે !
તટસ્થતા વિના પાક્યા ભેરવાઈ પડાય છે ૯૮

સ્વસ્થતા કિંતુ જિજ્ઞાસા જીવતી રાખી રાખીને
-લક્ષણો પરખી પોતે ના'ણી લે તત્ત્વ આખરે. ૯૯

રસ્તામાં જંગલો ભારે આવિયાં શાં બિહામણાં !
છક્કા જાણે છૂટી જાય, ટકે હિંમત ધારી ના. ૧૦૦

જેમ તેમ કરી માર્ગ ખોળવાને મથ્યા કર્યે-
મહા મુશ્કેલીએ યત્ને ઠામની કેડી લાધી છે. ૧૦૧

કેવાં અકલ્પ્ય તોફાનો ઓચિંતાં આવી તે ચઢ્યાં,
જિજ્ઞાસાએ રખાવી શી ત્યારે જાગૃતિ દિલમાં ! ૧૦૨

ભાવ એકાગ્ર કેંદ્રિત ઊંડો ઊંડો દઢાવતાં,
પ્રભુને પ્રાર્થનાભાવે પોકારતાં જ તે દ્રવ્યાં. ૧૦૩

કેટલી કેવી આવી'તી યાતના જીવને બહુ-
બનાવી અંધ મૂક્યો'તો, ફાવ્યા યત્ન ન ત્યાં સહુ, ૧૦૪

જગદંબા શી જિજ્ઞાસા ! ત્યારે પોતે થઈ છતી,
દેખતો શો કર્યો પાછો ! એવી મા શક્તિશાળી શી ! ૧૦૫

સાંકડી ગલીકૂંચીઓ જેમાંથી નીકળાય ના
-ભરાઈ શો પડ્યો'તો ત્યાં ! ફાવ્યો કેમે કર્યોય ના, ૧૦૬

ઊંડા શા આર્ત ને આર્દ્ર-નાદે જ્યાં પ્રાર્થના કરી,
ત્યારે સ્હાય કરી एणे ચઢાવ્યો માર્ગ ત્યાં ફરી. ૧૦૭

શો ભયંકર લાગ્યો'તો જીવને દવ કારમો !
એને ઓલવવાકેરું ન્હોતું મારું ગજું કશું, ૧૦૮

કિંતુ જાગેલી જિજ્ઞાસા एणे મારો ચલાવી શો !
કેવો પાડી દીધો ઠંડો એને હું તો કૃપા ગણું. ૧૦૯

પેદા કરી શકે કેવા માટીમાંથી મહાજન !
જિજ્ઞાસામાં શી શક્તિ તે છે અનુભવ્યું જીવન. ૧૧૦

વિકાસ આપણા માટે જીવતો હેતુ ધારીને,
પાળો એકમને ભાવે તો તો અર્થ કશો સરે. ૧૧૧

જીવને વર્તવાનું છે સાનુકૂળ બધી રીતે,
પાસાં ઓગાળવાને તે, યજ્ઞનું કર્મ શ્રેષ્ઠ તે. ૧૧૨

સમર્પણ કરાવ્યું છે વર્તાવીને પથે મને,
એમાં સંપૂર્ણતા-પ્રાણે લાવી મૂક્યો પ્રભુપદે. ૧૧૩

પામતાં પામતાં ભાવ ઘા રુઝાયા બધા પૂરા,
સમાધાન બધી રીતે સધાયું જીવને તદા. ૧૧૪

વાત્સલ્યથી બલિદાન ભાવે અર્પી શકાયું છે,
ઉત્કટ પ્રેમ તેથી શો ચેતી શક્યો જ જીવને ! ૧૧૫

તેથી તો જીવને જાગ્યો ભાવ કેવો નિખાલસ !
શ્રદ્ધા, હિંમત, વિશ્વાસ બંધાયાં તેથી જીવન. ૧૧૬

પંથ સાંપડતાં સ્હાય જિજ્ઞાસાની ખરેખરી,
ઓશિયાળું ન લાગ્યું છે ક્યાંયે કશા વિશે જરી. ૧૧૭

મહાઐશ્વર્યવંતી શી જિજ્ઞાસાએ નવાજીને-
-શી ઉદ્ભવાવી સંપત્તિ જાજ્વલ્યમાન જીવને ! ૧૧૮

બધાં આચરણોના શા ભેદ અભેદ જીવીને-
મૂળ તત્ત્વ બધાંનું તે તારવ્યું શું અનુભવે ! ૧૧૯

સૌથી વધુ તરી આવે તેવા શા ગુણવર્તને-
-જિજ્ઞાસાએ ચઢાવી શો બનાવ્યો છે નવો મને ! ૧૨૦

દુઃખ, સુખ પ્રસંગોમાં ધ્યેય-હેતુ ફળાવવા-
-સદુપયોગ બંનેનો કરી, વર્ત્યો હું ફાવવા. ૧૨૧

કેવી પ્રકૃતિ પોતાની તોફાની અળવીતરી !
જિજ્ઞાસાએ મથાવી જે મઠારી કરી પાંસરી. ૧૨૨

કૃપાનો તે ચમત્કાર, કૃપા પ્રકાશ જીવને,
અનુભવ્યે હૃદે કેવો ન્યાલ ન્યાલ થયો ખરે ! ૧૨૩

ગરજ, રસ ને સ્વાર્થ ધ્યેયમાં લાગતાં હૃદે-
ઊતરાયું ઊંડે ઊંડે જેનો ના તાગ, અંત છે. ૧૨૪

ગવૈયો શ્રેષ્ઠ શો ગાય ઊંચી ને નીચી શ્રુતિએ,
છતાં ઊંચાનીચામાં શો રાગનું હાર્દ સાચવે ! ૧૨૫

પૂર્ણ આત્માર્થીનું તેવું જ્યાં જ્યાં સંચરવું બને,
હેતુ કલ્યાણના વિના બીજો કોઈ ન સંભવે. ૧૨૬

ભાવ જે ઉચ્ચમાં ઉચ્ચ રહેવું ટકી તે પરે-
દોહ્યલું અતિ મુશ્કેલ, પડવાનું થતું નીચે. ૧૨૭

ચઢઊતર એવી તે કેટલી વાર શી થતી !
અનેક વારની એવી શી ગડમથલો થતી ! ૧૨૮

એમ થતાં થતાં છેક પરાકાષ્ઠા પરિણમે,
થતાં કૃપા ઠરે હૈયે ભાવ નિષ્ઠા વિશે પદે. ૧૨૯

અનુસંધાન હૈયામાં ભાવનાનું પૂરેપૂરું-
-એકધારું થવા યોગ્ય જિજ્ઞાસાએ મથાવ્યું શું ! ૧૩૦

તેમાં તૂટ થતાં દોષ કેવા કેવા થઈ જતા !
તે અનુભવી ઓચિંતો સફાળો જાગી ઊઠતો. ૧૩૧

કેવું અનેકતાઓથી ભર્યું ભર્યું અનંત જે,
એક બીજાથીયે કેવું વિરોધાભાસી જીવને. ૧૩૨

જીવન એ નથી અંશ, જીવન તો સમગ્ર છે,
જે તે કૈં સર્વનોયે તો ભલો સ્વીકાર જીવને. ૧૩૩

જિજ્ઞાસાએ ઉગાડ્યું છે વિભૂતિ તત્ત્વ જીવને,
અનુભવે સુઝાડ્યું છે ચેતના પરિપૂર્ણ તે. ૧૩૪

જેમાં તેમાં બધાંમાંયે કેવી છે પરિપૂર્ણતા !
વિલય સર્વનો તોયે થયો છે શો સમગ્રમાં ! ૧૩૫

જેનો તે છેદ વિચ્છેદ કશાથીયે થતો નથી,
સમગ્રતાનું સંગીત સંભળાયા કરે મહીં. ૧૩૬

જીવને એક આયામ* કદી સંભવતો ન તે,
પૂર્ણતાથી ભર્યું તોયે આયામોવાળું કેવું છે ! ૧૩૭

* Dimension

જિજ્ઞાસાએ ચખાડ્યું શું પ્રેમકેરું રસાયણ !
પ્રેમ અનંત શક્તિ શી પ્રગટાવે જ જીવન ! ૧૩૮

દ્વંદ્વાતીત, ગુણાતીત થતાં, નિર્વ્યાજ પ્રેમ શો-
જીવને નીકળે ફૂટી આપમેળે સીધે સીધો ! ૧૩૯

પ્રભુ કૃપાપ્રસાદે શા ફળ્યા છે યત્ન જીવને !
નવી દૃષ્ટિ, નવી સૃષ્ટિ ઊગી, નવી નવી ફળે. ૧૪૦

સદ્‌ગુરુના ઇશારે શો ચાલ્યો ભલે હું જીવને,
છતાંયે પાંગળો હુંથી બનાયું નથી વર્તને. ૧૪૧

પ્રભુપ્રીત્યર્થનો ભાવ કર્મે જો નીતર્યાં કરે,
ચક્ષુ તેનાં ખૂલી જાય સંપૂર્ણ સર્વ રીતિયે. ૧૪૨

આજ્ઞાને પાળતાં જેને હૈયે શો ભાવ નીતરે !
આજ્ઞાનું હાર્દ તેવાને આપમેળે ઊગે હૃદે. ૧૪૩

મુકાતાં વર્તને ભાવ, ભાવ ત્યાં શક્તિરૂપ છે,
નવી ને નવી શક્તિ શી પાંગર્યાં કરતી ફળે ! ૧૪૪

જેનાથી શીખવા ચાહ્યું તેની પ્રસન્નતા હૃદે,
મેળવ્યા વિણ સંપૂર્ણ, કશું પામી નહિ શકે. ૧૪૫

મહત્ત્વ પદનાં જે જે તે તે સૌ પ્રતિ આપણે-
શાં સાનુકૂળ સંસારે રહીને વર્તીએ ખરે ! ૧૪૬

તો તો જીવનનું સત્ય લાધવા ચહ્યું પાસ જે,
ત્યાં સાનુકૂળ સૌ રીતે વર્તવાનું ન કાં બને ? ૧૪૭

ચહ્યું મેળવવા પોતે તેના મનન ચિંત્વને-
-એકધારા રહેવાતાં ઊગે લક્ષણ વર્તને. ૧૪૮

શમે કેવા વિરોધો સૌ, દ્વંદ્વો વિરામ પામતા,
જીવને શી ફૂલેફાલે સંવાદિતા અભિનવ ! ૧૪૯

થવાવા ભાવ સાકાર કર્મ ઘણું અગત્યનું,
કર્મ એરણથી પક્વ જીવને ભાવ થાય શું ! ૧૫૦

એક વિચાર એકાગ્ર, કેંદ્રિત જે પ્રભુ પ્રતિ,
સમગ્ર વ્‌હેણ સાતત્ય ભાવે તે ધ્યાન શક્તિ શ્રી. ૧૫૧

ધ્યાનાદિ ભાવને જોડી કર્મે દિનચર્યા વિશે,
જે તે સમર્પવું પ્રેમે પદે, ચિંતવીને હ્રદે, ૧૫૨

પ્રભુને મોખરે ધારી જેમાં તેમાં દે જ અંતરે,
ધ્યેયના હેતુને અગ્રે ધારી જીવવું જીવને. ૧૫૩

વિકાસકેરું પ્રત્યક્ષ જોવા પ્રમાણ જીવને-
-જિજ્ઞાસાએ કરાવ્યું છે, મથ્યો હું દૃઢ તે રીતે. ૧૫૪

જિજ્ઞાસાએ કમાવાનું વર્તીને શીખવ્યું હ્રદે,
ઉપયોગાર્થ જે તે સૌ, વર્તાયું તેમ જીવને. ૧૫૫

કેવા નવનવોન્મેષ ! સ્ફુરણા, પ્રેરણાન્વિત !
જિજ્ઞાસાએ શું જન્માવ્યું પ્રતિભાશાળી ગૌરવ ! ૧૫૬

જિજ્ઞાસાને વરી ચૂકી રહ્યો વળગી પથે,
શૂરાતન દીધું એણે, તો ટકાયું કૃપા વડે. ૧૫૭

શરીરકેરી મર્યાદા ઉપરવટ તો જવા,
દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં. ૧૫૮

ભાવની ગાઢતા કેંદ્રે પાક્યા વિના ખરેખર
-અનેક દર્દનું એવું ભારે તે સ્‌હેવું દુષ્કર. ૧૫૯

દર્દ હોવા છતાં તાબે કૃપાથી ના થવાયું છે,
જીવને દર્દની સામે જાગૃતિથી થવાયું છે. ૧૬૦

ઉગ્ર તીવ્ર થતાં દર્દ ઊંડે ઊંડું જ અંતરે-
પ્રવેશી ભાવ તો દે છે કેવા થરે થરો પટે ! ૧૬૧

પ્રવૃત્તિ માત્રમાં કેવું નીરવ મન પૂર્ણ રહે !
પ્રવૃત્તિ તે મળ્યાનો શો હેતુ તે એકમાત્ર છે ! ૧૬૨

પ્રવૃત્તિમાં નિવૃત્તિ હો નિવૃત્તિમાં પ્રવૃત્તિ હો,
નિવૃત્તિમાં પ્રવૃત્તિ તે તરંતો તત્ત્વ ભાવ સૌ. ૧૬૩

જિજ્ઞાસા શાસ્ત્ર વિજ્ઞાને 'આવ્યું અમલમાં ન હો-
એવું કશું જ ના છે, તે જાણે વર્તાવવાનું તો.' ૧૬૪

આત્મચિંતનનો માર્ગ સંકળાયેલ કર્મમાં,
કરંતાં કર્મમાં ભાવ શીખ્યો શો દિલ રાખવા ! ૧૬૫

રસ, આનંદ બંનેનો એકધારો સુમેળ જે
-જીવને પ્રગટેલો જ્યાં તે અનુભવ દિવ્ય છે. ૧૬૬

'અભાવ ને અહોભાવ બંનેથી પર જીવન'
-અનુભવ જિવાડે, તે ધન્ય કૃતાર્થ જીવન. ૧૬૭

જીવને સમતુલાનું સંચાલન થયા જતું,
અનુભવેથી વર્તાયું જીવને રંગ રંગનું. ૧૬૮

બુદ્ધિ ને શક્તિ, ભક્તિનો સંગમ જીવને ખરો,
જિજ્ઞાસાએ રચાવીને ઘડ્યો કેવો મને પૂરો ! ૧૬૯

અભય કેળવાવી શો નિર્ભીત શી બલિષ્ઠતા-
-જીવને સંપડાવી તે શી જિજ્ઞાસાની ભેટ હા ! ૧૭૦

વર્તવાનું કર્યું જેમ, શીખ્યો જે રીત જીવને,
હું તે તે રીત ગાવાને કૃપાથી મથિયો હૃદે. ૧૭૧

વર્તાયું જે પ્રમાણે છે, ગાઈ બતાવ્યું તે રીતે,
કર્મ ને રીત દર્શાવ્યાં સ્પષ્ટ છે ખરે બેઉને. ૧૭૨

જેને એમાંથી લેવાનો અંતર બોધ લાગશે,
કૃપા તે પ્રભુકેરી હો, પ્રાર્થના દિલની પદે. ૧૭૩

સાધના જીવને જેમ કરંતાં કરતાં હૃદે,
આવડ્યા કર્યું છે તેમ કૃપાથી આ લખાયું છે. ૧૭૪

ધક્કેલો કોઈકે માર્યો, શો અનુગ્રહ એહનો-
હૃદે સદ્ભાવથી તેને ચહીને દિલથી નમું ! ૧૭૫

અખંડ ચિંત્વને હૈયે જીવંત ભાવયજ્ઞથી-
-આભામંડળ ફૂટેલું રક્ષે બાહિર, અંતરે. ૧૭૬

ભીંજવી પ્રાર્થના ભાવે વારંવાર જ દિલને-
તે અંતઃચક્ષુને પૂર્ણ ખોલવાને મથાયું છે. ૧૭૭

નભાવ્યો છે મને પ્રેમે સ્વજનોએ ખરેખર,
શક્યો ના બદલો આપી એવો કેવો નરાધમ ! ૧૭૮

પ્રભુની તે કૃપા પૂર્ણ છાઈ રહેલી શી હતી !
જેવું તેવું નભ્યું તે સૌ માથે હોવાથી તે ધણી. ૧૭૯

કોઈ કેવી રીતે દોરે ? દોરવાની કશી હૃદે-
-કૈં મુલાયમતા પૂર્ણ કેળવાઈ ન જીવને. ૧૮૦

સાચા જે મથનારા છે જિજ્ઞાસા હાર્દ ભાવના,
આપશે યોગ્ય જો ન્યાય, ન્યાલ થૈશ સ્વીકારતાં. ૧૮૧

વિચાર જે સ્ફુરેલા તે જિજ્ઞાસાએ જ વર્તને-
-જીવને પ્રગટાવીને ઘડ્યો જેવો હું આજ તે. ૧૮૨

જિજ્ઞાસાએ મને જેવું જે જે શીખવ્યું જીવને-
થતાં તે રીતથી વ્યક્ત કર્યો ના અતિરેકયે. ૧૮૩

જેવું ને તેવું તે સ્પષ્ટ કૃપાથી જે લખાયું છે.
અનુભવ કથાને તે ગાઈ, જીવન વર્તીને. ૧૮૪

જિજ્ઞાસા હાર્દ સાચું શું તેને દર્શાવવા થયો-
-જેવો તેવો જ આ યત્ન પ્રેમે તે ચરણે ધરું. ૧૮૫

જે રીતે ગાયું છે મેં આ વર્ત્યો છું શી કૃપાથી તે,
બીજાને આજ સંબોધું, લેવાને પ્રેરણા હૃદે. ૧૮૬

જેમ જેમ મથાયું છે, થયું તારવવાપણું,
ને જેમ બોધ લાગ્યો છે, તેને પદે સ્તવી ધરું. ૧૮૭

જેમ જેમ હૃદે ઊગ્યું લખાતું ગયું તેમ તે,
મઠાર્યું તે નથી ક્યાંયે ધર્યું તેમનું તેમ છે. ૧૮૮

સાધના થઈ જેવી તે સંક્ષેપમાં જ વર્ણવ્યું,
શબ્દાકારે પદે મૂકું ક્ષમા ભાવે નિભાવવું. ૧૮૯

શરણે તુજ આવેલો નરાતાર ગરીબ જે,
તેને તું કેવું આપે છે જ્યારે જોઈતું સર્વ તે. ૧૯૦

શ્રેષ્ઠ સગવડો કેવી બાદશાહી મળે જગે !
વર્ણવું તે કયા શબ્દે કૃપા શી એવી એની તે ! ૧૯૧

માતબર બનાવ્યો જે હતું તણખલા સમું,
નમી નમી લળી ભાવે વારંવાર હૃદે સ્તવું. ૧૯૨

॥ હરિઃૐ ॥

# જિજ્ઞાસા

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

હરિ:ૐ

# ખંડ : ૧ : પ્રાક્કથન

## અધ્યાય ૧ : ભૂમિકા

(હરિગીત)

ઊંડાં ગરજ, રસ, લગની ને જ્યાં સ્વાર્થ પાકો હોય છે,
ત્યાં આપમેળે મન રહે, એકાગ્રભાવે અનુભવે. ૧

(અનુષ્ટુપ)

સભાનતા વિના ઊગ્યા જાગૃત ના રહી શકો,
લાગ્યે ગરજ ને સ્વાર્થ તેમાં સભાનતા ઝરે. ૨

ચંચળ મન જ્યાં રૂહે ત્યાં જાણવું મનને ખરો
-પૂરો ના સ્વાર્થ જાગ્યો છે, રસાયું મન છે ન તો. ૩

મનનો દોષ જે કાઢે, પોતાને જાણતા ન તે,
લગની લાગી ના પાકી એકાગ્ર તેથી રૂહે ન તે. ૪

પૂરેપૂરો દિલે સ્વાર્થ લાગ્યો હોય ખરેખરો,
તે વિશે મન તેવાનું, એકાગ્ર આપમેળ તો. ૫

ઉત્કટ દિલ લાગેલી તાલાવેલી ખરેખરી,
ધ્યેયને પામવા જેને, એકાગ્ર મન રૂહે સહી. ૬

જ્વલંત ઝંખના ઉગ્ર જેને મેળવવા વિશે,
પામે અખંડતા ત્યારે, ઝંખના સિદ્ધિ મેળવે. ૭

જીવવા મરવાકેરો, આરપાર થવાતણો,
નિશ્ચય દૃઢ પાકો છે, તેને પ્રાપ્ત થતું બધું. ૮

ફાટી ફાટી જતું હૈયું જેનું તે શ્રેય પામવા,
ચિંત્વે જે શ્રેયને નિત્યે, નિશ્ચે તે મેળવે સદા. ૯

મુશ્કેલ, કષ્ટથી સાધ્ય, જિજ્ઞાસા માર્ગ છો ભલે,
કિંતુ જાગેલ છે જેને રસ, તેને ન તેમ છે. ૧૦

ઠરેલા એક સ્થિતિમાં, ભરાયેલા પૂરા હશો,
દશા તે ડંખવા લાગ્યે ખસાશે તે દશાથી તો. ૧૧

એવું તીવ્ર ઊંડું ભાન ડંખતું તે થતાં હૃદે,
ત્યારે તેથી થવા મુક્ત પ્રયત્ન આદરાય છે. ૧૨

સૌથી પ્રથમ તો જ્ઞાન થવું બંધનનું ઘટે,
પૂરા શા જકડાયેલા છૂટી ના શકતા કશે ! ૧૩

કંઈક કરવાકેરી જાગ્યે તત્પરતા હૃદે-
જાગેલી જાગૃતિથી શી પ્રત્યક્ષ પરખાય છે ! ૧૪

ખોટાં ને પાંગળાં જ્યારે બહાનાં કો ધર્યાં કરે,
एने તત્પરતા હૈયે લાગેલી નથી જાણજે. ૧૫

દંભના શ્વાસ પ્રત્યક્ષ, દંભ ઉચ્છ્વાસ જીવન,
સ્વાભાવિક થતું જ્યાં હો અધઃપતન નિશ્ચિત. ૧૬

સર્વથી મોખરે દિલ, જિજ્ઞાસા ભૂમિકા વિશે,
જિજ્ઞાસાનું વિના દિલ કોઈ કામ થતું ન છે ! ૧૭

જુવાળ ચઢશે જ્યારે ઓર પ્રકારનો હૃદે,
જિજ્ઞાસા કર્મ પોતાનું ખરેખરું કરી શકે. ૧૮

જિજ્ઞાસા કેવી દર્શાવે ભાગ્ય નિર્માણની ઘડી !
ચેતેલો ઝડપી તે લે ઘડી કલ્યાણકારિણી. ૧૯

યોજેલી ને વિચારેલી અસ્પષ્ટ, ધૂંધળી ખરે
-યોજના સિદ્ધ જે પૂર્ણ જિજ્ઞાસા કરી તે શકે. ૨૦

હૈયે શીખવ્યું કે લેતાં પહેલાં કંઈ નિર્ણય,
વિચાર કરવો જે હો કરી ચૂકો પૂરો દિલ, ૨૧

લીધા નિર્ણય કેડે તો પીછેહઠ કરાય ના,
જિજ્ઞાસા કાયદો એવો પળાવે, મૃત્યુ આવતાં. ૨૨

કાળ, નિમિત્ત બંનેનો સુમેળ જીવને થતાં-
ઉપાદાન સ્ફુરી હૈયે જિજ્ઞાસા પ્રગટે તદા. ૨૩

જાગૃત શો ગતિશીલ જીવનનો ઉપાસક !
તેને અનુભવે આવે ચેતનાનો અભિક્રમ. ૨૪

•

## અધ્યાય ૨ : જીવનરસ

(અનુષ્ટુપ)

જીવનરસનો ખ્યાલ સામાન્ય જનને નથી,
સર્વ પ્રકારથીયે શો તે રસાનંદ અદ્ભુત ! ૧

અનેક જાતના કેવા જીવને રસ છે જુદા !
અનેક રસ એવાથી જીવનરસ શો જુદો ! ૨

રસ જીવદશાકેરા, જેણે પચાવી જીવને-
સંયમે નાથિયાં, તેને જીવનરસ તો મળે. ૩

શરીર, મન ને પ્રાણ સંયમે પલટાય છે,
વિકાસે કાબૂમાં આવી, તે ફળદાયી થાય છે. ૪

શકાય સરખાવી ના એને કોઈની સાથ તે,
અગમ્ય ને અનોખો શો ? મ્હાલશે તે જ પ્રીછશે. ૫

જીવવામાં પડે મોજ, એવું જીવવું સર્વદા,
જીવન જીવવા કાજે, દેવા વેડફી ના કદા. ૬

‘તન છે શુદ્ધ સ્નાનેથી, મન છે શુદ્ધ ભાવથી,
ધન છે શુદ્ધ દાનેથી, તપથી શુદ્ધ ઇંદ્રિય. ૭

હૃદય શુદ્ધ સંતોષે’ જિજ્ઞાસા થકી જીવને-
તેવું તેવું થતું રહે ને ઘડાતું એમ જીવન. ૮

પ્રાપ્ત થયેલ જે કર્મ જીવન ઘડવાતણો-
જાણી તે યજ્ઞ, વર્તે જે તેમ, જીવનને ઘડે. ૯

જીવન જીવવાકેરો જેને નશો ચઢ્યો ખરો,
તેવાની મસ્તીનો ખ્યાલ આવે શો અન્યને કશો ! ૧૦

જે કાજે જીવવા ધાર્યું તે સાકાર થવા વિશે,
ફના થઈ જવાકેરો જેને કેફ ચઢેલ છે,
એવો કેવો ઘૂમે, તેની અન્યને જાણ શી પડે ? ૧૧

ન્યોછાવર થતાં જેને શી મદોન્મત્ત મસ્તી છે !
એવા જ મરીને જીવે, ધન્ય તે જીવવું ખરે. ૧૨

બલિદાન પૂરેપૂરું એક એકથી ભવ્ય જે-
જીવન ઘડવા કાજે કેવું અગત્યનું પથે ! ૧૩

આવિષ્કાર કરાવે તે જેને તેને નવા રસે,
નકારાત્મક છોને હો તેનેયે પલટે રસે. ૧૪

મૂર્ત જીવનને જેવું કરવા ધાર્યું નિશ્ચયે,
તેવો આકાર દેવાને જિજ્ઞાસા પ્રેરશે પથે. ૧૫

શા બંધાયેલ તો રાખે જિજ્ઞાસા જીવને, છતાં
-હેતુ एनो નિરાળો શો ! મુક્ત પૂર્ણ કરાવવા. ૧૬

સૂક્ષ્મમાં સૂક્ષ્મ આધાર જિજ્ઞાસાનો જ જીવને,
કળે કળે શી જિજ્ઞાસા તે પ્રેરાવતી વર્તને ! ૧૭

પૂરેપૂરા નિરાધાર છોને જીવનમાં હશો,
વરેલી કિંતુ જિજ્ઞાસા, સાવ નિશ્ચિંત થૈ જશો. ૧૮

શા વાસ્તવિકતાકેરા તે જીવનના યથાતથ-
તાણાવાણાથી જિજ્ઞાસા દે નિઃસંશય મુક્તિ જ ! ૧૯

જીવન રળવા ભાથું જિજ્ઞાસા મેળવી જ દે,
હૈયાનો ભાવ-તે ભાથું, જેથી જીવન વિકસે. ૨૦

•

## અધ્યાય ૩ : જીવનધ્યેય

(અનુષ્ટુપ)

જેને પામવું છે તેને, જિજ્ઞાસા જાણતી નથી,
છતાં પામ્યા વિના ર્‌હે ના, ધ્યેય કોઈ ઉપાયથી. ૧

ખાલી જ મારતા જો હો આમતેમ હવાતિયાં,
જામેલા ના તમે પંથે જાણજો નિશ્ચયે તદા. ૨

હૈયે બળતરા જેના વિશે હોય ખરેખરી,
તેમાં જ ચિત્ત તેનું ર્‌હે, તો વાત ધ્યેયની ખરી. ૩

ધ્યેય વરવું છે જેને, ધ્યેયની શરતો પૂરી-
-પાળવાની રહે ભાવે, તો જ ધ્યેય ફળે વળી. ૪

ધ્યેયને પામવા કાજે જેને તત્પરતા હૃદે-
તીવ્રમાં તીવ્ર તેવાનું મન એકાગ્ર ર્હે ખરે. ૫

ધ્યેય મેળવવા કાજે, જિજ્ઞાસા બસ એકલું-
સાધન યોગ્ય છે માત્ર શ્રેયાર્થીને પથે ભલું. ૬

જીવને એકધારો ને શો પ્રમાણિક વર્તને-
પુરુષાર્થ ધરી ખંત ઉદ્યમે કરવો પડે. ૭

ધ્યેય અવ્યક્ત છે તેને સાકાર કરવા હૃદે,
જિજ્ઞાસા શી કરાવે છે ઉગ્ર મથામણો પથે ! ૮

જીવને ગાઢ સંબંધ જિજ્ઞાસાને ખરેખરો-
ધ્યેયને સાધવા કાજે, ગણકારે ન તે બીજું. ૯

લક્ષ્ય પરત્વે જિજ્ઞાસા શી વફાદાર જીવને !
તેવું જીવે ન, તેવાને હૈયે તેનું ન ભાન છે. ૧૦

જિજ્ઞાસા પ્રગટાવે છે ધ્યેય પરત્વેની હૃદે-
ઊંડી વ્યાકુળતા તીવ્ર જેથી સૌ પલટાય છે. ૧૧

સૂતાં તો આપણે છીએ, જિજ્ઞાસા નિત્ય જાગતી,
ચેતાવી ચેતવી ઊંડું કેવું નિત્ય રખાવતી ! ૧૨

કરવા સિદ્ધ જો ધાર્યું ધ્યેય, તો આડીતેડી કૈં
વાતે ચિત્ત જતું હોય, ધ્યેય વાતે ન તથ્ય છે. ૧૩

શો શક્યાશક્યનો પૂરો જિજ્ઞાસા શરૂમાં હૃદે
ધ્યેય પરત્વેનો ખ્યાલ કાઢી પૂરો ! પળે પથે. ૧૪

જિજ્ઞાસા ધાર્યું પોતાનું જંપે ના મેળવ્યા વિના,
ધ્યેય પ્રાપ્ત થવા કાજે અજંપો ઉગ્ર દિલમાં. ૧૫

દુઃખ કે સુખમાં પોતે ધ્યેયને લક્ષ ધારીને,
ધ્યેયના હેતુની રીતે જિજ્ઞાસા વર્તતી પથે. ૧૬

થવા પ્રત્યક્ષ તો ધ્યેય જે જે સૌ ઉપયોગનું,
સાથે તે માત્ર રાખીને ઘટતું ઉમેરતાં જવું. ૧૭

ખાલી પાડ્યે બૂમો, ભારે વ્યથામાં તે પડી રહે,
તેમાંય માર્ગ જિજ્ઞાસા જાગતાં, ખોળી આપશે. ૧૮

પ્રસંગે ધ્યેયલક્ષી જે ટકી ઊભો ટટાર છે,
તેને ધ્યેય મળે નિશ્ચે, જિજ્ઞાસાનો કરાર તે. ૧૯

જિજ્ઞાસાનું હૃદે લક્ષ એકધારું જીવંત છે,
શંકા સંશય ના એને ધ્યેય પરત્વેમાં ટકે. ૨૦

ધ્યેય જે એકધારો છે જીવંત જાગતો હૃદે
તેવાને ગૌણ જે તે સૌ, જીવનમાં પ્રવર્તશે. ૨૧

નિશ્ચયાત્મક તો ધ્યેય જ્યારે જીવનમાં થતું,
જેમાં તેમાં ટકો ધ્યેયે ચેતનાત્મક, તો ખરું. ૨૨

ધ્યેયે જ્યાં બુદ્ધિ એકાગ્ર, અખંડ, ચિંતનાત્મક,
-થતી અનુભવાયે ત્યાં વિકાસ રચનાત્મક. ૨૩

રચ્યાંપચ્યાં રહે છે જે ધ્યેયમાં ચિત્ત મગ્ન થૈ,
તેવાને વરવા આવે ધ્યેય પોતે નજીક થૈ. ૨૪

ખોવાયેલું ફરી પાછું શ્રમે મેળવવા મથે,
ખોળતાં ખોળતાં હૈયે આશા પ્રાપ્તિની નીપજે. ૨૫

પામવું જે હૃદે એને આરંભે જાણતી નથી,
જિજ્ઞાસામહીં સાતત્ય થતાં, પમાતું તે સહી. ૨૬

સાતત્યયોગ હો જેનો એકધારો જીવંત ને,
ચેતનાનિષ્ઠ પાકો જે, ધ્યેયને મેળવે હૃદે. ૨૭

જેનું મેળવવું હાર્દ, તેનું ચિંત્વન દિલમાં,
ર્‌હેશે જેનું અહર્નિશ, પામે તે તત્ત્વ જીવતાં. ૨૮

જિજ્ઞાસાને કશી ના છે આળપંપાળ જીવને,
ખૂંપવું ધ્યેયના હાર્દે તેને તે કર્મ માત્ર છે. ૨૯

જિજ્ઞાસાને પડી ના છે કશાની ક્યાંય જીવને,
एने તો ધ્યેયની માત્ર લાગી શી પરવા હૃદે. ૩૦

એવા અનુભવે પોતે એક એકથી ભિન્ન જે,
જુદું જુદું શીખી કેવું શો સમન્વય તે કરે ! ૩૧

જિજ્ઞાસા માનતી જે તે હો સાનુકૂળ ધ્યેયને,
પ્રેમથી તે સ્વીકારી લૈ વર્તી કેવું અનુભવે ! ૩૨

કાઢતાં કાઢતાં એવા ઉકેલ, તેમ વર્તતાં,
બઢે છે કેવી શક્તિ તે જિજ્ઞાસાની જ જાણમાં ! ૩૩

કોયડો, ગૂંચ, મુશ્કેલી આપદા પ્રશ્ન જાગતાં-
ગણી કૃપાપ્રસાદી તે આવકારે પથે સદા. ૩૪

પડી ના આપદાની છે જિજ્ઞાસાને કશી પથ,
ઊલટી આપદાને લ્‌હે વધવા શક્તિની તક. ૩૫

'ધ્યેયને પામવાકેરું એકલું એકમાત્ર છે-
ઊંડામાં ઊંડું હૈયામાં ચિંત્વન', ધ્યેયને વરે. ૩૬

કૈં પરવા કર્યા વિના પરિણામની દિલમાં-
-ઝુકાવ્યે રાખતાં ધ્યેય, પ્રત્યક્ષ પરિણામ ત્યાં. ૩૭

મુશ્કેલી, વિઘ્ન, આપત્તિ, આવે ઘણા વિરોધ છો,
તોયે જે વળગેલો ર્હે, ધ્યેય એકાગ્ર એ થતો. ૩૮

ભારે વિક્ષિપ્ત હો ચિત્ત જિજ્ઞાસા કિંતુ જાગતાં-
ધ્યેયે શું આપમેળેય એકાગ્ર ચિત્ત ર્હે સદા. ૩૯

એકાગ્ર ચિત્ત ર્હેવાથી ધ્યેયે શી એકતાનતા,
ધ્યાન રહે આપમેળે, તે જિજ્ઞાસાતણી શક્તિ ત્યાં. ૪૦

જિજ્ઞાસા કેળવે જે તે વિકાસે ખપ લાગવા,
ખપને એકલો માત્ર હેતુ છે ધ્યેય સાધવા. ૪૧

ધ્યેયે તન્મયતા જાગ્યે, જાગે ભાવ ખરેખરો,
ભાવથી ત્યાગ શો થાય ! અદ્ભુત ત્યાગ તે ખરો. ૪૨

પામતાં પામતાં કેવાં અનેક રૂપ તો મળે !
જિજ્ઞાસા તોયે તેમાં તે ફસાઈ ના જતી ખરે. ૪૩

દિલમાં ધ્યેય જે ધાર્યું તેને સાકાર પામવા,
'મૃત્યુ આવે ભલે' એવો જેનો નિશ્ચય હોય જ્યાં. ૪૪

આવે મૃત્યુ ભલે તોયે જિજ્ઞાસુ આવકારશે,
તેમાં જે ધ્યેયલક્ષી તે એકધારો જીવંત છે. ૪૫

મરીને મરી સંપૂર્ણ નવું તે જીવવાતણો-
જિજ્ઞાસાનો અનોખો ને કેવો છે માર્ગ જીવતો ! ૪૬

પામવું એટલું માત્ર જેને બસ થતું નથી,
કિંતુ મરી મથે ખંતે પામવા, ए ज મર્દશ્રી. ૪૭

કદીક ડૂબતા તોયે છો તણાતા ભલે દીસે,
તેમાંયે તરવા પોતે પુરુષાર્થ કર્યાં કરે. ૪૮

થવા સાકાર તો ધ્યેય શહીદી વરવાતણા-
-પ્રસંગો કેટલા આવે, તેમાં મર્દ તરી જતા. ૪૯

મુશ્કેલી, વિઘ્ન ને ગૂંચો, કોયડા શા નવા નવા !
જીવતું રાખવા ધ્યેય મથે જે મર્દ તે ખરા. ૫૦

ધ્યેય જીવતું છે, તેને કેવી કસોટી કારમી !
કડવી ના લાગતી કેમે, પ્રેમે સ્વીકારતો ચહી. ૫૧

દાવાનળ સમાં યુદ્ધો ખેલાતાં હોય જ્યાં ઘણાં,
આવરાતાં જરા પોતે, થતો જાગ્રત શો તદા ! ૫૨

જેમાં ઉત્કટ સંગ્રામ તે વિશે જીવવાપણું-
-કેવું રોમાંચકારી છે ! મ્હાણે અનુભવી ખરું. ૫૩

પોતે ધારેલું તે પાર પાડ્યા વિના ન જંપતા,
-એવા તે મર્દ શા સાચા, હીરા તેજસ્વી વિશ્વના. ૫૪

જ્વાળામુખી સમી જ્યારે ઉગ્રમાં ઉગ્ર ઉત્કટ-
-જિજ્ઞાસા જલતી જો હો, ધ્યેય સાકાર તત્પર. ૫૫

પોતાના ધ્યેયમાં ચિત્ત એકધારું ટકાવવા,
સંકોર્યા ને ટકોર્યા તે જિજ્ઞાસા કરતી રહે,
દોરાવે જેવું જિજ્ઞાસા દોરી તેવું ન કો શકે. ૫૬

હાંસલ ધ્યેયને પૂરું થવા ઉત્કટ ભાવ છે,
એવો વિના જણાયા તે ના રહે ભાવ જીવને. ૫૭

•

(અનુષ્ટુપ)

ધ્યેય પરત્વેના પૂર્ણ, પ્રયત્ન જ્યાં થયે જતાં,
ગુણ ને, ભાવશક્તિ ત્યાં મેળે પ્રગટતાં જતાં. ૧

પ્રયત્ને ભાવ ઊગ્યે જ્યાં ઊગ્યા નિર્મળતા જતી,
જન્મી પવિત્રાતા કર્મે, જીવન અજવાળતી. ૨

શુદ્ધ, યોગ્ય થતું જે તે જીવને ભાવ-ના બળે,
ભાવ તેથી અનિવાર્ય જિજ્ઞાસા અંતરે વહે. ૩

ભાવ મહત્ત્વનો પૂર્ણ મોખરે જીવને ચગે,
અખંડતા થતાં તેમાં બધુંયે પલટાય છે. ૪

ભાવના એકધારી શી જીવંત કેટલી હૃદે !
ગણી પ્રમાણ એને તું તારું જીવન પ્રીછજે. ૫

વિકાસ યોગ્ય સંપત્તિ જે જે ધાર્મિક, સાત્ત્વિક-
-જિજ્ઞાસા હાર્દનો ભાવ ખીલવા, તે જ સાધન. ૬

જાગેલા નથી ભૂંસાતા સૌ આંતરિક ભાવ જે,
ભાવ જાગેલ તે નિશ્ચે પ્રગટે છે જ વર્તને. ૭

ભાવનો દિલ જાગ્યાનો ઉત્કટ રણકો ઊઠે,
ઊંડાણે વ્યાપી, વિસ્તારે, કામ લીધા કરે હૃદે. ૮

ભાવ ચેતનવંતો શો આધારે જાગતાં ઊંડો !
જુદા જુદા થશે સ્પર્શે જાદુઈ તાજુબીભર્યો ! ૯

ભાવની વ્યક્તતાકેરું કર્તવ્ય શું જુદું જુદું !
ભૂગર્ભે અંતરે કર્મ ભાવનું બળ ઓર શું ! ૧૦

ભાવ-ના સ્પર્શથી કર્મે સ્ફોટ થાય નવા નવા,
ભાવથી શક્તિનાં કેવાં જાગે રૂપ નવાં નવાં ! ૧૧

ભાવસંપુટથી કર્મ બદલાય કલેવર,
તે કર્મે સંકળાયેલાં આહ્‌લાદે શાંતિ અંતર. ૧૨

જીવને કેવું કેવું છે જિજ્ઞાસાનું પ્રદાન તે !
તે પરખાય છે, ભાવ પ્રવેશ્યા થકી વર્તને. ૧૩

ભાવ જાગ્યાથી પ્રિછાય, હૈયે કદરદાની તે,
મુગ્ધ, કોમળ ને સ્નિગ્ધ, ભાવે ભીનું ભીનું રહે. ૧૪

જીવને અસ્મિતા ભવ્ય જિજ્ઞાસાભાવ સેવને-
-પ્રગટતી જતી પોતે કેવી અનુભવાય છે ! ૧૫

જીવને શી પ્રતીતિ તે ભાવથી થાય છે હૃદે !
જિજ્ઞાસા થકી જન્મે છે ભાવ વિકાસનો પથે. ૧૬

ભાવ જ્યાં છે હૃદે, તેમાં તર્ક, વિચાર, વૃત્તિને-
-કશું ના સ્થાન ક્યાંયે છે લક્ષણ ભાવનું જ તે. ૧૭

ભાવ જાગ્યા વિના ક્યાંયે વિકાસારંભ ના થતો,
વિકાસ કાજ તેથી તો ભાવ કેવો અગત્યનો ! ૧૮

જીવને ભાવ જ્યાં જાગે પાંગરે શી નવીનતા !
પાંગરે ગુણ ને ભાવ, નવી શક્તિની શી છટા ! ૧૯

જાગતાં ભાવ લાગે છે જે તે સૌંદર્યથી ભર્યું,
જીવન શું રસાસક્ત લાગતું રંગથી નર્યું. ૨૦

ભાવસમૃદ્ધિનો તાગ સંપૂર્ણ મેળવાય ના,
ભાવાતીત છતાં પાછું થવાનું છે જ આત્મમાં. ૨૧

જીવને ભાવ જો સ્પર્શે એનો શો રણકો ખરો-
પરખાયા વિના શેં ર્‌હે ? બોલી ઊઠે જ મેળ શો ! ૨૨

ભાવ જાગ્યાતણા શબ્દે ચેતન પ્રાણ જાગશે,
શબ્દ તે શબ્દ ના માત્ર, શબ્દ તે શક્તિ ઊગશે. ૨૩

જિજ્ઞાસા હાર્દના ભાવે નવા પ્રાણ સ્ફુર્યાં કરે,
તત્ત્વ જીવનનું ફૉરે, આકાશે ઊડવું ચહે. ૨૪

કૃપાભાવ ઊગે, તેને કૃપાના કરનારનો-
-શો અહોભાવ જીવંતો જાગતો તે રહે ઊંડો ! ૨૫

જિજ્ઞાસાનું પરિણામ ખીલેલો ભાવ અંતરે,
'ભાવ' એ પ્રભુની કેવી કૃપાકેરી પ્રસાદી છે ! ૨૬

ભાવની શી ખૂબી ન્યારી ભાવસ્પંદન જીવને-
-કેવું ગુંજ્યા કરે છે તે કરંતાં કર્મ, તે ઝરે. ૨૭

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હો કર્મ, પ્રકારે કર્મ શ્રેષ્ઠ છે,
કિંતુ તેમાં ન જો ભાવ, તે નિરર્થક જીવને. ૨૮

કર્મ વિના કદી ભાવ થઈ સાકાર ના શકે,
ભાવ વિનાનું તે કર્મ ના વિકાસક જીવને. ૨૯

જાગતાં ભાવ હૈયામાં કેવું માંગલ્ય દર્શન-
-બધે જ્યાં ત્યાં થતું લાગે ! ધન્યતા લાગતી દિલ. ૩૦

ભાવથી હરિયાળી શી રમ્ય કેવી ખીલી ઊઠે !
દેખતાં આંખ ઠારે છે, સૌંદર્ય શાં નવાં ઊગે ! ૩૧

જિજ્ઞાસા જાગી જેનામાં તેની પ્રતીતિ વર્તને-
આપ્યા વિના ન તે ર્‌હેશે, જગજ્જનની શક્તિ તે. ૩૨

જીવનકર્મમાં ભાવ નીતર્યો નીતર્યો ઝરે,
જ્યાં તેવો ભાવ સ્પર્શે છે, શો પલટાવનાર તે ! ૩૩

શા ઉન્મુખ રખાવે છે ધ્યાને એકાગ્ર ભાવ તે,
મસ્તી અનોખી કેવી છે ભાવની રમ્ય જીવને ! ૩૪

સુવાસ, તાજગી ઓર સૌંદયમુગ્ધ જીવન,
ભાવથી તે મહેકે છે શું ભર્યું ભર્યું અંતર ! ૩૫

ભાવે જે જાગતું હૈયે ને દ્રવ્યું દિલ હોય જો,
વર્તવું તે પ્રમાણેનું ધર્મપૂર્વકનું ગણો. ૩૬

વિચારીને વિચારીને ધર્મ કર્મ ભલે બનો,
કિંતુ ભાવથી પ્રેરાઈ થાય, તે કર્મ ધર્મનું. ૩૭

અંતઃકરણ સંપૂર્ણ ભાવથી પીગળી જતાં,
શો એકાકાર જીવંત ચેતનાભાવ યુક્ત ત્યાં ! ૩૮

ગાઢતા ભાવની ઊગ્યે અખંડાકાર તે થતાં,
જે પ્રાકૃતિક છે ધર્મ ઇંદ્રિનો, બદલાય ત્યાં. ૩૯

ભાવ પવિત્રતા બક્ષે, ભાવથી પ્રેરણા ઝરે,
જિજ્ઞાસામાંથી તો ભાવ, ઉદ્‌ભવે આપમેળે તે. ૪૦

જિજ્ઞાસા ભાવ પ્રેરે છે જીવને માર્ગદર્શન,
ખપે દર્શન ના ખાલી, પ્રેરાવે વર્તને પથ. ૪૧

કેવું હેલે ચઢે હૈયું, ભાવની ભરતી વડે !
ઉપયોગે જ તે લે છે જીવન ઘડવા વિશે. ૪૨

સોડમ ભાવની કેવી કેફેલ* ઓળઘોળ છે !
જિજ્ઞાસાભાવ એવો શાં ચઢાણો આકરાં ચઢે ! ૪૩

* કેફવાળી

ભાવથી પુષ્પ જે ખીલે કદીયે કરમાય ના,
જિજ્ઞાસા મહિમા કેવો કરે નિમ્નનું ઉત્તમા ! ૪૪

જીવન ભાવથી પોષ્યા નિત્ય સિંચન તે વિના-
-કેવી રીતે શકે ખીલી ? ભાવ અગત્યનો સદા. ૪૫

ભાવ જ્યારે હૃદે જાગે મર્યાદા સ્થળ કાળની-
આપોઆપ જતી ભાંગી, સોંસરો ભાવ નીતરે. ૪૬

•

## અધ્યાય ૫ : જિજ્ઞાસુ શ્રેયાર્થી

(અનુષ્ટુપ)

મૂર્ખ બોથડ છો હોય જિજ્ઞાસા કિંતુ જીવને,
જાગતાં શો કરાવે છે અગમ્ય ફેરફાર તે ! ૧

કશું ભાન નથી જેને જિજ્ઞાસા જાગતાં હૃદે,
પુનર્જીવન પ્રેરાવે જીવતાં જીવતાં ખરે. ૨

સાચી સંપત્તિ જિજ્ઞાસા જીવનની ખરેખરી,
જેથી કમાણી જે થાય આવે તોલે ન તેહની. ૩

આપણે આપણી રીતે જીવવાનું ચહ્યું સદા,
ડોકિયું તો બીજાનામાં કદીયે કરવું જ ના. ૪

તર્ક જાળ, વિકલ્પોની સૃષ્ટિ જે રચતા ફરે,
ખૂંપેલા છે પથે ના તે, જિજ્ઞાસાના ન ભક્ત છે. ૫

જિજ્ઞાસાથી વળેલા જે સાધના પંથને વિશે,
અવ્યવહારુ છો લોક એવાને ગણતા ભલે, ૬

કિંતુ જે કો વરેલો છે ધ્યેયને દૃઢ નિશ્ચયે,
વાસ્તવિક હૃદે લાગે તેવાને નિજ કર્મ તે. ૭

વિચારો ઇંદ્રિયાર્થોની પરત્વે દોડતા રહે,
જિજ્ઞાસા જાગી તેવાને સંયમે કૈંક વર્તશે. ૮

આત્મલક્ષી થવા પૂર્ણ શી નિખાલસતા નરી !
નિર્મળતા ભર્યો ગુણ, નિર્દોષતા જરૂરની. ૯

ભોગ વિલાસ માટે ના જીવન આપણું ખરે,
જિજ્ઞાસા ઉપયોગે તે લેવા જીવન શીખવે. ૧૦

જિજ્ઞાસા જાગી તે પ્રત્યે વૃત્તિ તન્મય આપ ર્હે,
ગૌણ બીજું બધું પોતે એની મેળ રહ્યા કરે. ૧૧

જિજ્ઞાસુ અંતરે જે છે હેતુ જીવનના વિશે
-જેમાં તેમાં જુએ લક્ષ્ય ને તે ફળાવવા મથે, ૧૨

શો તલસાટ હૈયામાં ધ્યેયને કાજ જાગતાં !
જિજ્ઞાસા આપમેળે ત્યાં નીકળે ફૂટી દિલમાં ! ૧૩

હારે તોયે સ્વીકારે ના હાર પોતે કદી ચહી,
હારમાંયે હૃદે હેતુ જીતવાનો ધરે ત્યહીં. ૧૪

ખોળે જેને હૃદે ભાવે માત્ર તેના જ ચિંત્વને
-એકાકારે જ એકાગ્ર કેવો તે મશગૂલ છે ! ૧૫

બાહ્ય પરિસ્થિતિને જે માત્ર બાહ્યથી નીરખે,
જિજ્ઞાસુ અંતરે જુએ મહત્ત્વ બાહ્યને ન દે. ૧૬

વળેલો અંતરે જે છે અંતરને મહત્ત્વ દે
-જેમાં તેમાં વળે ઊંડો ધ્યેયને લક્ષ રાખીને. ૧૭

જે તે બધું મળેલું છે, અંતરિક્ષે નિહાળીને-
તેમાંથી થવા મુક્ત મથે જિજ્ઞાસુ અંતરે. ૧૮

જિજ્ઞાસા વરી છે તેવા માર્ગદર્શન મેળવે,
પ્રેરણા ઉપયોગી શી લાગે તે કાળ જીવને ! ૧૯

જે તે આવેલ સામે તે હેતુ કેળવવાતણો-
-રહેલો એમ જે નિશ્ચે જાણે, શ્રેયાર્થી જાણવો. ૨૦

વજ્ર જેવા જ જિજ્ઞાસા નિશ્ચયને વરેલ છે,
લીધેલું હાથ તેથી તો છોડી દેવાય છે ન તે. ૨૧

જિજ્ઞાસા ચેતતી જેની ત્યારે તેનો વિવેક તે-
-સૂક્ષ્મમાં સૂક્ષ્મ જાગેલો આવતો કામ તે પળે. ૨૨

જિજ્ઞાસા જેની જાગી છે જેને, તેવો સદાય જે-
-સાવ નિશ્ચિંત સૌ રીતે ર્‌હે શો માનવી જીવને ! ૨૩

જિજ્ઞાસા જાગી છે તેવો શો ર્‌હે ઉદ્યમી ખંતીલો !
પરોવાયેલ ર્‌હે પોતે, પોતાનાં કામમાં પૂરો. ૨૪

ભયંકર ગમે તેવી ડામાડોળ પરિસ્થિતિ-
-તેની વચ્ચે ભીંસાયેલા હો સંપૂર્ણ ભલે કદી, ૨૫

જિજ્ઞાસા ઉદ્‌ભવેલી જે તે કાળે શી ટટાર થૈ-
-જબ્બર સામનો કેવો કરી તે જીતવા મથે ! ૨૬

જેની ઉત્કટ જિજ્ઞાસા ઊતરે નિજ કર્મમાં,
સંયમે ઇંદ્રિયોને શી મથે તે પ્રગટાવવા ! ૨૭

જિજ્ઞાસુ આળસુ થૈને પડી એક પળે ન ર્‌હે,
મથવાકેરું તો માત્ર, એનું તે એક કર્મ છે. ૨૮

મથવું જાણવા કાજે પામવાને યથાર્થ તે,
મથ્યા જે કરતો ર્હે છે, આજ કે કાલ પામશે. ૨૯

જિજ્ઞાસુ જીવને જે, તે કદી માલિકી હક્કને-
વળગી ના રહે છે ને એના જોરે ન તે જીવે. ૩૦

ધ્યેયને તાકવા સ્વાર્થ જેને લાગ્યો ખરો દિલ,
તેવાની દિલ જિજ્ઞાસા ચેતેલી તીવ્ર ઉત્કટ. ૩૧

જિજ્ઞાસા આત્મને પૂરો મથે ઓળખવા હ્દે,
-ઊતરી ઊતરી ઊંડે શોધે ડૂબકી મારી તે. ૩૨

પ્રસંગે હેતુનું ભાન જેને તત્કાળ થાય છે,
થઈ ભાન પ્રમાણે તે વર્તે, જિજ્ઞાસુ જાણજે. ૩૩

ઊગે વૃત્તિ પ્રમાણે તે વર્તે સૌ જન જીવને,
જિજ્ઞાસા તો પછી કેમ ખાલી બેસી રહે પથે ? ૩૪

જિજ્ઞાસા જાગી, તે હોય દૂરદર્શી, વિચારક,
-મૌલિક ચિંત્વને, કેવા રસિક ! શા કળાત્મક ! ૩૫

વૃત્તિના જોશથી ક્યાંયે જિજ્ઞાસા બળવાન છે !
જિજ્ઞાસાથી ઘડાતો જે સાચું તે અંતરે જુએ. ૩૬

જિજ્ઞાસા જાગી છે ‘એવો પ્રત્યેક કર્મમાં સદા-
-ઘટે પાવરધો હોવો’ એ પ્રત્યક્ષ પ્રમાણમાં. ૩૭

અનેક જાતના કેવા પ્રસંગો જીવને ચઢે !
જિજ્ઞાસુ તેમહીં પૂરો લક્ષ્યે શો સાવધાન છે ! ૩૮

પ્રસંગોને પ્રસંગોની રીતે જિજ્ઞાસુ ના જુએ,
ઘડાવા તે મળ્યું જાણી, તેમ જિજ્ઞાસુ વર્તશે. ૩૯

પ્રસંગને કહ્યો તેથી પોતાનો ગુરુ જીવને,
કે જે સારું બતાવે છે કક્ષા જીવનની હૃદે. ૪૦

પડ્યે હાકલ ચાલ્યા જે એકધારો જ શો કરે !
સાચી હાકલ તેવાની, તે જ શ્રેયાર્થી યોગ્ય છે. ૪૧

મળે તેનો પૂરેપૂરો સદ્દુપયોગ જે કરે,
તેને સંતોષ સંપૂર્ણ જેમાં તેમાં ઠર્યા કરે. ૪૨

મળે સંપૂર્ણ તોયે જે થતો નથી મદોન્મત્ત,
સાચો શ્રેયાર્થી તે યોગ્ય, ને અહંમુક્ત જીવન. ૪૩

જિજ્ઞાસાએ બતાવેલાં કર્તવ્યપાલને શૂરા-
-આચરી તે પ્રમાણે જે બતાવે ન્યાલ થાય શા ! ૪૪

ગુણ નિર્ભયતાપૂર્ણ પ્રગટ્યે નમ્રતા હૃદે,
જ્વાળામુખી સમી શક્તિ પ્રગટે કેવી જીવને ! ૪૫

એવી શક્તિ પછી કેવું ઘડે જીવન નૂતન !
આર્ત જિજ્ઞાસુ તે માત્ર પ્રવેશે દિવ્ય જીવન. ૪૬

હરિઃૐ

# ખંડ : ૨ : જિજ્ઞાસાનાં લક્ષણ-પ્રમાણ

## અધ્યાય ૧ : જાગૃતિ

જવાબદારી સંપૂર્ણ જિજ્ઞાસા લે સ્વીકારી તે,
સરતચૂકથી કૈં આવવા ખામી દે ન તે. ૧

પડે પાછી, થતાં ઊભી જિજ્ઞાસાને ન વાર છે,
ચેતતી જે રહે તેને સાવધ ર્‌હેવું સ્‌હેલ છે. ૨

થોડીક ચૂકનો એને કેવો આઘાત કારમો !
શો પછડાટ તે ખાય ! સવેળા ઊઠી ના શકે. ૩

સાવધાની વિશે ચૂક જિજ્ઞાસાને પડી જતાં,
એને શી ચોટ લાગે ને તીવ્ર શી ર્‌હેતી ચેતવા ! ૪

ભાગ્યે કદીક જિજ્ઞાસા બેકાબૂ બનતી પથે,
પરિણામ નિહાળીને સાવધ થૈ સુધારી લે. ૫

જિજ્ઞાસા કિંતુ કેવી તે તે વેળા સેવી સેવીને-
-હૈયે સભાનતા ઉગ્ર ધરાવે શ્રેયના પથે ! ૬

કોઈક વાર જિજ્ઞાસા આડુંતેડું કદી જુએ,
જોતાંની વાર તો કેવી ચોંકીને જાગી તે ઊઠે ! ૭

જેને જ્યાં જવું હોય તેની સભાનતા તરે,
એવું પ્રમાણતાં સાચી જિજ્ઞાસા જાણવી હ્રદે. ૮

માર્ગ અટપટો આવ્યે ખંચકાઈ ખડી જતાં,
જિજ્ઞાસા મૂગી ત્યાં ના રહે, તત્પર શી ધપાવવા ! ૯

પોતે પોતાની રીતે શી ચાલવાને ચહ્યા જતી !
'કેવો વળાંક ક્યાં લેવો' ગમ એને પડી જતી. ૧૦

ઊગ્યે યુવાની જિજ્ઞાસા નવા આવેશમાં ચગી-
-ઊડે આકાશ, ત્યાં પોતે કેવી સભાનતા ભરી ! ૧૧

જીવને હોય છે સાચો જ્ઞાનયુક્ત અનુભવ,
સભાનતા શી હેતુની જેમાં હોય જ તાદૃશ. ૧૨

જિજ્ઞાસાની ખૂબી એવી કે તે જાગૃતિ ધારીને-
જે મેળવવું છે, તેના ધારે જીવંત હેતુને. ૧૩

ધારેલું મેળવે છે જે તેનો નિશ્ચય મક્કમ,
-વજ્ર જેવો થતો, જેથી મેરુ શો દિલ નિશ્ચળ ! ૧૪

જિજ્ઞાસાનો હૃદે આંક્યો મુદ્રાલેખ ખરેખરો,
'પામવું, પામીને પાછું શું અવતરવું ઊંડું !' ૧૫

અનન્ય શક્તિ ને ધૂન અજબ, ને અવિચળ,
હેતુ ફળાવવા માગે શો અભ્યાસ અવિરત ! ૧૬

નાસાનાસ હવે ના છે, જિજ્ઞાસા જાગી જ્યારથી,
હવે તો એકધારું તે મંડવાનું જ છે ચહી. ૧૭

●

(અનુષ્ટુપ)

વાસ્તવિક હશે જે કૈં ધ્યેયને સાનુકૂળ તે,
ગ્રહતાં વાર ના લાગે જિજ્ઞાસાને જરા હ્રદે. ૧

ઉપયોગનું જે જે કૈં પથે જીવનમાં મળે,
જિજ્ઞાસા સમજી લે છે, તેના તેવાં સ્વરૂપને. ૨

આડફંટે જવાતાં જ્યાં, ભુલાવામાં પડી જતાં,
જિજ્ઞાસા ચેતવે કેવી અણસારે હ્રદે તદા ! ૩

ચૂકી કદી જવાતાં તે ધાર્યું નિશાન ચિત્તાથી,
-પડાતાં પાછું, ચેતી શી આગે ફલાંગ મારતી ! ૪

જાણ્યું અજાણ્યું જિજ્ઞાસા તે કેટલીક વાર શી-
-કરે છે જાણી જોઈને જ્ઞાનપૂર્વક હેતુથી ! ૫

જિજ્ઞાસામાં પૂરેપૂરી તટસ્થતા પ્રવર્તતી,
સારા કે નરસામાંથી તે ધ્યેય યોગ્ય લે ગ્રહી. ૬

કદીક બ્હાવરી થાય જિજ્ઞાસા પથ ચાલતાં,
ગભરાઈ જતાં પાછી સ્વસ્થ થાય શી રીતથી ! ૭

ચારેકોર જુએ કેવું બારીકાઈથી ચોક્કસ !
જિજ્ઞાસાતણી દ્દષ્ટિ શી તે સોંસરવી સ્પષ્ટ જ ! ૮

પ્રાપ્ત કરવું છે જેને પામીને પૂર્ણ અંતરે,
કેવાં સૌભાગ્ય, આહ્લાદ, આનંદ, શક્તિ ઊમટે ! ૯

જિજ્ઞાસા વાંઝણી ના છે, જન્માવે છે નવું નવું,
જ્ઞાનપ્રકાશ પાડે છે, નવા નવા વિશે ઊંડું. ૧૦

જિજ્ઞાસાનો સુકાયે ના જીવનરસ કોઈ દી,
એકએકથી શા જુદા રસે રસાય દિલથી ! ૧૧

તેમ છતાં રસે તેવા લપેટાતી નથી હૃદે,
રમે પૂરા રસે તોયે પોતે તેનાથી ભિન્ન છે. ૧૨

જીવનલક્ષ્ય સામેથી દોડીને આવી તે મળે,
શું તે આશ્ચર્ય પ્રત્યક્ષ જિજ્ઞાસાના પરિબળે ! ૧૩

ગણે છે જીવને પોતે પોતા વિના ન કોઈને,
છતાં તુમાખી ના એને, એવી નિરભિમાની છે. ૧૪

જીવનવાદ તેજસ્વી શો જિજ્ઞાસાતણો ખરે !
જીવનની ઉપેક્ષા તે કદી કરી નહિ શકે. ૧૫

ચીંધે છે દિલ જિજ્ઞાસા જીવનમૂલ્ય શાશ્વત,
જીવંત મૂલ્ય તે તેવાં છોડી ના શકતી પથ. ૧૬

શાશ્વત મૂલ્ય જે એવાં જીવને વિકસાવવા,
ને અનુભવવા એને જિજ્ઞાસા ઉદ્યમી સદા. ૧૭

જીવનને બનાવે છે ઊર્ધ્વગામી શું પ્લાવિત !
જિજ્ઞાસાનો ખરો ધર્મ એવો છે સ્પષ્ટ પ્લાવિત ! ૧૮

કદીક હારી તે જાય, કદીક નાસી જાય છે,
કદીક થંભી તે જાય, તોયે તે ધ્યેય ના ભૂલે. ૧૯

નિરાકરણ લાવે છે જેનું તેનું પૂરેપૂરું,
જિજ્ઞાસાનો જ તેવો છે સ્વભાવ ગુણ નિજનો. ૨૦

અગ્નિનો તણખો તેવો જીવન પરિવર્તન,
શક્તિવંત પૂરેપૂરો સમર્થ કરવા રત. ૨૧

ધક્કો માર્યા વિના ક્રાંતિ નથી જીવનની થતી,
જિજ્ઞાસાનું જ તે કર્મ કર્યા વિના ઠરે નહિ. ૨૨

તણખો અગ્નિનો કેવો જ્વાળામુખી ભભૂકતો-
જિજ્ઞાસાનો જલે તીવ્ર પલટા ભવ્ય પ્રેરતો ! ૨૩

જીવને અધવચ્ચે જો સંજોગો બદલાય છે,
જિજ્ઞાસા કામ ત્યાં કેવું આપે, તે તું પ્રમાણજે. ૨૪

જ્યાં ત્યાં ફંફોસી ફંફોસી કર્મ જીવનનાં કરે,
શોધતાં શોધતાં ર્‌હેતાં કર્મ एने ખરું જડે. ૨૫

જીવને ઈશ્વરેચ્છાને લેતાં વધાવી આવડે,
જિજ્ઞાસા વર્તતી ત્યારે આપમેળે પ્રિછાય છે. ૨૬

'જીવને રાખ સંગાથ ભાવનો ભાવથી હૃદે',
જિજ્ઞાસાનો જ સંદેશ એવો ઉતાર વર્તને. ૨૭

જિજ્ઞાસાતણી ભાષા શી ભેદતી મર્મવેધક !
શી નિખાલસ ને સ્પષ્ટ મુગ્ધ, અસરકારક ! ૨૮

'થતાં જે ફેરફારોથી મન ક્ષુબ્ધ થશે નહીં',
એવું અનુભવો ત્યારે જિજ્ઞાસા સાચી માનવી. ૨૯

કેવા કેવા ઝરા ફૂટે ઉત્સાહના નવા નવા !
ત્યારે જાણવી સાચી તે જિજ્ઞાસા જાગી દિલમાં. ૩૦

ભારેમાં વળી ભારે છો, હો પરિસ્થિતિ કારમી,
જિજ્ઞાસા મૂગી કેમે ના ટૂંટિયું વાળી બેસી ર્‌હે. ૩૧

એકધારાપણાથી શી જિજ્ઞાસા વર્તતી સદા !
આવે તોયે ન કંટાળો एने તે એવી ધ્યેયમાં. ૩૨

પોતાની ભૂલથી પોતે શો બોધપાઠ તે ગ્રહે !
સાધવા હેતુને કેવી એને તત્પરતા હૃદે ! ૩૩

જાગેલી સાચી જિજ્ઞાસા, વિશ્વાસ, ખંત, ઉદ્યમ,
પેદા કેવાં કરે ભવ્ય, મર્દાનગી, પરાક્રમ ! ૩૪

ભેદભાવ ઘટાડે છે જિજ્ઞાસા જીવને સદા,
તે કરાવ્યા વિના ચાલે જિજ્ઞાસાને નહિ કદા. ૩૫

આદરબુદ્ધિ જિજ્ઞાસા કેળવાયે જ જીવને,
ગુણ ને ભાવ પ્રેરાવ્યા તે કરે નિત્ય જીવને. ૩૬

જિજ્ઞાસા દૃઢ પાડે શો સ્થાયી પ્રભાવ જીવને !
પ્રભાવ વર્તને પાછો ઊતરાવે જ ભાવને. ૩૭

'પ્રેમ, આદર, વિશ્વાસ' એ ત્રણે એક જીવને-
થતાં સંપૂર્ણ, જિજ્ઞાસા વિકાસે ઊર્ધ્વ શી ચઢે ! ૩૮

વિપત્તિ સંકટો આવ્યે કેમ વર્તી શકાય છે,
જિજ્ઞાસાની સ્થિતિ કેવી તેથી જાણી શકાય તે. ૩૯

જિજ્ઞાસા ગણકારે ના, મુશ્કેલી, વિઘ્ન, કોયડા,
ઊલટું તે વધારે છે, ઉત્સાહ, શક્તિ, પ્રેરણા. ૪૦

પ્રસંગે શું વિચારે છે એથી મનની ભૂમિકા,
-શી રચાયેલી તે કાળે ઊગે પ્રત્યક્ષ પ્રીછવા ! ૪૧

સ્થિતિ પોતાની શી વર્તે બાહ્ય પ્રસંગથી હૃદે
-સાચી રીતે થતું કેવું પરિવર્તનથી જુએ ! ૪૨

જિજ્ઞાસા જાણવી સાચી રાખે બેસાડી ના કદી,
ધ્યેય કરાવવા પોતે, સાકાર શી મથાવતી ! ૪૩

જુદાં જુદાં જ શાં શસ્ત્ર જુદા જુદા પ્રસંગમાં !
જિજ્ઞાસા રાખવાં જાણે જેમ જે ઉપયોગમાં. ૪૪

શીખવાનો જ છે માત્ર હેતુ એને બીજો નથી,
જ્યાં ત્યાં પોતે ઠરે પાછી, કરી કર્મ, બીજે જતી. ૪૫

ડગી જતી કદી લાગ્યે, છતાં તે ડગતી નથી
પ્રત્યેક ડગલામાં તે નવું નવું લહે ચહી. ૪૬

જિજ્ઞાસા છાલ છોડે ના ધારેલું મેળવ્યા વિના,
તે વજ્રશક્તિ શી છોડે નિશાન પાર પાડવા ! ૪૭

જીવને કેટલા વેશ બદલાતા રહ્યા કરે,
મેળવવાનું જે હાર્દ જિજ્ઞાસા તેનું લક્ષ દે. ૪૮

શા નિખાલસ સંપૂર્ણ જિજ્ઞાસાથી બનાય છે !
કિંતુ તેના અતિરેકે ખેંચાઈ ના જવા જ દે. ૪૯

જેમાં જેમાં જતી તેના ગુણ, દોષ, સ્વભાવને-
જાણી જ લે ગ્રહી મર્મ, જતી સૌ પાર ક્યાંય તે. ૫૦

ઓરમાયું કશું ક્યાંયે જિજ્ઞાસાને ન જીવને,
સારુંનરસું છો હોય જિજ્ઞાસાને ન ભેદ છે. ૫૧

બંધાઈ ના જતી ક્યાંયે જેમાં તેમાં વસે છતાં-
ધ્યેય યોગ્ય ગ્રહી, બીજું છોડી, ધસમસે તદા. ૫૨

ચોપાસ થકી જિજ્ઞાસા સાવધાન રહ્યા કરે,
હુમલો કઈ બાજુથી આવે, તપાસી, વર્તશે. ૫૩

આવ્યે શી આફતો સામે તે ભયંકર હો ભલે,
જિજ્ઞાસા કદી ના ગાંઠે પ્હાડ જેમ ટકી ઊભે. ૫૪

યદ્વાતદ્વા ગમે તેમ જિજ્ઞાસા ચાલતી દીસે,
છતાંયે ધ્યેયને લક્ષી તેની તે પગદંડી છે. ૫૫

જિજ્ઞાસા વેવલી ના છે, જિજ્ઞાસા કમજોર ના,
પ્રચંડ અગ્નિ કેવો તે ભભુકાવતી સર્વદા ! ૫૬

જિજ્ઞાસા કેળવાતી હો, ખુમારી જીવને તદા,
ખમીર શું અનોખું ત્યાં અનુભવાય છે સદા ! ૫૭

જિજ્ઞાસા ના નમાલી છે, શૂરવીરની જેમ તે,
ન્યોછાવર કરી દે છે, પોતાનું શિર વારી તે. ૫૮

નાંખે વલોવી હૈયાને એવી દશા થતાં ખરી,
જિજ્ઞાસા સ્હાયનો હાથ દૈ આશ્વાસન પ્રેરતી. ૫૯

એવા સંજોગ વેળા તે જીવલેણ ભલે હશે,
તેવાં પરિબળો સામે જિજ્ઞાસા શક્તિ દાખવે. ૬૦

ગુણ ને ભાવ ઊગે છે જિજ્ઞાસાથી જ જીવને,
જાણો એવું થતાં પોતે જિજ્ઞાસા સત્ય જાણજે. ૬૧

જિજ્ઞાસામાંથી જન્મે છે શું શું અનોખું જીવને !
જેની માહિતી સ્વપ્નેયે ન્હોતી આપણને કશે. ૬૨

વિષયહાર્દ જેનાથી પમાયે છે અનુભવે,
જિજ્ઞાસા એનું છે નામ, તે તેમ વરતાવશે. ૬૩

જીવનતણી નિષ્ઠાને રાખી પ્રત્યક્ષ અંતરે,
ઉકેલે પ્રશ્ન શી સર્વ જિજ્ઞાસા મર્મવેધક ! ૬૪

જિજ્ઞાસાની રુચિ કેવી ધ્યાન, મનન, ચિંત્વને !
શી લગની લગાડી છે તેમાં તેમાં જ જીવને ! ૬૫

કેવું ઉપાસના માગે એકાંત, શાંત ઉત્તમ !
જિજ્ઞાસા ભીંજવી તેમાં પમાડે ભાવ સુંદર. ૬૬

જિજ્ઞાસા ભાવ ને પ્રેમ સાકાર કર્મમાં કરે,
પથે ચડેલી તે સાચી જિજ્ઞાસા જાણવી ઘટે. ૬૭

જિજ્ઞાસા સંગ તે જેનો ગમે હૃદય રાખશે,
સોબત કરતી ભાવે જેનો રંગ ચઢે હૃદે. ૬૮

કરે છે સંગ જેનાથી કૈં કમાવાય જીવને,
જિજ્ઞાસા વ્યવહારુ છે નકામું વેડફે ન કૈં. ૬૯

પલોટાવ્યા વિના ર્‌હે ના, રંગાવે રંગ નિજમાં,
જિજ્ઞાસાનો ખરો એવો ગુણધર્મ પ્રભાવમાં. ૭૦

જિજ્ઞાસા મૂળનો જેવો સ્વભાવ હોય નિશ્ચયે
-બદલાવ્યા વિના રહે, જિજ્ઞાસાનું પ્રમાણ તે. ૭૧

અવિશ્વાસ નિરાધાર જિજ્ઞાસા જીવને ખરે !
નિષ્ઠા વિશ્વાસ સંપૂર્ણે જિજ્ઞાસા કર્મ સૌ કરે. ૭૨

શી કટિબદ્ધ જિજ્ઞાસા મતભેદ નિવારવા !
સુમેળ જીવને સર્વ પ્રકારનો મથે થવા. ૭૩

વૃત્તિને કદી જિજ્ઞાસા તે બહેકાવતી નથી,
સંયમે લાવવા પોતે મથાવે સમજૂતીથી. ૭૪

જિજ્ઞાસા દિલ સામર્થ્ય વધુ ને વધુ માગતી,
કર્મ નીવેડવા પૂર્ણ ને થવા પાત્ર દિલથી. ૭૫

ભાવથી આંખમાં આંસુ 'જિજ્ઞાસાએ મને હવે-
-પોતાની પકડે લીધો' જાણીને એમ તે હૃદે. ૭૬

જવાબદારી ઉઠાવે જિજ્ઞાસા કેવી જીવને !
જીવને હેતુ તેનો છે પ્રેરવા જ્ઞાન અંતરે. ૭૭

જીવનનો મહાયજ્ઞ ચાલ્યા શો કરતો રહે !
જિજ્ઞાસા પ્રેરણા તેમાં ભાગ તો ભજવ્યા કરે. ૭૮

ખાલી માને થવામાં ના ઊંચા પર્વતની સમા,
ફેલાવામાં જ શી માને પોતાનામાં રહી સદા ! ૭૯

શ્રદ્ધાથી ભક્તિ જન્મે છે, નિષ્ઠા જીવનની હૃદે-
-ભક્તિથી તે ઊગે પૂર્ણ, જિજ્ઞાસાનું પ્રમાણ તે. ૮૦

જિજ્ઞાસા પાડનારી છે ઊંડો પ્રભાવ જીવને,
પ્રતિપાદન પોતાનું જિજ્ઞાસા તે કરાવશે. ૮૧

જિજ્ઞાસા બાંધતી હૈયે શું સગપણ જીવને !
-તોડાવી તૂટતી ના તે સગાઈ એવી સિદ્ધ છે. ૮૨

જિજ્ઞાસા ભાવનાથી જે છે રંગાયેલ જીવન,
શી આંતરિક શક્તિ તે વિકસે છે ભગીરથ ! ૮૩

શો પુરુષાર્થ જિજ્ઞાસા આદર્શ વિકસાવવા-
-ગણના કરવા તેની જિજ્ઞાસાને ન ભાવના. ૮૪

ઊંધું ઘાલી જ મંડ્યા તે રહેવાનું જ જાણતી,
પુરુષાર્થની મર્યાદા જિજ્ઞાસાને કદી નથી. ૮૫

કેવું વિરાટ વ્યક્તિત્વ જિજ્ઞાસા થકી જીવને-
-વ્યક્ત પોતે થતું ર્હે છે, ઊગે છે તે અનુભવે. ૮૬

અંતરે તે ઊગી કેવું પામ્યા વિસ્તાર શો કરે !
ભાવ વિસ્તારમાં મોળો થતાં, પાછો ઊંચે ચગે. ૮૭

વિસ્તાર ભૂમિકા જેવી તેવો તે ભાવને ગ્રહે,
મૂળે જે ભાવ, તેવો ને તેવો ના તે બીજે ઠરે. ૮૮

શમતાં શી ક્રિયા સ્થૂળ, સૂક્ષ્મનું તત્ત્વ જીવને-
-વીર્યવાન બને તેજ, છતાં ના પરખાય તે. ૮૯

જિજ્ઞાસાનુંય તેવું છે, સ્થૂળથી સૂક્ષ્મમાં જતી,
એવું સૂક્ષ્મ જણાયે ના કોઈ રીતે બહારથી. ૯૦

જીવને પૂર્ણથી પૂર્ણ ધ્યેય પ્હેચાનવા હૃદે,
મૃત્યુને નોતરી કેવું જિજ્ઞાસા ઝંપલાવશે. ૯૧

સાંભળીએ નહિ તોયે, શો સંભળાવવાતણો-
-જિજ્ઞાસાનો જ તે ધર્મ, માની તે તેમ વર્તશે. ૯૨

કેવા સંયોગ આવે છે જીવન પલટાવવા !
જિજ્ઞાસાને હૃદે તેની જાણકારી પિછાનવા. ૯૩

પરિવર્તન એ તો શો જિજ્ઞાસાનો અભિક્રમ !
પરિવર્તન છે મુખ્ય જિજ્ઞાસા સ્વાંગ જીવન. ૯૪

મૌલિકતા વિના બીજું જિજ્ઞાસાને ખપે નહિ,
નિતાંત શી નવી વાત જિજ્ઞાસા મર્મની ખરી. ૯૫

શો અનુભવવાકેરો કીમિયો તે નવો નવો-
જિજ્ઞાસા જીવને લાધે પરિવર્તનકારી તો ! ૯૬

જિજ્ઞાસા દિલ કેવી છે જીવનની હિમાયતી !
જીવન એકનું એક જિજ્ઞાસાને ગમે નહિ. ૯૭

જિજ્ઞાસા મૂળ શી પોતે ચેતનાનું પ્રસાધન !
સાધ્ય તે કરવા પ્રાપ્ત તે મહત્ત્વનું લક્ષ જ. ૯૮

ભાવાત્મક થતું કેવું જીવન પ્રેરણાત્મક !
જિજ્ઞાસા ઉદ્‌ભવાવે છે ભવ્ય શું રમ્ય જીવન ! ૯૯

જીવનસત્ત્વ જિજ્ઞાસા મથે શું પ્રગટાવવા,
અનુભવે જ પોતાના મૌલિક દર્શને તદા. ૧૦૦

પોતે અનેક છે કેવો ! છતાં પોતે ન કાંઈ છે,
જિજ્ઞાસા જીવને એવું અનુભવાવતી હૃદે. ૧૦૧

•

## અધ્યાય ૩ : ચિંતન

(અનુષ્ટુપ)

પોતાને જ્યાં જવાનું છે, એનું જ્ઞાન નથી છતાં,
ચાલતાં ચાલતાં જ્ઞાન જિજ્ઞાસા મેળવે તદા. ૧

કરી કરી અનુમાન સૌ તારતમ્ય કાઢવું,
જિજ્ઞાસાની ન એ રીત, એને મેળે ઊગે નવું. ૨

ચિંત્વાવે દિલ જિજ્ઞાસા, ચિંતવી પથ મેળવે,
ભુસ્કો અજાણમાં મારી, તેમાંથી તત્ત્વ તારવે. ૩

જિજ્ઞાસા તો કરાવે છે મથાવી ઊંડું ચિંત્વન,
ચિંત્વન શું જગાડીને રખાવે નિત્ય જાગૃત ! ૪

વાગોળવાથી ઘોળાતું એથી તો નવું ના ઊગે,
ઠેરનાઠેર ત્યાંના ત્યાં, એટલામાં ઘૂમ્યા કરે. ૫

નવું વાગોળવામાંથી કદીયે નહિ નીકળે,
જ્યારે ચિંતવવામાંથી નૂતન રસ નિર્ઝરે. ૬

ત્યાંના ત્યાં પડી ર્‌હેવા દે એકના એક ચક્રમાં,
માર્ગ વાગોળવામાંથી નીકળી ના શકે કદા. ૭

છે વાગોળવું જુદું જ, ચિંત્વવું જુદી પેરનું,
ઘાંચીના બેલની જેમ વાગોળવું પ્રમાણવું. ૮

ચિંતવવા થકી સ્ફુરે વિચાર આપમેળે તે,
નવું નવું ઊગે કેવું હૈયે ચિંતવવા થકે ! ૯

ચિંતવવું કુદાવે છે ક્ષિતિજો શી નવી નવી !
વર્તાતું હો પ્રમાણે તે જિજ્ઞાસા સાચી જાણવી. ૧૦

પાંખ વાગોળવાને ના, જિજ્ઞાસા ઊડતી રહે,
ચાલે વાગોળવું ના, ને જિજ્ઞાસા તો બઢ્યા કરે. ૧૧

વાગોળવું રખાવે છે જીવદશામહીં સદા,
ચિંત્વવું તો ચગાવે છે જીવદશાથી સત્યમાં. ૧૨

માનવું, જાણવું પાછું એનું એ જ પિછાનવું,
-વાગોળવાની તે રીત, તારવે ચિંત્વવું નવું. ૧૩

કેવો ચિંતવવાકેરો અદ્‌ભુત વેશ કારમો !
કારમો તોયે હૈયાને રસયુક્ત જ લાગતો. ૧૪

વમળે એકના એક વાગોળવું ઘુમાવશે-
જ્યારે ચિંત્વવું ધક્કેલે ક્યાંક વમળથી પથે. ૧૫

વાગોળવામહીં ગુણ તામસ શો મહત્ત્વનો !
જ્યારે ચિંત્વનમાં ગુણ સત્ત્વ, રજસ જાણવો. ૧૬

ચિંત્વવું શાં સ્ફુરાવે છે, ઉત્સાહ, સ્ફૂર્તિ, તાજગી !
ચિંત્વન એકનું એક છતાં ઊગે કળા નવી. ૧૭

ચિંત્વન જો થતું રહે, તે જિજ્ઞાસાનું જ લક્ષણ,
ચિંત્વવું જીવને એવું-ઉગાડે કેવું નૂતન !
જન્માવે દિવ્ય સર્જન. ૧૮

મનન ચિંત્વને ઊંડું જિજ્ઞાસાના પ્રદેશમાં,
જિજ્ઞાસા તો કરાવીને, રખાવે આપ આપમાં. ૧૯

કેવો સળગતો પ્રશ્ન જેને જીવનમાં ઊઠે,
તેવો બેસી શકે છાનો ગુપચુપ કઈ રીતે ! ૨૦

મૂર્છનામાં પડી જાય ભલે એવો કદીક તે,
બેઠો થયા વિના એને કેમે ના ચાલવાનું છે. ૨૧

પ્રશ્ન જેને ઊઠે તેને શી ગોદાટી કરી કરી !
પ્રશ્ન પોતે વિચારાવે ચિંત્વન ચાકડે ચઢી. ૨૨

સંતોષાયા વિના દિલ પોતે ખસે નહીં,
ઉકેલ પ્રશ્નનો પોતે કાઢીને જંપશે તહીં. ૨૩

જિજ્ઞાસા શા ખુલાસા દૈ પ્રેરે સાંત્વન દિલમાં,
એવા અનેક પ્રશ્નોના જિજ્ઞાસા દે જવાબ શા ! ૨૪

પોતાના ચિંત્વને મગ્ન સંપૂર્ણ મશગૂલ છે,
બીજું આવે ભલે તોયે ચિંત્વને ભંગ ના પડે. ૨૫

કદી બુદ્ધિનું દેવાળું જિજ્ઞાસા કાઢતી નથી,
બુદ્ધિને ઉપયોગે લૈ નીપટે કર્મ ખૂબીથી. ૨૬

જિજ્ઞાસા તો વિચારોયે ઝાઝા કશા નહિ કરે,
તર્ક, શંકા કુશંકાને જિજ્ઞાસામાં ન સ્થાન છે. ૨૭

ચિંત્વને ભાવ શો મુખ્ય ! ઝાઝા તર્ક, વિચારને-
ચિંત્વન સંઘરે છે ના, એક ને એકમાં જીવે. ૨૮

ચિંત્વને ભાવ શો હોય ! વિચારોની પરંપરા-
ભાવમાં ક્યાંય ના હોય, રમે તે કેવી ભાવમાં ! ૨૯

આડાતેડા વિચારો ના ચિંત્વને પ્રગટે કદી,
વિચાર એકધારા શા પરત્વે एक રૂહે ટકી- ૩૦

ઘૂમરી શી વિચારોની જાગે ચિંત્વનમાં નહીં,
एक ને एकને ઘૂંટે વિચાર ચિંત્વને સહી. ૩૧

પામવા કર્મનું હાર્દ ચિંત્વન ભાવથી થવું,
કેવું અગત્યનું તે છે, વર્તને શું ઉતારતું ! ૩૨

મહત્ત્વ ભાવનું ભારે ચિંત્વને શું રહેલ છે !
ચિંત્વને ભાવમાં ગાઢ શી તન્મયતા હૃદે ! ૩૩

જીવદશાની વૃત્તિને ચિંત્વને નવ સ્થાન છે,
ઉચ્ચ, દિવ્ય ભૂમિકામાં ચિંત્વનનું મહત્ત્વ છે. ૩૪

•

## અધ્યાય ૪ : સ્વાવલંબન

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા એકલી પોતે, એને ના સાથીદાર છે,
સ્નેહી કે મિત્ર એને ના કોઈ મદદગાર છે. ૧

સ્વાવલંબી થવા પૂરું જિજ્ઞાસા શિખવાડતી,
જેમાં તેમાં પૂરેપૂરો રાખે મદાર આપથી. ૨

જિજ્ઞાસા સ્પર્શવા આવે જ્યાં એનો 'સ્વાર્થ' હોય છે,
વિના 'સ્વાર્થ' પ્રવેશે ના કોઈના ઘરઆંગણે. ૩

ખપ વિના ન શોધે છે કોઈનો સાથ તે કદી,
સંબંધ અમથો તે ના બાંધે કોઈ પ્રકારથી. ૪

ગળે પડે ન કોઈને, ઉછીનું કોઈનું ન લે,
પડાવી લેવું કોઈનું જિજ્ઞાસા જાણતી ન તે. ૫

પારકા ધનથી એ તો વેપાર કદી ના કરે,
દેવાળું કાઢવું જાણે જિજ્ઞાસા સ્વપ્નમાં ન તે. ૬

બીજા પરે ભરોંસો ના જિજ્ઞાસા રાખતી કદા,
પોતાનાથી થતું સર્વ પોતે કરી ચૂકે સદા. ૭

જિજ્ઞાસાને ભરોંસો છે પોતાની પર જીવને-
-એક પછીથી શા એક પામી અનુભવે શીખે ! ૮

આપમતલબી, શોધે જેમાં તેમાંથી 'સ્વાર્થ' તે,
એને કશો ન સંકોચ, જિજ્ઞાસા 'સ્વાર્થ' રક્ત છે. ૯

પ્રયત્નો સૌ કરે છે જે તે સ્વાભાવિક છે બધા,
ખેંચ તો પડતી ક્યાંયે જિજ્ઞાસાને લગીર ના. ૧૦

ચાલતાં ચાલતાં થાક એને તો લાગતો નથી,
લાગ્યે, ત્યાં તે વિચારી લે શ્રેય જે હોય આપથી. ૧૧

ગળે જે ઊતરે એને લેશે તે તે જ અંતરે,
સ્વાભાવિક જ તે એવો જિજ્ઞાસાનો સ્વભાવ છે. ૧૨

માગે મહેરબાની ના જિજ્ઞાસા કોઈની કદી,
અપેક્ષાયે ન રાખે છે પામવા શ્રેય કોઈની. ૧૩

શો અનુસરવાનો તે જેને માન્યું ખરું હૃદે,
જિજ્ઞાસાનો જ તે સાચો એવો છે ધર્મ વર્તને ! ૧૪

'આરંભે શૂરી' ના યોગ્ય જિજ્ઞાસાતણી બાબતે,
સદાયે મથતી ર્‌હેતી કદી શીઘ્ર, કદી ધીમે. ૧૫

'ખેંચીને લાવવું પાસે' તે જિજ્ઞાસાની છે કળા,
સિદ્ધ છે તે કળામાં શી એમાં સંશય ના જરા ! ૧૬

જે જે પથે મળે તેને કદી નકારતી નથી,
જિજ્ઞાસા સર્વનું હાર્દ ચહે પિછાનવા, મથી. ૧૭

એકલી માત્ર પોતાને જિજ્ઞાસા માનતી સદા,
યોગ્ય સ્વીકારવા જેવું હોતાં, સ્વીકારતી સદા. ૧૮

ગોષ્ઠિ અંતરે કેવી જિજ્ઞાસા તો કર્યા કરે !
એને તે એકલી જાણે, બીજાંને ગમ શી પડે ! ૧૯

ભળે જેને મળે તેમાં, સમાઈ જાય સર્વમાં,
છતાં નિરાળી, નિસ્પૃહી, સર્વોપરી શી આપમાં ! ૨૦

નથી નઠોર પાછી તે કેવી છે નમણી ખરી !
જિજ્ઞાસાની કળા સોળ જાણે સંપૂર્ણ કો નહીં. ૨૧

જાણવાકેરી માત્રાને ચૂસી લે છે પૂરેપૂરી,
પ્રવેશી નીકળી જાય દક્ષ શી પૂરી પાંસરી ! ૨૨

જરાય ભેરવાઈ તે કશામાંયે ન જાય છે,
તટસ્થતા વરેલી છે જિજ્ઞાસાને સદા પથે. ૨૩

એક તત્ત્વથી બીજું તે તત્ત્વ કેવું નિરાળું છે !
જિજ્ઞાસાને જ એની તે પૂરી શી જાણકારી છે ! ૨૪

જિજ્ઞાસા ભાવ પોતાનો જ્યાં ત્યાં બતાવશે નહીં,
પોતે પોતામહીં રાચી હૈયે લે પ્રીછી તત્ત્વથી. ૨૫

સંઘરો ના કરે તોયે एने હાર્દ જરૂરનું,
હાર્દ અનેકનાં એવાં જિજ્ઞાસાને નવાં નવાં
-શો તત્ત્વામૃતનો જીવંત રસ સર્વદા ! ૨૬

પામે હાર્દ છતાં एने તે તે અધૂરું છે પથે,
ક્યાંયથી ના ધરાતી તે, અસંતોષી છતાં ન છે. ૨૭

एने સંબંધ સૌ સાથે, છતાં સંબંધ ના કશે,
અનોખી અળગી કેવી ! છતાં ના અભડાય છે. ૨૮

જિજ્ઞાસા ના ડરે કેમે પાછી પડે ન તે કદા,
હારેલી લાગતી તોયે, જીતવા મથતી સદા. ૨૯

નિઃસહાય દશા જેવું જિજ્ઞાસાને ન માન્ય છે,
રાખે મદાર, આધાર પોતાના અવલંબને. ૩૦

તે આલંબન રાખે છે, નિરાલંબી છતાં પથે,
આધાર ધ્યેયનો પાકો છતાં નિરાગ્રહી શી તે ! ૩૧

જિજ્ઞાસા સર્વગ્રાહી છે, છતાંયે ચાળણી સમી-
કાઢી સૌ નાખવા જેવું કાઢી તે કેવું નાખતી ! ૩૨

છાયા બીજાંની પોતાની પરે તે પડવા ન દે,
પોતે આશ્રય પોતાનો એકલો જ લીધા કરે. ૩૩

મથી ખંતે રળે પોતે રળંતાં રળતાં પથે-
ઓચિંતું અણધારેલું મૌલિક તત્ત્વ મેળવે. ૩૪

વમળે તે વિચારોનાં કદીયે પડતી નથી,
વિચારોની ગુલામી તે કદી સ્વીકારતી નથી. ૩૫

કેવું કેવું થવા ઝંખે જિજ્ઞાસા બાવડાંબળે !
શા આધાર વિનાની તે ! છતાં આધારથી જીવે. ૩૬

જિજ્ઞાસા સ્વાશ્રયી પોતે, શો નિર્ધાર અખંડ છે !
મર્દાનગીભર્યો કેવો એનો સ્વાશ્રય ઓર છે ! ૩૭

આકરા પ્રલયો મધ્યે જો કોઈ ટકનાર હો,
સમર્થ એકલી માત્ર જિજ્ઞાસા યોગયોગ્ય હો. ૩૮

જ્યાં ત્યાં પોતે રમે કેવું યોગ્ય જ્યાં વિકસાવવું !
જિજ્ઞાસા આપકર્મી શી ! એને પડે ન શોધવું. ૩૯

પંથનો ભોમિયો કોઈ એને સંગાથમાં નથી,
છતાંય ભોમિયો પોતે પોતાનો શો બને સહી ! ૪૦

•

## અધ્યાય ૫ : શ્રદ્ધા

(અનુષ્ટુપ)

પોતાની ચાલની જાણ જિજ્ઞાસાને ખરેખરી,
ખોટકાઈ જતાં ક્યાંય, લે એને કોણ રાહથી ? ૧

પ્રભુની પર આધાર સંપૂર્ણ રાખતી હૃદે,
પડાતાં પાછું, પોકારે આર્તનાદે પ્રભુ હૃદે. ૨

કચવાટ કરે તે ના મનપસંદ ના થતાં,
નામ કંટાળવાનું તે જિજ્ઞાસા જાણતી જ ના. ૩

સંગાથ પ્રભુનો ધારે આસક્તિ છોડી તે બધી,
એકલો માત્ર આધાર પ્રભુનો દિલ ધારતી. ૪

પોતાની એકલીની તે શક્તિથી ના કશું વળે,
જિજ્ઞાસા સારી પેઠે તે જાણતી દિલમાં ખરે. ૫

તેથી તો દિલમાં કેવી જિજ્ઞાસા નમ્રતા ધરે !
નમ્રતાથીય તે શૂન્ય થવા પ્રયત્ન આદરે. ૬

ધ્યેયયે છે પ્રભુ માટે, પ્રભુથી કો ન મોટું છે,
જિજ્ઞાસાને હૃદે એવી સંપૂર્ણ પ્રતીતિ વસે. ૭

જિજ્ઞાસાને મહા મોટો આધાર પ્રભુનો હૃદે,
જેમાં તેમાં પ્રભુને તે મોખરે રાખી વર્તશે. ૮

જિજ્ઞાસા સર્વ આધાર ચેતના પર ધારીને-
-શરણે ઢળી એના તે, એના જ આશ્રયે જીવે. ૯

જેવું તેવું ન તે છે જે, છે સર્વાધાર જીવને,
જેની તોલે ન કોઈ છે, છે પ્રત્યક્ષ, અમાપ્ય તે. ૧૦

જિજ્ઞાસા જાણતી હૈયે પોતા સિવાય જીવને-
-'કોઈક' ભાગ લેનારું પોતાની સાથ છે પથે. ૧૧

જિજ્ઞાસાને ભરોંસો કે 'કોઈક' તેની સાથ છે,
સહારો જીવને જેનો છૂટો પડ્યો કદી ન તે. ૧૨

જિજ્ઞાસા તોય શી હૈયે જરા કંટાળતી નથી !
થતું દેખાય જ્યાં બંધ જિજ્ઞાસા બેઠી શી થતી ! ૧૩

જિજ્ઞાસા દિલ જાગેલી શાંત થૈ ના રહી શકે,
શાંતિ એને, છતાં પોતે ઊઠ બેસ કર્યાં કરે. ૧૪

છે ધરપત હૈયામાં જિજ્ઞાસાને બધી રીતે,
'જેણે છે પકડ્યો હાથ તે જ પાર ઉતારશે.' ૧૫

સેવતાં સેવતાં ભાવે જિજ્ઞાસાને હૃદે પથે,
અણધાર્યાં પરિણામ ઓચિંતા પથ શાં ઊગે ! ૧૬

માંગણીય કરી જાણે જિજ્ઞાસા કાળ સાંપડે,
ખંચકાતી નથી ક્યાંયે, સ્પષ્ટવક્તા પદે પદે. ૧૭

જિજ્ઞાસાહાર્દમાં તીવ્ર શી સંવેદનશીલ છે !
છતાં પાછી વિચારે તે ઠંડીગાર થઈ હૃદે. ૧૮

અદમ્ય, ઊર્ધ્વગામીત્વ ને ભવ્યોર્જિત ઝંખના-
-જિજ્ઞાસા પ્રગટાવીને, રળે સૂક્ષ્મ પ્રદેશ શા ! ૧૯

કેવું સર્જકતાકેરું સંવર્ધન થયા કરે !
જીવને વર્તતી તેવી જિજ્ઞાસાનું પ્રમાણ તે. ૨૦

જ્યારે જીવન સંપૂર્ણ ઊગતાં તો પ્રસન્નતા,
જે તે પ્રસન્ન સૌ લાગે એવી દૃષ્ટિ થતી તદા. ૨૧

સુતરું સુતરું જેમ સૂતર ઊતર્યાં કરે,
જિજ્ઞાસાનું થતાં તેવું જાણવું યોગ્ય સર્વ તે. ૨૨

હૈયે નિષ્ણાતતામાં શા ઉત્તમમાંહી ઉત્તમ-
-પ્રગટી જ શકો ત્યારે સુતરું સાવ સર્વ જ. ૨૩

•

## અધ્યાય ૬ : વિલક્ષણતા

(અનુષ્ટુપ)

શી પળે પળ જિજ્ઞાસા સ્વયં પ્રવૃત્ત આપમાં !
એક જ દૃષ્ટિ ને એકબુદ્ધિથી મગ્ન ધ્યેયમાં. ૧

ઉગ્રમાં ઉગ્ર શી ચોટ લક્ષ્ય પરત્વે જીવને !
પ્રકૃતિએ, સ્વભાવે તો જિજ્ઞાસા લક્ષ્યવેધી છે. ૨

આડું આવી જતાં રસ્તો જ્યારે દેખાય ના કશે,
મથતાંયે ફવાયે ના, જિજ્ઞાસા થંભી ના જશે. ૩

પ્રસંગે કેવી જિજ્ઞાસા પરિવર્તનશીલ છે !
વર્તન એકનું એક જિજ્ઞાસાનું ન હોય છે. ૪

વિચારવું પડે ના ત્યાં, મેળે હૈયે નવું ઊગે,
તર્ક, દલીલ ત્યારે તો બુદ્ધિ જરાય ના કરે. ૫

જીવને ફેરફારો શા એક એકથી તે જુદા !
જિજ્ઞાસા પ્રગટાવે છે આનંદને પ્રમાણવા. ૬

જિજ્ઞાસાને ઊગે જ્યારે નિષ્ઠા ચેતનવંતી તે,
પછી એના પ્રયત્નો સૌ આપમેળે થયા જશે. ૭

માર્ગ ના માત્ર તે એને, ચેતના પગદંડી છે,
એવી નિશાનીથી એની શ્રદ્ધા, નિષ્ઠા બને હૃદે. ૮

પોતાની ભૂમિકા કેવી જુદી જુદી દશા વિશે-
જિજ્ઞાસા તે બતાવી દે એવો એનો પ્રતાપ છે. ૯

પ્રતિકાર કૃપાથી તો કરી તે શકવા પૂરો,
-જિજ્ઞાસાનું પરિણામ, કેવું સામર્થ્ય બક્ષ્યું છે ! ૧૦

'ભવ્ય જીવનથી હૈયું મસ્તીમાં જ મહાલવા-
-ઊઠે થનગની કેવું !' તે જિજ્ઞાસાનું દાન હા ! ૧૧

મન અંકુશમાં આવ્યા પછી સમર્પી તે શકો,
જિજ્ઞાસાભાવ સંપૂર્ણ જામતાં, શક્ય તેય સૌ. ૧૨

જે નિર્વ્યાપાર સંપૂર્ણ મહા નિરાંત જીવને-
-તે નિરાંત પ્રફુલ્લે છે ભાવસુવાસ લ્હેરતી. ૧૩

એકલી એક શી પોતે છતાં એને ન એકલું-
-જીવને, વર્તને ક્યાંયે લાગે છે ના પથે કશું. ૧૪

પોતે પોતાની મેળે શી યોજના તે ઘડ્યા કરે !
યોજના તે વળી ભાંગી નાંખી ભૂક્કા કર્યા કરે. ૧૫

યોજના છે, છતાંયે શી યોજના છે ન એહને,
સ્વતંત્ર સર્વ રીતે ને મૌલિક તે બધી રીતે. ૧૬

ચાલવું યોજના રીતે જિજ્ઞાસાને પસંદ ના,
તોયે સ્વચ્છંદ પાછી તે જીવને વર્તતી જ ના. ૧૭

પ્રબળ શક્તિ જિજ્ઞાસા પ્રલયકારી જીવને,
પાછી મંડાણ શું ભવ્ય માંડી માંડી જીવ્યા કરે ! ૧૮

અનંત ઝડપે આવે વાવાઝોડું પ્રચંડ તે,
જિજ્ઞાસા ભક્તિના ભાવે ઊગી, કેવી નમી પડે ! ૧૯

જિજ્ઞાસા પ્રેરણા અર્પે બલિદાનની જીવને,
એને ઓછું લગીરે તે ખપે ના અર્પવા વિશે. ૨૦

એકવાર વરી છે જો જિજ્ઞાસા જીવને હૃદે,
કદી સાથ ન મૂકી દે એવી તે વ્રતધારી છે. ૨૧

પડી ગયેલ શી ભૂલી, પાછી તે ચેતના ઝરે !
અભિરુચિ અભિવ્યક્ત જિજ્ઞાસાથી થતી હૃદે. ૨૨

જિજ્ઞાસાહાર્દનો ભાવ થતાં, પ્રાકટ્ય જીવને-
-સર્વ પ્રકારનાં કર્મતણું હાર્દ પમાય છે. ૨૩

અનુભવ વિશે આવે, વર્તતાં તત્ત્વ જીવને,
તે એમ પરખાયે છે જિજ્ઞાસા એ જ લક્ષણે. ૨૪

•

## અધ્યાય ૭ : ક્રિયાશીલ

(અનુષ્ટુપ)

પોતાના ધ્યેયને કેવી સળંગ વળગી રહે !
પરિણામનું કિંતુ તે ચિંતવન ના કર્યાં કરે. ૧

જિજ્ઞાસા દિલ જન્માવે આશા સોનેરી જીવને,
છતાં તે જો ફળે ના, તો નિરાશામાં ન તે પડે. ૨

બતાવી બેસી ના ર્‌હે ને, સૌ પ્રગટાવે જ વર્તને,
જિજ્ઞાસા એવી છે પોતે શી ક્રિયાશીલ જીવને ! ૩

પોતાને કરવું જે હો તે કર્યાં કરવા વિશે-
-મશગૂલ પૂરેપૂરી કેવી તત્પર તે જ છે ! ૪

કરવા કર્મ સામગ્રી કેટલી કેવી જોઈશે !
જિજ્ઞાસાને હૃદે તેનું યોગ્ય સૌ જ્ઞાન હોય છે. ૫

રહી શકાય નિશ્ચિંત એને આધાર જીવને,
સોડતાણી ભલે સૂવે તોયે તે કર્મ ના ભૂલે. ૬

મળેલા ધર્મનું પોતે યોગ્ય પાલન તો કરે,
છટકી ના જવા ઈચ્છે કદીયે સ્વપ્નમાંય તે. ૭

પ્રવેશતી પળે જાણે ના જિજ્ઞાસા કશું જરા,
ભળતાં ભળતાં કર્મે જાણી લે હાર્દ જ્ઞાનમાં. ૮

પૂરો પોતા પરે રાખે મદાર તે બધી રીતે,
છતાંયે મોખરે ધારે કૃપાના શિરતાજને. ૯

શી ગતિશીલ જિજ્ઞાસા ! જિજ્ઞાસા કર્મશીલ છે,
ઉચ્ચમાં ઉચ્ચ પ્‌હોંચે ત્યાં પોતે સર્જનશીલ છે ! ૧૦

જાગેલી દિલ જિજ્ઞાસા મથે તે શી પળેપળે !
કૂંડાળું વળીને સ્‌હેજે ક્યાંયે તે પડી ના રહે. ૧૧

જિજ્ઞાસા લક્ષમાં રાખે ધારેલું પાર પાડવા,
પામ્યા વિના ન ઝંપે છે, ए જિજ્ઞાસાની લક્ષણા. ૧૨

જિજ્ઞાસા ભોમિયો સાચો મળ્યો છે જેહને પથે,
દોરવી દોરવીને તે ચલાવ્યા કરશે ખરે. ૧૩

જિજ્ઞાસા કેવું આકર્ષે એકમાંથી બીજે જવા-
-આભનીયે થવા પાર શું આકર્ષણ एનું હા ! ૧૪

લાગે જ્યાં સત્ય પોતાને બીજાની પરવા ન ત્યાં,
જવા હોમાઈ ત્યાં હર્ષે જિજ્ઞાસા રાજી દિલમાં. ૧૫

કર્મનો યજ્ઞ આત્માના વિકાસ કાજ શો મળે !
સમર્પી પ્રભુપ્રીત્યર્થે જિજ્ઞાસા તેમ વર્તશે. ૧૬

જિજ્ઞાસા કર્મમાં ભાવ પ્રેરી પ્રેરી જ તે કરે,
નીતરે કર્મમાં ભાવ તેથી તે કર્મયજ્ઞ છે. ૧૭

એવી યજ્ઞ પ્રસાદીથી યજ્ઞવર્ષા થયા કરે,
ભૂમિકા ભીંજવી બીને ઉગાડી, ફળાવ્યા કરે. ૧૮

પોતાનાં કર્મનો યજ્ઞ ભાવ આહુતિ આપીને,
જિજ્ઞાસા દિલથી રાખે ચાલતો શો નિરંતરે ! ૧૯

જે જે કર્મતણો ધર્મ જિજ્ઞાસા તેની ચાલને-
હૈયાસૂઝથી જાણી તે શી ઉતારતી વર્તને ! ૨૦

પામવા જ્યાં વધે સ્વાર્થ જિજ્ઞાસા થાય તત્પર,
एને તે વેળ ઊગે છે શી તાલાવેલી ઉત્કટ ! ૨૧

જિજ્ઞાસા ના કદી ભૂલે મળેલો ધર્મ નિજનો,
પાળતાં પાળતાં ધર્મ જતાં તો પ્રાણ, હર્ષ શો ! ૨૨

પ્રાપ્ત તે કર્મનો ધર્મ અદા તે કરવા વિશે-
-જિજ્ઞાસા વજ્ર જેવી છે, કેવી અડગ તે પથે ! ૨૩

જિજ્ઞાસા વર્તતી હો તો હૈયે ઉત્સુકતા વધે,
અનુભવ થવા તેવી વર્તતી હોય જીવને. ૨૪

જિજ્ઞાસા વ્હાલસોયી શી ચોંટવા, ભેટવા ચહે-
-ભેટી एक થવા ઝંખે, જિજ્ઞાસા એવી વર્તને. ૨૫

જિજ્ઞાસા મારવાં જાણે ના કૈં બાથોડિયાં કશે,
एની નિશ્ચિત છે ચાલ આરપાર જવા વિશે. ૨૬

काल નીરખવા કોડ જિજ્ઞાસાને થતો નથી,
कालની પરવા સ્હેજે જિજ્ઞાસા ધરતી નથી. ૨૭

आज કે काल નિવેડો આવવાનો જ નિશ્ચયે,
જિજ્ઞાસા એવું જાણીને ડગ ભર્યાં કરે પથે. ૨૮

ર્‌હેવાનું વળગી જાણે, માણે તે ચાહવું સદા,
જિજ્ઞાસા તે પ્રમાણે તો વર્તવાનું કરે કર્યા. ૨૯

સાવધાન પથે પૂર્ણ રહેવા કેવી નિશ્ચળ !
ચળાવી શકવા एને કોઈ સમર્થ ના બળ. ૩૦

હો અનાસક્તિ સંપૂર્ણ ને પુરુષાર્થ ઉત્કટ,
બંનેનો મેળ જિજ્ઞાસા પાડી, ફળાવતી જય. ૩૧

થવા સંપૂર્ણ છે પૂરો જિજ્ઞાસાને ખરો રસ,
સંપૂર્ણતાની મર્યાદા પ્‌હોંચતાં, દૂર શો પથ ! ૩૨

જેને હાથ વિશે લીધો કેડો તેનો નહિ મૂકે,
પરોણા ઘોંચીને પંથે કળે કરી દડાવશે. ૩૩

સ્વતંત્રતાની જિજ્ઞાસા ઝંખના કેવી તે ધરે !
ગળવા ચેતનામાં શાં કર્મ एનાં બધાંય છે ! ૩૪

જિજ્ઞાસામાંથી કેવી તે નિષ્ઠા જીવનની સ્રવે !
મૌલિકતા શી જન્માવે જીવને, કર્મમાં, પથે ! ૩૫

કર્મ બહારથી એક, ધારા અંતર છે બીજી,
જિજ્ઞાસા જીવને એવી, શેં પરખાય તે વળી ! ૩૬

કર્મઉપાસના એ તો, ક્રિયા જે સ્થૂળ કર્મની,
ઝાઝું મહત્ત્વ તેનું ના, મહત્ત્વ ભાવ અંતરે. ૩૭

કરાવે કર્મ તે એવાં જેથી ધપાય આગળે,
શી ગતાગમ છે एને એવાં કર્મની જીવને ! ૩૮

યજ્ઞ તે કર્મ સૌ માત્ર, જીવન પ્રગટાવવા,
કૃપાથી તે મળેલું છે જિજ્ઞાસા શીખવે તદા. ૩૯

'કર્મ જગાડવા કાજે' તેવા હેતુની જાગૃતિ-
-જેને અંતર જીવંતી, જિજ્ઞાસા તેની સત્ય શી ! ૪૦

પોતે જવાબદારીને સ્વીકારવા શી તત્પરે !
સ્વીકારી વર્તને તેને જિજ્ઞાસા તો ઉતારશે. ૪૧

મહત્ત્વ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જિજ્ઞાસા ભાવને જ દે.
જે થકી ભાવ જન્મે છે, તેને જ કર્મ તે ગણે. ૪૨

કર્મનાં રીત ને ધર્મ જે પ્રમાણે થવું ઘટે,
જિજ્ઞાસા તે પ્રમાણે સૌ કર્મ કર્યા કરે ખરે. ૪૩

પ્રાપ્ત કર્મતણી રીતે, ધર્મ એનો સ્વભાવથી,
જિજ્ઞાસા તે રીતે વર્તે, પ્રીછી લે મૂળ કર્મથી. ૪૪

હાથ લીધેલ તે કર્મે પોતે ગાફેલ ક્યાંય ના,
સાવધાની ધરે પૂર્ણ વાપરે કેવી દક્ષતા ! ૪૫

સ્વસ્થતા, શાંતિ સંપૂર્ણ, પૂર્ણ તટસ્થતા વડે,
પ્રભુપ્રીત્યર્થ જે કર્મ થાય, તે યજ્ઞકર્મ છે. ૪૬

યજ્ઞકર્મની જીવંત જીવને શી અખંડતા !
એવાં તે યજ્ઞકર્મેથી પ્રેરાય દિવ્ય ચેતના. ૪૭

ચેતના જે નિરાકાર થવા સાકાર કર્મ છે,
પ્રભુપ્રીત્યર્થ તેથી સૌ યજ્ઞકર્મ થવાં ઘટે. ૪૮

જિજ્ઞાસા પ્રગટાવે છે સર્જકત્વ શું આગવું !
કર્મ વર્તનમાં એને સાકારમાં ઉગાડતું. ૪૯

કર્તવ્યપાલને શૂરી જિજ્ઞાસા જેવું કોઈ ના,
ધારેલું કરવા પાર એ જેવું કો સમર્થ ના. ૫૦

મળેલાં કર્મને સૌથી મુખ્ય તે પદ આપતી,
મોખરે રાખી તે સામે કર્મ પાર ઉતારતી. ૫૧

લાધેલા પંથમાં કેવી જિજ્ઞાસા રસમસ્ત છે !
જેમાં રસ પૂરો લાગે ભાવથી કર્મ ત્યાં થશે. ૫૨

પાડતાં પાડતાં પાર મળેલાં કર્મહેતુને-
-હૈયે અપાર સંતોષ શો મેળવાય જીવને ! ૫૩

જિજ્ઞાસા એકલી યોગ્ય તે કર્મ માટે લાયક,
એવી ઉત્કૃષ્ટ જિજ્ઞાસા ફળાવે દિવ્ય જીવન. ૫૪

•

## અધ્યાય ૮ : ગતિરીતિ

(અનુષ્ટુપ)

ના શરૂ શરૂમાં તે છે સંપૂર્ણ કોઈ રીતિએ,
ખીલવા માંડતાં કેવી કૂદકે ભૂસકે વધે ! ૧

નાલાયક કદી પોતે ક્યાંયે તે બનતી નથી,
જીવને કરવા યોગ્ય કરી કરી શી જીવતી ! ૨

પોતાના શ્રેયને કાજે પોતે તો જીવવું ચહે,
તે વિના જીવવાનો કો જિજ્ઞાસાને ન અર્થ છે. ૩

'નિશ્ચે મેળવવું પાકું જિવાશે તે વિના નહીં',
એવો નિશ્ચય એને તો ઊગે મરણિયો સહી. ૪

ન્યારા અટપટાં પાસાં જિજ્ઞાસાનાં જ જીવને,
જિજ્ઞાસા ગૂંચવાતી જ્યાં, અટકી અટકી ધપે. ૫

કર્યાં કરે જ ઉકેલ જેનો તેનો સદા પથે,
સંઘરી ના કશું રાખે, જિજ્ઞાસાની શી ટેવ તે ! ૬

પરવારવું જે-તેથી, રાખે મુલતવી ન કૈં,
શાંતિ, નિશ્ચિંતતા તેથી જિજ્ઞાસાને ટકે હૃદે. ૭

ઉશ્કેરાટ ગમે તેવો ને ગમે તેટલો ભલે,
ત્યાં જિજ્ઞાસા પ્રવર્તેલી ધરી પ્રસન્નતા હૃદે- ૮

જાણે તે થકી નોખી હો, નિસ્બત હો, છતાં ન છે,
જિજ્ઞાસા તે રીતે વર્તી જે તે ઉકેલવા ચહે. ૯

જિજ્ઞાસા ચાલમાં પૂરાં વ્યવસ્થા, વ્યવસ્થિતિ છે,
કદી ફંટાય છે પોતે જ્ઞાનના હેતુથી પથે. ૧૦

કેવી અશક્યને પોતે શક્ય બનાવવા મથે !
મથ્યાં મથ્યાં કરી ખંતે મેળવ્યા સુધીયે મથે. ૧૧

જિજ્ઞાસા ચાલની પૂર્ણ પથે નિશ્ચિતતા કશી,
કહી તે ના શકાયે છે આમ કે તેમ કોઈથી. ૧૨

જુએ ના રાહ જિજ્ઞાસા, લાગે જ્યાં ખંચકાતી તે,
નવું કૈં ગ્રહવા ત્યાં શી જાણો તત્પર છે હૃદે. ૧૩

ડૂબે તોયે તરે પાછી કુશળ તરનાર છે,
ફાંફાં કશે ન તે મારે જોવાનું ત્યાં જ દૃષ્ટિ છે. ૧૪

હૈયે ઉમળકો કેવો, ઉન્માદ દિલ ફાટતો !
હર્ષે ફના થતો એવો, પોતાનું ધ્યેય પામતો. ૧૫

માગ્યા કરે છતાં પાછી પોતાનો ટેક ના તજે,
મેળવવાતણા છંદે નશે શી મશગૂલ છે ! ૧૬

મેળવવાતણી ધૂને નશે શી ચકચૂર છે !
એવા શા ઘેનમાંથી તે મેળવી મુક્ત થાય છે ! ૧૭

ચાલીને થોભતી પોતે ઊંડું વિચારવા હૃદે,
કાઢીને સરવૈયું તે લાભાલાભ વિચારશે. ૧૮

જવા આગળ કેડીની જિજ્ઞાસાને ન જાણ છે,
છતાંય ડગલાં તે શી નિશ્ચિંતે ભરતી પથે ! ૧૯

પથેથી ના ચસે પોતે, છતાં ચસી જવાય છે,
સજીવન થઈ પાછી રસ્તે તે આવી જાય છે. ૨૦

વર્તવું યોગ્ય લાગે છે તેમ જીવન વર્તતી,
પોતાના યોગ્ય ઈશારે ભરી તે ડગ ચાલતી. ૨૧

જે તે આવે પથે તેને સ્હેવું ઉમળકાથી તે,
જિજ્ઞાસા જાગી છે એવો એવું પ્રેમે સહ્યા કરે. ૨૨

ધપતાં ધપતાં પંથે એને વિશ્વાસ શો બઢે !
હૈયે હિંમત ધારીને તેથી નિશ્ચિંત થૈ વધે. ૨૩

કદીક તે પડે પાછી, કદીક પછડાય છે,
કદી હણાય તે તોયે શી અણનમ તે ઊભે ! ૨૪

સ્વચ્છંદે ચાલવાકેરી જિજ્ઞાસાની ન રીત છે,
ડગલાં છે વ્યવસ્થાનાં એનાં તો ચાલવા વિશે. ૨૫

જિજ્ઞાસા આદરે છે જે પૂર્ણ કર્યા વિના કદી-
સ્વપ્ને આરામ ના લે છે, મથ્યા કરે મરી મરી. ૨૬

જિજ્ઞાસા કીમિયો જાણે 'કાઢી કચાશ નાખવી',
'પાત્રાને ઘડવું યોગ્ય' જિજ્ઞાસાની કળા ખરી. ૨૭

બીજાનું માનવા જેવું જિજ્ઞાસા તે સ્વીકારતી,
છતાં પોતે ન કોઈને શીખ કે બોધ આપતી. ૨૮

'પાછલું ફરીથી અર્થ ઉખેળવાતણો ન છે',
જિજ્ઞાસા જાણીને તેવું વર્તમાને રમ્યા કરે. ૨૯

જિજ્ઞાસાને અનોખી શી મૂળે સ્વતંત્ર ચાલ છે !
ભુલભુલવણીમાં તે માર્ગને ખોળી કાઢશે. ૩૦

હાંફળી ફાંફળી પોતે કદીક બનતાં પથે,
જિજ્ઞાસા અંતરે ત્યારે વળીને ડોકિયું કરે. ૩૧

શી અંતર્મુખ જિજ્ઞાસા સંપૂર્ણ હૃદયે થતાં,
યોગ્યાયોગ્યતણું ભાન અંતરે પ્રગટે તદા. ૩૨

વાંકીચૂકી કદી પંથે વહેતી નદીની રીતે,
ચીલો સ્વતંત્ર પોતાનો જિજ્ઞાસા પાડતી પથે. ૩૩

જિજ્ઞાસા નિઃસ્પૃહી પૂર્ણ, ભળે તોયે જુદી તરે,
રહે તરતી તેથી તે ભળે તેનું લહે રૂપ. ૩૪

જિજ્ઞાસા જાણવાનું જે જાણી તે વર્તીને સદા,
સત્ય, તત્ત્વ લઈ જાણી આગળે ધપતી તદા. ૩૫

જે જે આવી મળે તેનો અસ્વીકાર નહિ કરે,
જિજ્ઞાસાનો ખરો કેવો વિવેક તત્ત્વદર્શી છે ! ૩૬

જેમાં તેમાં પ્રવેશીને તેમાં તેમાં મરી જઈ,
નવો જન્મ તે શો લે ! એ જિજ્ઞાસાની ચાલ શી ! ૩૭

શિસ્ત શી કારમી ભારે જિજ્ઞાસા તો પળાવતી !
અવ્યવસ્થિતતા તે કૈં સાંખી લેતી નથી કદી. ૩૮

'અસંદિગ્ધપણું કોઈ જાતનું જીવને કશું,
-જિજ્ઞાસા સ્ફોટ પાડે ને' તે અનુભવ આવતું. ૩૯

જિજ્ઞાસા પરખાયે છે ચાલવાથી કરી પથે,
एनो उन्माद ભારે શો ! ગણકારે ન વિઘ્ન કૈં. ૪૦

અભ્યાસ ચાલવાનો છે એકધારો જ જીવને,
કહેવું ના પડે એને, ઈશારો માત્ર કાફી છે. ૪૧

ખમે છે જેવું જિજ્ઞાસા તેવું ખમી ન કો શકે,
તપે તે જેવું, તેવી ના તપશ્ચર્યા કરી શકે. ૪૨

શી સંપૂર્ણપણે પોતે જિજ્ઞાસા તો સ્વતંત્ર છે !
ધ્યેયના હેતુની રીતે જિજ્ઞાસા વર્તતી પથે. ૪૩

જિજ્ઞાસાની નથી હોતી સ્થિતિ સંતોષકારક,
જ્વાળા પેઠે જલે હૈયું અસંતોષે છતાં ધીટ. ૪૪

જિજ્ઞાસાની નીતિ, રીતિ સળંગ એકધારી તે-
-ક્યાંયે ના સરખી લાગે એવી મૌલિક શી પથે ! ૪૫

•

## અધ્યાય ૯ : સામર્થ્ય

(અનુષ્ટુપ)

'શું શાંતિભર્યું સામર્થ્ય પ્રેરે જીવનમાં નર્યું',
પ્રેરેલો ગુણ તે એવો જિજ્ઞાસાનો પ્રમાણવો. ૧

'ભાંગેલાં મનને ભાવે જોડવાનો જ કીમિયો',
-જિજ્ઞાસા એકલી પાસે, નિષ્ણાત કાર્ય માટ તે. ૨

જોઈ વિચારીને વર્તે જિજ્ઞાસા જેવું જીવને,
તેવા વિવેકથી બીજું કોઈ વર્તી ન તે શકે. ૩

પોતાને કરવાનું જે સદા તે કરવા વિશે-
જિજ્ઞાસા કેવી એકાગ્ર કેંદ્રિત દિલમાં વસે ! ૪

એને ના જંપવા વારો, જંપેલી લાગતી કદી,
છતાં અભરખો એને કેવો કેવો બધાંમહીં ! ૫

સર્વનો ક્યાસ કાઢે છે જિજ્ઞાસા દિલ માપીને,
જાણવા ખપનું શું તે જિજ્ઞાસા હોશિયાર છે. ૬

તેવી મસ્તી થકી ભાવ ઊંડે ઊંડે જ અંતરે-
-ઊતરી ઊતરી હાર્દ પામવા પ્રાણ જોતરે. ૭

જિજ્ઞાસા જાગતી તેને હૈયાવરળ તીવ્ર છે,
એકની એક વાતે તે પરોવાયેલ મગ્ન છે. ૮

ચિરાયેલું ભલે છો હો હૈયું પૂરેપૂરું, છતાં-
-જિજ્ઞાસા સાંધવું જાણે એને ઠીક કરી સદા. ૯

‘પ્રાપ્ત સમયનો કેવો ઉપયોગ કરે સદા’,
જિજ્ઞાસા તેની કેવી છે તે વડે સમજાય ત્યાં. ૧૦

હો તલસાટ શો તીવ્ર વર્તને ફૂટી નીકળે !
તે જિજ્ઞાસાતણું એવું લક્ષણ છે અનુભવે. ૧૧

અખૂટ પાર વિનાનાં ઉત્સાહ, ખંત, ઉદ્યમ,
ફુવારા જેમ ફૂટે છે, જિજ્ઞાસા તેવી ઉત્તમ. ૧૨

મસ્તી યૌવનની કેવી હો છલકાતી જીવને !
જિજ્ઞાસા તેવીને જાણો યોગ્ય પ્રકારની પથે. ૧૩

અનેક જાતના કેવા હુમલા પર હુમલા-
આવ્યા કરે, છતાં પોતે શી સમર્થ નિવારવા ! ૧૪

આરપાર જતી પોતે જિજ્ઞાસા વેધી વેધીને-
-અટકે ક્યાંક તો તેનું રહસ્ય ખોળવા ચહે. ૧૫

જિજ્ઞાસાને સદા શોખ ધારવા શું નવું નવું !
એક એકથી શું જુદું પરિધાન અનોખું શું ! ૧૬

જિજ્ઞાસા એકલી તોયે પૂરેપૂરી શી મર્દ છે !
પહોંચી તે વળે એવી છોને રાડ ભલે પડે. ૧૭

જિજ્ઞાસા હાર્દનો ભાવ જ્યારે અખંડ પૂર્ણ છે,
રૂપાંતર થવા માંડે વૃત્તિઓતણું તે સમે. ૧૮

મળની કેટલી જાત, દોષનુંયે જ તેવું છે,
મળ ને દોષ જિજ્ઞાસા તે હણનારી યોગ્ય છે. ૧૯

જિજ્ઞાસા જેવી બીજી ના પરાક્રમી ખરેખરી,
જીવે પોતાની રીતે તે ગુણ ને ભાવ દાખવી. ૨૦

તરવરાટ છે ભારે, ઉશ્કેરાટ છતાં નથી,
વર્તે ધૈર્યથી, જિજ્ઞાસા પોતે એવી સ્વભાવથી. ૨૧

જિજ્ઞાસાની યુવાનીને મર્યાદા અંત છે નહિ,
વધુ મસ્ત અને મસ્ત આયુષ્ય વધતાં થતી. ૨૨

જિજ્ઞાસાની યુવાનીની મસ્તીની ભરતીતણી-
અકલ્પ્ય કથની એ તો અનુભવે પ્રિછાય શી ! ૨૩

વાવાઝોડાં ચઢી કેવાં તોફાને તંગ દિલ જ-
-કરી મૂકે, તહીં આમ જિજ્ઞાસા શાંત પાડી દે. ૨૪

પામે પામે છતાં કેવી તે ભુખાળવી છે હજી !
ભૂખને એની ના અંત પૂર્ણ પામ્યે ધરાય શી ! ૨૫

માનવાપણું ના એને જાણવાપણુંયે નથી,
સ્વાનુભવથી પ્રત્યક્ષ જિજ્ઞાસા ગ્રહશે લહી. ૨૬

ઉત્કટ જેમ જિજ્ઞાસા તેનો પ્રભાવ કેટલો !
છતાં અંજાઈ જિજ્ઞાસા જવા દે ના પ્રભાવથી. ૨૭

પોતે અમુક મર્યાદા ઓળંગી જાય છે તદા,
પડવાપણું પાછા તે જિજ્ઞાસાને થતું જ ના. ૨૮

સૂક્ષ્મથી સૂક્ષ્મ શા દેશે, દર્શાવી પ્રકૃતિ પથે !
ચહે ભોળવવા, કિંતુ જિજ્ઞાસા ઓળખાવી દે. ૨૯

સમારંભ કરે પોતે આગળે ધપવા પથે,
જિજ્ઞાસાનાં બધાં કર્મ હેતુથી જ્ઞાનવર્ધકે. ૩૦

મંત્રમુગ્ધ કરી હૈયે તે સંપૂર્ણ ઠસાવવા,
જિજ્ઞાસા મથતી કેવું અનુભવે પ્રિછાય ત્યાં. ૩૧

સમૂળાં પાપનાં મૂળ ભાવથી ઊખડી જતાં,
પ્રવર્તતાં શી જિજ્ઞાસા અનુભવાય છે તદા ! ૩૨

પચાવવાની શક્તિ શી અતૂટ ને અખૂટ છે !
ગમે તેને પચાવી તે જિજ્ઞાસા શકતી ખરે. ૩૩

કારમા ઘોર સંગ્રામ જીવને આવી શા પડે !
બુદ્ધિ બહેર મારી ત્યાં જાય, તે પળ તોય તે- ૩૪

-જિજ્ઞાસા કેટલી કેવી લીધા ટક્કર તે કરે,
કટકા થાય, કિંતુ શી ઝઝૂમી ઝઝૂમી લડે ! ૩૫

નમતું ના કદી જોખે મર્દ માનવી યુદ્ધમાં,
જિજ્ઞાસાનુંય તેવું છે ઝૂઝી પડે વિપત્તિમાં. ૩૬

ડગલું માંડવું એક જિજ્ઞાસા ન્હોતી જાણતી,
છતાં તે ચાલતાં શીખી, આગળે શી વધ્યે જતી. ૩૭

કાળ તે કાળનું કામ ભજવે જેમ જે રીતે,
જિજ્ઞાસા તે બધું જાણે, એને અજાણ્યું ના કશે. ૩૮

જિજ્ઞાસા જેવું આપે તે આપવા કો સમર્થ ના,
જિજ્ઞાસા જન્મદાત્રી શી બક્ષે જીવન દિવ્યતા ! ૩૯

•

## અધ્યાય ૧૦ : એકાશ્રય

(અનુષ્ટુપ)

ભાવની શક્તિનો પૂર્ણ શો વિસ્તાર થયા કરે !
સ્પર્શે તે ભાવ જ્યાં, તેના તત્ત્વનું મૂળ તે લહે. ૧

ભક્તિનું ઘેલું લાગ્યું છે જિજ્ઞાસાને હૃદે ખરે,
છેક શા તળિયે પ્હોંચે જાગેલા ભાવના બળે ! ૨

જિજ્ઞાસાને ધીમે ધીમે એવી જાણ થતી પથે,
તેથી તે જે કરે તેમાં एकने ભજતી હૃદે. ૩

ગમે તે હો છતાં તેમાં एकનું મૂળ હોય છે,
एक મૂળ વિના ક્યાંયે અસ્તિત્વ કોઈનું ન છે. ૪

પોતે સાવ ઠરેલો છે, સંપૂર્ણ નિષ્ક્રિય ભલે,
ક્રિયાશીલ છતાં પાછો, બંને એકબીજા વિશે. ૫

એક પાસાતણાં કર્મનો ધર્મ જે ખરો હશે,
તે ધર્મભાવમાં ભાવ બીજાએ શા ભળ્યા જશે ! ૬

કશુંયે એકલું ના છે, સંકળાયેલ શું બધે-
-અનુસંધાનમાં જે તે એક બીજાની સાથ છે. ૭

સર્વત્ર એક વ્યાપેલું બ્રહ્માંડે સચરાચરે,
છતાં જુદાં જુદાં રૂપે વૈવિધ્ય एकમાં શું છે ! ૮

કેવી સ્વયંભૂ જિજ્ઞાસા ! પોતાનો ગુરુ આપ છે,
બીજાં પાસે ભલે શીખે, એકનું એક કિંતુ તે. ૯

જે લે શરણું ભાવેથી જિજ્ઞાસાનું ચહી હૃદે,
જિજ્ઞાસા દાખવી તેને પ્રેમ, કેવો ઉછેરશે ! ૧૦

•

## અધ્યાય ૧૧ : પરિણામ

(અનુષ્ટુપ)

શી સમન્વય સંપૂર્ણ સંવાદિતાની પ્રક્રિયા-
-જીવને ફળતી ર્‌હે છે જિજ્ઞાસાભાવથી તદા ! ૧

गुण ने भावशक्तिथी સમૃદ્ધ થાય જીવન,
જિજ્ઞાસાભાવ નિષ્ઠાથી ફળે તે તે જ ઉન્નત. ૨

સંપૂર્ણ એકતા કેવી વૈવિધ્ય અંતરે ઝરે !
જિજ્ઞાસાનું પરિણામ તેને જાણવું નિશ્ચયે. ૩

કેવી વૈવિધ્યતા મૂળે અંતર્ગત રહેલ છે !
જીવને એકતાની શી સંવાદિતા ઠરેલ છે ! ૪

થાય ત્યાં ભૂમિકા એવી જીવન પાકતું જતું,
છોળો સમૃદ્ધિની ઊઠી કેવું જીવન મ્‌હેકતું ! ૫

છે મૂળભૂત તત્ત્વો જે જીવને ઉપયોગનાં,
જિજ્ઞાસા જીવને તેને ઉગાડે, યોગ્ય તે થતાં. ૬

ઉત્તમોત્તમ જે લાગે જીવને તત્ત્વમૂલક,
જિજ્ઞાસા સંપડાવે તે પ્રેરાવીને અનુભવ. ૭

વિવેકબુદ્ધિથી થાય જેનો સ્વીકાર જીવને,
જિજ્ઞાસા તેવું પ્રત્યક્ષ વર્તાવીને ફળાવશે. ૮

તત્ત્વના હાર્દનો મર્મ જિજ્ઞાસા ચૂસી જાણતી,
તેથી જીવનમાં પૂર્ણ તે માલદાર શી થતી ! ૯

જિજ્ઞાસાનો જ સંપૂર્ણ આનંદાશ્ચર્ય જીવને-
સ્પર્શાવીને કરાવે છે શા ફેરફાર અંતરે ! ૧૦

સંપૂર્ણ શક્તિસંપન્ન જીવંત શી પ્રણાલિકા-
સંસ્કૃતિ હાર્દનો ભાવ જિજ્ઞાસાથી ઊગે સદા. ૧૧

પવિત્ર સંસ્કૃતિ કેવી સમૃદ્ધ ને વિરાટ છે,
જિજ્ઞાસા શાં કરાવે છે દર્શન તે અનુભવે ! ૧૨

શો પરિશ્રમ ભારે ને સંવાદિતા, સમન્વય-
જિજ્ઞાસા એ ત્રણેનો શો સાધે સુમેળ અંતરે ! ૧૩

સંવાદી તે થયા વિના યોગ્યતા નવ સાંપડે,
શક્તિ ફળાવવા યોગ્ય, સંવાદિતા શી યોગ્ય છે !
સાધને ! ૧૪

કેંદ્રસ્થાને જરૂરી શાં સંવાદિતા, સમન્વય !
તેવાં તેવાં બળે થાય જીવન ગૌરવાન્વિત. ૧૫

જન્મે  પ્રલયકારી શી અવ્યવસ્થા પ્રચંડ તે !
છિન્નભિન્ન કરી નાખે સૌ ઉલટાવી જીવને. ૧૬

જિજ્ઞાસા તેવી વેળાએ મૂર્છામાં તે ભલે હશે,
કિંતુ તે મર્દની પેઠે બેઠી થતી શી જીવને ! ૧૭

જે સમન્વય જાગે તે સ્વરૂપ સ્નેહ-પ્રેમનું,
થતાં અણગમો કૈંક સંઘર્ષ ક્લેશ જાગતો, ૧૮

ઘૃણા ને લઘુતાગ્રંથિ, અજ્ઞાન, અસહિષ્ણુતા,
નિષ્ઠા ના ઊગી, તેવાને કેટલી એવી અંધતા ! ૧૯

ગુણ માનવતા ફોરે આત્મશ્રદ્ધા, સહિષ્ણુતા,
શાં સમભાવ જન્માવે વિશાળતા, ઉદારતા ! ૨૦

કેવી પરોપકારી છે જિજ્ઞાસા નિત્ય જીવને !
કેવા કેવા ગુણોની શી ભેટ દીધા કરે પથે ! ૨૧

જિજ્ઞાસા શો ઉગાડે છે સંસ્કૃતિ અર્ક જીવને !
જિજ્ઞાસા વરી છે તેવા જીવને બડભાગી છે. ૨૨

નેતૃત્વ જીવને માથે જિજ્ઞાસા શી સ્વીકારી લૈ,
ભાવિને ઘડવાકેરી દર્શાવે કૂંચી જીવને. ૨૩

•

હરિઃૐ

# ખંડ : ૩ : જિજ્ઞાસાનું સ્વરૂપ

## અધ્યાય ૧ : પ્રકાર વિવરણ

(અનુષ્ટુપ)

જેવા પ્રકારની જેવી, જિજ્ઞાસા તેમ જીવને-
વર્તાવી તેમ આકાર લેવાને એ મથાવશે. ૧

ત્રણેક જાતનાં કેવાં, જિજ્ઞાસાનાં સ્વરૂપ છે !
કનિષ્ઠ, મધ્યમા, ઊર્ધ્વ જ્વાળામુખી શું લક્ષણે ! ૨

કનિષ્ઠા, મધ્યમા, એવી જિજ્ઞાસાથી વિકાસને-
ફૂટે છે ઊર્ધ્વ પાંખો ના, સંસ્કાર કેળવાય છે. ૩

જિજ્ઞાસાના પ્રકારો છે, કેવા કેવા અનેક તે !
ઊર્ધ્વગામી કરાવે તે, જિજ્ઞાસા યોગ્ય જીવને. ૪

ઉત્કૃષ્ટ ઊર્ધ્વ જિજ્ઞાસા, પ્રગટાવે સળંગતા,
વળી અખંડતા એવી જીવન પલટાવશે. ૫

શી ધગધગતી જિજ્ઞાસા, ઊર્ધ્વ જીવન પ્રેરવે !
બાકીની બીજી જિજ્ઞાસા, જોમ એવું ન દાખવે. ૬

કૂળી કૂળી શી જિજ્ઞાસા મૂળે નાનકડી ખરી !
તે વેળા કાળજી પૂરી એની તો રાખવી રહી. ૭

જિજ્ઞાસાને કુનેહેથી સાચવી રાખવી પડે,
પડે ઉછેરવી એને સીંચી ભાવે કળે કળે. ૮

ગુંજાશ શરૂમાં ના હો, પ્રવેશતાં પથે વધે,
પછી તો एनी શક્તિ શી પારાવાર ઊગ્યા કરે ! ૯

જિજ્ઞાસાને મળે મોકો પોતાને યોગ્ય જોઈતો,
જેમાં તેમાંથી વાળી લે પોતે વળાંક આગવો. ૧૦

જે સર્વ ચાલ્યું આવેલું ને જે પરંપરાગત-
-ઉલટાવી બધું નાખે જિજ્ઞાસાનો જ તે ક્રમ. ૧૧

જિજ્ઞાસા કામ લેવાનું ને જાણે પ્રીછવાનું તે,
ખરો અંતરનો ગર્ભ જિજ્ઞાસા લઈ વિરમે. ૧૨

પૃથક્કરણ સંપૂર્ણ પોતાનું ચારેબાજુથી,
ઊંડામાં ઊંડું જિજ્ઞાસા કર્યા વિના રહે નહિ. ૧૩

જિજ્ઞાસા તો કરાવે છે માર્ગદર્શન જીવને,
આડંબર જરાકેયે એને જીવન ના મળે. ૧૪

શો જિજ્ઞાસાતણો માર્ગ સચોટ દિલસ્પર્શી છે !
કૃત્રિમતાતણો લેશ અંશ તેમાં ન હોય છે. ૧૫

જિજ્ઞાસા તો ચઢાવે છે અનુભવ કસોટીએ,
જાણી મૌલિકતા જોતાં નિરાંત ત્યાં અનુભવે. ૧૬

જિજ્ઞાસા શી દૃઢાવે છે ઈશ્વર અભિમુખતા !
તત્ત્વજ્ઞાનતણી ભૂખ, ગાઢ એકાગ્રતા મહા. ૧૭

'કોઈ નિમિત્તારૂપે ને કર્મ તે હેતુપૂર્વક-
-જીવનમાં મળેલું છે' જિજ્ઞાસા જાણતી દિલ. ૧૮

પોતાની મેળ હૈયામાં જાણી વિચારપૂર્વક,
જિજ્ઞાસા તેમ વર્તે છે જીવને જ્ઞાનપૂર્વક. ૧૯

જિજ્ઞાસા વર્તને કેવો સ્પષ્ટ નિર્લેપ ભાવ છે !
કેવી અગ્નિ પરીક્ષામાં પસાર તે કરાવશે. ૨૦

જિજ્ઞાસા લ્હે લગાડે છે સ્વતંત્ર મુક્ત તો થવા,
સમર્પણ કરાવે તે સર્વસ્વનું પદે તદા. ૨૧

ભાવ ઉન્માદ હૈયામાં હોમાઈ પૂરું ત્યાં જવા,
કેવો હર્ષ સ્ફુરાવે છે, જિજ્ઞાસા શક્તિ પામવા ! ૨૨

મનાદિ ઇંદ્રિયોકેરી સ્ફુરણા સ્ફુરતાં તદા,
જિજ્ઞાસા જાગૃતિ પ્રેરે તેવા ભાવે જ વાળવા. ૨૩

જિજ્ઞાસા જીવને બક્ષે જાગૃતિ ને સભાનતા
-ધ્યેય પરત્વેની હૈયે નિષ્ઠાની શી પરંપરા ! ૨૪

જિજ્ઞાસામાંથી ઊગેલી સંકલ્પશક્તિને વળી
-ક્યાંયે સરહદો ના છે, બધે પૂગી વળે મથી ! ૨૫

મથવું, ચિંત્વવું પાછું પૃથક્કરણ બેઉનું-
-કરી, તપાસી લૈ પાસાં ગ્રહી, આગળ ચાલવું. ૨૬

જિજ્ઞાસા કેટલી વાર શી અચાનક ફોરતી !
જડે કારણ ના તેનું આકસ્મિક છતાં નહીં. ૨૭

હાથ, પગથી જિજ્ઞાસા ભારે પ્રયત્ન શો કરે !
લેવો આરામ ના જાણે જિજ્ઞાસા નિત્ય ઉદ્યમી,
ખંતીલી. ૨૮

પ્રચંડ શી વિચારોમાં જબરજસ્ત શક્તિ છે !
વિકાસ કેંદ્રમાં શક્તિ શી વિચારોની ઑર છે ! ૨૯

તલવારની શી તેજ ધાર તે અણીદાર છે !
જિજ્ઞાસાતણીયે ધાર એનાથી પાણીદાર છે. ૩૦

જિજ્ઞાસાભાવ ઊગે છે જેને, તેના હૃદે રમે-
-જિજ્ઞાસા હેતુનું ભાન, જેથી ધ્યેય ફળ્યા કરે. ૩૧

જિજ્ઞાસા સમું કોઈ ના ધક્કેલનાર જીવને,
રખાવે ભાન પોતાનું જાગૃતિ, દક્ષતાપણે. ૩૨

છે સ્વતંત્ર શી જિજ્ઞાસા ધ્યેય જીવન વર્તને !
કોરી દે શારડી પાર જિજ્ઞાસા તેમ જીવને. ૩૩

શરત બીજી તે કોઈ જિજ્ઞાસા ન સ્વીકારશે,
એને શરત પોતાની છે પોતાના જ વર્તને. ૩૪

જીવને ક્યાંય જિજ્ઞાસા ના જડબેસલાખ છે,
ને ભારેખમ જિજ્ઞાસા વર્તને લાગતી ન છે. ૩૫

શી મુલાયમ જિજ્ઞાસા આદર્શ ભાવ વર્તને !
વળવું હોય જ્યાં જેમ તેમ ત્યાં તે વળી શકે. ૩૬

જિજ્ઞાસા ચોકઠા જેમ ક્યાંયે સજ્જડ તે ન છે,
છતાં સ્વચ્છંદતાને તે જિજ્ઞાસામાં ન સ્થાન છે. ૩૭

યદ્વાતદ્વાપણું ક્યાંયે જિજ્ઞાસામાં ન કૈં મળે,
એને નિયમ પોતાના, પોતાના વર્તને જ છે. ૩૮

•

## અધ્યાય ૨ : અગ્નિ

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા થકી હૈયામાં તીવ્ર ભાવાગ્નિ શો જલે !
ભસ્મ સૌ કરવા યોગ્ય એવો અગ્નિ સમર્થ છે. ૧

જિજ્ઞાસા અગ્નિને પૂરો રાખવાને ભભૂકતો,
ભાવઆહુતિ હૈયાથી પ્રાર્થી પ્રાર્થી જ આપજો. ૨

કરે ચીવટથી કર્મ કાળજી, ખંતપૂર્વક,
દીર્ઘ દૃષ્ટિ ધરાવીને જિજ્ઞાસા વર્તતી પથ. ૩

બંધનો કાપવા કેવું પડે ઝૂઝવું જીવને !
કૈંક મથામણો કેડે શુદ્ધિથી શક્તિ પાંગરે. ૪

વૈરાગ્ય જીવને જેને કેળવાયેલ છે ખરો,
વિકાસે દાખવે કેવું અતૂટ બળ જીવને ! ૫

જિજ્ઞાસા તો થવા શૂન્ય જીવને સર્વ રીતિયે,
મથાવી તે પ્રમાણેનું વર્તાવે નિજ જીવને ! ૬

જિજ્ઞાસા અગ્નિની પેઠે, ભભૂકે, ઝબૂકે વળી,
પડે કદીક તે ઠંડી, કિંતુ બુઝાય તે નહીં. ૭

ભભૂકી અગ્નિની જેમ જિજ્ઞાસા અંતરે જલે,
તે વેળાએ પરિપાક શો આપમેળે ઊતરે ! ૮

જ્વાળામુખી સમી જ્યારે, જિજ્ઞાસા પ્રજ્વળે હૃદે,
સુંદરમ્ ને શિવમ્ સત્યમ્કેરાં દર્શન આપશે. ૯

●

## અધ્યાય ૩ : ગુણ પ્રેરક

(અનુષ્ટુપ)

સાહસ, બળ, આરોગ્ય, શૌર્યાદિ અપનાવવા-
-જિજ્ઞાસા કેટલી સેવે હૃદે તત્પરતા સદા ! ૧

ગુણ, ભાવ અને શક્તિ હૈયામાં નિત્ય ધારવા,
જિજ્ઞાસા વિણ તે કોણ કરાવે યોગ્ય ભૂમિકા ? ૨

ઉદ્યમ, ખંત, ઉત્સાહ, શૌર્ય, હિંમત, સાહસ-
ત્યાગાદિના ગુણો શોભે, જિજ્ઞાસા ગુણચાહક. ૩

કારમી ઘોરમાં ઘોર નિરાશાના પ્રવાહમાં-
-તણાશે ના, પળે તેવી જિજ્ઞાસા તારવા મથે. ૪

પ્રલયયુક્ત કેવાંયે તાંડવો ઉદ્ભવે પથે !
જિજ્ઞાસાભાવ નિવાર્યાં તે કરી, મોકળાશ દે. ૫

ભાગી ના તે જવા દે છે, જકડી પંથ જોડશે,
જીવનકર્મમાં જોડી જિજ્ઞાસા પંથ પ્રેરશે. ૬

ચલાવી લેવું ચાલે ના, જિજ્ઞાસાને ન પાલવે,
જેવું તેવું ગમે તેવું જિજ્ઞાસાને ન ચાલશે. ૭

કર્તવ્ય આજનું જે હો સંપૂર્ણ, યોગ્ય તે થતાં,
કાલના કર્મની સ્પષ્ટ હૈયાસૂઝ ઊગે તદા. ૮

આજનો ધર્મ પાળીશું ભાવથી, યોગ્ય રીતથી,
કાલનું કોકડું પૂર્ણ મેળે તે જાય ઊકલી. ૯

વ્યવસ્થિત બધું જે તે, વ્યવસ્થિતિ સુયોગ્ય તે-
-જિજ્ઞાસા માગી તે લે છે, તેને પરવડે જ તે. ૧૦

પડતાં પાછું જિજ્ઞાસા કૂદકો ભૂસકો ભરી,
છલાંગો કેવી મારે છે ! કેટલુંયે જતી તરી. ૧૧

કદીક પગથી ચાલે, કદીક પાંખથી ઊડે,
વિમાન ઝડપે વ્યોમે જિજ્ઞાસા પ્હોંચવા મથે. ૧૨

જીવને જે થવું યોગ્ય, તેમ તે કાળમાં થવા-
-જિજ્ઞાસા બુદ્ધિ પ્રેરાવી, વર્તાવે યોગ્ય ત્યાં સદા. ૧૩

જિજ્ઞાસામાંથી જન્મે છે, શ્રદ્ધા શી પ્રેરણાત્મક !
શ્રદ્ધા તે ફળતી કર્મે જીવને ચેતનાત્મક. ૧૪

જીવને જેમ સંજોગો, પ્રસંગો જેમ સાંપડે,
તે કાળે વર્તવું કેમ જિજ્ઞાસા તે બતાવશે. ૧૫

જવા ઓળંગી મર્યાદા જીવને કાળ સાંપડ્યે,
દે છે બતાવી જિજ્ઞાસા ચેતાવી ચેતવી હૃદે. ૧૬

ગુણ ને દિલનો ભાવ જોડે વિકાસક્ષેત્રમાં,
જિજ્ઞાસાથી ઊગે ભાવ, છતાં ભાવ સ્વતંત્ર છે ! ૧૭

પૂર્વ પરંપરાના તે રૂઢ સંસ્કારથી કરી,
હો ઘેરાયેલ જે ચિત્ત ગ્રહે સત્ય શી રીતથી ! ૧૮

પ્રચંડ ગઢ જે એવો તેનેય જીતવા શૂરી,
-જિજ્ઞાસાને શી શક્તિ છે તીવ્ર તન્મયતા ભરી ! ૧૯

ગુણવત્તાનું પ્રત્યક્ષ પ્રમાણ વ્યક્ત લક્ષણ,
વિકાસ પામતું પોતે દેખાય જીવને પથ. ૨૦

પ્રેમ ને કરુણા ભાવ આ કુળના ભાવ તે બીજા,
આકાર જીવને લેતાં અનુભવાય છે સદા. ૨૧

સંચાર શક્તિનો હૈયે અનુભવાય જીવને,
એવા અનુભવે કેવી નિરાંત છે હૃદે ! ૨૨

કર્યા જ કરવાથી તે શો અવિશ્રાંત ઉદ્યમ !
વળગી એકધારું તે ર્‌હેવાથી પ્રાપ્ત તે ફળ. ૨૩

જિજ્ઞાસા શી પ્રવેશીને મળી, હળી, ભળી, ગળી,
-એકરસે થતાં, જાણી લે છે જ ગુણધર્મથી. ૨૪

જિજ્ઞાસાને પડી ટેવ પ્રતીક્ષા કરવાતણી,
શી ઝંખના, છતાં પાછી આકાંક્ષા હદપારની. ૨૫

જિજ્ઞાસાથી ઊગે શક્તિ જીવને બળવત્તાર,
તે ઉપયોગમાં આવી આપે શો યોગ્ય ઉત્તર ! ૨૬

શી સાહસિક જિજ્ઞાસા જિદ્દી કદીક તે બને,
પૂછડું પકડેલું તે મૂકે કેમે કરી ન તે. ૨૭

કેટલી વાર તે હારે છતાં પાછી પડે નહીં,
કેડ બાંધી ઝઝૂમે છે જીતવા યુદ્ધ ભાવથી. ૨૮

યુદ્ધે ઝઝૂમવાકેરી મર્દાનગીતણી ખૂબી-
-જાણે તે મર્દ જે યોદ્ધો ભાંગે તોય ખસે નહીં. ૨૯

જિજ્ઞાસા જેવું ખંતીલું બીજું કોઈ મળે નહીં,
કૉલ આપી દીધા કેડે સાથ છોડે ન તે કદી. ૩૦

જિજ્ઞાસા તીવ્ર હો તેના આનુવંશિક જે ગુણો,
સાથે સાથે ઊગી ખીલે બક્ષે છે ભાવશક્તિ સૌ. ૩૧

સંસ્કૃતિના પચેલા છે આદર્શો મૂળભૂત શા !
જિજ્ઞાસા શીખવે એને જીવને પ્રગટાવવા. ૩૨

તાદાત્મ્ય સાથ તાટસ્થ્ય જીવને બેઉ સાથમાં-
-વર્તતાં લાગતાં કેવાં જિજ્ઞાસાભાવ હેતુમાં. ૩૩

જીવનની પ્રતિષ્ઠાનાં કેવાં શાં મૂલ્ય સાંપડે !
જિજ્ઞાસાથી ચલાતાં જ્યાં અનુભવે પમાય તે. ૩૪

જીવનક્રાંતિના પાસાં જિજ્ઞાસાથી કરે ખીલ્યા,
જૂનાંનું હાર્દ પામીને નવો વેશ કરે ધર્યા. ૩૫

મહિમા સુવ્યવસ્થાનો જિજ્ઞાસાભાવ જાગતાં,
મહત્ત્વ શું વિકાસે તે આપમેળે પમાય ત્યાં. ૩૬

સુવ્યવસ્થા પ્રકારો તે લાગે છે ભિન્ન શા પથે !
છતાં એકત્વ તેમાં છે, જિજ્ઞાસા તેમ વર્તશે. ૩૭

જીર્ણ થઈ ગયું છે જે, વૃથા જે ભારરૂપ છે,
જિજ્ઞાસા ત્યાગી દેવા તે કેવી તત્પર દિલ છે ! ૩૮

જિજ્ઞાસા દિલ જીવંત છે સનાતન, ઉદ્યત,
ત્યાગી ને પરમાર્થી તે શી વળી નિત્ય નૂતન ! ૩૯

•

(અનુષ્ટુપ)

સહારો કોઈનો ક્યાંયે સોબત કોઈની નથી,
અમૂલ્ય સથવારો ત્યાં જિજ્ઞાસાનો રહે મળી. ૧

જિજ્ઞાસા કેવી સ્નેહાળ આપ્તજનની ઓથ છે !
જિજ્ઞાસા દિલસંબંધ બાંધી જાણે ખરો હ્રદે. ૨

જિજ્ઞાસા છે વફાદાર પોતાને શી નિરંતર !
છેહ દઈ શકે ના તે પોતાને ક્યાંય કો ક્ષણ. ૩

આંટીઘૂંટી પથે કૈં કૈં આવી તે ગૂંગળાવશે,
જિજ્ઞાસા તે પળે દોડી કુમકે આવી પ્હોંચશે. ૪

જેમણે જેમણે લીધો જિજ્ઞાસાનો જ આશરો,
થયો તે સર્વનો કેવો જીતવાનો જ મ્હાવરો. ૫

અદકપાંસળિયો છો, જિજ્ઞાસા કિંતુ જીવને-
-એવા સ્વભાવને કેવો યોગ્યમાં ફેરવાવશે ! ૬

તમસે આવરાઈ ને, પૂરા નિષ્ક્રિય પૂર્ણ છે,
જંપ લેવા ન દે ત્યાંયે, જિજ્ઞાસા એવી મિત્ર છે. ૭

ક્યાંયે તે ઠરવા ના દે, મથાવ્યા કરવા ચહે,
નિરાંતે ઊંઘવા ના દે, શહીદીને વરેલ તે. ૮

આફતો આફતો ઘૂમે ચોમેર વીજકાટકા,
તે ભયગ્રસ્ત વેળા શી જિજ્ઞાસા ઉપયોગમાં ! ૯

ચારેકોરે સૂઝે ના કૈં, સંપૂર્ણ અંધકાર છે,
ડગ આગળ ના સૂઝે, જિજ્ઞાસા ત્યહીં તેજ દે. ૧૦

જેને જાણવું સંપૂર્ણ, કિંતુ જણાતું જે નથી,
જિજ્ઞાસા જાણવા એને મથે અનેક ઉપાયથી. ૧૧

ના આવરાય છે તેથી જિજ્ઞાસા તો કશા થકી,
એક થાય છતાં પોતે તેથી નોખી રહે નકી. ૧૨

કાળાં શાં વાદળાં વ્યોમે, ઘેરાયેલાં પૂરેપૂરાં !
આશાકિરણ ત્યાં ગૂઢ, છુપાયેલું પથે સદા. ૧૩

પૂરેપૂરા ડૂબ્યા છીએ હવે તો બચશું નહીં,
ઓચિંતી આવી પૂગે છે જિજ્ઞાસા આપમેળે શી ! ૧૪

આમતેમ ચસાયે ના એવા ખૂંપેલ કાદવે,
કર્યે પ્રયત્ન ના ફાવો, (ત્યાં) જિજ્ઞાસા ખપ આવશે. ૧૫

અતૂટ સાંકળે સૂક્ષ્મ દિવ્ય તે ચેતના ભણી,
જિજ્ઞાસા જોડવી રાખે, કોઈ અકળ ભાવથી. ૧૬

નિત્ય યૌવનવંતી શી શાશ્વત દિલ સુહૃદ !
એવી જીવંત જિજ્ઞાસા દે બાંયધરી શી દિલ ! ૧૭

•

## અધ્યાય ૫ : સમર્પણ

(અનુષ્ટુપ)

જેવું તેવું ન ચાલે છે જિજ્ઞાસાને ખરેખર,
સપ્રમાણ કળાયુક્ત માગે સર્વ બરાબર. ૧

જાણતી જે નથી તોયે, તેમાં તે માથું મારતી,
હેતુ શો શીખવાનો, તે જિજ્ઞાસા શું ફળાવતી ! ૨

'પોતાનો અર્ઘ્ય આપી દે સંપૂર્ણ ભાવથી પૂરા',
તત્પર જીવને એવી જિજ્ઞાસા વરતાવવા. ૩

જિજ્ઞાસાભાવથી પામો જેને અનુભવ્યું ન હો,
જિજ્ઞાસાને અજાણ્યું ના કોઈયે ક્ષેત્ર, છો નવું. ૪

મડાગાંઠ ભલે ભારે વજ્રમાં વજ્ર જેવી હો,
જિજ્ઞાસા એકલી પંડે ઉકેલી શાંત થાય છે. ૫

જિજ્ઞાસા તે કરાવે છે કેવું આત્મનિરીક્ષણ !
કરાવી બેસી ના તે રહે જંપે કરાવી દર્શન. ૬

જે જે સામે મળે તેમાં જિજ્ઞાસા ભળવા ચહે,
ભળી, જાણી, લહી તત્ત્વ, જિજ્ઞાસા આગળે ધપે. ૭

ચાલે, થોભે, વળી દોડે, શ્વાસ લેવા કદી ઠરે,
પ્રક્રિયા એવી સૌમાંથી તારતમ્ય ગ્રહે હૃદે. ૮

જિજ્ઞાસા ઝંપલાવે છે, યાહોમ કરી સર્વશઃ,
જૂના વેશે ત્યજી સર્વ, જીવે નવું શું જીવન ! ૯

જોઈ સંગ્રામને સામે કેવી બાંય ચઢાવી તે,
તૈયારી દાખવી પૂર્ણ થવા ખુવાર તત્પરે. ૧૦

કદીક બ્હાવરી થાય જિજ્ઞાસા અધીરાઈથી,
એક તે ઝાટકે મૃત્યુ આવકારી ખુશી થતી. ૧૧

જિજ્ઞાસા મરી શી જાણે હર્ષ ઉન્માદના નશે !
વધેરી આપતાં માથું હર્ષ રોમાંચ થાય છે. ૧૨

મરવાપણું ક્યાંયે ના જિજ્ઞાસાને ખરેખર,
જિજ્ઞાસા મરજીવી શી ! વારી મૃત્યુ, જીતે પથ. ૧૩

જિજ્ઞાસાના મળેલા તે ટેકમાં ના કવાણું છે,
રણકો ટેકનો તે શો ! તે શી ન્યોછાવરી કરે ! ૧૪

પ્રીત તે બાંધી જાણે છે, તૂટી ના પ્રીત તે તૂટે,
જિજ્ઞાસા પ્રીતને કાજે દેતાં પ્રાણ નહિ ડગે. ૧૫

શો એકરાર સંપૂર્ણ ખુલ્લે ખુલ્લો થયે જતાં !
જિજ્ઞાસા પ્રેરવી તેવું, થાય આત્મસાત્ આત્મમાં. ૧૬

•

## અધ્યાય ૬ : પ્રકાશક

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા જાગી છે જેને તેનામાં ગુણભાવના-
-પ્રવર્તે આપમેળે ને નિશ્ચયશક્તિ વર્તને. ૧

ડૂબ્યા ડૂબ્યા પૂરા એવું લાગ્યા જ્યાં કરતું પથે,
ક્યાંય આધાર ના ટેકો, જિજ્ઞાસા બાથ ત્યાં ભરે. ૨

ઘેરાયેલા બધી કોર, આશા કો બચવા ન છે,
જિજ્ઞાસા ત્યાં ઉગાડે છે, આશા, પ્રાણ નવા પથે. ૩

માર્યા માર્યા ફરે જ્યાં ત્યાં, સૂકા રણપ્રદેશમાં,
ત્રાહિ ત્રાહિ પુકારો જ્યાં જિજ્ઞાસા રામબાણ ત્યાં. ૪

ભાંગી ગયેલ સંપૂર્ણ, ઊઠવા હામ છે નહિ,
જિજ્ઞાસા પ્રાણ પ્રેરી ત્યાં ઉઠાડે કરને ગ્રહી. ૫

પર્વત જેવડાં મોજાં ભૂક્કા પછાડીને કરે,
શો અગ્નિ રાખમાંથી તે જિજ્ઞાસા જીવતો કરે ! ૬

જિજ્ઞાસા પૂર્ણ જાગેલી ગૂંચ, મુશ્કેલી, કોયડા,
નિરાશા, સર્વને પૂરી છે સમર્થ ઉકેલવા. ૭

પંથે જે અવરોધો હો, તેનું જે મૂળ કારણ,
જાગેલા ના પૂરા એ જ અફળાવાનું કારણ. ૮

દૃઢ નિર્ણયશક્તિ શી ! નિર્ણયશક્તિ મક્કમ,
જિજ્ઞાસામાંથી ઊગે તે વિવેકશક્તિ સક્રિય. ૯

જિજ્ઞાસા દક્ષતા કેવી ચારેકોરતણી પથે-
પ્રેરણાથી જગાડીને રખાવે ભાવમાં હૃદે. ૧૦

જિજ્ઞાસાથી વળેલો જે, આડફંટે થતાં પથે,
શો આપમેળે તે હૈયે ચેતી પાછો સીધો વળે ! ૧૧

કેવા વળાંક આવે ત્યાં ભુલાવામાં પડી જતાં,
જિજ્ઞાસા ત્યાં ઈશારો દૈ, ચલાવે પથમાં સીધો. ૧૨

ભારે વિટંબણાઓને દૃઢ મનોબળે સદા,
કરવા પાર તે કેવી હૈયે અર્પતી પ્રેરણા ! ૧૩

જિજ્ઞાસાતણી શક્તિ ને ભક્તિ દિલ પિછાનવા,
મહત્ત્વ ભાવને ઊંડું દીધું છે હાર્દ પામવા. ૧૪

પમાય ના કદી શક્તિ અંતરે ઝઝૂમ્યા વિના,
સંગ્રામે અંત ના આવે શક્તિ હાર્દ મળ્યા વિના. ૧૫

પાડી કેવી શકે એવી પ્રભાવ સર્વની પરે-
ઈચ્છાશક્તિ હૃદે ઊંડી જિજ્ઞાસાની અજેય છે ! ૧૬

સ્થાપિત કરવા પોતે પોતાની જાતને ખરે,
અદમ્ય વૃત્તિ કેવી તે ધરાવે તીવ્ર અંતરે ! ૧૭

સૂકુંભટ થયું વૃક્ષ, લીલું થવા ન આશ ક્યાં,
જિજ્ઞાસા પ્રાણ પ્રેરે ત્યાં એવી છે દિવ્ય ચેતના. ૧૮

એવી તે ચેતનાશક્તિ સહારે પ્રાણ ઓથ શી !
જિજ્ઞાસા ભાવથી હૈયે ઊગે પ્રકાશ આપથી. ૧૯

જિજ્ઞાસા કેવી સાધે છે સુમેળ કાર્યસાધક !
જિજ્ઞાસા થકી જાગે છે પ્રકાશ પથદર્શક. ૨૦

એકવાર થયેલો જે ખુલ્લો પ્રકાશ જીવને,
તે અનુભવને નિશ્ચે ભૂલી શકાય ના પથે. ૨૧

શા અનુભવથી તેવા જિજ્ઞાસા પાકી તે થતી !
પથે અનુભવી તેવું તે વારંવાર જાગતી. ૨૨

કિંતુ જીવનમાં પાછો પ્રકાશ બંધ જ્યાં થતાં,
'નિશ્ચે તે આવવાનો જ' જિજ્ઞાસા જાણતી તદા. ૨૩

જિજ્ઞાસા તે છતાં મૂકી દે છે ના પંથ વેગળે,
કદી તે બ્હાવરી થાય, પાછી તે સ્વસ્થ શી બને ! ૨૪

•

## અધ્યાય ૭ : બહુરૂપી

(અનુષ્ટુપ)

આડુંતેડું ન જુએ કૈં, એકધારું સીધું જુએ,
નાસિકાગ્રે ધરે લક્ષ, એ જિજ્ઞાસાનું રૂપ છે. ૧

જેમ જેમ થતી મોટી જિજ્ઞાસા તેમ તેમ તે,
ફોરે યુવાની શી એને મસ્તી યૌવનની ખીલે ! ૨

જિજ્ઞાસા નિત્ય યુવાન, મસ્ત યૌવનમાં તરે,
નશે યૌવનના ડોલે, છતાંયે ધાર્યું ના ચૂકે. ૩

જિજ્ઞાસા સર્વ ફેંકી દે, ફેંકી દેવા સમું બધું
શી ખાલીખમ પોતે ર્‌હે ! ના સંઘરતી તે કશું. ૪

ભિખારી જેમ જિજ્ઞાસા માગ્યા કરે ન કાંઈયે,
કમાઈ તે શકે એવી જિજ્ઞાસા શક્તિવંત છે. ૫

જાણવા યોગ્ય જાણી લૈ, તે ઉપયોગમાં લઈ,
પાછું તે જાય છે ભૂલી, છે ખાલીખમ આપ શી ! ૬

જિજ્ઞાસા ના સુંવાળી છે, થતાં કઠોર આવડે,
મૂર્તિને ઘડવા ટાણે યોગ્ય શી શિલ્પકાર છે ! ૭

જિજ્ઞાસા વ્‌હાલસોયી છે, પાછી નિષ્ઠુરયે જ છે,
જે પાસું તેની સામે હો તેનો ધર્મ બજાવશે. ૮

ગણાતું જે નઠારું હો, તેનોય ખપ જો પડે-
-જિજ્ઞાસાને, કદીયે ના પાછી સ્વીકારમાં પડે. ૯

જિજ્ઞાસામાંથી જન્મેલ વિવેકશક્તિ યોગ્ય જે,
સ્ફુરણા એષણાઓને પિછાનવા ખરી રીતે. ૧૦

આપમતલબી શી તે છતાં નિરાળી, નિઃસ્પૃહી,
બંધાયે ના કશામાંયે જિજ્ઞાસા મુક્તિદા ખરી. ૧૧

દીવાની કેવી જિજ્ઞાસા મસ્તીખોર પૂરેપૂરી,
આંધળી દોટ શી મૂકે ! છતાં પોતે ન આંધળી. ૧૨

મૃત્યુ તો સર્વને સ્પર્શે, મૃત્યુથી કો ન મુક્ત છે,
જગે મૃત્યુ થકી માત્ર જિજ્ઞાસા એક મુક્ત છે. ૧૩

એકનો એક ક્યાંય તે સરખો મેળ ના કશે,
એકનો એક તે મેળ જિજ્ઞાસા કિંતુ રાખશે. ૧૪

નમ્રમાં નમ્ર સંપૂર્ણ જિજ્ઞાસા તો બનાવીને,
કરી શૂન્ય, પ્રવેશાવે, મૂળના અંતરે હૃદે. ૧૫

જિજ્ઞાસાને ન કો સાથે સરખાવી શકાય છે,
અનંત પથગામિની, ધૈર્ય એનું અપાર છે. ૧૬

એકની એક ના ક્યાંયે, પોતે સર્વોપરી પથે,
છતાં ના લાગતી તેમ, જિજ્ઞાસા શી અનન્ય છે ! ૧૭

જુદા જુદા તબક્કામાં જિજ્ઞાસા એક રૂપ ના,
एनी સાહેલીઓ કેવી અનોખી રૂપ ભાતમાં ! ૧૮

એકનું એક તે રૂપ જિજ્ઞાસાનું ન હોય છે,
પ્રત્યેક તે પ્રસંગે શું જુદું જુદું જ રૂપ છે ! ૧૯

પહેરવા નવા વેશ જિજ્ઞાસાને જ શોખ છે,
એકનો એક તે વેશ જિજ્ઞાસાને ન ચાલશે. ૨૦

જિજ્ઞાસા બદલે રૂપ, કેટલી વાર જીવને,
લોભાય ના છતાં તેમાં, તે રૂપાતીતને વરે. ૨૧

જેમ જેમ બઢે આગે તે તેમ તેમ રૂપ લે,
પાછી તે બદલે રૂપ શો બહુરૂપી વેશ છે ! ૨૨

•

## અધ્યાય ૮ : સર્વોપરી

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા જ્ઞાનનું મૂળ, પ્રવેશાવતી દિલમાં,
એકધારી ધરાવે છે એ ઊર્ધ્વ અભિમુખતા. ૧

જિજ્ઞાસા ભાવમાં પોતે શી પ્રમાણિક ન્યાયી છે !
શી નિખાલસ સંપૂર્ણ જેમાં તેમાં બધે પથે ! ૨

જિજ્ઞાસા જાગતાં ઊર્ધ્વ, ભાવનાને સ્ફુરાવીને,
એકાગ્રતા શી સક્રિય આધારે પ્રગટાવશે ! ૩

પોતે સર્વોપરી યોગ્ય જીવન ઘડવાતણા-
-કર્મે મુકાબલો જેનો કશાથી કદી થાય ના. ૪

અંતરે વાળવા પૂરું હો કો સમર્થ યોગ્ય જે,
જિજ્ઞાસા એકલું માત્ર તે કાજે યોગ્ય પાત્ર છે. ૫

જેના જેવું થવું હોય જિજ્ઞાસાથી થવાય છે,
જિજ્ઞાસા તે જ બ્રહ્માગ્નિ જીવને જાણવો ઘટે. ૬

આપ પોતે જ પોતાને જાણી લે કર્મ વર્તને,
જિજ્ઞાસા થકી જામે છે ક્રિયાત્મક તટસ્થતા. ૭

જિજ્ઞાસા થકી વર્તાતાં યોગ્ય સમતુલા ફળે,
કેવી તટસ્થતા ઊગી કેળવાતું સમન્વયે ! ૮

સમત્વ એટલે યોગ, પામતાં યોગ જીવન,
જાય પાંગરતું કેવું આધારે દિવ્ય જીવન ! ૯

મેળવી તાગ સંપૂર્ણ થવાનું જેવું અંતરે,
જિજ્ઞાસા શી દૂરંગામી ભાવે તે વર્તવા ચહે ! ૧૦

ભાવે સઘનતા જાગ્યે, ક્રિયાશીલ બને જ તે,
એવી એકાગ્રતાને તે સક્રિય જાણવી ઘટે. ૧૧

જિજ્ઞાસા ગૂઢ ને સૂક્ષ્મ પ્રદેશોને અનુભવે,
પ્રગટાવી નવું કેવું, પ્રેરાવે દૃષ્ટિ જીવને ! ૧૨

વિકાસ જે થતો હોય તેને તે અખિલાઈમાં-
-મૂકી, મૂલવવા યોગ્ય જિજ્ઞાસા એકમાત્ર ત્યાં. ૧૩

ઉત્કટ ઊર્ધ્વ જિજ્ઞાસા, જાગેલી જીવને ઊંડી,
વિના આંખે જુએ પોતે, વિના પાંખે ઊડે પથે. ૧૪

જિજ્ઞાસા કેવી જન્માવે શક્તિ ને ભક્તિ જીવને,
વિકાસે ખપ બંનેનો ઉપયોગે શી તે વધે ! ૧૫

સ્રષ્ટા, દ્રષ્ટા અને ભોક્તા જિજ્ઞાસાના જ વર્તને,
આપ પોતે બને તેવો પ્રત્યક્ષ પલટાઈને. ૧૬

રૂપે, ગુણે, શીલે, ધર્મે, સંસ્કારે ને સ્વભાવથી,
જિજ્ઞાસા કેવી ઉત્તીર્ણ ઉત્કૃષ્ટ છે સ્વરૂપથી ! ૧૭

●

હરિઃૐ

# ખંડ : ૪ : જિજ્ઞાસાનું સાધનાપથે કાર્ય

## અધ્યાય ૧ : મંથન

(અનુષ્ટુપ)

ધ્યેયને પામવા કાજે, જેવું જેવું થવું ઘટે,
દોરેલો નકશો તેનો જિજ્ઞાસાએ ખરો હ્રદે. ૧

દોરેલા નકશા પેઠે જિજ્ઞાસા વર્તતી જતી,
ઉલ્લંઘન કરે છે તે યોજનાનું નહિ કદી. ૨

ધ્યેયવિહીનતા જેવું અસ્તિત્વ જીવને પથે-
-આવી પડે શું ઓચિંતું, જિજ્ઞાસા મર્દ શી ઊભે ! ૩

ધ્યેયવિહીનતામાંથી શો ગભરાટ જન્મતો !
ગમગીની નિરાશા ને વ્યાપેલો ત્યાં વિષાદ શો ! ૪

નપુંસક થતાં ત્યારે ખિન્નતાયુક્ત રોષ તે-
-તેવી વેળાય જિજ્ઞાસા બેઠા કરાવવા મથે. ૫

પ્રત્યેક ડગલે સામે નિષ્ફળતા શી ઊગતી !
વિચ્છેદક પથે જાગે કેવાં વલણ ક્યાંકથી ! ૬

જિજ્ઞાસા તેવી વેળાએ સર્વશ્રેષ્ઠ જ શક્તિને-
-કામે લગાડવા કેવી મથાવ્યા કરતી પથે ! ૭

કામ કરી રહેલાં સૌ બળો જીવનમાં તદા,
મથે ચકોર જિજ્ઞાસા સંવાદી તે બનાવવા. ૮

જ્યાં જ્યાં આસક્તિ હો, મુક્ત થવાવા તેથી જીવને,
જિજ્ઞાસા શું મથાવીને, વર્તાવે યોગ્ય રાહ પે. ૯

અનાસક્ત થવાકેરી ઉત્કટ તીવ્ર ઝંખના,
પૂર્ણ જાગ્યા વિના થાય ખરેખરા પ્રયત્ન ના. ૧૦

મરણિયો જે નિર્ધાર તેવો નિશ્ચય પાકતાં,
પ્રયત્ન આપમેળે શા જિજ્ઞાસાથી થયે જતા ! ૧૧

ગૂંચ, પ્રશ્ન નવાં ઊગ્યે મથવું ને ઝઝૂમવું,
જિજ્ઞાસા મંડી મંડીને જાણે સર્વ ઉકેલવું. ૧૨

ગડમથલ કેવી તે કર્યાં કર્યે ન પાર છે,
કેડો મૂકે ન જિજ્ઞાસા પાર લાવ્યા વિના પથે. ૧૩

ઉત્કૃષ્ટ તીવ્ર જિજ્ઞાસા ધ્યેયનિષ્ઠ થતાં હૃદે,
વિકાસ સત્વરે સાધે કેવો ઉન્નતગામી તે ! ૧૪

હળવા ફૂલના જેવા, જિજ્ઞાસા શી બનાવતી !
ઊડવા ઉચ્ચ આકાશે, કેવું કેવું મથાવતી ! ૧૫

મથવાકેરી તો એક જિજ્ઞાસાને ન રીત છે,
અનેક રીતથી પોતે મથાવે દિલ નિજને. ૧૬

અનેકમાં ફરે છે તે લક્ષ્યને ખોળવા પથે,
હો જ્યાં સધાતું તે લક્ષ્ય, પોતે પ્રવેશવા મથે. ૧૭

કેટલુંયે મથે તોયે પાછી કદીક તે પડે,
પડાયું પાછું જાણી લૈ શીઘ્ર શી ઘોડલે ચડે ! ૧૮

મથતી હો છતાં જાણે ના મથાતી જણાય તે,
પોતાની આગવી રીતે જિજ્ઞાસા ચાલતી રહે. ૧૯

આજનું માનવાનું જે કાલે તે બદલાય છે,
ફરે અનેકમાં તોયે એકમાં લક્ષ રાખીને. ૨૦

નિત્યે કરે મથ્યા ભાવે, મિથ્યા મથવું ના થતું,
તેના એ મથવામાંથી ફળે છે તત્ત્વ આપ શું ! ૨૧

'મથે છે જે મળે તેને', 'શોધે તેને જડે ખરે',
જાગેલી દિલ જિજ્ઞાસા પામે તે સત્ય આખરે. ૨૨

જિજ્ઞાસા કેવું કેવું તે માનવીને મથાવીને,
બતાવ્યા શો કરે પંથ ધક્કેલા મારી મારીને ! ૨૩

ગૂંચવણભરી મોટી કામગીરી ભલે જ હો,
માથે લેવાતણો ભારે જિજ્ઞાસાને જ શોખ શો ! ૨૪

અવરોધો પથે તેને જવા ઓળંગી પાર તે-
જિજ્ઞાસા કેવું પ્રેરે છે અપાર બળ જીવને ! ૨૫

ફંટાઈ આડપંથે ને ભેરવાઈ પડાયું હો,
જિજ્ઞાસા જાગી છે જેને તેવો આવી જશે સીધો. ૨૬

એશારામભર્યું વાંછે જિજ્ઞાસા જીવવું નહીં,
મથવા, તપવા ઝંખે તીવ્ર તત્પરતા થકી. ૨૭

અનુભવે ન જ્યાં સુધી પૂર્ણ સમગ્રતાતણું-
-આનંદ માળખું હૈયે, જિજ્ઞાસા ત્યાં સુધી મથે. ૨૮

જેને માટે ખરી સાચી શોધ છે અમરત્વની,
કરવા શોધ એવી શી જિજ્ઞાસા તો મથાવતી ! ૨૯

પોતે કરે વલોવાવ્યા જિજ્ઞાસા આપને સદા,
એમ વલોવવામાંથી અમૃત મેળવે સદા. ૩૦

'પોતે ગુલામ છે પૂરો', એવું ભાન હૃદે થતાં-
થવાવા મુક્ત જિજ્ઞાસા મથાવે કેવું ઑર ત્યાં ! ૩૧

સ્થિતિમાં એકની એક રખાવ્યા ના કરે પથે,
ધપાવવા મથાવ્યા તે કરે નિશ્ચે ખરેખરે. ૩૨

દૃષ્ટિ સમક્ષ જિજ્ઞાસા રખાવ્યા પથને કરે,
વૃત્તિ, વલણ ને દૃષ્ટિ આડીતેડી જવા ન દે. ૩૩

આળપંપાળ જિજ્ઞાસા આડાતેડાની તે પથે-
પ્રવેશવા ન દે છે ને મોકળો માર્ગ શો કરે ! ૩૪

એકાગ્ર કેંદ્રને લક્ષી જિજ્ઞાસા પ્રેરતી રહે,
સાતત્યે તે મથાવ્યા શી કરે આપણને પથે ! ૩૫

મથ્યા વિના ન પ્રેરાયે ભાન અંતરમાં ખરું,
ધર્મ મથાવવું એથી જિજ્ઞાસાનો ખરેખરો. ૩૬

આવી પડે જ ઓચિંતું પોતાની પર જે બધું,
સાધવા શ્રેય પોતાનું તે વિશે મથતી ઘણું. ૩૭

ઊતરી તે જતી ઊંડે જાણે પત્તો ન લાગતો,
પરંતુ ત્યાંય જિજ્ઞાસા ગોતે અર્થ નવો જ શો ! ૩૮

પૂર્ણ, સ્વતંત્ર, મૌલિક, જિજ્ઞાસાને જ કામનું,
તે વિનાનું બીજું જે તે નકામું ફેંકી દે બધું. ૩૯

મથ્યા કેડે મળે જો ના મિથ્યા તે મથવું ગણી,
ફરી રીત બીજી શોધી તેનો આશ્રય લે મથી. ૪૦

શક્તિ વધારવા કેવી જિજ્ઞાસા મથતી સદા !
ધ્યેયે વાપરવામાંયે એટલી કાર્યદક્ષતા. ૪૧

ક્ષિતિજો ધ્યેયની કેવી એક એકથી દૂર છે !
સર્વોચ્ચ ટોચ જ્યાં પ્હોંચો, ઊંચી ત્યાં ટોચ આગળે. ૪૨

સંતોષ માની ના લે છે, જે જે કાંઈ મળે પથે,
તે તે સ્વીકારી લે, પાછી વધુ મેળવવા મથે. ૪૩

જેમાં તેમાં બધે જ્યાં ત્યાં ઓચિંતો ફેરફાર તે-
-જિજ્ઞાસા કરી દે જેથી ઊંધું વળી જતું દીસે. ૪૪

જેમાં તેમાંથી તે હાર્દ પામવાનું કર્યા કરી,
અમૃત તત્ત્વની શોધે આગળે શી ધપ્યા જતી ! ૪૫

મર્મ પારખનારી તે, તે વિનાનું બીજું બધું,
છોડી દેતાં જ एने તો લાગે વાર જરા નહીં. ૪૬

જેને વરી જ જિજ્ઞાસા તેના તે હિતને ચહી,
થાય કલ્યાણ તેનું તે તેમ વર્તાવશે સહી. ૪૭

અનેક જાત-નિષ્ઠાનું જિજ્ઞાસા તો નિરૂપણે,
કર્યાં તે કરવામાં શું રહે ગુલતાન મંથને ! ૪૮

આદરેલાં અધૂરાં ના જિજ્ઞાસાનાં કદી રહે,
આદરેલાં થવા પૂર્ણ ઝઝૂમ્યા કરતી મથે. ૪૯

પોતાનામાં જ જિજ્ઞાસા પોતાને જ ગળી જવા,
પૂરેપૂરું મથાવે છે રસાત્મક હૃદે થવા. ૫૦

•

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા જાગતાં શીઘ્ર શી ક્રિયાશીલ તે બને !
શી તટસ્થતા પ્રેરે ક્રિયાશીલ વિવેકને ! ૧

જિજ્ઞાસા ભાન ચેતાવે સારાસાર વિવેકનું,
વિવેક કામ લાગે છે જીવન ઘડવા ખરું. ૨

વિવેકના સમો કોઈ બીજો યોગ્ય ગુરુ નથી,
વિવેક શીખવે છે જે શકે ના બીજું શીખવી. ૩

'વિવેક આંખ' જેવી તો કેટલી આંખ ખૂલવે,
જિજ્ઞાસા અંતરે કેવી ! શ્રેયાર્થી માત્ર જાણશે. ૪

માત્ર શ્રેયાર્થીને સાચું જિજ્ઞાસાતણું ભાન છે,
જિજ્ઞાસાતણું તેથી તે માનતો કહ્યું સર્વયે. ૫

अहं કારીગરીકેરું વિવેકનેય તે સમે-
-જાગી ભાન સવેળા તે, સંહારવા ટટાર છે. ૬

ઉખેડી નાંખતાં એને વાર જરા શી થાય છે !
ચારેકોર પૂરેપૂરી જાગૃતિ રાખવાની છે. ૭

આડફંટે જતાં રોકે કેટલી વાર તે પથે,
જિજ્ઞાસા સમજાવીને વાળે પાછો પથિકને. ૮

જિજ્ઞાસાને પથે પાકો અખંડ એક ટેક છે,
મૃત્યુ છો ભેટવા આવે છતાં છોડે ન ટેકને. ૯

પૂરેપૂરી જ આસક્ત લક્ષ્ય પરત્વે છે સદા,
અનાસક્ત બધી રીતે જિજ્ઞાસા પાછી પંથમાં. ૧૦

જિજ્ઞાસાને પથે યોગ્ય પોતાનો માપદંડ છે,
તે પ્રમાણે બધાં વિશે પોતાને માપતી રહે. ૧૧

ભણવું, ભણીને પાછું ગાંઠે તે બાંધી ચાલવું,
જિજ્ઞાસા એવું જાણે છે કર્મ તે માત્ર એકલું. ૧૨

અર્થ વિનાનું ક્યાંયે તે જાણે ભટકવું નહીં,
આડીતેડી ન દૃષ્ટિ છે જિજ્ઞાસાની પથે કદી. ૧૩

શીખવા ચહ્યું છે તે તે પરત્વે અભિમુખતા-
-જિજ્ઞાસા પ્રેરતી રૂહે છે પેરે પેરે જ મૂળમાં. ૧૪

કેવીયે ભ્રમણાઓમાં આવરાઈ જવું થતાં,
જિજ્ઞાસા સ્પષ્ટ દર્શાવી પ્રેરે સીધું ચલાવવા. ૧૫

જિજ્ઞાસા શી પિછાને છે શત્રુ કે મિત્ર કોણ છે ?
એને જે આંખ છે તેવી આંખ તે કોઈને ન છે. ૧૬

જીવને ઉપયોગી જે, ઉદાત્ત તત્ત્વને હૃદે-
-જિજ્ઞાસા તે ગ્રહી લે છે, કરે આત્મસાત્ જીવને. ૧૭

કેવી અડગતાપૂર્ણ દૃઢ મક્કમતા પથે-
-જિજ્ઞાસા કેળવે ભારે થવા વિકાસ પૂર્ણ તે. ૧૮

કલ્યાણતણી સિદ્ધિમાં જિજ્ઞાસા ભાગ જીવને-
-કેવો તે ભજવે, તેનો ખ્યાલ, પ્રગતિમાં જડે. ૧૯

શક્તિના ભાવનો ધોધ કેવો પ્રચંડ તો વહે !
હૈયે સત્કારવા એને જિજ્ઞાસા યોગ્ય શી ખરે ! ૨૦

કાળ ને સ્થળની જોડે જિજ્ઞાસા મેળ સાધીને,
થવા કાળ સ્થળાતીત યોગ્ય આધારને કરે. ૨૧

અજોડ સિદ્ધિ એવી કે જેનો જોટો મળે નહિ,
જિજ્ઞાસા મેળવી આપે કેટલું એવું એવુંયે ! ૨૨

પોતાને માની તે પોતે પોતાનાથી ખરો બીજો-
-શોધી કાઢી, નવો રાહ ચાલ્યે પાછો જડે નવો. ૨૩

•

## અધ્યાય ૩ : સંગ્રામ

(અનુષ્ટુપ)

નિમ્નગામી પડાતાં જ્યાં જિજ્ઞાસા ભાવ પ્રેરતી,
પ્રેરાવી જાગૃતિ હૈયે પાછી પંથે ધપાવતી. ૧

રખાવે ભાન પોતાનું ભુલવા દે ન તે પથે,
ભૂલતાં પંથ શા ધક્કા મારે અવનવા પથે ! ૨

કાન શા પકડાવે છે, ભુલાઈ ના જવાય તે !
જિજ્ઞાસા શિખવાડે જે યાદ રહી જતું હૃદે. ૩

ભણાવે વળી બેસાડે, ઉઠાડીને દડાવતી,
જિજ્ઞાસા એવી સર્વજ્ઞ રૂડી પેર રખાવતી. ૪

તે હૈયાબળ સીંચી દે શી અનુપમ શક્તિ તે !
ગૂંગળાઈ ગયેલા છો છતાંયે તે ઉગારશે. ૫

જીવનકટોકટી વેળા જીવસટોસટ કુસ્તીમાં
હો ભીડાયેલ છો ભારે જિજ્ઞાસા કિંતુ સાથમાં. ૬

બાથંબાથાતણી માઝા સંગ્રામમાં વહી જતાં,
જિજ્ઞાસાથી ઊગી શ્રદ્ધા રખાવે ટેક બાથમાં. ૭

ખેડવાં જોખમો ભારે શી તાલાવેલી જીવને-
જિજ્ઞાસા પ્રગટાવીને ફેંકે તે મૃત્યુ ભેખડે ! ૮

છતાં ફનાગીરી કેવી ન્યોછાવરી સમર્પણે-
જિજ્ઞાસા મૂળગુંયે જે જીવન ફેરવી જ દે. ૯

જિજ્ઞાસા ઝંપવા ના દે, આરામ કરવા ન દે.
મેળવાવ્યા વિના જ્ઞાન ક્યાંયે તે ઠરવા ન દે. ૧૦

પુનરાવર્તન જિજ્ઞાસા વારંવાર કરાવતી,
એનો હેતુ થવા પાકો પાકું હૃદે ઠસાવવા. ૧૧

જિજ્ઞાસા તીવ્ર શો અગ્નિ જીવને પ્રગટાવીને !
માનવીને બનાવે છે, મર્દ સિંહ સમો ખરે ! ૧૨

કેવું ઝઝૂમવાનું છે હોઠને ભીંસીભીંસીને,
કેવી મર્દાનગી ત્યારે ચડે નમી ઝઝૂમીને- ૧૩

છતાં જીવનમાંથી તે મરી પરવારતી નથી,
જિજ્ઞાસામાંથી તે શ્રદ્ધા ઊગે ચેતનવંતી શી ! ૧૪

જુસ્સો ઝઝૂમવાનો શો સંજોગ કારમા પળે !
જિજ્ઞાસામાંથી જ જાગે અનેરું બળ અંતરે. ૧૫

વિટંબણા શી મુશ્કેલ કારમી આવી તો પડે,
ડારવા કે ડરાવા તે જિજ્ઞાસા કેમયે ન દે. ૧૬

શા અકળાવનારા ને મૂંઝવનારા પ્રસંગ જે-
જિજ્ઞાસા તો અનોખી કો દૃષ્ટિથી નિરખાવશે ! ૧૭

વિષમ પરિસ્થિતિમાં રહેવા શા ઝઝૂમતાં-
-પાઠ તે શિખવાડે છે જિજ્ઞાસા જીવને સદા ! ૧૮

પાછું પડાયું હો તોયે જિજ્ઞાસા ચેતવી જ દે,
ચેતવી તે કરે પાછી પ્રોત્સાહિત ખડા પગે. ૧૯

લાખો ખાંડી ભલેને હો નિરાશા ઘોર કારમી,
જિજ્ઞાસા કિંતુ જાગેલી તેમાંથી પાર દે કરી. ૨૦

જિજ્ઞાસા મામૂલી ના કૈં ગણે જીવનમાં કદી,
મળેલાંનો હૃદે હેતુ વર્તતી દિલ પારખી. ૨૧

આંતરિક શી જિજ્ઞાસા તીવ્રતાપૂર્વક દ્રવે !
ભૂમિકા સર્વમાં પેસી જૂનાંને નવું તે કરે. ૨૨

પ્રેમની શક્તિ જિજ્ઞાસા જીવને ઓળખાવીને-
-જીવને ચેતનાયુક્ત ક્રિયાશીલ બનાવશે. ૨૩

હલેસાં મારી મારીને હંકારે નાવને જળે,
જિજ્ઞાસા તેમ હંકારે શ્રેયાર્થીને ખરા પથે. ૨૪

ગઢ એકાગ્રતાનો તે જિજ્ઞાસા સર શો કરે !
એને તે વાપરી કેંદ્રે ઊંડે ઊંડે જ ઊતરે. ૨૫

વળીને વળી જિજ્ઞાસા વાળતી લક્ષ અંતરે
જુએ એકાગ્રતાથી શી ક્યાં ક્યાં મનાદિ તે વળે ! ૨૬

બે હાથે પકડી હામ, ધરી ધીરજ નિશ્ચયે,
રાત, દા'ડો કરે કામ, જિજ્ઞાસા કેવી તે મથે ! ૨૭

જિજ્ઞાસા કેવી ઉત્સુક મુશ્કેલીઓ નિવારવા,
પડે કદીક પાછી તો મારી લે કૂદકો તદા. ૨૮

મથતાં મથતાં કેવી હૈયાસૂઝ ઊગ્યા કરે !
તેના તે અજવાળાથી પંથ દેખાય આગળે. ૨૯

વળી દેખાય, શો પાછો દેખાતો બંધ થાય છે !
અનેક વાર શા એવા જીવને ખેલ થાય છે ! ૩૦

ભુલભુલામણી એવી કેટલી વાર જીવને-
-આવી ચઢે, છતાં પોતે નિશ્ચળ એકધારી ર્‌હે. ૩૧

ઘડીક અજવાળું ને અંધારું શું ઘડીક છે !
વારાફરતી એવું તે ચાલ્યા કરતું જીવને. ૩૨

નમ્રતાપૂર્ણ જિજ્ઞાસા પ્રવેશે જ્ઞાન હાર્દમાં,
જિજ્ઞાસાને ખપે તેથી જીવને શૂન્ય નમ્રતા. ૩૩

શાં ઘોડાપૂર તોફાનો પૂરનાં જીવને ચઢે !
જિજ્ઞાસા કિંતુ ચેતેલી સામનો કરી શી જીવે ! ૩૪

મુશ્કેલીના પથે કેવા પ્રચંડ વ્‌હેણતાણમાં-
-શું ત્યાં ર્‌હેવા ટકી પ્રેરે અદ્‌ભુત બળ દિલમાં ! ૩૫

પડે તોયે ઊભી થાય કટિબદ્ધ થઈ પૂરી,
જિજ્ઞાસા સામનો એનો કરે મરણિયા થઈ. ૩૬

જીવને અવરોધો શા કારમા ને ભયંકર !
જિજ્ઞાસા ઊભી સામે લે મર્દાનગીથી ટક્કર. ૩૭

પ્રચંડ સામનો ઉગ્ર જિજ્ઞાસા જ કરી શકે,
બાકી કેવા બીજાંના ત્યાં હાંજા ગગડી જાય છે ! ૩૮

નશો યુદ્ધે ચઢેલાનો કેવો ઘેઘૂર હોય છે !
ઊતર્યો ઊતરે તે ના, ઝઝૂમી ઝઝૂમી લઢે. ૩૯

લઢંતાં શી ચઢે એને ખુમારી જીવને તદા !
થતાં ખુવાર સૌ રીતે એને ત્યાં ખચકાટ ના. ૪૦

જીવને જામતાં કેવાં યુદ્ધ જે કારમા રણે !
જિજ્ઞાસા લડી જાણે છે, યોદ્ધો શો <u>રણધીર</u> છે ! ૪૧
રણવીર

જિજ્ઞાસાબળ કેવું તે શક્તિવંત સમર્થ છે-
-ગમે તે પાડવા પાર જિજ્ઞાસા ભડવીર છે. ૪૨

•

## અધ્યાય ૪ : સ્ફુરણ

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા ઠપકારે છે, ત્યારે એનેય ધ્યાન છે,
હેતુના ઘડવા જ્ઞાને એકલક્ષી ચતુર તે. ૧

જિજ્ઞાસા દોષ દેખીને મુખ વાંકું ન તે કરે,
સહાનુભૂતિથી એનું મૂળ સમજવા ચહે. ૨

દોષ તે દોષ ના છે, ને દોષનું મૂળ ઑર છે,
દોષ તો વિકૃતિકેરા અંતરનું સ્વરૂપ છે. ૩

વ્હારે સંકટમાં ધાય, હાકનો તે જવાબ દે,
કેવા અનર્થમાંથી તે બચાવે છે જ જીવને ! ૪

ભીંજાવી જ પલાળે છે જિજ્ઞાસા દિલને સદા,
તે સહૃદયતા પ્રેરે ને શી કોમળતા તદા ! ૫

જિજ્ઞાસા થકી ફોરે શો આનંદ અભિવ્યક્તિમાં !
આનંદભાવ, નિર્માણ કરે જીવનનું નવા. ૬

કેવી એકલતાની ને અનાથતાની જીવને-
-ભુસાવી છાપ જિજ્ઞાસા પાછી, બળ ભર્યા કરે. ૭

લય ને તાલથી યુક્ત સંગીત મુગ્ધ શું કરે !
ભાવ સૌંદર્ય સંગીત તે જન્માવતી જીવને. ૮

જિજ્ઞાસા પ્રગટાવે છે ભાવનાની ઘનિષ્ઠતા,
ગાઢતા જીવને એવી ફગાવે ઓર ભવ્યતા. ૯

જે ટેક પર પોતાની રૂહૈ પ્રસન્ન ટકી રહે,
જીવે શાં નિત્ય તેવામાં શાંતિ, પ્રસન્નતા હૃદે ! ૧૦

જિજ્ઞાસા શું થવા મુક્ત, થવા સ્વતંત્ર સૌ રીતે-
-કરાવે છે પુરુષાર્થ, કેવું ગૌરવ જીવને ! ૧૧

અંતરમાંથી જાગેલી શક્તિની ઓથ કેવી તે-
-જિજ્ઞાસા જાણતી સાચું, છે અનુભવ एहने. ૧૨

•

(અનુષ્ટુપ)

જીવને કેવી જિજ્ઞાસા ક્રાંતિને પ્રેરનાર છે !
પલટા પલટા કેવા જીવને પલટાવશે ! ૧

સમૂળગો ઉરાડી દે જીવનના પ્રમાદને-
-ઉઠાડે હાથ ઝાલી તે પ્રેરવે નવજીવને. ૨

અધિકાર થતો પ્રાપ્ત પુરુષાર્થથી જીવને-
-એને કૃતાર્થતા અંગે જિજ્ઞાસા ફેરવે પથે. ૩

આરપારતણું જોવા જિજ્ઞાસા ક્રાંતદર્શી છે,
માત્ર જોઈ ન બેસી ર્‌હે, વર્તી, મેળવી શી ધપે ! ૪

કેવી સભર વિશ્રાંતિભર્યા જીવનમાં રમે !
જિજ્ઞાસા ત્યાંયથી કેવી આગળે ચસવા ચહે ! ૫

ઈશારો પામતી પોતે હવેના નિજ ભાવિના-
-સંયોજન કરી એનું, ચાલતી એમ માર્ગમાં. ૬

પોતાના ભાવિનો તો તે નિર્માતા સ્વયમેવ છે,
જીવને એવી જિજ્ઞાસા જ્ઞાનભાનથી યુક્ત છે. ૭

વિચારો વૃત્તિઓકેરાં વમળે અથડાય છે-
-જિજ્ઞાસા કિંતુ સાચી શી લઢી, માર્ગ પરે ચઢે ! ૮

જીવને પ્રકૃતિરૂપ વીંધતાં વીંધતાં પથે-
-સંગ્રામો કારમા કેવા જિજ્ઞાસા જીતવા મથે ! ૯

ધીમે ધીમે તપશ્ચર્યા જિજ્ઞાસા કેવી આચરી !
ગુણ, ભાવ અને શક્તિ જીવને પાંગરાવતી. ૧૦

શહાદતની જિજ્ઞાસા તમન્ના તીવ્ર પ્રેરીને-
-ન્યોછાવર કરાવે છે જીવનને પદે પદે. ૧૧

ગુમરાહ થતાં કેવી જિજ્ઞાસા લપડાક દે,
સફાળા તે જગાડીને મંડાવે ડગલાં પથે. ૧૨

જીવન ઘડવા કાજે નવાં ક્ષેત્રો જુદું જુદું-
-જાણી લે પૂર્ણ કૌશલ્ય અનેક શા પ્રકારનું ! ૧૩

કસ વધારવાનો છે વિકાસે ઉચ્ચ ક્ષેત્રમાં,
જિજ્ઞાસાની હૃદે એવી નેમની પરિપક્વતા. ૧૪

શી ઉત્પાદન શક્તિને ફેરવાવી નવાંકુરે-
-પાંગરાવે નવા કેવા જિજ્ઞાસા ઉચ્ચ જીવને ! ૧૫

જિજ્ઞાસા સાધી લૈ પૂર્ણ પરસ્પરાવલંબન
જ્યાં સહકાર છે યોગ્ય ફળાવે તેમ જીવન. ૧૬

પથે ગૂંચવણોની ને સમસ્યાઓની જીવને-
-આવે જટિલતા, તેને જિજ્ઞાસા શી નિવારશે ! ૧૭

કેવા લપસણા માર્ગે જતાં જતાં પથે ખરે,
જિજ્ઞાસા રોકી પાડીને ચેતવી ખંચકાવી દે. ૧૮

ઝઘડા બેઉ પાસાના ઝરાવે તણખા ઘણા,
વણેલું વીખરાવી દે, પાછી તે વળતી તદા. ૧૯

સમન્વય કરે જ્યાં ત્યાં સંઘર્ષણ થતાં હૃદે,
જિજ્ઞાસા ત્યાં પડી વચ્ચે <u>આણી દે</u> શાંતિ અંતરે. ૨૦
સ્થાપી દે

રહ્યાં જે કારણો છૂપાં મુશ્કેલીઓની પાછળ-
-શોધી તે કાઢી, જિજ્ઞાસા નાંખે ખંખેરી તુર્ત જ. ૨૧

પોતાનાં કર્મમાં પૂર્ણ એકાકાર થતાં હૃદે,
ધારે આકાર જિજ્ઞાસા જેવો ચહ્યો જ જીવને. ૨૨

જિજ્ઞાસા તરવા પાર ચહે આપબળે સદા,
મથંતાં મથતાં હર્ષે વ્હોરે કેવી વિટંબણા ! ૨૩

આંધી કેવી ચઢી આવી અસ્તવ્યસ્ત કરે બધું !
જિજ્ઞાસા કેવું તે વેળા જે તે સર્વ કરે સીધું. ૨૪

અંધાધૂંધી શી જિજ્ઞાસા જીવનેથી હઠાવીને-
-વ્યવસ્થા કેવી સંપૂર્ણ જમાવે છે જ જીવને ! ૨૫

એવી પરંપરા કૈંક બલિદાનની જીવને-
-જિજ્ઞાસા પ્રગટાવીને નવા જન્મ દીધા કરે. ૨૬

ટકોરાબંધ જિજ્ઞાસા રાખે શરીર નિજનું,
મૃત્યુ સાથે રમે પોતે હાથતાળી દઈ રૂડું. ૨૭

હાથ લાંબા કરી બંને જિજ્ઞાસા ઝીલવા ચહે-
-કૃપા-પ્રસાદ-માંગલ્ય ખરો જીવનનો હૃદે. ૨૮

•

## અધ્યાય ૯ : સર્વગ્રાહી

(અનુષ્ટુપ)

'પ્રત્યેક પળનો પૂર્ણ લાભ ઉઠાવવો ઘટે',
જિજ્ઞાસા ભાન એવું તે, પ્રેરાવે ઊંડું જીવને. ૧

પૂછે સલાહ સૌની તે છતાં માને બધાંનું ના,
પોતાને યોગ્ય જે હોય તે તે સ્વીકારતી સદા. ૨

ધારેલું કરવા પ્રાપ્ત પૂર્ણ પ્રત્યક્ષ તે થવા,
કોઈ ઉપાય ર્હેવા દે જિજ્ઞાસા બાકી ક્યાંય ના. ૩

જેવા પ્રસંગમાં પોતે હો પ્રવર્તતી તે પળે
-તાકાત કેવી સંપૂર્ણ સજ્જ વાપરવા રહે ! ૪

જિજ્ઞાસાને બધાંનોયે ખપ પૂરો વિકાસમાં,
જેમાં તેમાંથી જિજ્ઞાસા ઉઠાવે લાભ શ્રેયમાં. ૫

માત્ર તે માનવામાંહી જિજ્ઞાસાને ન પાલવે,
જે તે કાંઈતણું હાર્દ આનંદે પ્રેમથી હૃદે. ૬

હલમલાવી નાખે શા પ્રશ્ન અટપટા પથે !
ગભરાયા વિના કેવી જિજ્ઞાસા માર્ગ કાઢશે. ૭

જિજ્ઞાસાથી થતું પ્રાપ્ત શ્રેય સર્વ પ્રકારનું,
જિજ્ઞાસા કામ આપે છે જીવને કામધેનુનું. ૮

ખેડી ખેડી કરે ભૂમિ શી મુલાયમ ઊગવા !
બી વાવે, ઊગતું જ્યાં તે નીંદી નાખે બીજું તદા. ૯

જિજ્ઞાસાથી પડી છાયા કોઈ કાળે ન નીકળે,
એનાથી યોગ્ય ને ઊંચું ઊગ્યે, તે માર્ગ પ્રેરશે. ૧૦

ત્યાગ, વૈરાગ્ય ને ભક્તિ જિજ્ઞાસા સેવવાથકે-
શ્રેયાર્થી અંતરે ઊગી, યોગ્ય સૌ નિપજાવશે. ૧૧

જિજ્ઞાસા તો જગાડે છે ધર્મ પતિવ્રતાતણો-
-એકનિષ્ઠ હૃદે પૂરો એકમાં ઠરવાતણો. ૧૨

પારંગતપણું જાગે જિજ્ઞાસાભાવ વર્તને,
હૈયે ઊતરતાં, તેનો ઊગે નિશ્ચય જીવને. ૧૩

પોતાની તુચ્છતા કેવી જિજ્ઞાસા તો બતાવીને,
અનુતાપ પરિતાપ પ્રેરાવી શુદ્ધિ બક્ષશે. ૧૪

તેથી શ્રેયાર્થીને હૈયે વિશ્વાસ પૂર્ણ બેસતો,
જિજ્ઞાસા ડગ મંડાવી પ્રેરે પ્રત્યક્ષ દિલ શું ! ૧૫

જેને અનુભવ્યું ના છે, તેને કેમ પ્રમાણવું ?
જિજ્ઞાસા કિંતુ પ્રત્યક્ષ બોધે શ્રેયાર્થીને છતું. ૧૬

ઉથલાવ્યા કરે છે તે આમતેમ ફગાવીને-
-જિજ્ઞાસા જ્ઞાન પ્રેરે ત્યાં, શી હમદર્દી एनी છે ! ૧૭

ઓળખ તે પમાડે છે ભૂમિકા કેવી કેવીની,
ગૂંગળાઈ રહ્યા છો હો જિજ્ઞાસા તોય તારતી. ૧૮

મનને અંતરે કેવું ઊંડામાં ઊંડું ને ઊંડું
-પ્રેરે ચિંતવવા ચિત્ત જિજ્ઞાસા ભાવથી ભર્યું. ૧૯

પોતાના વ્યૂહમાંથી તે કદીયે ચળતી નથી,
લાગે જ્યાં ચળવા જેવું શ્રેય કાજે ચળે ખરી. ૨૦

શીખવા કોઈ સંકોચ બીજા પાસે ન એહને,
છતાં તે પાછો આધાર રાખે પોતાની ઉપરે. ૨૧

જેની સાથે જ છે કામ તેની નિસ્બત રાખશે,
જીવને વ્યવહારુની રીતરસમ એની છે. ૨૨

પડે છે તોય ચૂકે ના પોતાને જ્યાં જવું પથે,
હારે તોયે ન હારે છે, હૈયે વિશ્વાસ હિંમતે. ૨૩

પોતાને અંતરે સૂઝે જિજ્ઞાસા તે સ્વીકારતી,
ઊગે ફળાવવા તેને પ્રયત્ને શી મથ્યા જતી ! ૨૪

જાણવું માત્ર તે કર્મ જિજ્ઞાસાને ન પૂરતું,
જાણીને પામવું પાછું પામીને રળવું બીજું. ૨૫

કેવા હેતુથી તે કર્મ, થાય શા ભાવથી વળી !
જિજ્ઞાસા તેવું સૌ જ્ઞાન પ્રેરાવે જીવને ચહી. ૨૬

•

## અધ્યાય ૭ : નિર્ણય

(અનુષ્ટુપ)

નિર્ણયો આપમેળે લે જિજ્ઞાસા દિલ જામતાં,
ભિન્ન ભિન્ન પરિસ્થિતિ, સંજોગો ભિન્ન ભિન્નમાં. ૧

સંકલ્પો, નિર્ણયો ખાલી જિજ્ઞાસા ના જવા જ દે,
શ્રેયનાં મૂળમાં સૌને કરી પ્રત્યક્ષ, પ્રીછશે. ૨

લીધેલા નિર્ણયો પૂરા વર્તને તે મુકાવીને,
-તત્ત્વસાર ગ્રહી હૈયે જિજ્ઞાસા પાર પામશે. ૩

જિજ્ઞાસા સૂક્ષ્મતાથી શો અભ્યાસ મનનો ઊંડો
-પરખાવી ઝીણું ઝીણું લક્ષ્યે एक કરાવતો. ૪

'આપણે આપણું જોવું' પાઠ એવા ભણાવતી,
અંતરમુખ સંપૂર્ણ જિજ્ઞાસા શી કરાવતી ! ૫

જિજ્ઞાસા કેવી શક્તિ કે જે તે પ્રત્યક્ષ જીવને
-કરાવીને, ઠરાવે તે અંતરે મૂળના હૃદે ! ૬

અગ્નિજ્વાળા જલે કેવી જિજ્ઞાસાની ઊંડી હૃદે !
જે તે બાળી કરી શુદ્ધ પમાડે શ્રેય જીવને. ૭

જિજ્ઞાસા તો જગાડે શાં અગત્ય, ઉગ્ર તીવ્રતા !
કરાવ્યા તે વિના પોતે ઠરીઠામ ન દે થવા. ૮

જિજ્ઞાસા કેળવે કેવી આંતરિક વ્યવસ્થિતિ,
તેથી તટસ્થતા વર્તે સર્વેમાં સપ્રમાણની. ૯

જિજ્ઞાસા દિલ પોતાની પ્રીછે જવાબદારીને
-અસર ના થવા દે તે નકારાત્મક જીવને. ૧૦

નદીનાં પૂરની જેમ જીવને ગુણભાવને
-જિજ્ઞાસા કેળવી કેવો લાવે છે ફાલ જીવને ! ૧૧

શાં પ્રાયશ્ચિત્ત જિજ્ઞાસા કરાવ્યા જીવને કરે !
રાચવા ઉપભોગે દે જિજ્ઞાસા ના કશા વિશે. ૧૨

જ્ઞાન ને કર્મનો જાગે જીવને શો સમન્વય !
જિજ્ઞાસા વર્તનથી તે જીવને ઊગતું ફળ. ૧૩

પ્રાપ્ત જે કર્મ, સંજોગો તેનો જે ધર્મ જીવને-
-જિજ્ઞાસા આપમેળે શો સુઝાડી વરતાવશે ! ૧૪

જીવનપુષ્ટિનું કાર્ય વેગપૂર્વક ખંતથી,
આનંદે શી કરાવે છે જિજ્ઞાસા પૂર ભાવથી ! ૧૫

•

**અધ્યાય ૮ : પ્રવેશ**

(અનુષ્ટુપ)

ડગલાં સાધનાપંથે જિજ્ઞાસા બતલાવતી,
આગળે ચાલવું કેમ, શીખવી શું મથાવતી ! ૧

સાધના કરવાકેરું નવું જ્ઞાન ઉગાડતી,
જિજ્ઞાસા પથમાં પોતે આગવું આગવું ચહી. ૨

જિજ્ઞાસા માર્ગ ચીંધે છે જીવને તે વિકાસનો,
ચીંધે છે એટલુંયે તે જિજ્ઞાસાને ન પૂરતું, ૩

ચીંધી તે પંથ પ્રેરાવે, વર્તાવી તેમ જીવને-
-કરાવવા જ પ્રત્યક્ષ જિજ્ઞાસાની જ નેમ છે. ૪

જિજ્ઞાસાભાવ કેવો શો ભજવે ભાગ અંતરે !
જિજ્ઞાસા કેળવે 'શ્રદ્ધા', 'ભાવ', 'પ્રેમ' નિખાલસ. ૫

પાયો ઉપાસનાનો છે 'શ્રદ્ધા', 'અનન્ય પ્રેમ' બે,
મંડાણ સાધનાકેરું તે બે વિના ન શક્ય છે. ૬

એકની એક હો વાત, જિજ્ઞાસા કિંતુ તે વિશે,
-જાણ્યું ના હોય તે જણાવે બોધ અંતરે. ૭

જિજ્ઞાસા સત્યનાં પાસાં કેટલાંય જુદાં જુદાં,
એક એકથીયે નોખાં દર્શાવે શાં પથે નવાં ! ૮

જિજ્ઞાસા તો બતાવે છે, સત્ય કેવાં નવાં નવાં !
એક બીજાથી શાં જુદાં કરાવે છે પથે છતાં. ૯

લાગ્યું હો સત્ય જે આજે, બીજી તે ભૂમિકામહીં,
તેવું ને તેવું તે સત્ય કદાપિ હોય ના સહી. ૧૦

સત્ય તેથી જ સાપેક્ષ, સત્યના વેશ શા નવા !
વિકાસ સત્યનો કેવો આગવો શો કરે થયા ! ૧૧

સૂઝે માર્ગ ભલે ના છો જિજ્ઞાસા ત્યાંય આપમાં-
આપથી આંખ ખોલાવી, પાછા પ્રેરતી માર્ગમાં. ૧૨

જિજ્ઞાસા ના સૂવા દે છે, સૂવું હોય છતાંય તે,
ધક્કેલા તે કરે માર્યા આગળ ધપવા પથે. ૧૩

વારંવાર જગાડીને કરી બેઠા ધપાવવા,
જિજ્ઞાસા જીવને પોરો ચઢાવ્યા તે કરે સદા. ૧૪

પુરુષાર્થ કરાવીને, જિજ્ઞાસા શી ચઢાવતી !
મથાવીને સુઝાડે છે માર્ગ આગળનો ચીંધી. ૧૫

વિકાસને સીમા ના છે, વિકાસ તો અનંત છે,
જિજ્ઞાસા તેથી ક્યાંયે તે થંભી ના અટકે પથે. ૧૬

વિકાસ કાજનો યત્ન થંભાવતો નથી કદી,
જિજ્ઞાસાની જ એવી શી લક્ષણા મથવાતણી ! ૧૭

આકરા પડકારો જે જીવને મૃત્યુ તોલ છે,
જિજ્ઞાસા નીરખી તેને, ચઢે તે શી શૂરાતને ! ૧૮

પોતે તો આપ પોતાને, નિરખાવ્યા ઊંડું કરે,
જિજ્ઞાસા દોષ ક્યાં ક્યાં છે, દર્શાવ્યા જીવને કરે. ૧૯

દર્શાવી જીવને પૂરા, તે મઠારવા ચહે
-કરી નિર્મૂળ સૌંદર્યવંતું ચિત્ર ઊભું કરે. ૨૦

વાળીઝૂડી કરે શુદ્ધ રાખે સ્વચ્છ બધે સ્થળે,
જિજ્ઞાસાને બધાં કામ જાણીતાં કરવાં પડે. ૨૧

આકાર ઘડવો જેવો, જિજ્ઞાસા ઘાટ સામને-
સદા પળે પળે રાખ્યા કરે ને જરી ના ભૂલે. ૨૨

વીણી સૌ નાખવા યોગ્ય વીણી-વળાવી સ્વચ્છ તે,
એક એકથી શી ઉચ્ચ જિજ્ઞાસા ભૂમિકા ચઢે ! ૨૩

ઘડે ઘડીકમાં પાછું, નાશ ઘડીકમાં કરે,
જિજ્ઞાસા શા કરે એવા ખેલ અટપટા ખરે ! ૨૪

ઉગાડવા જતાં કૈંક ઊગી જતું બીજું કશું,
જિજ્ઞાસા નીંદી નાખે છે, રાખતી યોગ્ય જે બધું. ૨૫

જિજ્ઞાસા અગ્નિને ભાવે, જીવતો રાખવો પડે,
ભાવ તેથી અનિવાર્ય સાધનાપથમાં ખરે. ૨૬

ઠરી જવા ન તે દે છે, અગ્નિને કદી જીવને,
જિજ્ઞાસા જલતો રાખી ઉપયોગે લીધા કરે. ૨૭

જિજ્ઞાસાગ્નિ ન બુઝાય ધીમો કે હળવો બને,
બાળે તે બાળવા જેવું, સર્જાવે યોગ્ય જીવને. ૨૮

સમજે લોક ના પૂરું, જિજ્ઞાસાનાં સ્વરૂપને,
જિજ્ઞાસાગ્નિ બધું બાળી ભસ્મ પૂરેપૂરું કરે,
નવસર્જન કરે પાછું બેવડો ધર્મ एहने. ૨૯

ભભૂકે અગ્નિની જેમ જિજ્ઞાસા અંતરે જલે,
તે વેળા આપમેળે તો શો પરિપાક ઊતરે ! ૩૦

જિજ્ઞાસા વાસ્તવિકતાને જીવને પ્રગટાવીને,
તેમ અનુભવે લાવી દર્શન તે કરાવશે. ૩૧

જેમ જે જે પ્રવર્તેલું, જેમ જે સ્થિતિમાં ખરું,
તે 'વાસ્તવિક'નો અર્થ યોગ્ય રીત પ્રમાણવો. ૩૨

જિજ્ઞાસા સ્વપ્ન આકાશી પ્રત્યક્ષ જીવને કરે,
ધૂંધળા ચિત્રને સ્પષ્ટ તે સાકાર કરાવશે. ૩૩

જેમનું તેમ પોતાને રહેવા દે ન આપથી,
જિજ્ઞાસા ફેરવાવે છે પોતાને નિજ મૂળથી. ૩૪

મન, મતિ, અહં, પ્રાણ, ચિત્ત સૌ એક લક્ષ્યમાં-
પરોવાયેલ જિજ્ઞાસા રખાવે સર્વ સાથમાં. ૩૫

અનેક જાતના કેવા સંસારે વ્યવ્હાર છે !
છતાં મનાદિ જિજ્ઞાસા તેમાં એકાગ્ર પ્રેરશે. ૩૬

•

# અધ્યાય ૯ : શ્રદ્ધા

(અનુષ્ટુપ)

ઘડાવા ઉચ્ચ ને દિવ્ય શ્રદ્ધાશક્તિ જરૂરની,
જિજ્ઞાસા તે ઉગાડીને નિષ્ઠામાં શી ફળાવતી ! ૧

વિનયયુક્ત ને નિષ્ઠા ભક્તિ સંપન્ન જીવને,
તે જિજ્ઞાસાનું કર્તવ્ય ફળાવી, ધ્યેયને વરે. ૨

દૃઢ પ્રતીતિ તે શ્રદ્ધા, સંભાવના ખરેખરી,
તેની પરત્વેનું જ્ઞાન, તેને શ્રદ્ધા પ્રમાણવી. ૩

જેનો જન્મ થવાનો તે વર્તમાનનું દર્શન,
તે છે સ્વરૂપ શ્રદ્ધાનું, વિકસે જેથી જીવન. ૪

અનિશ્ચિત વિશેની શી નિશ્ચિતતા ઊગે હૃદે
-શ્રદ્ધાનું તે પરિણામ નિશ્ચે જાણવું જીવને. ૫

શ્રદ્ધા નિર્ભર છે પોતે નિજ અનુભવો પરે,
આત્યંતિક છતાં ના તે શ્રદ્ધા અનંતવર્તી છે. ૬

શ્રદ્ધા અનુભૂતિનું તે પરિણામ ખરેખરું,
-ફળાવે રણકો કેવો શ્રદ્ધા તો પ્રેરણા ભર્યો ! ૭

યોગ્ય આંતરિકે કેવી તે સક્રિયપણા વિના,
વાસ્તવિકપણું પૂર્ણ શકે નક્કર ઊગી ના. ૮

સર્જનાત્મક શ્રદ્ધા છે, પ્રેરે વિચારશક્તિને
-કુંઠિત ના થવા દે, શાં શ્રદ્ધા વિકાસ પ્રેરશે ! ૯

જિજ્ઞાસામાંથી જન્મેલી શ્રદ્ધા શક્તિની બ્હેન છે,
કદી આંધળી ના શ્રદ્ધા, શ્રદ્ધા પ્રકાશવર્તી છે. ૧૦

પથે જે જે મળે તેની શ્રદ્ધા ક્રાંતિ કરાવીને,
પ્રેરણા, નવી દૃષ્ટિ ને દે નવો વેશ સર્વને. ૧૧

શ્રદ્ધાથી સંકળાયેલી આશા મનઃસ્થિતિ છે,
તેવી મનઃસ્થિતિ વિના ચેતનવંતી ન તે ર્‌હે. ૧૨

જિજ્ઞાસાથી ઊગી શ્રદ્ધા દે છે ખૂંપાવી અંતરે,
થરો જુદા જુદા વિશે પ્રવેશાવી શી ફેરવે ! ૧૩

જિજ્ઞાસાથી ઊગી શ્રદ્ધા રાખે તટસ્થ ચિત્તને,
કોઈ પ્રકારનો ક્ષોભ થવા દે ના કશા વિશે. ૧૪

હૈયે જીવતી સંપૂર્ણ નિષ્ઠા ઈષ્ટની જો હશે,
આત્મા અનાત્મનો સાચો વિવેક શો પ્રવર્તશે ! ૧૫

શ્રદ્ધા જે પ્રગટેલી છે, ત્યાં પુરુષાર્થ હોય છે,
તે પુરુષાર્થ જીવંતો ફળાવનાર શો પથે ! ૧૬

નિષ્ઠામાં આપમેળે શો પ્રયત્ન વિણ યત્ન છે,
શી પરિપક્વતા ટોચે પ્‌હોંચતાં, સાધ્ય પાસ છે. ૧૭

જિજ્ઞાસાતણું જે ભક્તિભાવે શર્ણ સ્વીકારશે,
જિજ્ઞાસા પાર તેવાને મેળે નિશ્ચે ઉતારશે. ૧૮

•

# અધ્યાય ૧૦ : બુદ્ધિ

(અનુષ્ટુપ)

ત્રાજવે તીક્ષ્ણ બુદ્ધિના જિજ્ઞાસા તોળીતોળીને,
પોતાનું નીરખે પોતે શું યોગ્યાયોગ્ય જીવને ! ૧

ગૂંચવાડા ભર્યા એવા મહત્ત્વના પ્રસંગમાં-
-બ્હેર મારી જતી બુદ્ધિ, જિજ્ઞાસા ત્યાં સહાયમાં. ૨

પ્રસંગે બુદ્ધિનું જ્ઞાન ઊગે તે ક્ષણ કેવું તે,
તેના પરથી પોતાની સ્થિતિનું ભાન તો ઊગે. ૩

નિર્ણયશક્તિનો ઊર્ધ્વે જ્યાં પરિપાક થાય છે,
ત્યારે વિવેકશક્તિ શી જીવંત જીવને બને ! ૪

નિર્ણયશક્તિનો હૈયે શો વિકાસ થતાં જતાં
-પ્રેરણાશક્તિમાં તેનો ફેરફાર થતો તદા. ૫

જિજ્ઞાસાથી વિચારોમાં નિશ્ચિતતા, શી સ્પષ્ટતા !
-તે અનુભવે વર્તાતી, વર્તને લાગતી તદા. ૬

સમગ્ર ધ્યાન જિજ્ઞાસા પોતાનામાં પરોવવા
-તેવો નિર્ણય દૃઢાવીને એકચિત્ત કરે થયા. ૭

નિર્ણયો એકથી એક સંગીન, વાસ્તવિક જે
-જિજ્ઞાસા જીવને લે છે, ઊંડે ધપાવવા પથે. ૮

નિર્ણયબુદ્ધિને શક્તિ શી અનુભવથી મળે !
જીવને તેવી બુદ્ધિ દે કામ નક્કર તો પથે. ૯

અનુભવબળે બુદ્ધિ સચોટ નિર્ણયાત્મક,
થતી સહજ નિશાને જીવને આત્મપ્રેરક ! ૧૦
ધ્યેયે શી

સંશય પ્રગટે ત્યારે બુદ્ધિ ધ્યેય પરત્વેમાં
-અનુભવો વિચારે જ્યાં, ધ્યેય પાકું થતું દીસે. ૧૧

ધ્યેય પાકું થવાકેરું લક્ષણ બુદ્ધિનું ખરે,
જેમાં તેમાં ધરે લક્ષ ધ્યેયમાં બુદ્ધિ અંતરે. ૧૨

આડાઅવળું છો થાય કિંતુ બુદ્ધિ શી તે પળે-
-તેવા આવ્યાતણો હેતુ ધ્યેય પરત્વેનો ધરે. ૧૩

બુદ્ધિની એકધારી શી તેજસ્વી ધારણા હૃદે
-ધ્યેયે પ્રવર્તતી લાગ્યે ધ્યેયે પ્રગતિ થાય છે ! ૧૪

જિજ્ઞાસાથી કદીયે ના ઉત્તોજાતું કુતૂહલ,
ઉત્તોજાવે શું જિજ્ઞાસા અંતરે શક્તિનું બળ ! ૧૫

પ્રીછેલું હોય તો બુદ્ધિ તેને લાયક જોઈશે,
જિજ્ઞાસા બુદ્ધિને તેમ મઠારે છે પ્રયુક્તિયે. ૧૬

જિજ્ઞાસા શી ઉઘાડે છે, વિવેકઆંખ જીવને !
આપમેળે સુઝાડે તે પોતાનો માર્ગ અંતરે. ૧૭

કદીક અથડાઈને ભૂલું પડી જવાય જ્યાં,
પથે રખડી અંધારે, જિજ્ઞાસા પાછી શી વળે ! ૧૮

વિચલિત ભલે બુદ્ધિ, સ્વસ્થ બનાવવા હૃદે-
-ને ઉપયોગમાં લેવા જિજ્ઞાસા પાસ ચાવી છે. ૧૯

જિજ્ઞાસા ગરજુ ભારે જેમાં તેમાં બધાંયમાં-
-પોતાનાં કર્મનો માત્ર ઊંડો ખ્યાલ કરે ધર્યાં. ૨૦

સગું, સંબધી ને ભેરુ જિજ્ઞાસા સમ કોઈ ના,
માતા, પિતા, સખા, ભ્રાતા આવે તે સર્વ કામમાં. ૨૧

હૈયે જાગેલી જિજ્ઞાસા જેવા પ્રકારની હશે,
તેવું વર્તાવવા પોતે મથાવ્યા કરતી રહે. ૨૨

મથાવવાતણો ધર્મ જિજ્ઞાસાનો રહે સદા,
સેવીને ભાવ સંસ્કાર એને કરો જ કેળવ્યા. ૨૩

છો ભરાઈ પડેલા હો ગૂંચવાડા વિશે ખરા,
જિજ્ઞાસા ત્યાંય પ્રેરે શાં હૂંફ ને હામ બેવડાં ! ૨૪

જિજ્ઞાસાને અજાણ્યું તો કોઈએ ક્ષેત્ર ક્યાંય ના,
પ્રવેશે જ્યાં, બધું એને ભોમિયું લાગતું સદા. ૨૫

કરે દોષિત બુદ્ધિનું જિજ્ઞાસા પરિવર્તન,
ધોબીના જેમ તે મેલ સ્વચ્છ કેવો કરે દિલ ! ૨૬

ભળંતાં પ્રાણ બુદ્ધિમાં, ભાવ જીવંત જાગતો,
ભાવથી બુદ્ધિની શુદ્ધિ કેવી થતી અનુભવો ! ૨૭

જિજ્ઞાસાને ન સંબંધ માત્ર બુદ્ધિની સાથ તે,
જિજ્ઞાસા જાગી છે પોતે પુરુષ તત્ત્વમાંથી તે. ૨૮

હૈયે વિશ્વાસ બેઠો છે જિજ્ઞાસાને પૂરેપૂરો-
ચાલતાં ચાલતાં અંત આવવાનો જ નિશ્ચયે. ૨૯

•

## અધ્યાય ૧૧ : સાહસ

(અનુષ્ટુપ)

ભરાવ્યા તે કરે ફાળ, જિજ્ઞાસા જીવને મહા,
માની શકાય ના એવાં, ફળાવે કામ પંથમાં. ૧

કોઈક વાર તો સાવ ઊંધા ચઢી ગયેલ જ્યાં,
ચેતાવીને પથે પાછા જિજ્ઞાસા લે પથે છતાં. ૨

કદી હોવા છતાં ઊંધું, લાગ્યા કરે પથે સીધું,
જિજ્ઞાસા ચક્ષુ જન્માવી, દર્શાવે પાછું તે સીધું. ૩

દેવાળું કાઢવા વારો આવતાં જ ખરેખરો-
-જિજ્ઞાસા ત્યાં બચાવીને રળાવે વળી ઊલટો. ૪

જિજ્ઞાસા ત્રુટિઓને તે કેવી ખબરદારીથી-
-નિહાળી તેમના વ્હેણે વહેતાં સદ્ય રોકતી. ૫

ઊઠે જે ઊર્મિઉછાળ વિકાસ કર્મ વર્તને
-જિજ્ઞાસા જોતરાવે ને ફળાવે ફાલ જીવને. ૬

જિજ્ઞાસા ભાવના પ્રેરી મંત્રમુગ્ધ કરે દિલ,
જોતરી વર્તને તેને ઊતરાવે જ અંતર. ૭

જિજ્ઞાસા દિલ પ્રેરાવે શું સર્વ થવા ફના,
આપ્યા વિનાનું પોતાનું ર્‌હેવા દે ના કશું જરા. ૮

અસાધારણ શક્તિ છે જિજ્ઞાસાતણી જીવને,
જૂનું જે જે બધું તેને ફેરવાવ્યા વિના ન ર્‌હે. ૯

યોજનાબદ્ધ ઉતારે જિજ્ઞાસા કર્મને પથે,
કર્મ સમર્પવાવે તે ભાવ જન્માવવા હૃદે. ૧૦

જિજ્ઞાસા વૃત્તિઓનું તે જોશ-વિકાસ ભાવમાં-
-વાળવાને મથે પોતે રહી જાગૃત દિલમાં. ૧૧

જિજ્ઞાસા થકી જન્મે છે આત્મશ્રદ્ધા શી જીવને !
શા સમર્પણભાવેથી ટકવા ઝૂઝવા પથે ! ૧૨

જીવને એવી શ્રદ્ધાનું કેવું છે બળ જીવને !
તે ગજવેલ સીંચે છે જબ્બર વજ્રથીયે તે. ૧૩

જિજ્ઞાસા ભ્રમણાઓમાં ફસાવી કદી ના જ દે,
હો ફસાયેલ તોયે તે ખેંચીને તાણી કાઢશે. ૧૪

જિજ્ઞાસા દિલ જાગેલી આળપંપાળમાં કશે,
જવા દેશે નહિ ચિત્ત રખાવે પાંશરા પથે. ૧૫

પડે નમી ન જિજ્ઞાસા સમર્થ જાણકાર તે,
યોગ્યાયોગ્યતણો મર્મ પ્રીછી યોગ્ય કર્યા કરે. ૧૬

મનની સમતુલાને જિજ્ઞાસા તૂટવા ન દે,
તૂટતી એવી વેળાએ જિજ્ઞાસા સાચવી જ લે. ૧૭

જે જે કાળ પ્રમાણે ને સંજોગો, સ્થિતિ જેમ હો,
જિજ્ઞાસા તે વિશે કેમ શીખવે ઊર્ધ્વ જીવવું. ૧૮

પોતાને આપ તો પોતે ઘડ્યા કરે નિરંતરે,
જિજ્ઞાસા પળ ના એક ઊંઘે જાગતી નિત્ય તે. ૧૯

જિજ્ઞાસા સમ ક્યારે કો કળાકાર ન યોગ્ય છે,
ઘડાવા યોગ્ય શો ઘાટ જાણવા એક યોગ્ય તે. ૨૦

ઘડે છે કેવું જિજ્ઞાસા સાધના થકી જીવન,
જીવતો એવી રીતે જે જાણે તે એકલો જન. ૨૧

અભય નમ્રતાદિ શા પ્રેરાવી ગુણ જીવને !
જામેલો કેટલો ભાર ઓથાર અળગો કરે ! ૨૨

ઉદ્યમ, ખંત, ઉલ્લાસ, ઉત્સાહ ને પરાક્રમ,
જિજ્ઞાસાથી વધે એવા ગુણો નવા સદા પથ. ૨૩

કેવા ઘણા વળાંકો ને વિરોધી બળ કારમા
-વમળો આદિમાંથી તો પછાડા ખાઈ ખાઈ ત્યાં- ૨૪

-પાછા કેવા વળાવે છે જિજ્ઞાસા વધવા પથે,
ઉત્સાહ, સ્ફૂર્તિ ને શક્તિ પ્રેરાવે ભાવ જીવને. ૨૫

અંધકારથી કેવું તે ઘેરાયેલું રહે મન !
વૃત્તિ વંટોળમાં કોઈ છીંડું દેખાય ના પથ, ૨૬

ત્યારે જ કેવી જિજ્ઞાસા સહારે આવીને પથે,
પ્રકાશ પાડી સુઝાડે માર્ગ આગળનો હૃદે. ૨૭

જિજ્ઞાસાના પ્રવાહો જ્યાં ઊંડાણે અંતરે વહે-
જ્યાં જ્યાં પોતે વહે ત્યાં ત્યાં કેવો સ્પર્શ કરે ! ૨૮

તેવા તે સ્પર્શથી કેવા અંતરે ફેરફારને,
-જન્માવે હોય તેનાથી જુદાં એવાં સ્વરૂપને. ૨૯

જિજ્ઞાસા પ્રગટાવે છે એકાગ્રતા શી ચિત્તની-
ધારણાશક્તિ ખીલે ને જાગે નિર્મળતા ખરી ! ૩૦

જિજ્ઞાસા તો જગાડે છે કેવી સુષુપ્ત શક્તિઓ !
લેતાં જગાડીને કામે શી વધે તેથી શક્તિ સૌ. ૩૧

જિજ્ઞાસા શી લીધેલાં જે કર્મે હઠાગ્રહી સદા !
પૂરું તે પાડવા પાર મથે મંડ્યા કરી મહા. ૩૨

જિજ્ઞાસા નવ છોડી દે લીધેલું કર્મ તે કદા,
આવતું મૃત્યુ હો તોયે મથે પૂર્ણ ઉતારવા. ૩૩

જિજ્ઞાસા જેવું ખંતીલું ક્યાંયે કોઈ ન વિશ્વમાં,
જિજ્ઞાસા વરી છે જેને હાર્દ તે પામી જીતતા. ૩૪

કેવું, કેટલું ને ક્યારે, યોગ્ય બોલવું તે કળા,
વિવેકઆંખ ખોલાવી જિજ્ઞાસા શીખવે સદા. ૩૫

જવા ઓળંગી મર્યાદા જીવને કામ સાંપડે,
દે છે બતાવી જિજ્ઞાસા ચેતાવી ચેતવી હ્દે. ૩૬

જીવને જેમ સંજોગો, પ્રસંગો જેમ સાંપડે,
તે કાળે વર્તવું કેમ જિજ્ઞાસા બતલાવશે. ૩૭

યાહોમ ઝંપલાવાની જિજ્ઞાસા શક્તિ પ્રેરીને,
જવા હોમાઈ સંપૂર્ણ જન્માવે પ્રાણ જીવને. ૩૮

હોમાતાં હોમતાં બાકી હોમાયા વિણ ના રહે,
તકેદારી પૂરી એવી જિજ્ઞાસા શી રખાવશે ! ૩૯

આધાર કવચો વજ્ર જેવાં છોને ભલે રહ્યાં,
જિજ્ઞાસા કિંતુ તેનેય ભેદીને સ્પર્શશે તહાં. ૪૦

સ્પર્શી પાસ લગાડીને જોર તે સર્વનું રહ્યું,
તોડી ફોડી કરી ભૂક્કો સાવ ઓગાળી દે બધું. ૪૧

વિકાસ યોગ્ય ભૂમિકા જિજ્ઞાસા શી કરાવીને !
નીંદવાનું કઢાવી તે પ્રેરે છે જીવને શિવ. ૪૨

દૈવાસુરતણા ભારે સંગ્રામે લડવા ખરું,
જિજ્ઞાસા બળ પ્રેરે છે ઝઝૂમવા ખરેખરું. ૪૩

જિજ્ઞાસાના તબક્કાઓ એક એકથી તો જુદા,
બદલાયા કરે એને ભાગ્યે કોઈક પ્રીછશે. ૪૪

શી જાગી જાય છે પાછી નિશ્ચયશક્તિ નિર્ણયે !
જિજ્ઞાસા બક્ષતી પ્રાણ શા પલટાવવા પથે ! ૪૫

જિજ્ઞાસાની જુદી જુદી રીત શી જ્ઞાન પ્રેરવા !
અનેક માર્ગ શા લેવા પડે પંથે નવા નવા ! ૪૬

જિજ્ઞાસા જ્ઞાનને કર્મે પ્રેરી મૌલિક સર્જન,
નવાં નવાં રૂપે કેવું કરાવે પથદર્શન ! ૪૭

જ્ઞાનની કેડી જિજ્ઞાસા શૂરી બનાવવા ખરી,
બતાવીને મથાવીને પ્હોંચાડે મંજિલે ઠરી. ૪૮

જે અવતરવાનું છે ઊંડાણે છેક જીવને-
-જે સંપૂર્ણ પલટાવે શા પ્રાકૃતિક ધર્મને ! ૪૯

સ્થૂળથી સૂક્ષ્મમાં પ્રેરે સૂક્ષ્મથી વળી કારણે,
તે તે કર્મ ખરાં જાણો સાચાં મૌલિક સર્જને. ૫૦

અધૂરું અધૂરું લાગે અંધકારભર્યું બધું,
શી ઉદાસીનતા એવી તે ભગાડી નસાડતી. ૫૧

જિજ્ઞાસાથી વધે જોશ કેવુંયે અંગ અંગમાં !
રણકાર ઊઠે કેવો પ્રત્યક્ષ રોમરોમમાં ! ૫૨

તરંગી સાહસો જેને ગણી શકાય જીવને,
એવાં સાહસમાં પ્રેરે વેગળું મૂકી શિરને. ૫૩

ઊંચે પગથિયાં કેવાં એક એકથી ઉચ્ચ છે !
ચઢવા હામ ના ચાલે, ચઢાવે તે છતાં પથે. ૫૪

બાંયધરી ન સ્વીકારે જિજ્ઞાસા કોઈ રીતની,
શાં હદપારનાં વ્હોરે જોખમો, સાહસો ચહી. ૫૫

•

## અધ્યાય ૧૨ : રૂપાંતર

(અનુષ્ટુપ)

તમન્ના ધ્યેયમાં, ઉગ્ર, જ્વલંત વળી ઉત્કટ-
-જાગતાં દિલ જિજ્ઞાસા લાવે છે ધ્યેય નિકટ. ૧

થોભવું ના વિચારે છે જિજ્ઞાસા તો કદી પથે,
સ્વસ્થતા જાળવી પૂર્ણ યોગ્ય શ્રમ લીધા કરે. ૨

પરિસ્થિતિતણા સાચાં સ્વરૂપના વિચારને
-વાસ્તવિક રીતે પૂર્ણ તે શો સ્પષ્ટ કરાવશે ! ૩

જટિલ તે સમસ્યાઓ ગૂંચવણો ભરી નરી,
જિજ્ઞાસા શી મથે પોતે પૂર્ણ ઉકેલવા શૂરી ! ૪

ધ્યેય પરત્વેનો તીવ્ર ભક્તિભાવ ઊંડો હૃદે,
જિજ્ઞાસા ત્યાં ભરાવે છે છલાંગથી છલાંગને. ૫

વર્તન જીવને ન્યાયી રાખવા સર્વ સાથ તે,
જિજ્ઞાસા શી ચહે પોતે પોતાનો ધર્મ જાણી તે ! ૬

પાલને કદી ચૂકતાં ઊંડું વિચારીને હૃદે-
યોગ્ય તે કરવા ઝંખે જિજ્ઞાસાનો જ ધર્મ તે. ૭

થતો અન્યાય પોતાને સહી ઉદારતાથી લે,
કરે અન્યાય જિજ્ઞાસા કદી ના કોઈને ખરે. ૮

ચાલતાં સુધી જિજ્ઞાસા વર્તે તે રીત જીવને,
ભુલાતાં તે સુધારી લૈ કરવા યોગ્ય તે ચહે. ૯

જિજ્ઞાસા કેળવે ગુણ આચરાયેલ ગુણની-
મહત્તા કેવી ભારે છે ! કેળવે શક્તિ તે ઘણી. ૧૦

જિજ્ઞાસા કેળવે ભાવ, નમ્રતા, જ્ઞાન જીવને,
નમ્રતા કેળવાયાથી પ્રવેશાયે જ અંતરે. ૧૧

જીવને ચઢી આવે જ્યાં વાદળાં ઘનઘોર શાં !
જિજ્ઞાસા તેજ ફેંકીને વિખેરી, મુક્તિ દે તદા. ૧૨

અનેક શક્તિ એવી તો એક એકથી ઉચ્ચ શી !
જિજ્ઞાસા તો જગાડી તે વિકાસે જોતરે ખરી. ૧૩

જિજ્ઞાસા ભાવમાં પ્રેરી ભીંજે સ્વભાવને રસે,
સ્વભાવ મરડાયા કૈં વિના શો પલળે રસે ! ૧૪

પ્રકૃતિકરણોકેરાં સ્વરૂપ બદલાય છે,
તે સૌના ગુણ ને ધર્મ ત્યારે શા પલટાય છે ! ૧૫

ગુણ ને દ્વંદ્વથી યુક્ત બનેલી પ્રકૃતિ મળે,
જિજ્ઞાસા પ્રકૃતિને શી મથાવી મુક્તિ બક્ષશે ! ૧૬

પ્રકૃતિ કેવી રીતે તે મથે છે છેતરાવવા !
પૂરી પડી શકે, ત્યાંયે જિજ્ઞાસા અંધ ના થવા. ૧૭

ગાંઠે પૂરેપૂરી એવી જિજ્ઞાસાને ન પ્રકૃતિ,
છતાં એ પ્રકૃતિ સાથે જિજ્ઞાસા ખેલ ખેલતી. ૧૮

એવી પ્રકૃતિને તોયે જિજ્ઞાસા દિલ જાગતાં,
જિજ્ઞાસા મથતી કેવી પ્રકૃતિને મઠારવા ! ૧૯

જંજીરે જકડાયેલી પ્રકૃતિ પૂર્ણ છે ખરે,
છતાં સ્વતંત્ર છે પોતે એવું એનું ગુમાન છે. ૨૦

ચેતનાના ધરી વેશ પ્રકૃતિ રમતે રમે-
નાખી દે ભુલાવામાં, જિજ્ઞાસા ત્યાંય બાથડે ! ૨૧

બેફામ વૃત્તિને કેવી ઠેકાણે પાડી જીવને-
-સંયમે, તપમાં જોડી કામ લીધા કરે પથે. ૨૨

ઇંદ્રિયો વિષયોમાંથી પાછી ખેંચવી જોઈશે,
પાયો સંયમનો પાકો કેળવતાં જ શક્ય છે. ૨૩

'સંયમ, તપ ને ત્યાગ' એ ત્રણ ભાવના હૃદે,
જિજ્ઞાસા કેળવી તેને સાકાર વર્તને કરે. ૨૪

પૂર્ણ નીરવતા ગાઢ નિસ્પંદ જીવને થતાં,
પ્રત્યક્ષ પરિણામે તો પરિવર્તન શાં થતાં ! ૨૫

પ્રકૃતિ ચાલ પોતાની મેળે ના બદલે કદી,
જિજ્ઞાસા જાગતાં, એને બદલાવી શકે ખરી. ૨૬

પ્રકૃતિ ના મૂકી દે છે વર્ચસ્વ નિજનું જરી,
જિજ્ઞાસા કિંતુ ચેતેલી કરે તાબે જ પ્રકૃતિ. ૨૭

સ્વભાવ પ્રકૃતિજન્ય જિજ્ઞાસા ફેરવે ખરે-
-દક્ષતાએ, કળાથી કૈં પોતે સ્વભાવ સાથ દે. ૨૮

તે વેળા પ્રકૃતિ ખેલ કેવા અવનવા કરે
-જિજ્ઞાસા કિંતુ શી દક્ષ ઓળખી લે પ્રપંચ તે ! ૨૯

કેવા પૂર્વગ્રહો ઊંડા વ્યાપેલા જીવને બધા,
જિજ્ઞાસા તોડી તે સૌથી બક્ષે જીવન મુક્તતા. ૩૦

કેવું બુદ્ધિની મર્યાદા બહારનું કશુંક તે-
-ઊંડામાં ઊંડું આધારે જિજ્ઞાસાથી થતું ખરે ! ૩૧

જિજ્ઞાસાથી થતા વ્યક્ત ભાવ, જેનાથી જીવને,
-સમૂળો પલટો કેવો પલટાતો જતો પથે ! ૩૨

વાતાવરણ જિજ્ઞાસા સર્જાવી કેવું જીવને !
ફેરફાર કરાવી તે મૂળગું બદલાવશે. ૩૩

અનોખી શક્તિ જિજ્ઞાસા ધરાવે છે શી મૌલિક !
જિજ્ઞાસા પ્રગટાવે છે સર્જન તે અલૌકિક. ૩૪

પોતાનાં કર્મમાં કોઈ કરે ડખલ જો કદી,
જિજ્ઞાસા ના સહી લે તે ફૂંફાડા મારતી તહીં. ૩૫

સાદી સમજનો પાયો નાંખે એવા બનાવમાં-
-ઘડે તાલીમમાં પ્રેરી જિજ્ઞાસા શી નવીનતા ! ૩૬

નિર્મળ પ્રેમનો ભાવ જિજ્ઞાસા થકી જાગતો,
જાણીને પ્રેમનો હેતુ સાકાર ધ્યેયમાં થતો. ૩૭

જાગેલો પ્રેમનો ભાવ, ઉચ્ચ જીવનને કરે,
નિમ્ન તે ભૂમિકામાંથી દિવ્યતામાંહી ઠેરવે. ૩૮

જીવને તો દબાયેલું કેટકેટલુંયે હશે !
જિજ્ઞાસા ખેંચી તે કાઢી કરી સ્પષ્ટ બતાવશે. ૩૯

જિજ્ઞાસા અંતરે તીવ્ર ભભુકાવે શી વેદના !
વેદના ફેરવાવી દે ભાવ સંવેદને તદા. ૪૦

જિજ્ઞાસાથી ઊઠે જાગી આત્મજ્ઞાનની ભૂખ શી !
એની પ્રતીતિ હૈયામાં તે શી કરાવી આપતી ! ૪૧

વૃત્તિ વંટોળની ઉગ્ર હારમાળા શી ઊગતી !
જિજ્ઞાસા શક્તિ પ્રેરાવી હઠાવવાને મથાવતી. ૪૨

મનોદ્વેગ થતાં ભારે જિજ્ઞાસા મદદે ચઢી-
-અંધકાર ફગાવી દૈ પ્રકાશ પ્રગટાવતી. ૪૩

તટસ્થતાની ભૂમિકા, પછી સમત્વની દશા,
સાક્ષિત્વ પછી જિજ્ઞાસા પ્રવેશે આત્મદેશમાં. ૪૪

આમળા અમળાઈને દે દુ:ખદર્દ વેદના,
આનંદ માણવા કાજે એને તો તપ જાણવાં. ૪૫

જીવદશા પ્રવર્તે જ્યાં, થાય ના આત્મદર્શન,
જિજ્ઞાસા કિંતુ પ્રેરાવે ઊંડું આત્મનિમજ્જન. ૪૬

જીવને નબળાઈને આત્મશ્રદ્ધાથી શક્તિમાં-
-જિજ્ઞાસા ભાવ પ્રેરે છે સંપૂર્ણ પલટાવવા. ૪૭

મનને કરી દે શાંત, વાચાને કરી દે મૂક,
કરી દે એવું જિજ્ઞાસા ભારે કર્મ ભગીરથ. ૪૮

ભાવ આનંદનું પૂર એકાકારપણે હૃદે-
જિજ્ઞાસા ઊતરાવે તે ભારે શું મથી જીવને ! ૪૯

વિશ્રાંતિ, શક્તિ આધારે એકાગ્રતા, પ્રકાશયે
-ફેલાઈ ચેતના પ્રેરે જિજ્ઞાસાને નવા પટે. ૫૦

નીરવ શાંતિ આધારે ભાગ શો ભજવ્યા કરે !
અણુએ અણુમાં વ્યાપી ચેતના ત્યાં ઉતારશે. ૫૧

નિરભિમાન, ઔદાર્ય, નિરાડંબર પ્રેમ, જે-
-શો શ્રદ્ધાનિષ્ઠ સદ્‌ભાવ નિરહંકારયુક્ત તે- ૫૨

-જિજ્ઞાસા કેળવે તેવા ગુણો જીવનમાં મહા
-તેવા ગુણોની શક્તિ તે મથે શી પ્રગટાવવા ! ૫૩

જિજ્ઞાસા કેળવે ઊંડી જીવંત શી વિનમ્રતા !
કેળવાયેલ તે ગુણ ક્રિયાશીલ થયે જતા, ૫૪

મૌલિક સર્જને યોગ્ય વપરાયે જતાં જતાં
આત્મસ્ફુલિંગ રૂપે તે પ્રેરે ત્યારે પ્રદાનતા. ૫૫

ગુણ સ્વભાવના હો ને ઊગેલા ગુણ અંતરે-
-બંને વચ્ચે ઘણો ફેર, આસમાન જમીનનો. ૫૬

ગુણ સ્વભાવના જે, તે પ્રકૃતિના પ્રદેશના,
ઊગેલા ગુણનું ક્ષેત્ર આત્મકેરા પ્રદેશમાં. ૫૭

જિજ્ઞાસા ફેરવાવે છે, માધ્યમ શી બનાવીને-
-પ્રકૃતિને નવા વેશે આત્માને વશ વર્તીને. ૫૮

આત્માની આણ આધારે પ્રવર્ત્યે, પ્રકૃતિ તદા-
પલટાઈ જઈ પૂર્ણ, ખોઈ બેસે સ્વતંત્રતા. ૫૯

ગુણ, ભાવ કરે ખુલ્લાં પ્રકાશતણી મધ્યમાં-
-આધારે શક્તિ શી ખીલે તેવા અનુભવે તદા ! ૬૦

જિજ્ઞાસાને કશું મિથ્યા લાગતું નથી જીવને,
જેને મળે પથે તેને આનંદરૂપ ફેરવે. ૬૧

નિમ્નથી નિમ્ન જે પંથે મળે તેને નવી રીતે-
-નવાં દર્શનથી સૌને જિજ્ઞાસા મઢીને, લહે. ૬૨

મરણતોલથી ભારે પ્રકૃતિ યુદ્ધ શાં લડે !
સાવચેત રહી ત્યાંયે જિજ્ઞાસાય રણે ચડે. ૬૩

અસ્ખલિતપણે ભારે શો પુરુષાર્થ કારમો !
ધ્યેય પમાડવાકેરો જિજ્ઞાસાનો જ ધર્મ શો ! ૬૪

કેવી ફના થવાની તે તાલાવેલી જલે હૃદે !
સંજીવની બની શી તે ! સર્જે નૂતન જીવને. ૬૫

પગલે પગલે કેવો સંકટોનો જ સામનો !
પુરુષાર્થની સામગ્રી શી ઊગ્યા કરી ! એથી તો. ૬૬

•

## અધ્યાય ૧૩ : દર્શન

(અનુષ્ટુપ)

સત્તા, સંગ્રહ ને સ્વાર્થે ગયું વેચાઈ જીવન,
તેથી ઉગારવા બક્ષે જિજ્ઞાસા જ્ઞાનદર્શન. ૧

મોહાદિનો પડેલો છે આડો જે પડદો પથે,
છિન્નભિન્ન થવા એને જિજ્ઞાસા પડકારશે. ૨

જૂની પુરાણી આકાંક્ષા સત્તા, સંગ્રહ, સુખની,
તેને તોડ્યા વિના સાચું, મથાવુંયે ન શક્ય છે. ૩

જીવને ચેપ શો લાગે જિજ્ઞાસાના પરિશ્રમે !
ચેપ એવાથી શા શા તે પમાતા લાભ જીવને ! ૪

સુઝાડી સંપડાવે છે ચાલ જીવનની પથે,
ને તેમ ચાલવામાં શી હૃદે નિશ્ચિતતા ફળે ! ૫

તે પોતાની તપસ્યાને ચહ્યા વધારવા કરે,
નમ્રતા ઊગતાં પેખ્યે, તપ યોગ્ય થતું ગણે. ૬

જ્યારે કોઈ કહેતાંયે સહારો કોઈનો ન છે,
જિજ્ઞાસા સાથમાં ઊભી હૂંફ, ઓથ દીધા કરે. ૭

નિષેધાત્મક તે ધર્મ જિજ્ઞાસાનો ન જીવને,
જે તે સ્વીકારીને વર્તે, પ્રસંગ હેતુ પ્રીછીને- ૮

કેવું જીવનને પૂર્ણ જિજ્ઞાસા કરનાર છે,
સભર ને સમૃદ્ધયે, ઊર્ધ્વ બનાવનાર છે. ૯

'પ્રભુનું યંત્ર તારે તો થવાનું રહ્યું જીવને',
જિજ્ઞાસા શિખવાડે તે હૈયે બોધ પથિકને. ૧૦

ઉગ્ર મુસીબતોનો તે કરવો કેમ સામનો ?
જિજ્ઞાસા દિલ જાગેલી સુઝાડે ત્યાં ઉપાય સૌ. ૧૧

પ્રકૃતિના સકંજામાં ફસાયેલ પૂરેપૂરા,
રહ્યા રૂંધાઈ શા શ્વાસ ! મથાવે તે જિવાડવા. ૧૨

જીવને ચેતનાકેરા કરાવે અગ્નિ સ્પર્શને,
જિજ્ઞાસા ભભુકાવે શી ચેતનાસ્પર્શ ભૂખ તે ! ૧૩

કીર્તન, પ્રેમ ને શ્રદ્ધા ભક્તિ ને ધ્યાન યોગમાં-
જિજ્ઞાસા દિલ પ્રેરે છે તે કર્મે એકરાગતા. ૧૪

જિજ્ઞાસા માર્ગમાં કેવું મહત્ત્વ પ્રેમનું હૃદે,
ઓગાળી નાંખી તે શુદ્ધ જીવને સર્વનું કરે. ૧૫

સત્સંગ મહિમા હૈયે જિજ્ઞાસા તો જગાડીને,
પ્રત્યક્ષ જીવને તેવું પ્રેરાવી લાભ બક્ષશે. ૧૬

જિજ્ઞાસા ભાવને કર્મે ક્રિયાન્વિત કર્યા કરે,
તેથી અંતરનાં ઊંડાં પડળો શાં ચીર્યા કરે ! ૧૭

અંતરે થાય નિષ્પત્તિ, જિજ્ઞાસાનું મહત્ત્વનું-
-એકલું એક છે કર્મ યોગ્ય ને શ્રેષ્ઠ જાતનું. ૧૮

પોતાના કેંદ્રમાં લક્ષ પોતાનું પૂર્ણ રાખીને,
જિજ્ઞાસા જોવરાવે છે થતાં તે પરિવર્તને. ૧૯

મહાયજ્ઞની આહુતિ બની જવાની યોગ્યતા,
જિજ્ઞાસા પ્રગટાવીને બક્ષે છે શી કૃતાર્થતા ! ૨૦

પરીક્ષા કેવી પોતાની જિજ્ઞાસા તો લીધા કરે !
જીવને તે તપાસ્યા શી પોતાને કરતી રહે ! ૨૧

અમલ કરવાને શો સાવધાન પ્રતિક્ષણ !
ઉદ્યત એકધારો છે જિજ્ઞાસાભાવ પ્રેરિત. ૨૨

ઉત્પીડને શું અન્યાયે કેવું જીવન ત્રસ્ત છે !
જિજ્ઞાસા તે સુઝાડીને થવા મુક્ત ચલાવશે. ૨૩

જે અનુભવવાનું છે જીવને અમૃતત્વ તે,
જિજ્ઞાસા પિવરાવ્યા તે વિના કદી ન જંપશે. ૨૪

જિજ્ઞાસા કેળવાતાં શો કળા સૌંદર્ય ભાવને-
-ચૂસી લૈ, જીવને એને સાંગોપાંગ ઉતારશે. ૨૫

•

## અધ્યાય ૧૪ : વિજય

(અનુષ્ટુપ)

જિજ્ઞાસાથી નવી દૃષ્ટિ ને નવો સ્પર્શ પાંગરે,
નવું જીવન તે સામે કેવું તરવરે હૃદે ! ૧

જિજ્ઞાસાની સમૃદ્ધિને વર્ણવી તે શકાય ના,
જિજ્ઞાસાથી થતું જ્ઞાન ટૂંકા ગાળે પમાય ના. ૨

થતાં તત્પરતા ધ્યેયે પછી છટકી જાય ના,
છતાંય ભાવના ઘેને ઘેરાઈ કેવી જાય ત્યાં ! ૩

વ્યથા અંતરની કેવી કેટલી વાર જાગીને-
-મૂર્છામાં નાખી દે તોયે, જિજ્ઞાસા આવી શી ચઢે ! ૪

આવી પડેલ હો સામે સંગ્રામ તે પરત્વે જે-
-કરતાં કરતાં ભારે સામનો, શક્તિ મેળવે. ૫

શિખવાડે બધું પોતે પોતાને, શીખી ઉત્તમ-
-અંતરે લહીને જ્ઞાન, ગુહ્યમાં ગુહ્ય સૂક્ષ્મ જ. ૬

જિજ્ઞાસામાં સમાયાં શાં પુરુષાર્થ-કૃપા ખરે,
કેવો સુમેળ બંનેનો જિજ્ઞાસામાં થતો દીસે. ૭

પ્રચંડ અગ્નિના જેવો હૈયે શો તલસાટ છે !
જિજ્ઞાસાનો હૃદે ભાવ તેથી શો પ્રજ્વલ્યા કરે ! ૮

જિજ્ઞાસાભાવ પોતે છે જ્વાળામુખી સમો પથે,
પ્રચંડ શક્તિ એની શી ઉથલાવી બધું શકે. ૯

મુશ્કેલીના પથે કેવું પ્રચંડ વ્‌હેણ તાણમાં,
તેમાં ટકી રહેવા શું પ્રેરે તે બળ દિલમાં ! ૧૦

સર્વતોમુખી જિજ્ઞાસા જ્યારે જીવનમાં જલે,
જીવનકેરું તે હાર્દ પ્રકાશે જાગતું પથે. ૧૧

અનુશીલન ને તેવા પરિશીલનથી ખરે
-જિજ્ઞાસાના ઊંડા ભાવે વર્તાતાં તત્ત્વ તો મળે. ૧૨

જિજ્ઞાસાતણું સંપૂર્ણ સાફલ્ય જીવને થતાં-
-સામર્થ્ય, જ્ઞાન, આનંદ ઊગે તે ત્રણ સામટાં. ૧૩

પારસમણિ જિજ્ઞાસા ઊલટું સૂલટું કરે,
કથીર પલટી નાંખે કંચને, એમ જીવને. ૧૪

નર્યો આનંદયે ના ત્યાં તપશ્ચર્યાતણા પથે,
અંધારાં કારમા આવે, પડે કેટલું રોવુંયે. ૧૫

ઘડીક ખુલ્લું ને પાછું ઘડીક બંધ થાય છે,
એવા અનુભવે પોતે ગ્રહી લે તત્ત્વ જીવને. ૧૬

કેટલી વાર વિચ્છેદ, પુનર્મિલન થાય છે,
કેવો અવાસ્તવિકતાનો પડદો તે તોડી નાંખશે ! ૧૭

નિરાકરણ બુદ્ધિનું થતાં, પાસાં બધાં થકી-
-બુદ્ધિ ખુલ્લી થતાં કેવો પથે પ્રકાશ પાડતી ! ૧૮

નાંખે ઉઘાડી હૈયાને એવી વિશાળતા પથે-
-ભવ્ય ને દિવ્ય જિજ્ઞાસા અનુભવાવતી હૃદે. ૧૯

જિજ્ઞાસામાં વધે કેવી હૈયે બેચેની કારમી !
સૂઝે માર્ગ ન કોઈને દિશા શૂન્ય બને કદી ! ૨૦

શો સળવળવા લાગે અંતરાત્મા ઊંડાણમાં !
જીવતાં મૃત્યુના જેવી અવસ્થા કેવી થાય ત્યાં ! ૨૧

થવાવા મુક્ત તેનાથી ને આગળે જવા પથે,
પડે ત્યાં ટૂંકી જિજ્ઞાસા, વ્હારે ત્યારે કૃપા ચઢે. ૨૨

જીવને ભણકારા શા એવા પ્રસંગના પડે,
ચમકી ચમકી શી ત્યાં જિજ્ઞાસા ઊર્ધ્વમાં દડે ! ૨૩

જાણકારી નથી એને એવા ઊર્ધ્વ પ્રદેશની,
થતા અનુભવોથી તે ઊર્ધ્વમાં ધપતી જતી. ૨૪

ભુલભુલામણી કેવી ઊર્ધ્વમાંયે શી આવતી !
જિજ્ઞાસા કિંતુ ત્યાંથીયે મથી શી માર્ગ કાઢતી ! ૨૫

જીવને કેટલી વાર શૂન્યકાર છવાય છે,
ત્યારે કશું જ સૂઝે ના, જગાડે કોક ત્યાંય તે. ૨૬

અગમ્ય ને અનોખાયે દેશ છે અંતરિક્ષમાં,
નાંખી આશ્ચર્યમાં તે દે, જિજ્ઞાસા કિંતુ શીઘ્રતા- ૨૭

-છે સાવધાન સંપૂર્ણ પોતાના ધ્યેયના વિશે,
ગમે તેમ છતાં કેમે આડીતેડી ન તે ખસે. ૨૮

કલ્પનાતીત શક્તિ છે નવનિર્માણની પથે !
-જિજ્ઞાસાભાવની કેવી પ્રીછે અનુભવી હૃદે ! ૨૯

બાહ્યનાં સૃષ્ટિ દશ્યોમાં જિજ્ઞાસા આવરાય જ્યાં
-સફાળા જાગી ત્યાં કેવી મથે, તે માર્ગ આપવા ! ૩૦

અનુભવે પથે પોતે શાં શાં સ્વરૂપને જુદાં !
જિજ્ઞાસા તોય માયામાં એવી મોહાય ના કદા. ૩૧

ચોંટવા, સ્પર્શવા આવે સૌંદર્યવંતું રૂપ જે
-ચળી જવાય કેવું તે અદ્‌ભુત રૂપ હોય છે ! ૩૨

સાક્ષાત શી કૃપા ત્યારે વ્હારે ધાઈ જ તત્ક્ષણે !
ઝાલવા હાથ આવે તે શ્રેયાર્થીનો દ્રવી હૃદે. ૩૩

જુદાં રૂપો, જુદા રંગો કેવાં પંથ ખડાં થતાં !
જિજ્ઞાસા પામતી હૈયે આશ્ચર્ય ના ડગે છતાં. ૩૪

પ્રગટાવાઈ ચૂક્યો છે દીવો જે જીવને હૃદે,
ઊર્ધ્વની જે અવસ્થામાં, કદી લુપ્ત ન તે થશે. ૩૫

જિજ્ઞાસાભાવને હૈયે સ્વીકારી વર્તતો હશે,
एने સ્વરૂપ પોતાનું પલટો લેતું લાગશે. ૩૬

જિજ્ઞાસા પ્રગટાવે છે ધ્વનિ ઊંડો ચિરંતન,
શબ્દાર્થની જતો પાર અવ્યક્ત વ્યકત જીવન. ૩૭

સૂક્ષ્મ વર્તાવવાકેરી જિજ્ઞાસાની શી વ્યંજના !
માની અનુભવી તેવો શકે તે જાણી અંજન. ૩૮

જિજ્ઞાસાથી દ્રવેલા જે હૈયે વિકાસભાવ છે,
ઊંડા ઊંડાણમાંથી જે ઊઠતી ઊર્મિઓ ઝીલે. ૩૯

ઝીલી તે ઊર્મિને કર્મે એકાકાર કરાવવા-
-મથે શો સૂક્ષ્મ ભાવેથી આદર્શ અવતારવા ! ૪૦

ઉદાત્ત, ઊર્ધ્વગામી ને છે શુભંકર તત્ત્વ તે,
અવ્યક્ત, થતું છે વ્યક્ત જિજ્ઞાસાના પરિબળે. ૪૧

ઉચ્ચ ભાવોનું હૈયામાં એકાંતિકપણે ઊંડે-
-સેવન ચેતનાત્મક જિજ્ઞાસાથી થયા કરે. ૪૨

એવા સેવનની જ્યારે પ્રક્રિયા હો જીવંત તે,
તેવી તે પ્રક્રિયા પોતે દિવ્યતા પાંગરાવશે. ૪૩

પ્રત્યક્ષ જીવને એનું લક્ષણ પ્રગટે હૃદે,
*'તે જ પોતે થતો જાય' ઊગે એવું અનુભવે. ૪૪

ઊડે છે ક્યાંયનો ક્યાંય જીવનભાવ શિખરે,
સર્વોચ્ચ ટોચ પ્હોંચીને પાછો અવતરે નીચે. ૪૫

દ્વંદ્વાતીત ગુણાતીત થવાતાં જીવને ઊગે-
-'હૃદય' ભૂમિકા સાચી, 'હૃદય' તે પ્રમાણજે. ૪૬

મૂળે 'હૃદય' એ તો છે સ્થળવાચક શબ્દ ના
'હૃદય' ભૂમિકાકેરો દર્શાવતો જ શબ્દ હા. ૪૭

ડંકા નિશાન સિદ્ધિનાં કેવાં તે શિખરે ચગે !
-લ્હેરાયે ગૌરવે શાં શાં ! જિજ્ઞાસાની જ જીત તે. ૪૮

•

---

* પરાક્રમીના અર્થમાં

હરિ:ૐ

# ખંડ : ૫ : જિજ્ઞાસાની કાર્યરીતિ

## અધ્યાય ૧ : માર્ગદર્શન

(અનુષ્ટુપ)

એકસામટુંયે સર્વ, જિજ્ઞાસાયે ન જાણતી,
માંડે તે પગલું જેમ ને તેમ તેમ શીખતી. ૧

જિજ્ઞાસાથી ન જાગે જો જીવને રસ તો પછી-
જાણવું નિશ્ચયે કે તે જિજ્ઞાસા ના ખરેખરી. ૨

માનવું, પ્રીછવું જ્યારે કર્તવ્યે પૂર્ણ ઊતરે,
જિજ્ઞાસા તો મથાવે છે પામવા શ્રેય તે રીતે. ૩

રમાડી કેવું યુક્તિથી જિજ્ઞાસા ચલવે પથે,
યોગ્ય સાચવી લે તે, ના થવા દે અથડામણો. ૪

જિજ્ઞાસા સાબદી થાય થતાં કૈં અથડામણો-
-ચેતાવી ચેતવી દે છે બતાવી દે ઉપાય સૌ. ૫

પ્રચંડ આકરા કેવા ઝંઝાવાતો પથે ચઢે !
જિજ્ઞાસા ટકવા માટે લાગ જોઈ નમી પડે. ૬

નમે છે તોય જિજ્ઞાસા કેવી ટટાર તે ઊભે !
ઝીલે છે ઘા, છતાં પોતે શી અણનમ આપ છે ! ૭

એકરસે કશાનામાં થવા તદ્રૂપ હો તદા,
જિજ્ઞાસા કિંતુ તેમાંથી તારવી દે તટસ્થતા. ૮

પૃથક્કરણ ઊંડામાં ઊંડું શું કરવા ચહે-
જિજ્ઞાસા એમ વર્તાવી પોતાને તે બતાવશે. ૯

પામવાપણું પાસે જ લાગતાં એવું જ્યાં હૃદે,
પામતાં તે, જતું પાછું આઘે તે કેવું આગળ ! ૧૦

માનવા જેવું માને છે, ચાલે જ્યાં ચાલવાનું છે,
વાવવા જેવું વાવે છે, લણે છે યોગ્ય પાક તે. ૧૧

સપ્રમાણ યથાયોગ્ય પોતે શાં ડગલાં ભરે !
ચલાતાં કૈંક આડું જો પોતે સફાળી જાગશે. ૧૨

પોતાનું ધાર્યું કર્તવ્ય જિજ્ઞાસા કદી ના ચૂકે,
આદરી પૂરું સંપૂર્ણ જિજ્ઞાસા આપ વિરમે. ૧૩

પોતે જેવા હશો તેવા જુદા કાળે જુદા જુદા,
જિજ્ઞાસા તમને તેવું તે તે કાળે સુઝાડશે. ૧૪

જેમ જેમ થતી મોટી જિજ્ઞાસા તેમ તેમ તે,
ધારેલાં કર્મમાં કેવી ઉત્સાહ ખંતમાં વધે ! ૧૫

પડી ર્‌હેવા ન દે સ્‌હેજે ઉથલાવ્યા કરે કદા,
ફેરવે આડુંતેડું શી જિજ્ઞાસા જ્ઞાન પામવા ! ૧૬

શ્રદ્ધાને વાસ્તવિક્‌તામાં રૂપાંતરિત જીવને
-થવાને કેવું જિજ્ઞાસા મથાવ્યા કરતી રહે ! ૧૭

વિચાર્યું હોય છે કૈંક, કૈંક આવી પડે જુદું,
યાત્રા અજ્ઞાત છે એવી, જિજ્ઞાસાએ સુઝાડિયું. ૧૮

'અંત હોવો ઘટે કેવો' એનું નિર્માણ તો થવા,
જિજ્ઞાસાએ બનાવ્યો છે આદર્શ નકશો તદા. ૧૯

આચર્યા કરવા એને જિજ્ઞાસાએ જ પ્રેરી છે-
-હિંમત, ગુણ શા બીજા એવા પ્રેર્યા કર્યા જ છે ! ૨૦

આથડી આથડી ક્યાંયે પોતે શી અથડાય છે !
છતાં નિશાન ધારેલું પાડવા પાર તે મથે. ૨૧

•

**અધ્યાય ૨ : યુદ્ધ**

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા આળપંપાળ જેવી છે ના કદી ખરે,
એને જે એવી જાણે તે 'જિજ્ઞાસા' જાણતો ન છે. ૧

જિજ્ઞાસાતણી શક્તિનું ભાન આપણને નથી,
શારે તે શારડી જેમ વેધી નાંખે સમૂળગી. ૨

એને ના ક્યાંય જુદું છે, જુદામાંયે પ્રવેશીને,
પારકાંને કરે એવું પોતાને યોગ્ય પાત્ર તે. ૩

હો ચારેકોર અંધારું સૂહેજે જણાય ના કશું,
જિજ્ઞાસા ત્યાંય જોવાને શા પ્રયત્ને મથે બહુ. ૪

હારે તોયે કબૂલે ના હાર પોતે ખરેખરી,
હારને જીતમાં લેવા જિજ્ઞાસા રીત જાણતી. ૫

વિઘ્નોને ગણકારે ના સામે લઢી મથી ચહી,
શત્રુ હરાવવા કેવું લઢે જોર કરી કરી ! ૬

મથતાં મથતાં થાકી જવાતાં ગળિયા થતાં,
જિજ્ઞાસા પ્રાણ પ્રેરી શી સાબદા કરતી તદા ! ૭

જિજ્ઞાસા તો ઉઠાડીને કસાવી કટિ જીવને,
બેઠા કરે જ સંગ્રામે ઝઝૂમવા મથાવીને. ૮

પ્રચંડ પ્રગટેલો હો શો દાવાનળ જીવને !
માથું ઊંચકી જિજ્ઞાસા સામનો કરી શી લડે ! ૯

નિરાશા કાદવે પૂરા ખૂંપી ગયેલ હો છતાં-
જિજ્ઞાસાને કળા પૂરી આવડે ખેંચી કાઢતા. ૧૦

સંગ્રામ ખેલવા કેવા પડે, તે પલટાવવા-
-મર્યા વિના નવો જન્મ કદી કેમેય થાય ના. ૧૧

જિજ્ઞાસા બદલાવે છે, નોખી નોખી ક્ષિતિજને,
એકએકથી શી જુદી ક્ષિતિજો જીવને ફરે ! ૧૨

સ્થિતિમાં એકની એક જિજ્ઞાસા ના રખાવતી,
ઉથલાવ્યા કરે એ તો વારંવાર ફરી ફરી. ૧૩

જિજ્ઞાસા કેવી પ્રેરાવે, અંતરે અભિમુખતા,
એક ટોચેથી ટોચે તે બીજી ચઢાવતી સદા. ૧૪

જિજ્ઞાસા જીવને ઊર્ધ્વ જાગી આધાર જેહને,
કરાવી કારમા યુદ્ધ વારંવાર પછાડશે. ૧૫

હાડકાં ખોખરાં કેવાં જિજ્ઞાસા કરી નાંખશે !
કિંતુ લેવા નવો વેશ એની શી તેવી યુક્તિ તે ! ૧૬

-સંકોરવાનું ને પાછું સંકેલવાનુંયે ખરે,
જિજ્ઞાસા બેઉ સંગાથે એકીસાથે લડ્યા કરે. ૧૭

જિજ્ઞાસાથી મળે એવું જીવને તારવા બળ,
મથાવીને મથાવીને જિજ્ઞાસા આપતી ફળ. ૧૮

પ્રચંડ કારમા કેવા જીવને પલટા ઊગે !
જિજ્ઞાસા તે વિશે યોગ્ય વર્તતાં જ્ઞાન પ્રેરશે. ૧૯

દિવ્ય જીવનનો ઘાટ જિજ્ઞાસા જ અપાવશે,
જિજ્ઞાસામાંથી જન્મે છે પ્રકાશ જ્ઞાન જીવને. ૨૦

જિજ્ઞાસાથી શું હૈયાનું તારતમ્ય પમાય છે,
જિજ્ઞાસાથી જ હૈયાનું તત્ત્વ અનુભવાય છે. ૨૧

•

**અધ્યાય ૩ : સ્વીકાર**

(અનુષ્ટુપ)

નવસર્જન ભાવિનાં વ્યક્તિત્વનાં નવાંનવાં
-અનેરાં રૂપ પેખીને, રમે પોતે શી રંગમાં ! ૧

પાડવા ઠામ ઠેકાણે જિજ્ઞાસા કેવી જાગ્રત !
મથી પોતાની રીતે તે સરે થૈ ચેતનાત્મક. ૨

જીવન ઘડવા રીત જિજ્ઞાસાની નિરાળી છે,
એની સંગાથ કોને ના સરખાવી શકાય છે. ૩

નકારાત્મક દેખાતાં જિજ્ઞાસા નવ સંઘરે,
તેને જાણે છતાં પોતે તેનો સ્વીકાર ના કરે. ૪

સ્વીકાર કરવા યોગ્ય જે જે જીવનના પથે-
જિજ્ઞાસાને જ વિવેક કેવો સંપૂર્ણ હોય છે ! ૫

સ્વીકારાત્મક ભૂમિકા સંગ્રહાત્મક યોગ્ય જે,
જિજ્ઞાસા તે લહી પોતે વર્તને ઉતરાવશે. ૬

કેવી આરાધના હૈયે જિજ્ઞાસા તો કરાવીને-
-ઊંડામાં ઊંડું તે હાર્દ ભક્તિથી મેળવાવશે. ૭

જિજ્ઞાસા જ્ઞાન ઉગાડે અગ્નિ તેજશિખા રૂપે,
વિરલો તે શકે સાંખી, કોક પવિત્ર તે સહે. ૮

તત્ત્વના જીવને જે કૈં હો સાનુકૂળ યોગ્ય તે,
જિજ્ઞાસાને શું ઉત્સાહ પૂરો સત્કારવા હૃદે ! ૯

મરાવે ડૂબકી ઊંડી તારતમ્ય કઢાવવા-
કીમિયાગર જિજ્ઞાસા જાણે તે સર્વ પેંતરા. ૧૦

જિજ્ઞાસા જાગી છે તેવા જાય છે જાગી તત્પર
મરણિયો ઝુકાવે છે સંગ્રામે બાંધી કમ્મર. ૧૧

જિજ્ઞાસા દિલ જાગેલી કેવી પ્રચંડ શક્તિ છે !
પોતાની મરજી યોગ્ય ઘડે તે ઘાટ જીવને. ૧૨

જિજ્ઞાસા જાગતાં ઊંડી શા આરપારદર્શક-
-દર્શાવે નિજને ત્યારે જેવા હો તેમ સ્પષ્ટ જ ! ૧૩

કરી બેસે ભૂલો તોયે જિજ્ઞાસા તે થકી શીખે,
જિજ્ઞાસાનું ખરું હાર્દ જ્યાં ત્યાંથી શીખવાનું જે. ૧૪

પાર્થિવ ભૂમિકામાંથી વિભક્ત સર્વથી થવા
-તે કર્મે કેવી જિજ્ઞાસા પારંગત પ્રયત્નમાં ! ૧૫

બહુ અગત્યનો ભાગ જીવને ઘડવામહીં
-જિજ્ઞાસા ભજવે કેવો કોણ જાણી શકે તહીં ! ૧૬

અંધને લાકડી જેમ દોરવે, ચાલતાં પથે,
સાધકને ચલાવે છે જિજ્ઞાસા તેવી રીતિયે. ૧૭

કાપતાં કાપતાં પંથ જિજ્ઞાસા કદી હારતાં,
કદીય પાછી પાની તે કરી ના શકતી કદા. ૧૮

જિજ્ઞાસા ભટકે ક્યાંયે આમથી તેમ ના કશે,
છે જીવનોપયોગી જે તેને જ સંગ્રહે હૃદે. ૧૯

મળેલી તક જિજ્ઞાસા ઝડપી લે જ તત્પરે,
પોતાના ધ્યેયમાં તેનો ઉપયોગ કર્યા કરે. ૨૦

જિજ્ઞાસાનો ખરો ગુણ 'કેવી વિકાસશીલતા !'
શી નિરંતર પાછી તે ચાલે છે અટક્યા વિના ! ૨૧

જિજ્ઞાસા તો રખાવે છે હેતુકેરી સભાનતા,
જાગૃતિ, સાવધાની ને સાવચેતી શી દિલમાં ! ૨૨

જિજ્ઞાસા શી પ્રભુકેરી અનુગ્રહ પ્રસાદી છે !
જિજ્ઞાસા ઊંડી જાગેલી પ્રવેશાવે જ અંતરે. ૨૩

'પુરુષાર્થ કૃપાનો શો સુમેળ જીવને થતો',
જિજ્ઞાસાતણી તે શિક્ષા સાંપડી છે કૃપાથી તો. ૨૪

પ્રેમ ને કરુણા સાથે સમાનતા-ત્રણે હૃદે-
-કેળવાયા વિના પૂર્ણ જીવન નવ વિકસે. ૨૫

જેવાં માતાપિતા તેવાં હોય બાળક જીવને,
જિજ્ઞાસા જેવી હો તેવાં હોય બાળક જીવને. ૨૬

જિજ્ઞાસા જ બનાવે છે જીવને શિવ જીવને,
જિજ્ઞાસા જીવને જેને જાગી તે બડભાગી છે. ૨૭

જિજ્ઞાસા તારતી નિશ્ચે જેને એની સહાય છે,
જિજ્ઞાસા ભોમિયો સાચો પ્‌હોંચાડશે જ આખરે. ૨૮

•

## અધ્યાય ૪ : યોજના

(અનુષ્ટુપ)

જિજ્ઞાસાથકી જાગે છે શિસ્ત જવાબદારીની,
એવી જવાબદારીથી ઘડે જીવનને ચહી. ૧

ગળિયા છો થયેલા હો જિજ્ઞાસા બળ પ્રેરીને-
-યુક્તિ પ્રયુક્તિથી કેવા કળે કળે ઉઠાડશે ! ૨

જિજ્ઞાસા અવરોધોને પાર કેવી રીતે કરે-
એનો ઈતિહાસે છે જાણવા યોગ્ય જીવને. ૩

વ્યવસ્થા જીવને જૂની તે ઉથલાવી પાડવી-
-તે કર્મે શૂરી જિજ્ઞાસા, ચાલે તેમાં મતિ બધી- ૪

'ગંભીરતાથી સંપૂર્ણ ભાવથી, સ્વસ્થતાથી ને
-એક ક્ષણ ગુમાવ્યા તે વિના, કર્મ કર્યા કરે'
જિજ્ઞાસાની પ્રણાલિકા પ્રત્યક્ષ એવી જીવને. ૫

જિજ્ઞાસા યોજનાને શી આકાર જીવને થવા-
-કેવી મંડ્યા કરે ખંતે, ધારી ઉત્સાહ દિલમાં ! ૬

પ્રત્યેક પળને કાજે તૈયાર ર્‌હેવું સજ્જ થૈ,
જિજ્ઞાસા શીખવે છે તે શ્રેયાર્થીને ખરી પળે. ૭

જીવને જાગૃતિથી થૈ સાવધાન પ્રતિક્ષણ-
-જિજ્ઞાસા બોધતી હૈયે પ્રેરાવી શું નિરીક્ષણ ! ૮

આચરવા થકી પ્રાપ્ત થતું જે જીવને બળ,
તેવા બળની તોલે ના આવી શકે બીજું બળ. ૯

જિજ્ઞાસાથી મથે જે કો હૈયાભાવે ઊંડે ઊંડે-
-ભાવને વાસ્તવિકતામાં ફેરવાવે જ જીવને. ૧૦

સ્થિતિ રોમાંચકારી શી જિજ્ઞાસા પ્રગટાવીને !
નાંખી આશ્ચર્યમાં દે ને પ્રેરે શા પ્રાણ જીવને ! ૧૧

શી સર્વ અવ્યવસ્થાને જિજ્ઞાસા તો મટાડીને-
પ્રેરે સર્વાંગ સૌંદર્ય પ્રત્યક્ષ નવદર્શને. ૧૨

ના પ્રિછાય બધું એવું થતાં રૂપાંતરે ખરું,
જે તે સર્વનું પોતામાં મૂળ અનુભવાય શું ! ૧૩

•

## અધ્યાય ૫ : વૈવિધ્ય

(અનુષ્ટુપ)

ઘડે આધાર જિજ્ઞાસા ચેતના યોગ્ય તો થવા,
જેમાં તેમાં બધી રીતે જિજ્ઞાસા ઉપયોગમાં. ૧

શી કઠણાઈઓમાં તે જિજ્ઞાસા ઘડવાતણો-
-હેતુ જાગ્રત ધારીને ઘડે અનોખી મૂર્તિઓ ! ૨

જિજ્ઞાસા શૈલીમાં ચીઢ કે કટુતા નથી હૃદે,
પોતા પરત્વે વિશ્વાસ એને ચેતનવંત છે. ૩

શું ઉશ્કેરાય સંયુક્ત 'રોમાન્સ' ભર્યું જીવન !
આંચકા આપી જિજ્ઞાસા પ્રેરાવે ભવ્ય દર્શન. ૪

જિજ્ઞાસા સાચવી જાણે, યૌવન રૂડી રીતથી,
વેડફાવા ન દે તેને, પ્રીછે છે મૂલ્ય તેતણું. ૫

જિજ્ઞાસા મેળવે છે જે તેને પૂરું પચાવશે,
તે તે પચાવીને તેને શક્તિમાં ફેરવાવશે. ૬

પુરાણી સ્મૃતિમાંથી શી મુક્તિ મેળવવા ચહી,
જિજ્ઞાસા કરતી કેવું ભસ્મ સૌ સળગાવીને ! ૭

ઉપયોગ થવા કાજે ઉત્તમોત્તમ જીવને,
ખેંચીને કાઢી લાવે છે જિજ્ઞાસા નિત્ય વર્તને. ૮

પ્રત્યક્ષ વ્યવહારે ને જીવને ભાવનાપથ,
જ્ઞાનપૂર્વક જિજ્ઞાસા કેળવે છે સમન્વય. ૯

કેવો ઘા કારી લાગે છે પડતાં ચૂક પાલને !
આડુંતેડું સહી ના લે જિજ્ઞાસા શી કઠોર છે ! ૧૦

સમો આવ્યે શી જિજ્ઞાસા કાઢે ઝાટકણી ઘણી,
કશું બાકી ન રાખે તે યોગ્ય મઠારવામહીં. ૧૧

આડુંતેડું તમારું જે જિજ્ઞાસા સાંખી તે ન લે,
ઊલટા ઝાટકી પૂરા તમને ખખડાવશે. ૧૨

ધોવાઈ જાય છે સર્વ મલિનતા શી પાપની !
પશ્ચાત્તાપ જગાડીને જિજ્ઞાસા ભાવ પ્રેરતી. ૧૩

જિજ્ઞાસાભાવ જેવો તે રાખે છે આપણા પરે,
તેવો તે રાખવા ભાવ કોઈ સમર્થ ના ખરે. ૧૪

માડીની જેમ સંભાળ સર્વ પ્રકાર જીવને-
-જિજ્ઞાસા કેવી લેતી ર્‌હે ! દોરે હાથ ગ્રહી પથે. ૧૫

પ્રવાહ વીજળી સ્પર્શ એના માધ્યમને જહીં,
કરે પ્રકાશ પ્રત્યક્ષ શો ઝળહળતો તહીં! ૧૬

જિજ્ઞાસાભાવ એ રીતે આધાર કરણો વિશે-
-જ્યાં તે અવતરે, ત્યારે કેવો પ્રકાશ થાય છે ! ૧૭

કલા જીવનની સાચી ધર્મ જીવન વર્તને,
નીતિમત્તા અને ગુણ ધર્મની ભૂમિકા જ તે. ૧૮

જિજ્ઞાસાતણું કર્તવ્ય એનાથી નોખું ક્યાંય છે,
કેવું જીવનને 'ભાવ' ચેતનામાં દડાવશે ! ૧૯

'કળા શી કરવા કર્મ' જિજ્ઞાસા જાણતી હૃદે,
પાસાં શાં ગૂંચવે એવાં કર્મનાં નિત્ય જીવને ! ૨૦

પુષ્ટિકાર્ય સદા કેવું થયા જીવનનું કરે !
જિજ્ઞાસાનો જ તે કેવો આગવો કર્મયજ્ઞ છે ! ૨૧

•

હરિઃૐ

# ખંડ : ૬ : સાધન સમન્વય

## અધ્યાય ૧ : શરત

(અનુષ્ટુપ)

નિષ્ક્રિય એક બાજુએ રહેવું છે સલામત,
જોખમો વ્હોરવાં છે ના, ને મેળવવું છે ધન. ૧

યાહોમ ઝંપલાવ્યા તે વિના, વસ્તુનું હાર્દ તે-
-કદી ના એમનું એમ તે મળવાનું નિશ્ચયે. ૨

રસ મહત્ત્વનો જેમાં શીખતાં તે ન વાર છે,
શીખવા માટ તો મુખ્ય રસ તે પરત્વેનો હૃદે. ૩

જીવને શ્રમની કેવી અભિનવ સુગંધ છે !
ભાવપુષ્પ ખીલી કેવાં જીવને પમરાય છે ! ૪

પ્રેરે જે શ્રમ સંસ્કાર જીવને શા વિકાસના,
શ્રમ જીવનમાં તેવો જોડાવે કર્મ ભક્તિમાં. ૫

દેખીતું કર્મ હો શ્રેષ્ઠ જો વિકાર તરંગ જે-
તે કર્મ કરતી વેળા થયા, કર્મ ન શ્રેષ્ઠ તે. ૬

જિજ્ઞાસા પ્રેરણાભાવે શ્રમ શો સ્વાસ્થ્ય પ્રેરક !
એવા શ્રમતણું દાન જિજ્ઞાસા પ્રેરતી પથ. ૭

શ્રમ હોવો ઘટે પૂર્ણ ભાવાત્મક હૃદે ઊંડો,
પ્રેરણાત્મક તે હોવો ઘટે જીવનમાં ખરો. ૮

જિજ્ઞાસાભાવ તો પ્રેરે જીવન વિકસાવવા
-મહત્ત્વ શ્રમનું પાછું ચિંત્વન શ્રમમાં તદા. ૯

જે શ્રમમાં ઝરે ભાવ, એવો જ શ્રમ પ્રેરણા-
-જીવને પ્રેરી પ્રેરીને ધપાવે માર્ગમાં સદા. ૧૦

કોઈ પ્રકારનો ચિત્તે ઊઠે કોઈ વિકાર ના,
સદુપયોગ તે જાણો ઉત્તમોત્તમ જાતનો. ૧૧

હાર્દ અનુભવાતાં ને તત્ત્વનો સાર પામતાં,
સમન્વયતણો યજ્ઞ આપોઆપ થતો તદા. ૧૨

સ્વસ્થતા, શાંતિ ને ધૈર્ય, નિશ્ચિતતા, પ્રસન્નતા,
તટસ્થતા વિના પાક્યા ટકી શકે ન જીવતાં. ૧૩

જેમ જેમ અનાસક્ત, નિરાગ્રહી થતાં જતાં,
શાંતિ, પ્રસન્નતા, ધૈર્ય, સ્વસ્થતાદિ ટકે સદા. ૧૪

પ્રદેશે ચેતનાકેરા થવા વિકાસ જીવને,
નિર્ભેળ ભાવ પાકેલો અખંડ શો જરૂરી છે ! ૧૫

પુરુષાર્થ કરે ભારે તોયે તે પરિણામને-
-જોઈ ના શકતાં, કેવા ભારે ઉદ્વિગ્ન થાય તે ! ૧૬

અગ્નિ જેવો અસંતોષ ભારોભાર હૃદે જલે,
જિજ્ઞાસા બેવડી હામ ધારી તે વેળ કામ લે. ૧૭

રાગ લાગ્યા વિના પૂર્ણ ચિત્ત ચોંટે નહિ પદે,
સ્મરણ, પ્રાર્થના, ભક્તિથી લાગે રાગ શો પદે ! ૧૮

ચિત્તાની ક્ષિપ્ત ને મૂઢ વિક્ષિપ્તાદિ જ વૃત્તિ છે,
દઢાવી સંયમે એને સમર્પવી પ્રભુ પદે. ૧૯
ન્યાસ થવો ઘટે પદે.

'માનવદેહની પ્રાપ્તિ' 'તમન્ના મુક્તિ માટની',
'આશ્રય કો મહાત્માનો' દુર્લભ ત્રણ તે અહીં. ૨૦

ઐશ્વર્ય, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય, યશ, જીવને-
-જેમને પ્રાપ્ત છે, તેવા તે વિકાસ અનુભવે. ૨૧

પ્રયોગ, બુદ્ધિ ને તર્ક, અનુભવતણા બળે-
-સત્યને શોધવાનું તે શી બાહોશી થકી કરે ! ૨૨

વૃત્તિ વિક્ષેપને પૂર્ણ રોકતાં રોકતાં, થતાં-
અંતર્લીન જ સંપૂર્ણ શી એકાકારતા તદા ! ૨૩

•

## અધ્યાય ૨ : ભક્તિ ભૂમિકા

(અનુષ્ટુપ)

થવું છે ભક્ત જ્યાં ત્યાંથી જિજ્ઞાસાને ખરેખર,
તે કાજે એની તે શી શી સભાનતા પળે પળ ! ૧

ભક્તિ શી એકલી માત્ર પરિવર્તનકારિણી,
જિજ્ઞાસાએ હૃદે તેથી લગાડી લત ભક્તિની. ૨

બધાંની સાથ તે પ્રેમે જાણીને જીવવાનું છે,
સુમેળ, સંપ, સદ્‌ભાવ પ્રભુભાવે ધરાવજે. ૩

ચેતન ચિનગારીઓ જીવને આપણે છીએ,
એકબીજાથી છૂટા ના સાથોસાથ જ શા છીએ ! ૪

કલ્યાણકારી ગુણોનો જીવને આશરો ગ્રહે,
ગ્રહીને તે પ્રમાણે જે વર્તે, તે ભક્તિવંત છે. ૫

‘પ્રકૃતિ યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યસિ’
તે જ જો માત્ર હો સત્ય, કોણ તો ગુણ કેળવે ?
તપ, સંયમ ને ત્યાગ, માર્ગે કો તેથી ના વળે. ૬

પ્રકૃતિમાં રહેલું છે તત્ત્વ જે પુરુષોત્તમ,
તે તત્ત્વ કેળવાયેથી મેળે થાય જ નિગ્રહ. ૭

તત્ત્વ તે કેળવાવાને જિજ્ઞાસા તો મથાવતી,
ભક્તિની ભાવના જાગ્યે નિગ્રહ શક્ય સૌ રીતે. ૮

બુદ્ધિ દૃઢ થતી ધ્યેયે ત્યારે તો આપમેળ શી !
अहं-प्राणादि પ્રેરાયે એકાગ્ર ધ્યેયમાં ચહી. ૯

જિજ્ઞાસાના પ્રભાવે તો સંકલ્પશક્તિ શી ખીલે !
અનુભવે જ પ્રત્યક્ષ વર્તીને પરખાય તે. ૧૦

પશ્ચાત્તાપ જગાડીને ઉગ્ર પ્રચંડ દિલમાં,
સફાચટ કરી મૂકે કેવું જીવન શુદ્ધિમાં ! ૧૧

શો પશ્ચાત્તાપ હૈયામાં તે કેટલાંય કર્મનો
-બળતા અગ્નિના જેવો જિજ્ઞાસા જગવે ઊંડો. ૧૨

પ્રત્યક્ષ વર્તીને તેમ જાણી અનુભવી હૃદે,
પાકો વિશ્વાસ નિષ્ઠાથી જામે શ્રેયાર્થીને ખરે. ૧૩

ઈષ્ટ નિષ્ઠા વિના શક્તિ કોઈ પ્રકારની હૃદે,
જાગી શકે ન સંપૂર્ણ જે આપે કામ જીવને. ૧૪

સ્મરણ પ્રાર્થનાદિથી, અભ્યાસથી નિરંતર,
વૃત્તિ સૌ ઠરવા માંડે, પ્રતાપ ભક્તિનો પદ. ૧૫

●

(અનુષ્ટુપ)

છે શરીરની મર્યાદા, મર્યાદા મનની વળી,
ગુણ ને ભાવનીયે છે, મર્યાદા, તે અનંત શી ! ૧

છે તેવું જ અશક્તિનું, અશક્તિ શી અનેકની !
જિજ્ઞાસાશક્તિ 'મર્યાદા', અશક્તિ સર્વ તોડતી. ૨

સર્વ શંકા કુશંકાઓ બુદ્ધિથી નીકળી જતાં,
તેવી બુદ્ધિ પછી આપે કામ શીઘ્ર વિકાસમાં. ૩

બુદ્ધિના મંદિરે રામ વસી શકે ન તે કદી,
ગુણભાવનું મંદિર રચાતાં, વરશે હરિ. ૪

ઐશ્વર્યાદિ પ્રભુતા ને ગુણ સંપત્તિ દિવ્ય જે,
જિજ્ઞાસા કેળવાતાં તે ફળે સહજ જીવને. ૫

હૈયે ગુણો ઉતારેલા જો પ્રગટે જ વર્તને,
એવા ગુણો જ દે પાક પારમાર્થિક જીવને. ૬

જીવને પ્રગટેલો હો ગુણ એક ખરેખરો,
તેના વિકાસથી બીજા ગુણો શા વિકસ્યા કરે ! ૭

પ્રત્યક્ષ જીવને કેવા ગુણો વિકસતા જતા !
અનુભવે જણાયું 'તે' જિજ્ઞાસાના વિકાસમાં. ૮

ગુણો એકબીજા સાથે કેવા છે સંકળાયેલા !
અસર એકની થાય એકબીજા પરે સદા. ૯

જિજ્ઞાસાના ઊંડા ભાવે કેળવાયેલ નમ્રતા,
ઘેટા જેવી નથી હોતી, શી એ તેજસ્વી ધારમાં ! ૧૦

સમભાવ, સુખદુઃખ, અપમાને શી એકતા !
જિજ્ઞાસા ભાવથી સિદ્ધ જીવને થાય તે સદા. ૧૧

જાગે સભાનતા જો ના ભાવમાં, ભાવ તે ન છે,
તીવ્ર જો ગાઢતા ભાવે શા તદ્રૂપ થવાય છે ! ૧૨

જિજ્ઞાસામાં ખરો ભાગ ભજવે, ભાવ દિલમાં,
આર્દ્રતા, આર્તતા જાગે હૈયાના ભાવથી ઊંડા. ૧૩

જિજ્ઞાસા પ્રભુની સાથે સાંકળ જોડી આપતી,
ઉત્તરોત્તર શો ભાવ સ્ફુરતો આપમેળથી ! ૧૪

પિછાની ભાવનો સાર લહીલહી અનુભવે,
અણુ અણુ વિશે સ્પર્શી રંગાવે નિજ રંગ તે. ૧૫

નિમ્નમાં નિમ્નને સ્પર્શે જિજ્ઞાસાભાવ જીવને,
કિંતુ સ્પર્શીને તેને પલટે ઉત્તમના રૂપે. ૧૬

પ્રગાઢ અનુકંપા તે શી પ્રચ્છન્નપણે હૃદે !
-અભિવ્યક્ત થવા ઝંખે જિજ્ઞાસા ભાવના બળે ! ૧૭

एनी જવાબદારીને પ્‌હોંચી વળાય કોથી ના,
પામતાં પામતાં પોતે કેવી થતાં થતાં બને ! ૧૮

•

(અનુષ્ટુપ)

સ્ફુરેલી અંતરે શ્રદ્ધા થયેલી જે પ્રતિષ્ઠિત-
-ભાવ તેનાથી જાગે તે આપે મેળવી ઈષ્ટિત. ૧

શ્રદ્ધા નિષ્ઠા જ છે બંને જીવન સાધનાતણું,
જિજ્ઞાસા ભાવથી બંને કેવાં પોષાય છે ઘણું ! ૨

જીવંત પ્રાણ, શ્રદ્ધા છે, નિષ્ઠા ચેતન હાર્દ છે,
પચાવી ભાવ આધારે જીવન ખીલવ્યા કરે. ૩

શ્રદ્ધા નિષ્ઠા બને જ્યારે અખંડ પ્રાણવંત તે,
ભાવ જે નિર્ઝરે, જાણો ચેતનાનો પ્રવાહ તે. ૪

ચેતનાનિષ્ઠ શ્રદ્ધાની પ્રતિભા શી પ્રકાશી ર્‌હે !
કેવા તે અજવાળે છે ખૂણેખૂણાય જીવને ! ૫

આત્મશ્રદ્ધા પરિપૂર્ણ શી આધ્યાત્મિક શક્તિ તે !
અંતરે પ્રગટાવી શાં પ્રકાશ, શક્તિ, જ્ઞાન દે ! ૬

રખાતાં આશરો, ટેક સંપૂર્ણ ઈષ્ટનો હૃદે,
કેવી ખબરદારી તે ઊગે પ્રચંડ જીવને ! ૭

•

## અધ્યાય ૫ : વૈરાગ્ય

(અનુષ્ટુપ)

'દૃઢ વૈરાગ્ય અભ્યાસ' તીવ્રમાં તીવ્ર જીવને,
ઉત્કંઠા લાગતાં ઊંડી ધ્યેય નિષ્ઠાથી થાય છે. ૧

સર્વ જે તે બધું મિથ્યા એને વૈરાગ્ય સૌ ગણે,
કિંતુ વૈરાગ્યનો તેવો અર્થ યોગ્ય ન જાણજે. ૨

ભગવાન વિના કૈંમાં મનાદિ ના કદી રમે,
સાચો વૈરાગ્ય જાગેલો તેને દિલ પ્રમાણજે. ૩

જાગતાં ભાવ તે ગાઢ જાગે વૈરાગ્ય જીવને,
વાસના ભસ્મ શી થાય પ્રત્યક્ષ વરતાય તે ! ૪

સભરાભર રહેલો જ્યાં જિજ્ઞાસા હાર્દ ભાવ તે,
અખંડાકાર વૃત્તિને સર્જાવ્યા વિણ શેં રહે ? ૫

તીવ્ર વૈરાગ્ય અભ્યાસે સભરાભર જીવને-
-જિજ્ઞાસાથી જિવાતાં તે અખંડાકાર થાય છે. ૬

નિરહંકાર, નિર્લોભ, નિર્મોહ, काम મુક્ત જે,
રાગદ્વેષાદિથી મુક્ત, ને નિષ્ક્રોધ જીવને. ૭

જિજ્ઞાસા હાર્દનો ભાવ ફળાવે જીવને દ્રવી,
સાચો વૈરાગ્યવાળો તે ચેતનાને જીવે રળી ! ૮

સંપત્તિ ભોગવ્યે, ભીતિ શી ઉપજાવનારી તે !
સંપત્તિ ઉપયોગે લે તેવો અભય જીવને. ૯

ગુણાતીત થવા સુધી પુરુષાર્થ રહ્યા કરે,
ઓળંગ્યા પછી તો પોતે આપમેળે બઢ્યા કરે. ૧૦

નવજીવન શું દિવ્ય ત્યારે તો પાંગર્યાં કરે,
અનુપમ હૃદે ભવ્ય રૂપ જાગી લહ્યા કરે. ૧૧

•

## અધ્યાય ૬ : ધ્યાન-ધારણા-સમાધિ

(અનુષ્ટુપ)

કામ, ક્રોધ અને મોહ, લોભ ને રાગ, દ્વેષ જે-
-શમાવવા પ્રપંચાદિ જિજ્ઞાસા જ સમર્થ છે. ૧

હૈયું કેળવવા માત્ર સંપૂર્ણ યોગ્ય હોય જો,
જિજ્ઞાસા એકલી પાત્ર તે કાજે છે સમર્થ તો. ૨

શી અંતર્મુખતા હૈયે જિજ્ઞાસા કેળવ્યા કરે !
જીવનમાં સધાતાં તે, ત્યારે તે યોગ યોગ્ય છે ! ૩

જિજ્ઞાસાભાવ હૈયામાં ઉત્કટ, તીવ્ર જામતાં-
પ્રાણાયામ વિધિથી શો પ્રાણ કાબૂ ધરે તદા. ૪

પ્રાણ પરે થતાં કાબૂ મેળે શું મન સ્થિર છે,
ને ચિત્ત વૃત્તિઓનો શો નિરોધ થઈ જાય છે ! ૫

સંયમી આસને દેહ, જ્યાં સંકેલાય ઇંદ્રિયો,
મન અંતર્મુખી થાય સ્નિગ્ધતા, શાંતિ દિલ તો, ૬

ગાઢ એકાગ્રતા વર્તે, શમે વિચાર માત્ર જ્યાં,
સંકલ્પ ને વિકલ્પો જ્યાં શાંત, તે ધ્યાન યોગ્ય હા. ૭

જિજ્ઞાસાથી હૃદે ઊંડી ધારણા કેળવાય છે,
ધારણા સ્થૂળ કે સૂક્ષ્મે ચિત્ત લાગ્યે પ્રમાણજે. ૮

'ધ્યેય ને ધ્યાન ને ધ્યાતા' ત્રણે જ્યાં એકરૂપ છે-
-સમાધિ તે અવસ્થામાં ધ્યેયનું થોડું ભાન ર્હે. ૯

ધારણા ધ્યાનથી પક્વ સમાધિ, ત્રણ તેતણા-
-સંચયના પરિપાકે બુદ્ધિ પ્રજ્ઞા વિશે ઠરે. ૧૦

ધારણા કેળવાયેથી ભક્તિમાં પ્રાણચેતના-
-પ્રગટી - પ્રાણવાયુમાં જન્મે ઇંદ્રિય સંયમ. ૧૧

જ્યાં પ્રાણેન્દ્રિય સંપૂર્ણ સંયમે તપમાં પછી-
-વિક્ષેપ ના થતાં, હૈયે એકાગ્રતા શી ઊગતી ! ૧૨

અભ્યાસના બળે ધ્યાન, પોતાનાથી સધાયેલું-
-ધ્યાનાકારપણું છૂટ્યે, જાણો હાર્દ સમાધિનું. ૧૩

ધ્યેયાકારની વૃત્તિનો અખંડ પ્રવાહ જે-
-તદાકાર જ સંપૂર્ણ થતાં, સમાધિ થાય છે. ૧૪

ધ્યાતા ને ધ્યાન, ધ્યેયાદિ ત્રિપુટીથી પર હૃદે-
-સંનિષ્ઠા જેની જાગી છે, તેવો શો યોગ યોગ્ય છે ! ૧૫

પ્રવર્તે ધ્યાનનો ભાવ જ્યારે જીવનવર્તને,
બધાંમાંય શું માધુર્ય ત્યારે અનુભવાય છે ! ૧૬

ગાઢ એકાગ્રતાથી ને એકનિષ્ઠાથી સંયમે-
-થતો કેંદ્રિત જે ભાવ હૈયે, તે ધ્યાન મ્હાણજે. ૧૭

ચાલતાં ચાલતાં ધ્યાન ભાવ તે જાગતાં થતું,
સૌ વ્યવહારમાં ધ્યાન ભાવથી થાય જિવાતું. ૧૮

•

## અધ્યાય ૭ : જ્ઞાન

(અનુષ્ટુપ)

જ્ઞાનથી થાય છે પ્રાપ્ત પ્રભુ જીવનમાં છતો,
'પ્રભુથી થાય છે જ્ઞાન છતું', તે સત્ય જાણજો. ૧

યોગ જે પ્રભુ સાથેનો પૂરેપૂરો સધાય છે,
જ્ઞાન ત્યારે મળે પોતે, જે જે કાળે જરૂર તે. ૨

જ્ઞાન માત્રાની પ્રાપ્તિ તો આપોઆપ થતી હૃદે,
સૌ કર્યાં કરવાનું છે વિકાસાર્થ છતાં પથે. ૩

જાગતાં, જીવતાં જ્ઞાન થાય ગ્રંથિવિમોચન,
સ્ફટિક સ્વરૂપે સાચું શું પોતે કલ્પનાતીત ! ૪

જ્ઞાન અનુભવે પોતે આપમેળ પ્રિછાય છે,
એની પ્રતીતિ બીજાને કરાવી ના શકાય છે. ૫

લક્ષણે પરખાયે તે લક્ષણો જાણકારને,
પ્રેમભક્તિભર્યું હૈયું જેનું, તે ઓળખી શકે. ૬

•

(અનુષ્ટુપ)

કેટલા ફણગા તોયે કેવા કેવા અહંતણા-
-જિજ્ઞાસાથી ઊગેલો જે વિવેક ઓળખે તહીં. ૧

ઓળખી બેસી ના રૂહે છે એવો વિવેક કોઈ દી,
વિવેક ધ્યેયમાં પ્રેરે જેને તેને કુનેહથી. ૨

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હો કર્મ કિંતુ અહંથી પ્રેરિત,
પાપપુણ્યેથી આંકેલું તેને જાણવું દોષિત. ૩

પ્રેમભક્તિ હૃદે પ્રાપ્ત જેમ જેમ થતી જશે,
તેમ તેમ પડે મોળું અહં તે આપ નિશ્ચયે. ૪

અહં છે એકનું એક, કિંતુ જેમાં રમે ખરે,
તેમાં તેમાં પૂરું તેવા રસે તદ્રૂપ થાય છે. ૫

અહંનો નાશ ના કો દી, તે એકમાંથી નીકળી-
-પ્રવેશે છે બીજામાંહી, પ્રવેશે તે ત્રીજે પછી. ૬

અહં જે ચેતનાથી જ્યાં રંગાયેલ હશે તદા,
જે કોઈ કર્મ સૌ થાય તે તે છે કર્મ મુક્તિદા. ૭

પુરુષાર્થ, કૃપાકેરો બેસાડે મેળ તે ખરો,
કૃપાનું ભાન હોવાથી અહં યત્ને ન જાગતું. ૮

જેમાં તેમાં બધામાં શો આધાર શો પ્રભુ પરે-
રાખવાનું કરે પૂર્ણ, અહમ્ તેનું જ ઓગળે. ૯

સત્તા, સંપત્તિ ને શક્તિ વધતાં વધતાં પથ-
અહં કેવું વધે, ત્યારે જિજ્ઞાસા તીવ્ર સાવધ. ૧૦

અહં જ્યાં વીફરે ઊંધું કેવો વિનાશ નોતરે !
જિજ્ઞાસા ચેતી ત્યાં કેવું સાચવે, થઈ તત્પરે. ૧૧

જીવને કેવું વાળે છે સત્યાનાશ અહં ખરે !
પાછું મંડાણ જિજ્ઞાસા વિકાસ યોગ્ય તે કરે. ૧૨

અહં સાત્ત્વિક શો ભાગ વિકાસે ભજવે મહા,
અહં તેવું વિકાસે શું ઊંચે ઊંચે ચઢે સદા ! ૧૩

અસ્મિતાથી થતી વ્યક્ત સંસ્કૃતિ જીવને સદા,
એવી તે અસ્મિતામાંયે છે અહં રહ્યું સૂક્ષ્મ ત્યાં. ૧૪

જિજ્ઞાસા સૂક્ષ્મ આંખેથી તે અહંનેય પારખી,
શું પલટાવવા એને મથે ભાવે કળે કરી. ૧૫

વ્યક્તિને ભાવ સ્પર્શે છે આધારે રોમ રોમ શો !
સમાજ કેંદ્રને સ્પર્શે સંસ્કૃતિ તેવી રીત તો. ૧૬

આવે છે તે ઘડાતો શો સમાજ સંસ્કૃતિ થકી !
સંસ્કૃતિ યુગયુગેથી આવે ઘડતી ભાવથી. ૧૭

ફેરફાર થતો આવે સંસ્કૃતિમાં જુદો જુદો,
કિંતુ સંસ્કૃતિનો પ્રાણ રણકે ચેતના ભર્યો. ૧૮

પોતામાં ભેળવે વ્હેણો અનેક શા પ્રકારનાં !
એમ સંસ્કૃતિ શી પોતે ઘડાયે નવ રૂપમાં ! ૧૯

સ્પર્શે છે વ્યક્તિને ભાવ, સંસ્કૃતિ તે સમાજને,
તેવી રીતે જ સ્પર્શે છે કાળે કાળે જુદી રીતે. ૨૦

કાળે કાળે ન તે હોય એક જાતની સંસ્કૃતિ,
તેના જુદા જુદા વેશ છતાંયે एकથી બની. ૨૧

ચેતનવંત જેનાથી સમાજ જીવતો ટકે,
જેથી અવતરે દિવ્ય ચેતના, સંસ્કૃતિ જ તે. ૨૨

ઉત્કૃષ્ટ પાંગરે ભવ્ય કેવી માનવતા ગુણે
એ જેનાથી બને તેને સાચી સંસ્કૃતિ જાણજે. ૨૩

ગુણે માનવતા ભવ્ય, મુમુક્ષુત્વપણું ઊગે,
આશ્રય શો મહાત્માનો ત્રાણ, સંસ્કૃતિથી મળે. ૨૪

ગુણ ને ભાવ ને શક્તિ જીવને પાંગર્યા કરે,
જેના વડે કરી એને સાચી સંસ્કૃતિ જાણજે. ૨૫

માનવીથી ચઢે ઊંચે હોવા છતાંય માનવી,
માનવોત્તર તે થાય જેનાથી, તે જ સંસ્કૃતિ. ૨૬

ઊંચે ચઢાવવું જાણે હો ત્યાંથી ઉચ્ચ જીવને,
પડેલા જ રહેવા દે ત્યાં ને ત્યાં જ કદી ન તે. ૨૭

ઉચ્ચ માનવતા ધ્યેયે ધક્કેલ્યા જે કરે સદા,
એવી શી પ્રાણ વાળી છે સંસ્કૃતિ તે પ્રમાણમાં. ૨૮

•

## અધ્યાય ૯ : પ્રાર્થના

(અનુષ્ટુપ)

જ્યારે વ્યાપી ગઈ લાગે જીવને અસહાયતા,
જિજ્ઞાસા પ્રાર્થનાકેરો આશરો લેતી શી તદા ! ૧

પોતાનાથી થતું સર્વ કરી કરી મથી મથી-
-શક્તિ મેળવવા સાથ પ્રાર્થનાનો ગ્રહે ચહી. ૨

આર્ત ને આર્દ્ર શો ભાવ ઊગે પોકારમાં હૃદે !
પ્રાર્થનાના જ પોકારે ફળે તે ભાવ જીવને. ૩

પ્રાર્થનાથી હૃદે ઊંડો પોકાર આર્ત, આર્દ્ર જે-
-તેવાથી કરી ઊગે છે જીવને શક્તિ અંતરે. ૪

હૈયે જગાડવા કાજે આપણને જ પ્રાર્થના
જિજ્ઞાસાનોય તે હેતુ, એવી શી ભેરુ પ્રાર્થના ! ૫

જિજ્ઞાસા થકી જન્મે છે પ્રાર્થના ભાવ જીવન,
કહ્યા વિના ન ચાલે છે જિજ્ઞાસાને રજેરજ. ૬

નાના બાળકના જેવો જિજ્ઞાસાનો સ્વભાવ છે,
જ્યારે જે જોઈતું હોય માગીને તે જણાવી દે. ૭

માગતાં ઓશિયાળી કૈં જિજ્ઞાસા ના કદી થતી,
નિઃસંકોચ હૃદે પૂરી, કેવી નિર્દોષતા ભરી ! ૮

પ્રાર્થના દૂધ માતાનું પ્હોંચાડે રોમરોમમાં,
ચેતનાત્મક થૈ કેવું પ્રાણદાતા બને તદા. ૯

માગતાં મા કને હૈયે લાગે શરમ ના કદી,
પ્રાર્થના 'મા કને માગ', જિજ્ઞાસાથી શી ઊપજી ! ૧૦

પ્રાર્થનાને થવા કાજે ઉત્કટ ભૂખ લાગતાં-
કેવો ત્યારે ઊંડો ભાવ દ્રવે થઈ હૃદે ભીના ! ૧૧

આર્દ્રતા, આર્તતા, એ બે પ્રાર્થનાની બહેન છે,
બે વિના પ્રાર્થનામાં ના ઊંડે ઊંડે જવાય છે. ૧૨

સંભળાયા વિના ના ર્‌હે પ્રાર્થના આર્તનાદ તે,
જિજ્ઞાસાથી ઊંડી ભીની આર્દ્રતા પ્રગટે હૃદે. ૧૩

જિજ્ઞાસા પ્રાર્થના ટેકો ફળાવે હૃદયે લઈ,
કેવી પ્રસન્નતા, શાંતિ, સ્વસ્થતા ને વ્યવસ્થિતિ ! ૧૪

જિજ્ઞાસા કેટલી વાર સહારો પ્રાર્થનાતણો-
-પોતાનું ચાલતું જ્યાં ના, તે ત્યાં લે ભાવથી ભર્યો. ૧૫

ધ્યેય ફળાવનારો જે, તેવાને એકમાત્ર તે-
-જિજ્ઞાસા શી પલાળે છે પ્રાર્થના કરીને હૃદે ! ૧૬

હૈયાના આરજૂથી શી જિજ્ઞાસા પ્રાર્થના કરે !
ઉમેરાતો હૃદે ઊંડો તેમાં ભાવ વળી વળી. ૧૭

જિજ્ઞાસા જ્યાં પડે પાછી કૃપાનો આશરો હૃદે,
લઈને પ્રાર્થનાથી શો પાડ્યા પોકાર તે કરે ! ૧૮

•

## અધ્યાય ૧૦ : જીવનનું નવપ્રસ્થાન

(અનુષ્ટુપ)

જીવને નવપ્રસ્થાનો શાં કેટકેટલાં થતાં !
શી જિજ્ઞાસાની શક્તિ છે જીવને પુષ્ટિ અર્પવા ! ૧

શક્તિ ના એકની એક, એક એકથી ઑર છે !
જિજ્ઞાસાએ જગાડેલી ઊતરે શક્તિ જીવને. ૨

શક્તિ તે વપરાતાં શી હેતુથી ઉપયોગમાં !
કર્મે શું ધ્યેય ઊગે છે કાળ ટૂંકો બને તદા ! ૩

વાગોળવાનું સંપૂર્ણ મૂકી દેવાય ભાવથી,
પ્રેરણાના બળે કર્મ આપમેળ થતાં ચહી. ૪

નિજ જીવન જે કર્મો દ્વારા ઘડાય શાં બધાં !
ટક્યે જીવનનો ભાવ કર્મ તે રીત થાય ત્યાં. ૫

નાની હકીકતોને જે આપ્યા કરે મહત્ત્વ જે,
હકીકતોની મધ્યે શું જે છુપાયેલ હાર્દ છે, ૬

જેમાં તેમાં બધે દે જે મહત્ત્વ તે જ હાર્દને,
તેવાને હકીકતોકેરું ભાન રૂહે આપમેળયે. ૭

'મર્યાદા', 'હાર્દ' ને 'શક્તિ' પ્રત્યેક ભૂમિકાતણાં-
-કલ્પનાયે ન તે ઊગે, કેવાંયે તે જુદાં જુદાં. ૮

વાસ્તવિકતાનુંયે તેવું જુદી તે ભૂમિકા વિશે-
-જુદાં જુદાં સ્વરૂપે તે વ્યક્ત પોતે થતી રહે. ૯

વૃત્તિ જો ઊઠતાં કેવી ગતિ તેની શી થાય છે,
ભાવના જાગતાં તેય કર્મે અવતરે ખરે. ૧૦

જિજ્ઞાસા એવી રીતે તે જીવનને ફળાવતી,
પોતે અનુભવી શક્તિ આગળે તે ધપ્યે જતી. ૧૧

સર્વ સમર્પણે ભાવે શ્રદ્ધા થયેલ જીવતી,
તે વિજયની ચાવી છે, પથે ટકાવી રાખતી. ૧૨

ત્યાગ એવો, પરિણામ સંપડાવે નવું નવું-
નવા જીવનનો પાયો મંડાય ત્યાગથી ખરો. ૧૩

પરિસ્થિતિથી કંટાળી ત્યાગ કૈં કરવા વિશે-
ના વિવેક, ન કૌશલ્ય, એને સ્વીકારવી ઘટે. ૧૪

બેળે બેળે કરે ત્યાગ ઊલટો તે બિડાય છે,
ઉમળકાભર્યા ત્યાગે જીવનપુષ્પ ખીલશે. ૧૫

જીવને સાધનાની શી સાર્થકતા થતાં થતાં,
કેવા કેવા થરો ત્યારે ભેદાયા અંતરે જતાં ! ૧૬

માટીમાંથી બનાવે છે કેવો માનવીને હૃદે !
માળખું એવું ને એવું, જિજ્ઞાસાથી નવો બને. ૧૭

કેવો પોતે હતો ને શો જીવને આજ તે બન્યો !
વળી શો પલટાતો તે પોતાને લાગતો હૃદે ! ૧૮

એવા શા પલટા પોતે રહે નીરખતો સદા !
જિજ્ઞાસા પથ ધક્કેલા માર્યાં કરે જ ભવ્ય શા ! ૧૯

આજે જે છે 'નથી તેવો રહેવાનો જ કાલ તે',
આત્મવિશ્વાસ એવો છે શો ઝળહળતો હૃદે ! ૨૦

જિજ્ઞાસાથી હૃદે શક્તિ ભવ્ય જે દિવ્ય પાંગરી
-થવા વિસ્તાર તેનો શી ઝંખતી આરજૂભરી ! ૨૧

જિજ્ઞાસાભાવથી લક્ષ્મી રળાય કેવી જીવને !
તે લક્ષ્મી શી મહાશક્તિ, રળાવ્યા તે વધુ કરે. ૨૨

•

હરિ:ૐ

# ખંડ : ૭ : શક્તિ સ્વરૂપ જિજ્ઞાસા

## અધ્યાય ૧ : લડાયક

(અનુષ્ટુપ)

જિજ્ઞાસાની ચડી ધૂને ક્યાંનો ક્યાં માનવી ચગે,
અટવાઈ પડે ભૂલો, તોયે નિશાન ના ચૂકે. ૧

ક્યાં છે જવાનું જિજ્ઞાસા સ્વપ્નમાંયે ન જાણતી,
આંધળિયાં કરી તોયે ઝંપલાવે શૂરે ચઢી. ૨

પાછું ના પડવું જાણે ઝઝૂમતાં ઝઝૂમતાં,
હાથમાં માથું લૈ ઝૂઝે જિજ્ઞાસા યુદ્ધમાં સદા. ૩

જિજ્ઞાસા મર્દની પેઠે કેસરિયાં કરી લઢે,
ભોગ ડગે ડગે આપે, કપાતાંય છતાં લઢે. ૪

કેટલી વાર જિજ્ઞાસા મરે, તોયે મરે નહિ !
મરી જન્મ નવો લૈને ફરી પાછી રણે ચઢે. ૫

જિજ્ઞાસા જેવી ક્યાંયે તે વફાદારી ન કોઈની,
જેને વરેલી છે તેને ચિંતવે વારી વારી જૈ. ૬

ગાંડા માનવીની પેઠે જિજ્ઞાસાને ઝનૂન છે,
કદી ઝૂકે છતાં પોતે અડગ વજ્ર શી ખડે ! ૭

જીતવાકેરી છે નેમ જિજ્ઞાસાને ખરેખરી,
નિશાન પાડવા ધાર્યું હર્ષ ઉન્માદ શો સ્ફુરે ! ૮

હૈયે પોતાનું ધારેલું ક્યારે પાર પૂરું પડે,
જિજ્ઞાસા જાણતી ના તે, ઝંખી ઝંખી છતાં મથે. ૯

જાણતી સૂક્ષ્મ શક્તિઓ ને ઉપયોગમાં પથે,
જે લેવા યોગ્ય, તે લે છે જિજ્ઞાસા લક્ષ્યવર્તી છે. ૧૦

જિજ્ઞાસા શો રસાસ્વાદ હૈયે સમગ્રતાતણો-
-તીવ્ર તત્પરતા સેવે લેવા જીવનમાં ઊંડો ! ૧૧

ઘડાવા યોગ્ય જે કાળ તે કાળે ધરી દક્ષતા,
ઘડે તે વજ્રથી ઘાટ ! જિજ્ઞાસા એવી કાળિકા. ૧૨

જિજ્ઞાસા આદ્યશક્તિ છે પ્રવેશી છેક મૂળમાં,
કેવા તે પ્રાણ સીંચે છે ! અનુભવે પમાય ત્યાં. ૧૩

જિજ્ઞાસાથી ઊગી શક્તિ આવી શી ઉપયોગમાં-
-વર્તને વપરાતાં તે બઢે કેવી અનંતમાં ! ૧૪

જાગ્યે સંપૂર્ણ વિશ્વાસ, શ્રદ્ધા, યોગ્ય નિઃશંકતા,
-નિઃસંદેહપણું તેની જીવને જીત સર્વદા. ૧૫

જિજ્ઞાસા શી મથાવે છે જેને તે વરી છે હૃદે !
એનો પ્રતાપ એવો જે મ્હાણે કેવો અનુભવે ! ૧૬

•

(અનુષ્ટુપ)

મથતાં મથતાં પોતે પોતાને જાણવાનું જે,
આપમેળે ઊગે એને એ જિજ્ઞાસાનું શાસ્ત્ર છે. ૧

પકડેલું ન છોડી દે, જિજ્ઞાસા વળગી રહે,
જાય પકડ શી છૂટી તોયે ઝંઝટ ના મૂકે ! ૨

જાગેલી દિલ જિજ્ઞાસા કદી સરકવા ન દે,
ભૂલો પરંપરા કેવી જાગતાં પંથ પ્રેરવે ! ૩

વારંવાર કરાવ્યા તે ઉધામા શા કરે નવા !
પડી જાતાં ભુલાવામાં પાછા પંથે કરે ઊભા. ૪

ચઢાવી શિખરે પાછા, નાંખે કદીક ખીણમાં,
એનુંયે હાર્દ જિજ્ઞાસા ઉગાડે દિલ પંથમાં. ૫

પડેલા ખીણમાં છોને ભૂલી ગયા બધુંય હો,
જિજ્ઞાસા હોય જાગેલી ખેંચી ઉપર લાવશે. ૬

જંપીને બેસી ર્‌હેવા તે ક્યાંયે આપણને ન દે,
આઘુંપાછું ન જોવા દે ધક્કેલ્યા તે કરે પથે. ૭

જિજ્ઞાસાકેરી તો પાંખો ઊડવા ગતિશીલ છે,
થંભાવીને ઠરી ઠામ રહેવા દે ન તે પથે. ૮

જિજ્ઞાસાથી બઢે શ્રદ્ધા, ચેતનાત્મક પ્રેરણા,
પ્રેરણા માર્ગ સુઝાડે પંથે અવનવા તદા. ૯

બનાવે નમ્રમાં નમ્ર, શૂન્ય સંપૂર્ણ જીવને,
જિજ્ઞાસા કદી દે શિક્ષા દંડ વજ્ર સમો ખરે. ૧૦

જિજ્ઞાસા પાંખ પ્રેરે છે શક્તિને પાંગરાવવા,
તે કેટકેટલા દેશો ધપે શી જોતી જોતી ત્યાં ! ૧૧

શક્તિ જીવનની ઊભી થવા કાજે મથી ચહી,
જિજ્ઞાસાએ કરાવ્યું શું ભાન તે શક્તિનું સહી ! ૧૨

જિજ્ઞાસા શી જગાડે છે ભક્તિ પ્રભુ પરત્વેની-
વિજય, ભૂતિ, શ્રી, કેવાં મેળવાવે કૃપા થકી ! ૧૩

ધારેલા ધ્યેયને પૂર્ણ સાકાર જીવને થવા,
જિજ્ઞાસા લ્હે લગાડે છે તદાકાર હૃદે થવા. ૧૪

સ્વરૂપ ને મહાનંદ મથવું ઉપસાવવા
શો જિજ્ઞાસાગ્નિ તેવાનો ચેતેલો હોય છે તદા ! ૧૫

જિજ્ઞાસા પ્રગટાવે છે હૈયે ગ્રહણશીલતા,
જામતાં ભૂમિકા પૂર્ણ પ્રવેશો શા અનંતમાં ! ૧૬

ગદડી ગદડી પ્રેમે પૂરું પલોટવા મન,
જિજ્ઞાસા એકલી માત્ર ભારે સમર્થ કુશળ. ૧૭

તૈલવત્ એકધારી શી ર્‌હેતી જીવંત પ્રક્રિયા !
જેના વડે કરી એ તો જિજ્ઞાસા એકમાત્ર હા ! ૧૮

એકાગ્રતાના આધારે, એકનિષ્ઠ સમગ્રતા
-પૂર્ણ વિસ્તારવા તેને જિજ્ઞાસા કેવી તત્પરા ! ૧૯

જિજ્ઞાસા કેળવે ઊંડી ધ્યેયે તત્પરતા હૃદે,
શી તાલાવેલી કે જેથી પરોવાય મનાદિ તે ! ૨૦

જિજ્ઞાસાથી ખીલી ઊઠે હેતુકેરી સભાનતા,
જાગ્રતિ, સાવધાની, શી સાવચેતી પૂરેપૂરી ! ૨૧

જિજ્ઞાસા જાગી છે તેની વિચારસરણી બધી,
યદ્વાતદ્વા કદી ના છે, તેજસ્વી એકધારી શી ! ૨૨

જિજ્ઞાસાનો હૃદે ભાવ જાગેલો હોય તે થકી-
ભાન તટસ્થતાકેરું જાગે છે એની મેળથી. ૨૩

ભાન તટસ્થતાકેરું જાગવા થકી દિલમાં,
જે જે કૈં થતું હોય તેથી ર્‌હેવાય જુદું ત્યાં. ૨૪

અનાગ્રહ, અનાસક્તિ, કેળવાતી જ તે થકી,
એમ નોખા થવાકેરી ભૂમિકા જીવતી થતી. ૨૫

જિજ્ઞાસા થકી શ્રદ્ધા ને ઊંડી સચ્ચાઈ દિલની,
ને સમર્પણ, જાગે છે એ ત્રણે આપમેળથી. ૨૬

શ્રદ્ધા, દિલની સચ્ચાઈ, ને સમર્પણ એ ત્રણ
-વધારે જેમ સંપૂર્ણ થયે જતાં, વધે બળ. ૨૭

પ્રસંગે વર્તવાકેરી હૈયાસૂઝ કળા હૃદે
-રહે પાંગરતી કેવી જિજ્ઞાસા થકી જીવને ! ૨૮

ઉમળકાથી સંપૂર્ણ ન્યોછાવર થઈ પથે,
એકલીન થવા પૂર્ણ જિજ્ઞાસા ભાવ પ્રેરશે. ૨૯

•

## અધ્યાય ૩ : પરિવર્તનકારી

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા સૂક્ષ્મ જીવે છે સદાયે વર્તમાનમાં,
આઘું પાછું ન જુએ તે નાસિકાગ્રે જ નીરખે. ૧

જિજ્ઞાસા હોય જો તેનાં પ્રત્યક્ષ લક્ષણો ખરે,
સળવળાવીને પ્રેરે કેવી ઊથલપાથલે ! ૨

પલટાયા વિના ક્યાંથી નવો વેશ બની શકે ?
જિજ્ઞાસા પલટાવે છે આધારને બધી રીતે. ૩

ગંગા ઊલટી જે વ્હે છે તે પટ પલટાવવા,
અવિરત પ્રયત્નેથી મંડ્યા રહેવાનું છે સદા. ૪

જિજ્ઞાસા ઊલટી ગંગા વહેવરાવતી જીવને,
પ્રકૃતિ નિમ્નગામીને ઊર્ધ્વગામીની શી કરે ! ૫

બધાંય કરણોકેરાં જે જે સ્વધર્મ હોય છે,
જિજ્ઞાસા પલટાવીને નવા ધર્મ ઉગાડશે. ૬

જિજ્ઞાસાયજ્ઞ ચાલે છે, આહુતિ આપવાથી તે,
આહુતિ આપજો યજ્ઞે ધ્યેયનો હેતુ ધારીને. ૭

જીવનક્રમ જેનો છે પૂરો મહામના થવા,
પ્રાણોને નાથવા પોતે પડે હોમાવું સર્વદા. ૮

અગ્નિમાં કેવી જિજ્ઞાસા તપાવ્યા કરતી મહા,
તપાવીને કરે શુદ્ધ કરાવે પથ યજ્ઞ શા ! ૯

જિજ્ઞાસા ભાવથી કર્મ સ્વાભાવિક થયે જતાં,
એવાં થયાં જતાં કર્મે, બુદ્ધિ જે વપરાય ત્યાં, ૧૦

બદલે આકાર ત્યાં બુદ્ધિ નવો તે સ્વાંગ શો સજે !
પોતે પોતે જ ના રૂહે ત્યાં જિજ્ઞાસાનો પ્રતાપ તે ! ૧૧

જિજ્ઞાસા જે બતાવે છે તેમાં દલીલ તર્ક ના,
એ તો અનુભૂતિનો શો પ્રદેશ આગવો સદા ! ૧૨

જિજ્ઞાસા શાં પરિણામો સંપડાવતી જીવને !
શી એકવાક્યતા લાધે, વિચાર, વાણી, વર્તને ! ૧૩

'જ્ઞાનતણી અનાસક્તિ, પ્રભુભક્તિની નમ્રતા,
કર્મકૌશલ્ય' ત્રિવેણી જિજ્ઞાસાથી વહે સદા. ૧૪

ગુણધર્મ અહમ્‌કેરા પ્રાકૃતિક પૂરા બધા,
નવા વેશે થવા કેવું જિજ્ઞાસા લઢતી મહા. ૧૫

કેળવાતી જતી જેમ જિજ્ઞાસા ઉત્તરોત્તર,
તેમ તેમ બઢે શક્તિ અનંત બળવત્તર. ૧૬

સૌ ગમે તેટલા ગુણ ઉત્તમ હો સ્વભાવના,
મર્યાદા કિંતુ તેમાં છે તેમાં આખરી સત્ય ના. ૧૭

બુદ્ધિ જે પ્રકૃતિની છે મર્યાદાવાળી જાણજે,
જેને છે જાગી જિજ્ઞાસા તેજે ગુણમતિ વધે. ૧૮

મનાદિ ઇંદ્રિયોકેરા જેને સૌ ગુણધર્મ છે,
જિજ્ઞાસા તપવી સાવ ફેરવાવે સ્વભાવને. ૧૯

•

## અધ્યાય ૪ : અભયવર્તી

(અનુષ્ટુપ)

પ્રસંગ છો નિરાશાના આવે જીવનમાં ભલે,
છતાં નિરાશ ના થાય, જિજ્ઞાસા કદી ના મરે. ૧

જિજ્ઞાસા જેવું કોઈ ના અભયવર્તી જીવને,
એની નીડરતા તોલે સરખું ના'વી કો શકે. ૨

લાગે અટકતી તોયે ખંચકાતી ન તે કશે,
પોતે અટકવામાંયે તીવ્ર ર્હે માર્ગ શોધવે. ૩

આથડે કેટલી વારે આમ તેમ પથે કદી,
પોતાના હેતુનું ભાન, ત્યાંયે તે ચૂકતી નથી. ૪

જિજ્ઞાસા ધ્યેય હેતુના કેંદ્રને વર્તનારી છે,
કર્મને સાધનારી કો' એ જેવી ન સમર્થ છે ! ૫

આપમેળે શીખે કેવું ! જીવનહાર્દ પામવા-
આડેતેડે કશે ફાંફાં મારે તે વ્યર્થ ના કદા. ૬

હેતુની જાગૃતિ હૈયે એને છે ચેતનાત્મક !
તેથી ના ભરખાયે તે કશાથીયે જરા પણ. ૭

પોતે લે જાણી પોતાને પૂરેપૂરું પૂરી રીતે,
કર્યા તેમ વિના હૈયે જિજ્ઞાસાને ગમે ન છે. ૮

જિજ્ઞાસા કેવી છે દક્ષ છેતરાયે કશાથી ના,
ફરે છે આંખ એની તો ચારેપાસ સભાનમાં. ૯

જિજ્ઞાસા વર્તને ઊગે વિવેકબુદ્ધિ, વિનય,
મનોબળ કસાયેલું જીવને તે મળે ફળ. ૧૦

જિજ્ઞાસા વર્તને જાગે વૈરાગ્યની સભાનતા,
નિર્મોહાદિ પ્રવર્તે છે કર્મને કરતાં છતાં. ૧૧

જિજ્ઞાસા સંપડાવે છે જીવને તપ, ત્યાગ ને-
ધર્મ ને જ્ઞાન ને યોગ તે તે ફળાવવા હૃદે- ૧૨

જિજ્ઞાસા આપ તો પોતે ઊંડામાં ઊંડી પેસીને,
જાણવાનું લઈ જાણી પોતે આગે ધપ્યા કરે. ૧૩

અનંત માર્ગ એનો છે પોતેયે શી અનંત છે !
છતાંયે એકની એક રૂપે રૂપે નવીન છે. ૧૪

આત્યંતિક સ્વરૂપે તે જિજ્ઞાસા શી પરિણમે !
જ્ઞાન ને બળ ઐશ્વર્યે, શક્તિ ને વીર્ય તેજમાં. ૧૫

હાર્દના ગર્ભમાં ઊંડે અંતરીક્ષે પ્રવેશીને,
જિજ્ઞાસા કેવું દર્શાવે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મયે ! ૧૬

જિજ્ઞાસા રૂપ લે પોતે એક એકથી શાં જુદાં !
છતાં એક બીજા સાથે સરખાવાય ના કદા. ૧૭

એકનિષ્ઠ જ સંપૂર્ણ થવા તો આપમેળ તે-
આધારે સાવધાની છે પ્રજ્ઞાવાહિની સ્થિર રહે. ૧૮

જિજ્ઞાસાને જરૂરી ના સમર્થનની કોઈના,
પોતાને નિજનો ટેકો, એકલો બસ પૂરતો. ૧૯

વાપરીને બધી શક્તિ પાર પડાવવા મથે,
જિજ્ઞાસા તો મથાવે છે થવા સાકાર ધ્યેયને. ૨૦

કોક વાર પડે ભૂલી ચેતે તે પરિણામથી,
મહા યત્ને વળી પાછી માર્ગ લે મેળવી ફરી. ૨૧

જિજ્ઞાસા ભૂસકો મારે, અંધારામાં પૂરેપૂરા,
અંધારાથી છતાં પોતે કેમેયે આવરાય ના. ૨૨

જિજ્ઞાસા જાગી છે એનો શો રણકાર જીવને
-આવે જણાઈ પ્રત્યક્ષ ભાવ પ્રત્યક્ષ વર્તને ! ૨૩

ચેતનાશક્તિનું મૂળ જિજ્ઞાસા પ્રીછવી હૃદે,
જિજ્ઞાસા જાગી છે જેને ચેતના એહને વરે. ૨૪

•

**અધ્યાય ૫ : અનુપમ**

(અનુષ્ટુપ)

જીવને પ્રેમ ને ભાવ જિજ્ઞાસા શી ચગાવતી !
જિજ્ઞાસાને અજાણ્યું ના કશુંયે ક્યાંય આપથી. ૧

જિજ્ઞાસા રીત જાણે છે પોતાની આગવી રીતે,
જિજ્ઞાસાને વળી રીત કોઈ પ્રકારની ન છે. ૨

સ્વતંત્ર પદ્ધતિ મૂળ જિજ્ઞાસાને શી આગવી !
વિના આધાર ચાલે છે જિજ્ઞાસા કેવી મૂળગી ! ૩

જીવને કરવાનું જે તેમાં એકાગ્ર કેંદ્રિત,
સમર્થ રાખવા જો કો જિજ્ઞાસા એકમાત્ર તે. ૪

જિજ્ઞાસા જીવને જેને વરેલી છે ખરેખરી,
તે ઉતાર્યા વિના પાર રહેશે ના કેમેયે કરી. ૫

જિજ્ઞાસા કેવી હૈયામાં તાલાવેલી થવા ફના-
ફુવારા જેમ જન્માવી હોમાવ્યા કરતી સદા ! ૬

તત્પરતા થવા પ્રેરે સમર્પિત પૂરેપૂરું,
જિજ્ઞાસાના પ્રવાહે શો આનંદોત્સાહ સ્ફુરતો ! ૭

આત્મવિશ્વાસ સંપૂર્ણ જિજ્ઞાસામાંથી જન્મીને,
ધારેલાં કર્મને પાર થયા વિના ન ઝંપશે. ૮

વૃત્તિ જીવદશાની જ્યાં ગતિ ને કર્મશીલ છે,
જિજ્ઞાસા તો વધુ તેથી કર્મે શી ગતિ પ્રેરશે ! ૯

માટીમાંથી બનાવે છે માનવીને જ મર્દ તે,
જિજ્ઞાસા એવી શક્તિ છે, ધૂળ રત્ન બનાવશે. ૧૦

પૂરતાં પ્રાણ અભ્યાસે જિજ્ઞાસા આપથી વધે,
નવા નવા હૃદે ભાવ, સદા પ્રેરાય શા પથે ! ૧૧

થવા વિકાસ કાજે તો શી મર્દાનગી મર્દની !
-પૂર્ણ સામર્થ્યને ટોચે પ્હોંચે એવી જરૂરની. ૧૨

જિજ્ઞાસા વિષમ કેવી તે પરિસ્થિતિની સાથ તે,
બાખડવાની કેવી તે જીવવા ટકવા હૃદે-
સંગ્રામ ખેલવા પ્રેરે અમાપ શક્તિ જીવને ! ૧૩

એવી અમાપ શક્તિ તે માનવી અંતરે વસે
-સુષુપ્ત રીતિએ જેને કો અવલોકી ના શકે. ૧૪

જિજ્ઞાસા કિંતુ એવી શી વિષમ કારમી પળે !
અણનમ ઊભો ર્‌હેવા માનવી દિલ શક્તિ દે. ૧૫

અખૂટ એવી શક્તિને જિજ્ઞાસા શી જગાડતી !
જગાડીને પરોવે છે વિકાસ યજ્ઞકર્મમાં. ૧૬

જિજ્ઞાસા કેવી કેવી તે છે અનુપમ શક્તિ કે,
આવે અનુભવે, એને વાપરે ઊર્ધ્વ જે પથે. ૧૭

●

હરિઃૐ

# ખંડ : ૮ : જિજ્ઞાસાનું રૂપવૈવિધ્ય

(અનુષ્ટુપ)

જુદા જુદા તબક્કામાં જિજ્ઞાસાનાં સ્વરૂપ તે-
શાં બદલાય છે ત્યારે પડે ચેતવું ત્યાં હૃદે ! ૧

પાણીદાર કથા કેવી ને રોમાંચક જીવન !
જિજ્ઞાસાનાં ખરે એવાં રૂપ નોખાં અનુપમ. ૨

જુદા જુદા તબક્કામાં જિજ્ઞાસા બદલે રૂપ,
એકમેકથી શાં જુદાં છતાં એક ખરેખર ! ૩

ભાગીરથી શી જિજ્ઞાસા મૂળમાં નાની કેવડી !
મહાનદ થતી આઘે મહાસાગર જેવડી. ૪

એકનું એક ના રૂપ જિજ્ઞાસાનું રહે કદા,
અનેક રૂપવાળી તે છતાં શી એકધારી હા ! ૫

શાં કેટકેટલાં પાસાં જિજ્ઞાસાને, છતાં પથે-
એકલક્ષી જ એકાક્ષી પોતે એકાગ્ર શી રહે ! ૬

મળે અનેક શાં સત્ય, છતાં એમાંથી એકને-
પામવાનું કરે પોતે, જિજ્ઞાસા શી નિરાળી છે ! ૭

કેવા તે કચરામાંથી ઉત્તમોત્તમ સર્જવું,
જિજ્ઞાસા એક તેમાંની જાણો શી હાર્દપારખું ! ૮

જિજ્ઞાસા આપ શી શુદ્ધ પોતે સ્વસ્થ, સ્વતંત્ર છે !
પોતાને તત્ત્વને યોગ્ય મેળવે તેથી આપ તે. ૯

સમાયે આપમાં આપ, આપથી આપ શી છૂટી !
-પોતે પાછી થતી કેવી જિજ્ઞાસા એવી દોહ્યલી ! ૧૦

એકધારી શી વેધંતી જીવંત ચેતનાત્મક !
પંથમાં દૃષ્ટિ પ્રેરાવી જિજ્ઞાસા રાખતી પથ. ૧૧

આંખને ખોલનારી છે, દ્વાર ઉઘાડનારી તે,
જિજ્ઞાસા મુક્તિ દેનારી, શી તે સર્વોપરી પથે ! ૧૨

ચલાવીને કદી તે તો કરી દે સ્થિર શા પથે !
ભૂમિકા તેવીમાંયે શો અગમ્ય ભેદ છે ખરો ! ૧૩

ઉતાવળી શી જિજ્ઞાસા ! છતાં ધાંધલ ના કશું,
જેમાં તેમાં ધરી હેતુ વર્તે તે તે પ્રમાણનું. ૧૪

વાંકીચૂકી જતી લાગે, તોયે હેતુ ન તે ભૂલે,
ભૂલતાં તે સુધારી લે, જિજ્ઞાસા એવી શાણી છે. ૧૫

કકડી ભૂખ લાગે જ્યાં જિજ્ઞાસાને ખરેખરી,
કરે આકાશપાતાળ એક, શી તે ભુખાળવી ! ૧૬

જિજ્ઞાસાને વિના માગ્યા છૂટકો છે ન જીવને,
આત્મનિવેદને ભાવે જિજ્ઞાસા દિલ શી દ્રવે ! ૧૭

પોતાને ચાલવાનું જ્યાં તેમાં તેને પથે હૃદે,
-ઊગ્યે સમજ ના યોગ્ય, જિજ્ઞાસા પ્રાર્થના કરે. ૧૮

જિજ્ઞાસા પ્રાર્થી પ્રાર્થીને અંતરે એકભાવથી,
શોધવા માર્ગ પોકાર્યે, સૂઝે ત્યાં માર્ગ ક્યાંકથી. ૧૯

પોતાના હેતુનો ખ્યાલ જેમાં તેમાં બધાં વિશે-
-રાખીને દૃઢ તે જીવે સ્વાર્થી તે એવી પૂરી છે. ૨૦

સ્વાર્થને સાધવામાં તો જિજ્ઞાસા જેવી કોઈ ના,
આપમતલબી એ તો માત્ર રાચતી નિજમાં. ૨૧

ફળે ધ્યેય રીતે તેમ કરાવે કર્મ જીવને,
જિજ્ઞાસા એવી શી યોગ્ય કર્મે કૌશલ્યવંત છે ! ૨૨

કર્મે પાવરધી તે શી કર્મને હેતુની રીતે,
આચરે કર્મનું હાર્દ જિજ્ઞાસાને ફળાવશે ! ૨૩

પળ એક ગમે છે ના નવરું બેસી ર્‌હેવું તે,
શી અવિશ્રાંત જિજ્ઞાસા નિજ કર્મ કર્યાં કરે ! ૨૪

ઊંડે અંતરમાં પેસી જિજ્ઞાસા કામ જે કરે,
તેવું તે કરવા કામ પાત્ર કાબેલિયત તે. ૨૫

થતાં તદ્રૂપ તેમાં તે, આગળે તેથીયે વધી,
નવાં નવાં ધરે રૂપો અનોખાં એક એકથી. ૨૬

પોતાનાં લક્ષ્યથી ક્યાંયે જવા દે ચિત્ત ના દૂર,
કદીક જાય તો એને લાવવા ખેંચી જાગૃત. ૨૭

જેનાથી આવરાયેલા હો તેથી મુક્ત તે થવા-
જિજ્ઞાસા પ્રેરતી ર્‌હે છે, જિજ્ઞાસા તેથી મુક્તિદા. ૨૮

આવરાયેલ જે કો છે જીવને, મુક્તતાથી તે-
જોઈ વર્તી શકે છે ના, જિજ્ઞાસા તેથી મુક્તિદા. ૨૯

ભળેલા હો પૂરેપૂરા જેમાં તેમાંથી છૂટવા-
જો કોઈ શક્તિ હો તો તે, જિજ્ઞાસા તેથી મુક્તિદા. ૩૦

કેવો ખોરાક આધારે અજબ પુષ્ટિકારક-
-જિજ્ઞાસા આપતી ર્‌હે છે ! જિજ્ઞાસા મુક્તિદાયક. ૩૧

એને છે જંપ ના ક્યાંયે છતાંયે સ્વસ્થતા હૃદે
-ખંડિત ના થવા દે છે, જિજ્ઞાસા ધૈર્યવંત છે. ૩૨

ટપેરીને કરે યોગ્ય કારીગરી શી ઉત્તામ !
જિજ્ઞાસાની કળા શ્રેષ્ઠ, નરોમાં તે નરોત્તામ. ૩૩

સંકેલવું જ સંપૂર્ણ, કુશળ યોગ્ય રીતિયે,
ક્ષતિ રહે જ ના ક્યાંયે કીમિયાગર એવી છે. ૩૪

જિજ્ઞાસા શિલ્પીના જેવી ઘડે શા ઘાટ સુંદર !
સુન્દરમ્ ને શિવમ્ સત્યમ્ બનાવે દિવ્ય જીવન. ૩૫

જિજ્ઞાસા જીવને કેવી વિકરાળ ભયંકર !
મૂળે જન્માવી ઉત્પાત કરાવે ભવ્ય સર્જન. ૩૬

જિજ્ઞાસા જીવને જાણે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે,
ત્રણે શક્તિતણાં કર્મ જિજ્ઞાસા જીવને કરે. ૩૭

ફરી ફરી કરી યત્ન જિજ્ઞાસા પ્રીછવા મથે,
પ્રીછીને તત્ત્વ લે એવી જિજ્ઞાસા ગરજાઉ છે. ૩૮

ક્યાંયે કદીય ના ભૂલે પોતાનું ભાન તે પથે,
પૂર્ણ સભાનતા યોગ્ય કેવી ચાનકવાળી તે ! ૩૯

સાચા સગાતણા જેવી જિજ્ઞાસાની શી ઓથ છે !
આવી પડ્યે જ વિપત્તિ પકડે બાંય તે પળે. ૪૦

તે સગપણ બાંધે છે, સંગાથ સર્વનો કરે,
છતાં ગાંઠનું ના ખૂએ ગર્થ, તે એવી ડાહી છે. ૪૧

જિજ્ઞાસા જાગી છે જેને ભાવ તેને ખીલ્યા કરે,
એવો પોતે પૂરેપૂરો ખુલ્લો સંપૂર્ણ થાય છે. ૪૨

પાપીમાં પાપી છોને હો એવો જો કોઈ માનવી,
કિંતુ ખુલ્લો રહે છે જો પામે પદવી આગવી. ૪૩

જેને માથું દીધું તેનું બાકી રાખી કશું ન કૈં-
પૂરેપૂરું પતાવી દે, શી તે કૌશલ્યવાન છે ! ૪૪

જિજ્ઞાસા છે પચી એનો નિર્હેતુક સ્વભાવ છે,
જિજ્ઞાસાને પચાવી છે, એનો કલ્યાણ હેતુ છે. ૪૫

શી પરમાર્થી જિજ્ઞાસા જેને તે વરી તેહને-
-ઠામ બેસાડીને જંપે એવી પરોપકારી છે ! ૪૬

અંધારામાં ભલે પોતે છતાં ના ગભરાય તે,
હોવા છતાંય અંધારે તે અજવાળું પારખે. ૪૭

જોઈ ચોર પ્રવેશેલો જિજ્ઞાસા સજ્જ થૈ સદા,
તેને ભગાડીને, પોતે રહે નિશ્ચિંત આપમાં. ૪૮

એકધારો સીધો જ્યાં ત્યાં જિજ્ઞાસાનો ન માર્ગ છે,
પંથની જાણકારી ના, વિશ્વાસે તે છતાં ધપે. ૪૯

કરે વિગ્રહ જિજ્ઞાસા, ટંટાફિસાદ શા કરે !
જિજ્ઞાસા તે છતાં પોતે શી સમાધાનકારી છે ! ૫૦

કેવી પારખું જિજ્ઞાસા જે જે કાંઈ પથે મળે-
-લેતાં પારખી ના વાર જિજ્ઞાસાને ખરેખરે. ૫૧

કરુણામૂર્તિ છે, તોયે વજ્રથીયે શી વજ્ર તે !
જિજ્ઞાસા એવી છે પોતે કેટલા રંગ એહને. ૫૨

પલટાઈ જતું કેવું વાતાવરણ જીવને !
જિજ્ઞાસા વૈદ એવી ને દવાય અકસીર છે. ૫૩

છે માતૃસ્થાન જિજ્ઞાસા, દૃષ્ટિ શી પ્રેરનાર છે !
તે નવી નવી દે આંખ, જીવન સીંચનાર છે. ૫૪

જિજ્ઞાસા જેવી માતા કો સંભાળનારી બીજી ના,
શી દરકાર રાખે ને અનોખાં વ્હાલ એહના ! ૫૫

કેટલી વાર હૈયામાં ઘુઘવાટ ખરેખરો-
-થતો તોફાનથી ત્યારે જિજ્ઞાસા મિત્ર શો ઊભો ! ૫૬

પાલનહાર જિજ્ઞાસા, કેવી સર્જનહાર તે !
જિજ્ઞાસા એવી જ્યાં સાથે, કેવો મસ્ત ફકીર તે ! ૫૭

તણખા દિવ્યતાના શા જિજ્ઞાસા પ્રેરતી પથે !
છતાં અંજાઈ ના જાય, શી તે સમત્વશીલ છે ! ૫૮

મૂળનાં તત્ત્વને સાચા જિજ્ઞાસા ગ્રહવા ચહે,
રસથી તે રસાયે છે, જિજ્ઞાસા તત્ત્વદર્શી છે. ૫૯

જિજ્ઞાસા બજવૈયો છે સંગીત સૂર કાઢવા,
જીવને મુગ્ધતા કેવી પ્રેરાયે તેથી દિલમાં ! ૬૦

આવી ઊભી રહે પાસે તત્પર શી ખડે પગે !
શી સહોદર જિજ્ઞાસા સહાય દેવે ન ટાંચ છે. ૬૧

સાચો છે મિત્ર જિજ્ઞાસા ચાહીને યોગ્ય જે હશે,
તેથી આડા રખે ચાલ્યા, કાન તે પકડાવશે. ૬૨

સેવા ને પ્રેમ જિજ્ઞાસા જીવને કેળવ્યા કરે,
જીતી ભલભલાંને લે, કેવી કલ્યાણકારી છે ! ૬૩

પ્રવેશે છે બધાં વિશે, અંતર અંતરે લહે,
છતાં બધાંથીયે નોખી જિજ્ઞાસા એવી મુક્ત છે. ૬૪

મૌલિકતા છતાં એવી અનંતાનંત પાર જે-
બીજા સ્વરૂપમાં શી ત્યાં જિજ્ઞાસા પલટાય છે ! ૬૫

ધ્યાનપૂર્વક જિજ્ઞાસા કરે કેવું નિરીક્ષણ !
ઊંડામાં ઊંડું થૈ પાર જિજ્ઞાસા પારદર્શક. ૬૬

તોડશે, ફોડશે પૂર્ણ જિજ્ઞાસા કરી ભસ્મ તે,
મૂળથી ભસ્મનો ગુણ સમૂળો ક્રાંતિકારી છે. ૬૭

શી આપકર્મી જિજ્ઞાસા ! આધાર તે બીજા પરે-
-કદીયે નવ રાખે છે વિકાસે નિજના બળે. ૬૮

યોગ્ય જે ગ્રહવા પૂર્ણ કેવી તત્પર જીવને !
જિજ્ઞાસાનું જ તે પોત નિરનિરાળું કેવું છે ! ૬૯

જિજ્ઞાસા સર્વભક્ષી છે જે જે પથે મળે ખપે-
જેનો તેનો પથે લેવો શો ઉપયોગ યોગ્ય તે ! ૭૦

રાસાયણિક જિજ્ઞાસા જીવને શક્તિ સીંચતી,
પ્રસરી રોમરોમે શી ! સંજીવની બની જતી. ૭૧

માનેલું આજ તે કાલે બદલાશે જ જીવને,
શી મુલાયમતા એવી જિજ્ઞાસાની નિરાળી છે ! ૭૨

હઠીલી કેવી તે લાગે ! ભારે અક્કડ જિદ્દી શી !
છતાંયે પાછી જિજ્ઞાસા શી મુલાયમ છે ખરી ! ૭૩

ભૂલથી જો પડે આડું જવાતાં દોરવાઈ જ્યાં-
પ્રકાશ પાડી સુઝાડે જિજ્ઞાસા એવી સૂર્ય છે. ૭૪

નિશાન નિજ ધારેલું તોડી તે પાડવાતણા-
પ્રયત્નોમાંહી જિજ્ઞાસા કેવી નિશાનબાજ છે ! ૭૫

અયોગ્ય હણવા કાજે एनी ખબરદારી છે,
ભૂમિકા પકવે યોગ્ય જિજ્ઞાસા પ્રાણવાન છે. ૭૬

ટપી જાણે શી જિજ્ઞાસા ! જિજ્ઞાસા તરી જાણતી,
આરપાર થવા પૂર્ણ જિજ્ઞાસા શક્તિવંત શી ! ૭૭

કૈં પાઠ ભણવાની કે લેવા અક્ષરજ્ઞાનની
-જિજ્ઞાસાને જરૂરી ના, પોતે શી છે સરસ્વતી ! ૭૮

સ્વયં વિકાસ પામે છે જિજ્ઞાસા આપમેળ તે,
આપ પોતે જ પોતાનો શિક્ષક રૂડી પેર છે. ૭૯

પોતાનામાં રહે પોતે મસ્ત પૂરેપૂરી રીતે,
પોતા વિના બીજાનામાં મારે માથું ન તે કશે. ૮૦

હૃદયંગમ જિજ્ઞાસા સ્પર્શતાં સ્પર્શતાં હૃદે,
જીવને દિલ પ્રેમાળ લાગે કેવી અનુભવે ! ૮૧

જિજ્ઞાસા તેજ યોદ્ધો શો સોંસરો આરપાર તે-
-કેવો નીકળીને જાય વીંધી વિઘ્નો અપાર જે. ૮૨

દ્રષ્ટા, આર્ષપ્રણેતા છે જિજ્ઞાસા કેવી જીવને !
જીવને સંસ્કૃતિ પ્રાણ સ્ફુરાવે જ્ઞાન અંતરે. ૮૩

નિગમાગમ જિજ્ઞાસા જીવનની નસે નસે-
-રોમરોમે પ્રવેશીને પોતે આપ છતી થશે. ૮૪

જીવને નિત્ય કેવી છે જિજ્ઞાસા પરિવ્રાજક !
એક ઠામે ઠરેલી તે રહે છે ના કદી પથ. ૮૫

●

હરિઃૐ

## ખંડ : ૯ : જિજ્ઞાસાની અકળ કળા !

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા સમ કોઈ ના સમર્થ ગુરુ જીવને,
કથે નોધારું જિજ્ઞાસા, વિના આધાર ચાલશે. ૧

પોતાનો ગુરુ તે પોતે, શીખે, પોતે જ આપથી,
ને જિજ્ઞાસાગ્નિ જ્વાળાની પેઠે વેગે ધસે ઊંચે. ૨

કેવી અગમ્ય અદ્‌ભુત અદીઠ પીંછીથી પથે !
-જિજ્ઞાસા ચીતરે કેવું ! એને ઉકેલી કો શકે ? ૩

છે ચારેકોર તો આંખ જિજ્ઞાસાને નિહાળવા,
જિજ્ઞાસા જેવું સર્જી કો ના શકે મથાતાંય ત્યાં. ૪

વિના દોર ચગાવે છે પતંગ ક્યાંનો ક્યાંય તે,
જિજ્ઞાસાકેરું એવું છે કામયાબીપણું ખરે. ૫

જિજ્ઞાસા સાવ મૂગી છે, આવ્યે સમય બોલશે,
તે અવ્યક્તે પ્રવેશીને વ્યક્ત કેવી થયા કરે ! ૬

'મૌન સાધ્યા વિના પૂર્ણ શબ્દ પોતાનું તત્ત્વ તે-
ખુલ્લું પાડી શકે છે ના' પ્રગટ્યું તે અનુભવે. ૭

સાંભળે તે વિના કાન, ચક્ષુ વિનાય નીરખે !
ચાખે મુખ વિના કેવું, જિજ્ઞાસાનું સ્વરૂપ તે ! ૮

કેવું સમગ્રતાનું તે પ્રીછે હાર્દ હૃદે છતાં
-જાણતી હો ન તે તેમ વર્તે છે સૂક્ષ્મ વ્યક્તમાં. ૯

સમાયે આપમાં આપ આપમાં ગૂઢ રીતેયે,
છતાં શી નોખી હો પોતે એમ વર્તતી જીવને ! ૧૦

જિજ્ઞાસા ચેતનાનો જે અવ્યક્ત પટ જીવને
-જાણતી ના છતાં કેવો ચીતરે પટ અંતરે ! ૧૧

જિજ્ઞાસા જીવને સૂક્ષ્મ ભલે અવ્યક્ત હો સદા,
છતાં જો હોય તે તો તો ના ર્‌હે વ્યક્ત થયા વિના. ૧૨

આરપાર થવા પૂરા જિજ્ઞાસાને શી પાંખ છે !
વ્યોમાતીતતણો પંથ જિજ્ઞાસા જ તરાવશે. ૧૩

જિજ્ઞાસાકેરું આધારે સ્વરૂપ સ્પષ્ટ ચોક્કસ,
યદ્વાતદ્વા ન કાંઈ છે જિજ્ઞાસાના સ્વરૂપમાં. ૧૪

સમગ્રે વ્યાપ્ત સંપૂર્ણ એકમાં એકથી હ્રદે
-એકને પામવાકેરી જિજ્ઞાસા હાથ ચાવી છે. ૧૫

આપને આપ પામીને આપથી આપ બોલશે,
જિજ્ઞાસાને જ એવુંયે એનું છે જ્ઞાન અંતરે. ૧૬

જાણતી તે નથી તોયે જાણવા શી ચહ્યા કરે !
જાણવાનું થતાં કૈંક, સહેવાયે દશા ન તે. ૧૭

જિજ્ઞાસા આંખવાળી છે, સાબદા કાન એહને,
નવરું બેસી ર્‌હેવાની જિજ્ઞાસાને ન ટેવ છે. ૧૮

જિજ્ઞાસાતણી જાગેલી ઊંડી ગરજ હો હ્રદે,
રોક્યા, ટોક્યા વિના પોતે ચલાવ્યા કરશે પથે. ૧૯

વિકાસે જે ચઢેલો છે, તેના જીવનનો પથે
-ધર્મ જે હોય, બીજાંનો તે જ ધર્મ ન હોય છે. ૨૦

કક્ષા જુદી જુદીકેરા જુદા જુદા જ ધર્મ છે,
જિજ્ઞાસા તીવ્ર છે જેની તે જ વિવેક પારખે. ૨૧

જિજ્ઞાસા હાર્દનો ભાવ આપમેળે કળાય ના,
એ તો ઉચ્ચ ભૂમિકામાં પ્રવર્તતાં પમાય ત્યાં. ૨૨

હાલ જે માનતી પોતે, કાલે તે બીજું માનશે,
લેવા જેવો ધડો એનો કોઈને છે ન જીવને. ૨૩

છે વ્યવહારુ જિજ્ઞાસા, ઓળંગે તે કદી છતાં,
ધ્યેયના હાર્દનો મર્મ પંથે ચૂકે ન તે કદા. ૨૪

કોઈની રીત એ પોતે વર્તે કદી ન જીવને,
વર્તવાકેરી શી રીત, એની અનોખી ભાત છે ! ૨૫

છે સ્વાભાવિક જિજ્ઞાસા શી સહજ સ્વભાવથી-
મથી મેળે પ્રયત્નેથી મેળવે જ્ઞાન આપથી ! ૨૬

આપમાં આપને શોધે જિજ્ઞાસા કેવું કેવું તે !
શોધતાં શોધતાં પોતે પોતાને જ પમાય છે ! ૨૭

આપને આપમાં મસ્ત જિજ્ઞાસા શી રખાવતી !
આપને આપની કેવી જિજ્ઞાસા તે પિછાનતી ! ૨૮

પોતાનામાં વળાવે છે ઊંડામાં ઊંડું છેક તે,
આકાશે ત્યાં પહોંચાડી જિજ્ઞાસા શાંત વિરમે. ૨૯

કદી આમ કદી તેમ, ઠામઠેકાણું કોઈ ના,
સ્વચ્છંદે ચાલતી લાગે પોતાના મેળમાં છતાં. ૩૦

જિજ્ઞાસાને વ્યવસ્થાની રીતરસમ કોઈ ના,
જે કાળે જેમ જે ફાવે તેમ વર્તે છે તેમ તે સદા. ૩૧

આપમેળે સુઝાડે છે નર્તતી આપમેળ તે,
તાલ ને લયનો પૂરો મેળ રાખે છતાં પથે. ૩૨

જિજ્ઞાસા આખરે પોતે આત્માનો ગુણધર્મ તે,
સ્વાભાવિક ખરે એનો શો સહજ સ્વભાવ છે ! ૩૩

મર્યાદામાંહી જન્મીને મર્યાદાને વટાવીને,
જિજ્ઞાસા ક્યાંય તે આઘે આરપાર શી નીકળે ! ૩૪

સ્થૂળમાં સ્થૂળ જિજ્ઞાસા, સૂક્ષ્મમાં સૂક્ષ્મ શી વળી !
ચેતનાં ક્ષેત્રમાં પોતે કેવી દિવ્ય સ્વરૂપની ! ૩૫

જિજ્ઞાસા અંગ વિનાની તોય એને શરીર છે,
શરીરની મર્યાદાને ઓળંગી જાય આખરે. ૩૬

કાયાપલટ કેવી તે જિજ્ઞાસાનીય થાય છે !
કેવાં કેવાં ધરે રૂપ ભાગ્યે તે પરખાય છે. ૩૭

ઉષા જેમ બને સંધ્યા, અભીપ્સા થતી તેમ તે,
છતાં પાછી નવા વેશે, નવા જોરે ફરી ઊગે. ૩૮

માનવીની અભીપ્સા જે ઉષામાં સૂક્ષ્મ વ્યાપ્ત છે,
ઉષા જેમ અભીપ્સા શી ઊગી તેજસ્વી થાય તે ! ૩૯

પરિપક્વ થવા કાજે કસોટી જીવને મળે,
જિજ્ઞાસા આવકારી તે એની પાર જવા ચહે. ૪૦

કેવી વિષમતાઓને સમાન સ્વરૂપે હૃદે-
-દર્શાવે જ્ઞાનભાવેથી જિજ્ઞાસા એવી બ્રહ્મ છે. ૪૧

અંકિત પગલાં પાડે જિજ્ઞાસા જીવને પથે,
-ચાલતાં, ચાલતાં પોતે પોતાનો માર્ગ પ્રીછશે. ૪૨

આધાર મૂળમાં એને, છે નિરાધાર તે છતાં
-પાછી સ્વયંભૂ જિજ્ઞાસા એવી અજોડ તે મહા. ૪૩

પોતાનું મૂળ પોતામાં જિજ્ઞાસા નિરખાવવા,
કેવું કેવું મથાવીને પ્રવેશાવે જ મૂળમાં ! ૪૪

પોતાને નીરખે પોતે, જિજ્ઞાસા ખેલ શો કરે !
નીરખે છે છતાં તેમાં પૂર્ણ ડૂબી ન જાય છે. ૪૫

પોતાની મેળ ચાલે છે, વર્તે પોતાની મેળ તે,
પોતાની મેળ તે જાણે, પોતાની મેળ તે શીખે. ૪૬

જિજ્ઞાસા એકલી પોતે એકલી મસ્ત તે રહે,
છતાં બધાંની સંગાથે એકરસ થયા કરે. ૪૭

મન ને પ્રાણ સૃષ્ટિમાં જિજ્ઞાસા રમતી ભલે,
જિજ્ઞાસા કિંતુ ત્યાંથીયે ખસી કેવી ધપે ઊંચે ! ૪૮

સ્વયં સ્ફુરિત ગુણોની શક્તિ શી કેટલી બધી !
ગુણો સંપત્તિ હૈયાની સંપત્તિ તે પ્રભુતણી. ૪૯

કશાથી વેગળી ર્‌હે ના, જાય છે આરપાર તે,
જિજ્ઞાસાજ્ઞાન ક્ષિતિજો અનંતાનંત કેવી છે ! ૫૦

બનાવે પાત્ર જિજ્ઞાસા અયોગ્ય હોય તે છતાં,
પોતાનામાં રમાડીને ઓળખાવે જ નિજ ત્યાં. ૫૧

જિજ્ઞાસાને ન કો પ્‌હોંચે એવી અનુપમેય છે,
સમગ્રતાનીયે જે હો સંપૂર્ણતાની પાર તે. ૫૨

ભળે, મળે, ગળે પોતે સૌ સાથેય છતાં હૃદે
-નોખી નોખી રહે પોતે ને તેથી તત્ત્વ પારખે. ૫૩

જિજ્ઞાસા આપમાં પોતે આપથી ઠરતી હૃદે,
પોતાને જાણી સંપૂર્ણ, પછી તે બધું જાણી લે. ૫૪

સમાઈ પૂરી તે જાય તોયે તે પાછી બાકી ર્‌હે,
આવરી લે બધું તોયે પાછી પોતે શી નોખી છે ! ૫૫

જિજ્ઞાસાથી થતો ભક્ત શો પ્રજ્ઞાયુક્ત શ્રેષ્ઠ તે !
બધું જાણે છતાં પોતે અજાણ્યો સાવ દિલ છે. ૫૬

જિજ્ઞાસા થકી પ્રેરાયે પ્રતિભા શી અલૌકિક !
તત્ત્વનાં મૂળનું મૂળ પામી પ્રીછે શું મૌલિક ! ૫૭

જિજ્ઞાસામાંહી શી શ્રેષ્ઠ દાર્શનિકની બુદ્ધિ છે !
સમત્વ જીવને તેથી જેમાં તેમાં હૃદે ઝરે. ૫૮

દિવ્ય, શાશ્વત ને ભવ્ય અનંત એવી શક્તિ છે
-કે જે રમાડતી સૌને, જિજ્ઞાસા તે પિછાનશે. ૫૯

શી વર્તનકળા ગૂઢ ! એકલી એકલી રમે !
રમે શી પાછી હેતુથી શીખવાને નવું હૃદે ! ૬૦

જિજ્ઞાસા થકી જાગેલો ભાવ કેવો પરિણમે !
અંગ અંગ પહેરાવે શાં પરિધાન જીવને ! ૬૧

ઘડાવા દિલ જિજ્ઞાસા અડચણો વહોરતી
-જ્ઞાનપૂર્વક આનંદે તેમાં તેમાં શી લ્‌હેરતી ! ૬૨

પોતે જે કરતી હોય, બીજે તેનાથી ક્યાંય તે-
જિજ્ઞાસા માથું ના મારે, પોતાનામાં જ મસ્ત છે. ૬૩

સમાઈ આપમાં આપ તેનીયે પાર કેવી તે !
જિજ્ઞાસાતણી આકાશ મર્યાદાને ન આંક છે. ૬૪

તત્ત્વને ગ્રહવા દિવ્ય, શક્તિ આમંત્રવા હૃદે-
જિજ્ઞાસા ભાવ પ્રેરીને પ્રાણ ત્યાં વિકસાવશે. ૬૫

જિજ્ઞાસાભાવ સેવાતાં સેવાતાં હૃદયે ચહી,
સોપાનો દિવ્યથી દિવ્ય કેવાં અનુભવાવતી ! ૬૬

ટોચે સર્વોત્તમે પૂગો, આગળે તોય માર્ગ છે,
અનંતાનંત તે શો છે ! જિજ્ઞાસા તે અનુભવે. ૬૭

જિજ્ઞાસાનું પરિણામ શું અનિર્વચનીય છે !
શબ્દાતીત, મનાતીત, અગમ્ય ને અવર્ણ્ય છે. ૬૮

અશબ્દ ભાવનાઓને સાકાર કરી જીવને,
સાકારથી જતી પાર જિજ્ઞાસાનો પ્રદેશ તે. ૬૯

અનુભવે શી જિજ્ઞાસા તે અપ્રતિરૂપસ્થ છે !
પરંપરા અનોખી તે એક એકથી જુદી છે. ૭૦

શી આત્મનિષ્ઠ જિજ્ઞાસા ! સ્વયંભૂ હોય તે સદા,
શી આત્માનંદમાં મ્હાલે ! આનંદપ્રિય શી મુદા ! ૭૧

પોતે જાણે બધું તોયે જાણતી નથી કાંઈયે,
વર્તે એવી રીતે પાછી જિજ્ઞાસા શી અગમ્ય છે ! ૭૨

એને પરખવા પૂર્ણ શબ્દો સાંપડવાપણું
-થઈ ના શકતું તોયે સમજાતું ખરેખરું. ૭૩

જિજ્ઞાસા લય પામે છે આત્માના નિજ ધર્મમાં,
આપ પોતે જ પોતે શી સર્વમાં વર્તતી સદા ! ૭૪

અનંત સાથ તે ખેલે, રમે પોતે અનંતમાં,
છતાં પોતે રહે एक એકના એક જ્ઞાનમાં. ૭૫

જિજ્ઞાસા આત્મમાં કેવી કાળાતીત, સ્થળાતીત,
દ્વંદ્વાતીત, ગુણાતીત, અનંતાનંત ખેલત ! ૭૬

•

હરિઃૐ

# ખંડ : ૧૦ : अनुभवानंद

## અધ્યાય ૧ : વંદના

(અનુષ્ટુપ)

વર્ત્યો છું જે પ્રમાણે તે સાધના ઈતિહાસને-
-પ્રમાણિકપણે ભાવે કથું હું સ્તવીને હૃદે. ૧

કેવા કેવા વળાંકો ક્યાં આવ્યા છે સાધનાપથે,
ખૂણે કયા કયા ક્યાં ક્યાં બન્યું અટકવાનું તે. ૨

શો ઈતિહાસ એનો તો ન્યારો ન્યારો રસિક છે,
કોની આગળ તે એનો ઊભરો ઠાલવી ઠરે ? ૩

આત્મવિશ્વાસ જાગ્યો કે ધારેલું મેળવી શકું,
જિજ્ઞાસાએ જગાડીને દૃઢાવ્યો ધ્યેયમાં પૂરો. ૪

થતાં અટકવાનું જ્યાં કેમ તેવું થતું પથે ?
ઊંડામાં ઊંડી પાકી શી તેની વિચારણા હૃદે ! ૫

-વારંવાર કરી, પાછો કેવું ત્યાં ચઢવા કર્યું !
જિજ્ઞાસાને હૃદે પૂર્ણ રાખવા જીવતી ચહ્યું. ૬

જેમાં તેમાં મને એક યોગ્ય સાધન માત્ર તે,
જિજ્ઞાસા ખપ લાગી છે વિકાસ અર્થ જીવને. ૭

પાછળે ડોકિયું વાળી મેં જેમ જેમ નીરખ્યું,
આવતું સૌ ગયું યાદ તેમ તેમ લખ્યા કર્યું. ૮

આમાં પ્રતાપ જો હો તો જિજ્ઞાસાનો પ્રભાવ છે,
મથાવ્યો છે કૃપાથી, ને બચાવ્યો તો બચાયું છે. ૯

કાલિકા માડી જિજ્ઞાસા, જિજ્ઞાસા મા સરસ્વતી,
મહાલક્ષ્મી શી જિજ્ઞાસા ! મા ! શક્તિસર્વધારિણી. ૧૦

મા ! તારો આશરો જે લે, તારે ખોળે મૂકી શિર,
બધી રીતે તું સંભાળી એને ઉતારતી તીર. ૧૧

સ્તુતિ શી ગાવું મા ! તારી, અડબોથ પૂરેપૂરો,
અનહદ કૃપા વર્ષી, ગાવા સમર્થ હું થયો. ૧૨

ચરણકમળે તારાં તેથી આ અંજલિ ધરું,
કૃતકૃત્ય થયો કેવો મા ! તારી તે કૃપાથી હું ! ૧૩

જિજ્ઞાસાની બલિહારી ગાતાં ગાતાં ન થાકું હું,
જિજ્ઞાસા જેની વ્હારે છે, તે જ સદ્ભાગી ધન્ય છે. ૧૪

જિજ્ઞાસાએ મને તાવ્યો, તપાવ્યો, તારવ્યો પથે,
જિજ્ઞાસા મુજ માતાને ભક્તિભાવે નમું હૃદે. ૧૫

•

## અધ્યાય ૨ : વિષાદયોગ

(અનુષ્ટુપ)

સૂની એકલતા વ્યાપ્ત જીવને કેવી કારમી !
શી જિજ્ઞાસાય તે કાળે સૂમસામ થઈ હતી ! ૧

જીવને કદી વ્યાપે છે વેરાન શૂન્યતા પથે,
એને નિવારવા ત્યારે ઉપાય સર્વ નિષ્ફળે. ૨

અંધારી ચુપકીદી શી જીવને ઘોર વ્યાપી'તી !
એથી ઊગરવા વારો બીજો કોઈ હતો નહીં. ૩

ચારેકોર રહે વ્યાપી ભયાનક જ સ્તબ્ધતા,
પોતા કેરુંય અસ્તિત્વ જાણે જીવન હોય ના. ૪

જિજ્ઞાસા તે પળે તોયે માથું ઢાળી દઈ નીચે-
-નમાલી બેસી ના ર્‌હે છે પોતાથી બનતું મથે. ૫

જિજ્ઞાસા એવી વેળાએ બેવડી હામ, ખંતથી-
-ધૈર્ય, શૌર્યથી લૈ કામ એમાંથી પાર થાય શી ! ૬

શ્રદ્ધા ને પ્રાર્થના, ધૈર્ય, શૌર્ય, ઉત્સાહ, ઉદ્યમ
-ને સંતુલન, પ્રેમાદિ આંતરિક ગુણો દિલ. ૭

-જીવનના વિકાસે શા તેવા ગુણો ખરેખરા-
-ઉત્તમ કામ આપે, શી જિજ્ઞાસા ઉપયોગમાં ! ૮

આંસુ સારી જ જિજ્ઞાસા બેસી ર્‌હેવું ન જાણતી,
શી સાહસિક તે વેળા મક્કમ નિશ્ચયી થતી ! ૯

બારે મેઘ પડે તૂટી પ્રચંડ વ્હેણમાં પથે-
-તણાતા હો, શી તે વેળા કૃપાની ઓથ માત્ર છે ! ૧૦

આર્દ્ર ને આર્ત ભાવેથી પોકારે પ્રાર્થના બળે,
પ્રભુને ચઢવા વ્હારે તાણે બુલંદ શો સ્તવે ! ૧૧

હતોત્સાહતણા ઘેરા વાતાવરણમાં હ્દે,
મહેચ્છા શી મહોરેલી ! પામ્યો જીવન જે વડે. ૧૨

યાતનાઓથી કેવું તે ભારે ઘેરાયેલું હતું,
એવા જીવનથી ઊંચે આવવા શું મથાયું ’તું ! ૧૩

યાતના ભીંસતી ભારે તેમ તેમ ઊંડે ઊંડે,
પ્રાર્થનાનાદ પાડીને સંભાર્યા શો કર્યો હ્દે ! ૧૪

ભારે મુશ્કેલીઓ આવી, તેમ મર્દાનગી ખીલી,
ત્યાં શો ઓળંગવા પ્રેર્યો જિજ્ઞાસાએ વળી વળી. ૧૫

કેમે હિંમત હાર્યો ના અઘોર અંધકારમાં,
આત્મશ્રદ્ધાની દીવી લૈ માર્ગ કાપ્યા કર્યો તદા. ૧૬

મુસીબતોતણા ભારે ઉગ્ર ઘૂઘવતા મહા-
-મહેરામણમાં કેવું મથાયું તરવા તદા. ૧૭

અસંતોષની ટોચેની છેલ્લી પરિસીમા પદે-
પ્હોંચતાં, કેવું ભાંગી તે પડાય, ત્યાં કૃપાથી તે- ૧૮

-પ્રાર્થનાના હ્દે ઊંડા આર્તનાદે શું સ્હાયમાં,
પ્રભુ આવી પહોંચી શો બેઠો કરી ! ઊંચો કર્યો. ૧૯

તે વેળા પ્રાર્થના હૈયે જિજ્ઞાસાએ કરાવી શી !
શો આર્તનાદ ઊઠ્યો ને આર્દ્રતા જાગી દિલથી ! ૨૦

જિજ્ઞાસાભાવ ઊંડેથી પ્રાર્થનાનાદ જે ઊગ્યો-
એણે તો જીવને કેવા ફળાવ્યા છે લીલાંકુરો ! ૨૧

અક્ષોભ ચિંતને પૂર્ણ જાગ્યું મહત્ત્વ દિલમાં,
સાધના શી પરિપૂર્ણ મેળે માંડી થવા તદા ! ૨૨

ફરી આબાદ શું કીધું જીવન લૂખુંસૂક્કું જે,
ઉષ્મા શી પ્રગટી પાછી સાંપડ્યું નવજીવને ! ૨૩

•

**અધ્યાય ૩ : સ્પર્શ**

(અનુષ્ટુપ)

ભારોભાર અસંતોષ જીવને સળગ્યો હતો,
જિજ્ઞાસા જાગી શી ! ત્યારે જગાડ્યો મુજને ખરો ! ૧

શા અસંતોષને એવા વાળવા રચનાત્મકે-
-એના તે જોશને લીધું સ્તવને ઉપયોગમાં ! ૨

આવા અનુભવોથી તો સ્પષ્ટ માલૂમ તો પડ્યું,
તાટસ્થ્ય સાંપડેલું તે જીવને પરખાયું શું ! ૩

હતાશા વ્યાપતાં ઊંડી પાયમાલી નિહાળતાં,
સફાળા જાગી પાછા શા ચેતીને માંડ્યું ચાલવા ! ૪

કૃપા એવી પ્રભુ તારી કેટલીવાર શી થઈ !
પુરુષાર્થ કૃપાનો શો પડ્યો મેળ રીતે રૂડી ! ૫

શી વિજયની મસ્તીની ભવ્ય ઝલક જીવને-
-ઊગતાં, ઊગતાં, પાછી વિરમતી જતી પથે. ૬

તેવું અનુભવાતાં ત્યાં પાછા સજાગ શો થઈ-
-ઉત્સાહ પાંગર્યો, એ તો પ્રસાદી શી કૃપાતણી ! ૭

જ્યારથી દિલમાં સંગ જિજ્ઞાસાનો થયો મને,
ત્યારથી પલટાવાનું થયું છે શરૂ જીવને. ૮

કેવી નવીનતા જુદી ! શી અજાયબીઓ ભરી !
શી રસયુક્ત ભૂમિકા જિજ્ઞાસા વર્તને ઊગી ! ૯

ચાહતાં ચાહતાં હૈયે જિજ્ઞાસાને લળી લળી,
એને વર્યો, તહીં પાછી જિજ્ઞાસા મુજને વરી. ૧૦

'મને મારું કશું ન્હોતું, ભાન પૂરેપૂરું ખરું.'
જિજ્ઞાસાએ કરાવ્યું તે, એની તે શી કથા કથું ! ૧૧

જ્યારથી ભાન તે જાગ્યું, ત્યારથી જાગીને પથે-
-હૈયે ચેતાવવા ત્યારે મથ્યો કેવો હું અગ્નિને. ૧૨

મઠાર્યો કેટલી વાર ! પૂરો નઠોર હું હતો,
શીખવાનું મને ભાન ન્હોતું एणे જગાડિયો. ૧૩

પંપાળી શું કરી વ્હાલ જગાડી ભાન પ્રેરવી,
સાચે પંથે જવા કેવો મથાવ્યો મુજને ચહી ! ૧૪

ઉપકાર કર્યો કેવો જિજ્ઞાસાએ કૃપા કરી,
ઈતિહાસકથા એની શી કથું હું ! ટૂંકી મતિ. ૧૫

જિજ્ઞાસાનું ખરું મૂલ્ય સમજાતાં હ્દે મને,
મહત્ત્વ જાગતાં સાચું મને તે ઊતર્યું ગળે. ૧૬

જિજ્ઞાસાથી શિખાયું છે, 'જિજ્ઞાસાની ઉપાસના-
-હૈયાના ભાવથી નિશ્ચે નિત્યે મેં તો કરી સદા.' ૧૭

પરમાર્થ, તપ, ત્યાગ જિજ્ઞાસા તો કરાવતી,
જિજ્ઞાસાનો જ કેવો તે મહિમા થાકું હું કથી. ૧૮

જિજ્ઞાસાએ ભણાવ્યો ને ચઢાવ્યોયે મને પથે,
જિજ્ઞાસા બાકી ના રાખે કરાવવાપણું હશે. ૧૯

ગુણ એવો મહા કેવો જિજ્ઞાસાનો ગણી ઊંડો !
જિજ્ઞાસાની પરે હું તો જાઉં છું વારી વારી શો ! ૨૦

પેરે પેરે મથાવ્યો છે જિજ્ઞાસાએ પથે મને,
વારેવારે કરી સીધો, એણે શો કેળવ્યો મને ! ૨૧

'કેળવી કેળવી ગૂંદ્યો કણક જેમ શો મને !
ત્યારે તો હું વણાયો છું' કૃપા એને ગણું હૃદે. ૨૨

પ્રહારો શા હથોડાની જેમ માથા પરે પડ્યા !
ઘડાવા કાજ એને મેં પ્રસાદીરૂપ તે ગણ્યા. ૨૩

જિજ્ઞાસાએ સમા કીધા દુર્ગુણો કેટકેટલા !
ડંડો દેવો જહીં લાગ્યો વજ્ર જેવા થઈ મને-
-પાંશરો સાવ કીધો શો એણે ટપેરીને મને ! ૨૪

ઠરીઠામ થવા દીધો ક્યાંય ના મુજને પથે,
જંપવા ના દીધો એણે રૂડો કેવો ઘડ્યો મને. ૨૫

કદીક વજ્રથી ક્રૂર જિજ્ઞાસાએ થઈ મને,
ઘડ્યો શો મુજ આકાર વ્હાલાને ગમતો હૃદે ! ૨૬

‘નહોતો જાણતો કાંઈ છતાંયે જાણવાતણું
અહં કેવું હતું ભારે’ જિજ્ઞાસાએ બતાવિયું. ૨૭

માનવામાં કહ્યું પૂરું દેવાતાં લક્ષ ના હૃદે-
ચેતવી ચેતવી એણે માર્યા ધપ્યા મને ખરે. ૨૮

જિજ્ઞાસાએ મને એમ કેટલી વાર ચેતવ્યો,
ચેતાવ્યો તોય શો પાછો વારંવાર પડ્યો ભૂલો ! ૨૯

મારું મોઢું ફરી બેઠું હોય, તે વેળ યુક્તિથી-
-જિજ્ઞાસા રીત પોતાની અનોખી દાખવે તહીં. ૩૦

હળવે હળવે સાથ લઈ મારો લીધો પથે,
જિજ્ઞાસા પાત્રને યોગ્ય શી કેળવણીકાર છે ! ૩૧

•

## અધ્યાય ૪ : આત્મશિક્ષણ

(અનુષ્ટુપ)

નહોતું ગમતું જ્યાં જ્યાં ત્યાં ત્યાં ગમાડીને મને,
તેં સીધો પાંશરોદોર કેવો કરી દીધો મને ! ૧

‘જ્ઞાન ને કર્મ, ભક્તિથી મઘમઘતું જીવન-
થાય છે કેવું !’ આપે છે જિજ્ઞાસા તેનું શિક્ષણ. ૨

‘કેવું જીવન આખુંયે એકરસ, અખંડ તે !’
જિજ્ઞાસા હાર્દના ભાવે અનુસંધાનથી ઊગે. ૩

સૌ વાંધાવચકા મારા, ગમાઅણગમા બધા,
જિજ્ઞાસાએ કરી દૂર, કેવો યોગ્ય કર્યો અહા ! ૪

ઉદ્વેગ, શોક ને ચિંતા, અશાંતિ, ક્લેશ, વ્યગ્રતા,
જિજ્ઞાસા જાગતાં સર્વ ભાગવા માંડતાં તદા. ૫

કેટલું કેટલું ગંદું મારું કેવું હતું બધું !
બધુંયે સાફ તેં કીધું કેવી સફાઈદાર તું ! ૬

પ્રત્યેક પળ જીવંતી જીવતાં શીખવ્યું મને,
ચેતના ભાવનાકેરી ધારણા તેથી શી હૃદે ! ૭

કેટલી વાર મૃત્યુને મોઢે ચઢી ચૂક્યો હતો,
જિજ્ઞાસાએ બચાવ્યો છે, લીધો ઉપાડી છાતી શો ! ૮

કદીક તરછોડી મેં છતાં તેણે ન કૈં લહ્યું,
અવગણી'તી મેં તોયે ચાહતી રહી બાળ શું ! ૯

જિજ્ઞાસાને ગુરુ સાચો હૈયે ધારી ખરેખરો-
પ્રેમભક્તિથી હૈયામાં નવાજ્યા ત્યાં, થયો ખરો. ૧૦

ફંટાતો માર્ગ દેખાતાં ખંચકાઈ રહું ઊભો,
જિજ્ઞાસાને પુકારાતાં માર્ગ ત્યાં તો સૂઝે નવો. ૧૧

જબ્બર કેવી જિજ્ઞાસા નક્કર સૌ કરાવીને,
પાછુંય યોગ્ય પૂરું તે, તેયે તપાસરાવ્યું છે. ૧૨

યદ્વાતદ્વા થવા દીધું જિજ્ઞાસાએ નથી કશું,
સૌ વ્યવસ્થિત ને સ્થાને કરાવ્યા કર્યું છે બધું. ૧૩

કરવાનું કર્યા કીધું બાકી રાખ્યું ન કૈં કશું,
અધૂરું તોય જે બાકી જિજ્ઞાસાએ બતાવિયું ૧૪

નાહ્યો, ધોયો થયો સ્વચ્છ અંગથી કરી જીવને,
જિજ્ઞાસાએ કરાવ્યાં છે કેવાં કેવાં જ કર્મ તે ! ૧૫

આપણે આપણું ધાર્યું ના કરવાનું કાંઈએ,
જિજ્ઞાસાએ બતાવેલું કર્યા મેં કર્યું પાજીએ. ૧૬

થતા પ્રયત્ન તેમાંયે अहं તે ડોકિયાં કરે,
તેવી સભાનતા જાગી તેયે एनी કૃપા ખરે. ૧૭

'સમજું કૈંક એવું તો', અભિમાન હતું મને,
જિજ્ઞાસાએ ઠસાવી 'તે' ઠેકાણું પાડ્યું મારુંયે. ૧૮

કપાતાં કેટલાં માથાં अहंનાં તે છતાં ફરી-
-ઊગે નવાં નવાં એવાં માથાં કેવાં ઊગે ફૂટી ! ૧૯

'કેટલી જાતનો કેવો अहं' મુક્ત થવા હૃદે,
જિજ્ઞાસાએ મથાવ્યો શો ! શી કથા એની ન્યારી છે ! ૨૦

શીખતાં શીખતાં પામ્યો તેના તેના જ હાર્દને,
મંડાવ્યું શીખતાં હૈયે જિજ્ઞાસાએ મઠારીને. ૨૧

મહત્ત્વ દિલથી દેતાં જિજ્ઞાસાને શીખ્યો હૃદે,
एणे ત્યારથી તે કામ શું દેવા માંડ્યું જીવને. ૨૨

જિજ્ઞાસાએ મને લીધો બાથમાં પ્રેમથી વરી,
બાકી મારું ગજું ન્હોતું ક્યાંયે કોઈ પ્રકારથી. ૨૩

વરસાવ્યા કર્યો ધોધ ભાવનો શો ખરેખરો !
શક્યો ના ઝીલી હું એને, છતાંય ભાગ્યશાળી છું. ૨૪

गुण ने भाव, शक्तिનું अहं કેવુંય કારમું !
હથોડા મારી મારીને જિજ્ઞાસાએ કઢાવિયું. ૨૫

'પ્રભુની શી કૃપા પૂરી મારી પરે હતી નરી,
'એનું ન્હોતું છતાં ભાન, કમનસીબી શી હતી ! ૨૬

હતું શું ખરડાયેલું ન્હોતું ગમતું દેખવું !
એને ઊંચકીને સ્વચ્છ જિજ્ઞાસાએ કર્યું નર્યું. ૨૭

આંધળો રૂપથી કેવો પડ્યો અંજાઈ મોહથી !
આવી તે વેળ વ્હારે શી જિજ્ઞાસા ધાઈ પ્રેમથી ! ૨૮

અપરાધ કર્યા એના કેટલા કેટલા બધા,
છતાં સદ્ભાવ ધારીને હૈયે લીધા કર્યો સદા. ૨૯

'સાથ દીધા પછી વચ્ચે જિજ્ઞાસાએ કદી મને-
-દગો દીધો ન ક્યાંયે' એવી ઈમાનદાર તે. ૩૦

આકરાં સંકટો વેઠ્યાં કેવાં કેવાંય જીવને !
તાવીને શો તપાવ્યો છે જિજ્ઞાસાએ પથે મને ! ૩૧

જીવને કષ્ટ શાં ત્યારે સહેવાનાં જ આવતાં-
-જિજ્ઞાસા માત્ર વ્હારે ત્યાં ધાતી રહી જ સાથમાં. ૩૨

'જિજ્ઞાસા પ્રગટાવે છે સંકલ્પબળ કેવું તે'
અનુભવ વિના તેને કથાયે નહિ વાણીએ. ૩૩

'શો નિરંતર બીજામાં વિશ્વાસ રાખવો રહ્યો,
ફળે છે તો જ શી શ્રદ્ધા' જિજ્ઞાસાએ જ શીખવ્યું. ૩૪

'જીવનવ્યાપ ઊંડામાં ઊંડો તે થાય વર્તતાં'-
જિજ્ઞાસાએ બતાવી તે વર્તાવ્યા કર્યું છે તદા. ૩૫

વારી વારી જઈ ભાવે જિજ્ઞાસાને લળી નમી,
પ્રણામો કરું હું જેણે ઉછેર્યો જીવને ચહી. ૩૬

‘જિજ્ઞાસા ભેટી’ તારી તે કૃપાપ્રસાદી કેવી છે !
તારામાં શી લગાડી છે, લગની પ્રેમભક્તિયે ! ૩૭

દોહરાવી કૃપાએ મેં જિજ્ઞાસાને દ્રવી હૃદે !
કેટલું કેટલું एणे મારે માટે કર્યું ખરે ! ૩૮

જિજ્ઞાસા વરતાં કેવી હૈયે ટાઢક તો વળી,
વળી નિશ્ચિતતા પાકી જીવનમાં અનુભવી. ૩૯

શા જાતજાતના રંગ લાગી ચૂક્યા’તા જીવને !
એવા રંગોની માયાએ લીધો લપેટી શો હૃદે ! ૪૦

જીવને કિંતુ જિજ્ઞાસા જાગતાં, જામતાં પથે,
કેવો મુક્ત કરી દીધો તેવી અસરથી મને ! ૪૧

‘પંથે પ્રલોભનો, ઈર્ષ્યા, પ્રપંચ, અભિમાન ને
-રાગાદિ, મોહ, લોભાદિ, નામર્દાઈ, પ્રમાદ તે.’ ૪૨

તે સામે જીતવા પૂર્ણ અપાયાં યુદ્ધ કેટલાં !
પડાયું પાછું, કિંતુ ત્યાં થઈ બેઠો, રણે ચઢ્યો. ૪૩

જિજ્ઞાસાએ ચઢાવ્યાં છે જોર, ને જોશ, હિંમત,
કટકા શો થયો તોયે યુદ્ધે ટક્યો ધરી ધીર ! ૪૪

જીવને ભીડ ક્યાંયે તે ભોગવવી પડી નથી,
હૈયે કેળવવા પૂર્ણ વૈરાગ્ય તે મળ્યું સહી. ૪૫

જિજ્ઞાસાભાવ જામે જ્યાં કશી કોઈ પ્રકારની
-નિષ્ફળતાની વૃત્તિ તે જીવને જાગતી નથી. ૪૬

આત્મપ્રભુત્વ ને આત્મભાવ બંને જ જીવને
પ્રતિબિંબિત શાં થાય અસાધારણ રીતિએ ! ૪૭

જીવતીજાગતી આત્મવિશ્વાસ પ્રતિમા હૃદે
-જિજ્ઞાસાભાવ-શ્રદ્ધાથી કેવી કેવી શી તે ખીલે ! ૪૮

•

## અધ્યાય ૫ : અનુભવ

(અનુષ્ટુપ)

વિરોધ જાગવાથી તો સમજાયું હૃદે ખરું
ઊગ્યું અંતરમાં કેવું બળ જીવને ઊતર્યું ! ૧

કટુતા મતભેદોથી જાગે ના દિલમાં કદી,
જિજ્ઞાસાએ હૃદે તેવું વર્તાવી શો કર્યો સુખી ! ૨

મળવું, ભળવું પૂર્ણ, ર્‌હેવું નોખા છતાં ઠરી,
જિજ્ઞાસાએ ભણાવ્યા તે પાઠ મોંઘા ફરી ફરી. ૩

જીવનધર્મનું કેવું વિચારરસનું હૃદે-
-સેવન દ્રવીને ભાવે કર્યાં કર્યું નિરંતરે, ૪

તેથી તો ભાવનું હાર્દ પમાતાં જીવને ખરે,
દેખતો શો થયો ! બાકી અંધ પૂરેપૂરો હતો. ૫

સહારો ભાગ્યથી લાધ્યો જિજ્ઞાસાનો ખરેખરો,
તેણે શો લેવરાવ્યો છે માર્ગ ખરાખરીતણો ! ૬

ઘૂંટી ઘૂંટી હૃદે ભાવ અમીધાર અનુભવે-
પ્રગટી જીવને કેવી સ્વાદે રસામૃતે ખરે ! ૭

સર્વની જડ ઉખેડ્યા વિના ના પાંગરે નવું,
મથાવી તે રીતે એણે બનાવ્યો માલદાર શો ! ૮

પામતાં પામતાં ઉચ્ચ જીવનરસ દિવ્ય તે,
કેવો આનંદ ઉત્કૃષ્ટ હૈયે અનુભવાય છે ! ૯

શો ઉપકાર હું માનું જિજ્ઞાસાનો કઈ રીતે-
-પ્રસાદી તે પ્રભુકેરી કેવી અવતરી હૃદે ! ૧૦

હૈયાની પ્રાર્થનાનો તો શો ઇતિહાસ હું કથું ?
પ્રાર્થનાએ બનાવ્યો છે જેવો હું आज છું ઊભો. ૧૧

ગાતાં ગાતાં ન થાકું હું જિજ્ઞાસાગુણની કથા,
જિજ્ઞાસાએ રખાવ્યો છે લઈ एના પ્રભાવમાં. ૧૨

મને લીધો હતો કેવો જિજ્ઞાસાએ જ બાથમાં !
ચહી ચહી કરી હેત ઉછેર્યો મુક્તિ પામવા. ૧૩

જિજ્ઞાસાના કરુણાના કટાક્ષે એક ઊગર્યો,
નવાજ્યો રંકને કેવો કોટ્યાધીશ કરે પૂરો ! ૧૪

મારા જીવનમાં કેવો સાથ ઓથભર્યો દઈ-
જિજ્ઞાસાએ મને સારી ગરજ, પ્રભુના સમી. ૧૫

નીકળીને સીમામાંથી અમર્યાદ સીમા વિશે,
જિજ્ઞાસાએ પ્રવેશાવા શો મથાવ્યો જ જીવને ! ૧૬

જિજ્ઞાસાને દઉં હું તો ધન્યવાદ ખરેખરો,
સંપાદન કરાવ્યો કે एણે વિશ્વાસ દિલ શો ! ૧૭

શ્રદ્ધા વિશ્વાસ ઊગ્યાં છે જિજ્ઞાસાના અનુભવે,
-જેના વડે જિવાયે, ને એનાથી બધું સાંપડે. ૧૮

મેળવી શકું જેનાથી હું અમૃતત્વ જીવને-
-જિજ્ઞાસા યોગ્ય તે માટ રહ્યો છું શરણે પદે. ૧૯

‘આજ્ઞાને પાળવી પ્રેમે’ લ્હાવો જીવનનો રૂડો,
તર્ક, વિતર્ક તેમાં ના થવા ઘટે લગીર તો,
જિજ્ઞાસાથી શિખાયું ને લાભ શો જીવને થયો ! ૨૦

•

## અધ્યાય ૬ : દર્શન

(અનુષ્ટુપ)

જેમાં તેમાં થવા પૂર્ણ શાંત, નીરવ જીવને-
-જિજ્ઞાસા શી ચહે તેમ સ્વયં ને સ્વરૂપ તે. ૧

કેવું ધબકતું હાર્દ જિજ્ઞાસા જીવને ગૂઢ !
નિઃસ્પંદન થતાં, ભાવ શાં થાય વ્યક્ત દર્શન ! ૨

તે પરસ્પરને જોતી ઊંડી અંતરદૃષ્ટિથી,
-દૃશ્ય નિરાળું અદ્‌ભુત ખુલ્લું સર્વ થતું વળી. ૩

સર્વ કો અનુભૂતિમાં આનંદ પ્રેમ ભાવનું-
-નિદર્શન કરાવે છે જિજ્ઞાસા આપમેળ શું ! ૪

જીવંત ભાવ આનંદ શાશ્વત શો પ્રવર્તતો !
જિજ્ઞાસાને અધૂરું ત્યાં ચહે છે ઑર પામવા. ૫

રાખે કાળજી જિજ્ઞાસા, શી માવજત તે કરે !
ભાવે જીવનની હૈયે एनी કળા શી ઑર છે ! ૬

અનુભવે રસાયું છે સૌંદર્ય અણુયે અણુ
કેવો પ્રકાશ ફેલાયો શાંત, શીતળ સૌ થયું ! ૭

શબ્દ, સંકેતથી પાર ને અવકાશથી પર-
જિજ્ઞાસા ક્યાં જઈ પ્હોંચે, જ્યાં સીમા ના ખરેખર. ૮

અશબ્દા, વાણી મુક્તા, કો સમાધિભાવમાં ચઢી-
-જિજ્ઞાસા શી સ્થિતપ્રજ્ઞ ! આપમાં આપથી ઢળી ! ૯

અનેક રૂપ ધારેલાં જિજ્ઞાસા નિંદરે હતી,
જાગીને જોયું જ્યાં એને, રૂપ બૂપ કશું નથી. ૧૦

સર્જને ભવ્ય કેવી છે જિજ્ઞાસાની વિશિષ્ટતા !
માનવાપણું ના એને પ્રત્યક્ષ તે પ્રમાણમાં. ૧૧

એકાગ્રતાથી જિજ્ઞાસા આત્મખોજ થવા હૃદે,
ભાવની ગાઢતાથી શી અંતરે ઊંડી ઊતરે. ૧૨

એમ ઊતરતાં કોક વાર ધન્ય પળે હૃદે,
તત્ત્વ દર્શનનો સ્વાદ ચાખી, આનંદ લ્હેરશે. ૧૩

•

(અનુષ્ટુપ)

અવતરવું મૂળે તે જિજ્ઞાસાનો સ્વભાવ છે,
પ્હોંચતાં પ્હોંચતાં મૂળે પોતેયે બદલાય છે. ૧

જેમાં જેમાં પ્રવેશે છે જિજ્ઞાસા, હાર્દ એહનું-
-જાણવા, પ્રીછવા પૂર્ણ ને અનુભવવા ઊંડું. ૨

પ્રજ્ઞાનધન જિજ્ઞાસા જેની તે મૈત્રી સાંપડ્યે-
-સમગ્ર જ્ઞાનનો કેવો ભંડાર તેથી તો મળે ! ૩

જિજ્ઞાસાએ બતાવેલા માર્ગે જે જન ચાલશે,
ચલિત જો થશે ના તે નિશ્ચે અમૃત પામશે. ૪

બીજને ફળવા અંગે ઘણાં અંગો જરૂરનાં,
'હો પરિસ્થિતિ, સંજોગો, કાળ, કારણ' તે બધાં. ૫

જિજ્ઞાસાશક્તિથી દિવ્ય ચેતનાશક્તિ જીવને-
-આધારે પ્રગટી કેવું તેજોમંડળ ઉદ્‌ભવે ! ૬

શબ્દોનું ખાલી પોલાણ પારખવાની શક્તિ છે-
-જિજ્ઞાસામાં બહુ ઊંચી, તેથી તે વાણી પારખે. ૭

શક્તિપ્રભાવ ને શક્તિ 'બે' અનુભવવાં ઘટે,
કરે છે ચેતના તો જ આધારે નિજ કર્મ તે. ૮

ખુલ્લા શ્રેયાર્થી જે હોય તેવા અનુભવે હૃદે,
શક્તિપ્રભાવમાં આવી કૂદકેભૂસકે વધે. ૯

સહિષ્ણુતાથી ઊંચી છે અવસ્થા સમતાતણી,
છેવટે પરમાનંદ, જિજ્ઞાસાથી મળે ત્રણે. ૧૦

બોલ્યા ચાલ્યા વિના પૂરું પ્રીછી લે હાર્દ ગૂંચનું,
જિજ્ઞાસાભાવ હૈયામાં પચ્યો તેને ખરેખરો. ૧૧

અતૃપ્ત જ્ઞાનપિપાસા જીવને જે છૂપી હતી,
જિજ્ઞાસા જાગતાં ઊંડી આપમેળ થઈ છતી. ૧૨

એની ધગશ ને શક્તિ અખૂટ ને અપાર છે,
જીવન ઘડવાની શી કળાશક્તિ અનંત છે ! ૧૩

પકડ જીવને કેવી છે નિર્ણાયક ગર્ભિત,
મળેલું કેવું છે પ્રાપ્ત સંસ્કારબદ્ધ જીવન, ૧૪

થવાવા મુક્ત તેનાથી જિજ્ઞાસા માત્ર સાધન,
લાગી તે કર્મ જિજ્ઞાસા, તેથી હું સાવ નિશ્ચિંત. ૧૫

જીવને કર્મનો નેતા આપણે કોઈ દી નથી,
જિજ્ઞાસાએ હૃદે તેવું પ્રેરાવ્યું જ્ઞાન આપથી. ૧૬

જિજ્ઞાસા પાસ ના માગું આશીર્વાદ વિના કશું,
જિજ્ઞાસા રીઝતાં પામું જીવને શ્રેય જોઈતું. ૧૭

તપશ્ચર્યા વધ્યા વિના અંતરે બળ ના ઝગે,
જિજ્ઞાસાથી મળ્યું તેવું અંતરે જ્ઞાન આપથી. ૧૮

તેથી સતત ને દીર્ઘ કાળ પર્યંત પ્રેમથી-
-સદ્‌ભાવે મથવાકેરું તેણે ઉગાડ્યું દિલથી. ૧૯

અનન્ય ભાવથી કેવા લળી લળી પ્રણામ તે-
ભક્તિથી કરવાકેરું જિજ્ઞાસાએ સુઝાડિયું. ૨૦

શું નિરંતર ભાવેથી ભજવું, સ્મરવું હૃદે !
જિજ્ઞાસાથી નર્યું એવું બન્યું જીવન છે હવે. ૨૧

પ્રભુપ્રીત્યર્થ તેથી તો જે જે આવી મળે પથે,
જિજ્ઞાસાએ હૃદે તેમ વર્તાવ્યું છે, સ્વીકારી તે. ૨૨

કશું ના જાણતો હોય વર્તે તે રીત જીવને,
નિરાળો, નિસ્પૃહી પૂર્ણ, શો ભળેલ, મળેલ તે ! ૨૩

સ્વાભાવિક છતાં એનું સર્વ વર્તન હોય છે,
સંસારીજન એવાને શી રીતે પારખી શકે ? ૨૪

•

## અધ્યાય ૮ : આનંદ

(અનુષ્ટુપ)

અનાથના મનોભાવો વહે ઊંડાણ જીવને,
જિજ્ઞાસાએ ગ્રહી હાથ અર્પી સનાથતા પદે. ૧

જીવને કેવી યોજાઈ કર્મયજ્ઞ પરિક્રમા !
જેથી અનુભવાયે છે પ્રભુ શક્તિતણી કૃપા. ૨

જિજ્ઞાસાની બલિહારી એવી એવી હું શી કથું ?
ગણાવ્યે પાર ના આવે એવી પરંપરા લહું. ૩

જીવને પરમાત્માનું વિલસતું સ્વરૂપ જે,
જિજ્ઞાસાએ જ પ્રેર્યો શો મ્હાલવા તત્ત્વને હૃદે. ૪

ધ્યેય તે પામવા કેવો ઉન્માદ તે અખંડ છે !
તેથી નિશ્ચિંતતા ર્‌હે શી ! શો અજંપો છતાં હૃદે ! ૫

જિજ્ઞાસા જીવતી પોતે હૈયે સંપૂર્ણ છે ખરે,
પાકે પાયે જાણી તે સૂતો નિરાંતથી પથે. ૬

ઉગારનાર છે કોણ તું વિના અન્ય જીવને !
જિજ્ઞાસાએ ઉગાડ્યું છે જ્ઞાન તે અંતરે મને. ૭

વળગી તેથી ર્‌હેવાયું ભાવથી તુજ પાદ તે,
જીવનભક્તિ આધારે તેથી તો પ્રગટી હૃદે. ૮

શો અનુભવ દર્શાવે રૂપ આનંદનું હૃદે !
નિમ્નનું રૂપ તેનાથી સાવ શું બદલાય છે ! ૯

પ્રભુપ્રીત્યર્થ નિષ્કામ યજ્ઞ જે પરમાર્થનો,
-જિજ્ઞાસાભાવથી ઊગ્યો કેવું કેવું ફળાવતો ! ૧૦

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ | ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ | ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ | ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ | ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ | ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ | ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ | ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ | ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ | ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ | ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ | | |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ | | |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ | | |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ | | |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ | | |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ | | |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ | | |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ | | |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ | | |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ | | |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ | | |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ | | |
| ૩૫. મોહ | ૧૯૭૩ | | |
| ૩૬. કૃપા | ૧૯૭૩ | | |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ | | |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ | | |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ | | |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ | | |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ | | |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી
લેખકના બે બોલનું
સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧
અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

પામવું શ્રેય જેનાથી તેનામાં સૌ મનાદિને
-વાળી એક કરે છે જે, તેને ઢૂંકડું ધ્યેય છે.

જેનાથી લાભ લેવાને ચાહો છો જીવને તમે,
કરે પ્રસન્ન જે પૂર્ણ તેને, તે લાભ મેળવે.

સદ્‌ગુરુના ઈશારે શો ચાલ્યો ભલે હું જીવને,
છતાંયે પાંગળો હુંથી બનાયું નથી વર્તને.

શરણે તુજ આવેલો નરાતાર ગરીબ જે,
તેને તું કેવું આપે છે જ્યારે જોઈતું સર્વ તે.

- શ્રીમોટા

'જિજ્ઞાસા', ચોથી આ., પૃ. ૫૭,૬૨,૬૮,૭૨

કિંમત : રૂ. ૨૫/-